Saurashtra University
Re – Accredited Grade ‘B’ by NAAC
(CGPA 2.93)

Kasandariya, Harsha V., 2008, "*તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સમાયોજનની અસરઃ એક મનોવૈજ્ઞાનિક અભ્યાસ*", thesis PhD, Saurashtra University

http://etheses.saurashtrauniversity.edu/id/eprint/377

Copyright and moral rights for this thesis are retained by the author

A copy can be downloaded for personal non-commercial research or study, without prior permission or charge.

This thesis cannot be reproduced or quoted extensively from without first obtaining permission in writing from the Author.

The content must not be changed in any way or sold commercially in any format or medium without the formal permission of the Author

When referring to this work, full bibliographic details including the author, title, awarding institution and date of the thesis must be given.

Saurashtra University Theses Service
http://etheses.saurashtrauniversity.edu
repository@sauuni.ernet.in

© The Author

# "A PSYCHOLOGICAL STUDY OF ADOLESCENT'S ACADEMIC STRESS AND ADJUSTMENT"

# ‘‘તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સમાયોજનની અસર : એક મનોવૈજ્ઞાનિક અભ્યાસ.’’

**:: A THESIS SUBMITTED ::**

**TO**

Saurashtra University, Rajkot

for the Degree of

**DOCTOR OF PHILOSOPHY**

By


**KASANDARIYA HARSHA V.**

**(M.A., B.Ed.)**

**Lecturer in Psychology**

**Shree M.V.M. Art's College, Rajkot.**

**:: Guided by ::**

**DR. ALKA M. MANKAD**

(M.A., Ph.D)

Lecturer in Psychology

Smt. J. A. Patel Mahila College, Morbi.


**OCTOBER 2008**


**(Registration. No. 3059)** **Date : 19 January 2004**

# DECLARATION

I hereby declare that the research work presented in this thesis is prepared by me after studying various references. The descriptions and narrations found there in are entirely original ther for I declare them authentically as original. Moreover I am responsible for the opinions and the other details found in this thesis.

Date :

Place - Rajkot.

**KASANDARIYA HARSHA V.**
(M.A., B.Ed.)

# CERTIFICATE

This is to certify that work embodied in this thesis entitled " A PSYCHOLOGICAL STUDY OF ADOLESCENT'S ACADEMIC STRESS AND ADJUSTMENT" has been carried out by KASANDARIYA HARSHA V. under my direct guidance and supervision. I also declare tha the work done and presented in this thesis is original and Independent.

Date :

Place - Rajkot.

**DR. ALKA M. MANKAD**
**(M.A., Ph.D)**
Lecturer in Psychology
Smt. J. A. Patel Mahila College,
Morbi.

# ઋણ સ્વીકાર

પ્રસ્તુત સંશોધન કાર્ય અનેક વ્યકિતઓનાં સહકારથી સંપન્ન બન્યું છે. સૌ પ્રથમ આભાર તો કુદરતનો જ ગણાવી શકાય કે જેણે માનવ બનાવી અભિયોગ્યતા અને અભિરૂચિ આપી સંશોધન કાર્ય કરવાની પ્રેરણા અર્પી. તેમના આશીર્વાદથી સમગ્ર સંશોધન શકય બન્યું છે.

સંશોધન એ સહકારી પ્રયાસ છે. આ નમ્ર પ્રયાસમાં મને ઘણા સજજનો અને સન્નારીઓનો સહકાર અને હૂંફ મળ્યાં છે. આ મહાશોધનિબંધ કાર્યમાં મારા તજજ્ઞ માર્ગદર્શક ડૉ. અલકાબેન એમ. માંકડે સમગ્ર સંશોધનમાં પ્રારંભથી અંત સુધી માર્ગદર્શન પૂરુ પાડયું. સતત પ્રેરણા પૂરી પાડીને અનેકવિધ મુશ્કેલીઓમાં સહાયરૂપ થયા છે, તેમજ અનેક તબકકે મૂંઝવણોમાં માર્ગદર્શન પૂરું પાડીને આ કાર્યને બોજરૂપ લાગવા દીધું નથી, તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

પ્રસ્તુત સંશોધનકાર્યમાં શિક્ષણશાસ્ત્ર ભવન, રાજકોટનાં પ્રા. શ્રી ડૉ. અનિલભાઈ અંબાસણા સાહેબ કે જેઓ પોતાના શૈક્ષણિક કાર્યોમાં અતિવ્યસ્ત રહેતા હોવા છતાં નિઃસ્વાર્થભાવે મને મદદ કરી છે, મને માર્ગદર્શન પૂરું પાડયું છે, તેમના પ્રત્યે વિનમ્રભાવે આભારની લાગણી વ્યકત કરું છું.

મારા શોધનિબંધમાં મદદરૂપ બનનાર રાજકોટનાં શ્રી ડૉ. મધુભાઈ કોઠારી સાહેબ, મનોવિજ્ઞાનભવન, રાજકોટના ડૉ. ડી. જે. ભટ્ટ સાહેબ, ડૉ. વસાણી સાહેબનો હૃદયપૂર્વક આભાર માનું છું.

અમારી સંસ્થાના પ્રિન્સિપાલ શ્રીમતી ડૉ. હસુતાબેન સેદાણી મને ઉકત સંશોધન કાર્યમાં સાનુકુળ તા ઊભી કરી બિરદાવતાં રહ્યાં છે. તેમજ મનોવિજ્ઞાન વિભાગનાં પ્રાધ્યાપકશ્રી ત્રિવેદી સાહેબ, શ્રી જારસાણીયા સાહેબની પણ આભારી છું.

ડગલે ને પગલે મને સદાય મદદરૂપ થતાં એવા મારા પિતાશ્રી વસંતભાઈ કાસંદરિયા અને માતાશ્રી શારદાબેન મારા ઉચ્ચ અભ્યાસ માટે ખૂબ મદદરૂપ બન્યા છે. તેમની પણ હું ઋણી રહીશ. મારા જીવનસાથી શ્રી નરેન્દ્ર સોમાણી કે જેમણે મને પ્રસ્તુત સંશોધન કાર્ય કરવાની પ્રેરણા અર્પી. કૌટુંબિક જવાબદારી ઉપાડી લઈ, મને ઉચ્ચ અભ્યાસ માટે યોગ્ય પરિસ્થિતિ ઊભી કરી મારા શોધ નિબંધને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં મદદરૂપ થયાં તેમનો આભાર માનવો અસ્થાને ગણાશે. મારા પુત્રો ચિ. કૃણાલ અને ચિ. શુભમ્‌ને હું વાત્સલ્યભાવે યાદ કરું છું.

મારા આ સંશોધનકાર્યમાં જે લોકોએ મને પ્રત્યક્ષ કે પરોક્ષ સાથ સહકાર આપી, માહિતી એકત્રીકરણના કાર્યમાં મદદરૂપ બન્યા છે તે તથા મારા અભ્યાસના મુખ્ય પાત્રો, મારા વિદ્યાર્થીઓનો પણ આભાર માનું છું.

સંશોધનકાર્યના પ્રારંભથી જ વિષયને લગતી બધી જ સંદર્ભ સામગ્રી એકત્ર કરવા માટે શ્રી એમ. વી. એમ. કોલેજ ગ્રંથાલય – રાજકોટ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગ્રંથપાલ શ્રી સોની સાહેબ તેમજ ગુજરાત યુનિ. ગ્રંથાલય અમદાવાદનો ઉપયોગ કર્યો તે બદલ ગ્રંથપાલશ્રીઓ તથા અન્ય કાર્યકર મિત્રો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરું છું.

પ્રસ્તુત અધ્યયન કાર્ય સમય મર્યાદામાં સુંદર કોમ્પ્યુટર કામ કરી આપવા બદલ શ્રી જીગરભાઈની આભારી છું.

પ્રસ્તુત સંશોધનમાં જે કોઈનો મને પુરો સાથ મળ્યો છે અને જેમનો નિર્દેશ હું કરી શકી નથી. તે સર્વેનો પણ હું આભાર માનું છું.

**કાંસદરિયા હર્ષા વી.**

# —:: અનુક્રમણિકા ::—

## પ્રકરણ–1

## વિષય–પ્રવેશ


| ક્રમ | વિગત | પૃષ્ઠ નં. |
|---|---|---|
| 1.1 | પ્રસ્તાવના | **3** |
| 1.2 | અધ્યયનની ઐતિહાસિક ભૂમિકા | **4** |
| 1.3 | તરુણાવસ્થાની સમજૂતિ | **5** |
| 1.4 | શૈક્ષણિક મનોભારની સમજૂતી | **6** |
| 1.5 | સમાયોજનની સમજૂતી | **15** |
| 1.6 | અધ્યયનની સમસ્યા | **18** |
| 1.7 | અધ્યયનનાં હેતુઓ | **19** |
| 1.8 | અધ્યયનનાં પરિવર્ત્યો | **20** |
| | 1.8.1 સ્વતંત્ર પરિવર્ત્ય | **20** |
| | 1.8.2 પરતંત્ર પરિવર્ત્ય | **21** |
| | 1.8.3 નિયંત્રિત પરિવર્ત્યો | **21** |
| | 1.8.4 આંતરવર્તી પરિવર્ત્યો | **21** |
| 1.9 | અગત્યનાં પદોની વ્યાખ્યા | **22** |
| 1.10 | ઉત્કલ્પનાની સમજૂતી | **23** |
| | 1.10.1 ઉત્કલ્પનાનો અર્થ | **24** |
| | 1.10.2 ઉત્કલ્પનાનું મૂલ્યાંકન | **24** |
| | 1.10.3 ઉત્કલ્પનાનાં પ્રકારો | **24** |

| | | |
|---|---|---|
| | 1.10.4 ઉત્કલ્પનાનાં લક્ષણો | 25 |
| | 1.10.5 ઉત્કલ્પનાનાં સ્ત્રોત | 26 |
| | 1.10.6 ઉત્કલ્પનાનાં કાર્યો / ઉપયોગીતા | 26 |
| | 1.10.7 ઉત્કલ્પનાની મર્યાદાઓ | 26 |
| | 1.10.8 ઉત્કલ્પનાની મર્યાદાઓનું નિવારણ | 26 |
| 1.11 | પ્રસ્તુત અધ્યયનની ઉત્કલ્પનાઓ | 27 |
| | 1.11.1 't' કસોટી પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ. | 27 |
| | 1.11.2 'r' સહસંબંધાંક પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ | 29 |
| | 1.11.3 'F ' કસોટી પ્રમાણે શૂન્યઉત્કલ્પનાઓ | 31 |
| 1.12 | આંકડાશાસ્ત્રીય પધ્ધતિનો ઉપયોગ | 36 |
| 1.13 | અધ્યયનનાં પ્રકરણોનું આયોજન | 36 |
| 1.14 | પ્રસ્તુત અધ્યયનની અગત્યતા | 37 |
| 1.15 | પ્રસ્તુત અધ્યયનની મર્યાદાઓ | 39 |

# પ્રકરણ – 2
# સંશોધન સાહિત્યની સમીક્ષા


| ક્રમ | વિગત | પૃષ્ઠ નં. |
|---|---|---|
| 2.1 | પ્રાસ્તાવિક | **43** |
| 2.2 | પૂર્વ થયેલા સંશોધન સાહિત્યની તપાસનું મહત્વ | **44** |
| 2.3 | પૂર્વ સંશોધનનો પડકાર | **45** |
| 2.4 | પૂર્વ સંશોધનમાત્ર કાર્ય કરતી પ્રક્રિયાની વધુ સ્પષ્ટતા | **45** |
| 2.5 | પૂર્વ સંશોધનનું પુનરાવર્તન કરી તેનું સમર્થન મેળવવું | **46** |
| 2.6 | એક ક્ષેત્રમાં જે પરિવર્ત્ય સંબંધો જોવા મળ્યા હોય તે સંબંધોની તપાસ કરતું સંશોધન | **46** |
| 2.7 | અનઅપેક્ષિત પરિણામોનાં કારણો જાણવા માટે થયેલા સંશોધનો | **46** |
| 2.8 | એક સમસ્યામાં વિકાસ પામેલી સંશોધનની પ્રયુકિત બીજી સમસ્યામાં ઉપયોગમાં લઈ શકાય | **47** |
| 2.9 | શૈક્ષણિક મનોભારની સૈદ્ધાંતિક ભૂમિકા | **47** |
| | 2.9.1 શૈક્ષણિક મનોભારનું સૈદ્ધાંતિક મહત્વ | **48** |
| 2.10 | શૈક્ષણિક મનોભારનાં પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા | **58** |
| | 2.10.1 ભારથી નો અભ્યાસ (1980) | **58** |
| | 2.10.2 ફર્નાન્ડિઝ અને મૂર્તિનો અભ્યાસ (1989) | **58** |
| | 2.10.3 રાજેન્દ્રન અને કલિપ્પનનો અભ્યાસ (1990) | **59** |
| | 2.10.4 ફ્રિડ લુથાન્સનો અભ્યાસ (1992) | **60** |
| | 2.10.5 બુકોલા અને જેજીડીનો અભ્યાસ (1992) | **61** |
| | 2.10.6 પૂલીસનો અભ્યાસ (1992) | **61** |
| | 2.10.7 જોહનસનનો અભ્યાસ (1993) | **62** |

2.10.8 લક્ષ્મણકુમારનો અભ્યાસ (1995) **63**
2.10.9 દેસાઈ નૂરજહાંનો અભ્યાસ (1998) **64**
2.10.10 વિલ્સ ડી. અને વોર્ટન લોવનો અભ્યાસ (1998) **64**
2.10.11 Benmasour Naimaનો અભ્યાસ (1998) **65**
2.10.12 ઓથમેન, અબૌ અને ખૈરનો અભ્યાસ (1998) **65**
2.10.13 નવનીત જયસ્વાલનો અભ્યાસ (2001) **66**
2.10.14 સી.બી.આશાનો અભ્યાસ (2003) **67**
2.10.15 ગીરીશ ગજેરાનો અભ્યાસ (2004) **67**
2.10.16 માંકડ અલ્કાનો અભ્યાસ (2006) **68**
2.10.17 આભારાનીનો અભ્યાસ (2007) **69**
2.10.18 વી. નટરાજનનો અભ્યાસ (1977) **69**
2.10.19 ગેરી લોંગ, જેમ્સ અને લોરેન્સનો અભ્યાસ (1980) **69**
2.10.20 સોવા અને બટસન્તીનો અભ્યાસ (1984) **70**
2.10.21 કે. રંગાસ્વામી અને (1995) **70**
શ્રીનિવાસ પી. બી.નો અભ્યાસ (2000)
2.11 સમાયોજનની સૈદ્ધાંતિક ભૂમિકા **70**
2.11.1 સમાયોજનનું સૈદ્ધાંતિક મહત્વ **70**
2.12 સમાયોજનનાં પૂર્વે થયેલા અભ્યાસોની સમીક્ષા **73**
2.12.1 ઘનકોટ ઝરીના (1982) **73**
2.12.2 પવાર બજનભાઈ (1983) **74**
2.12.3 પરમારનો અભ્યાસ (1993) **75**
2.12.4 સચિનનો અભ્યાસ (1993) **75**
2.12.5 કોચગાવે અને વિતિથા (1993) **76**

2.12.6 યહુએ જો નો અભ્યાસ (1994) 76
2.12.7 વસવેલીયાનો અભ્યાસ (1995) 77
2.12.8 જારસાણિયા જયેન્દ્ર (1996) 78
2.12.9 વિદ્યાભુષણ સિંઘનો અભ્યાસ (1996) 78
2.12.10 નસીત લાભુ પી. નો અભ્યાસ (1999) 79
2.12.11 ગ્રાફિક જેનિકેનો અભ્યાસ (1999) 80
2.12.12 સ્ટ્રેન્જ અમી, બ્રાન્ટ ટમેરા (1999) 80
2.12.13 ખત્રી પરીઘ, કપુરનો અભ્યાસ (2000) 81
2.12.14 ડુંગરાણી અરવિંદનો અભ્યાસ (2000) 82
2.12.15 કલીયા લે નો અભ્યાસ (2001) 83
2.12.16 મહેતા કિશોરનો અભ્યાસ (2004) 83
2.12.17 શર્મા મંજૂનો અભ્યાસ (2005) 84
2.12.18 પટેલ હેતલનો અભ્યાસ (2005) 84
2.12.19 સિંઘનો અભ્યાસ (1996) 85
2.12.20 માધુરી કુમારીનો અભ્યાસ (1996) 85
2.12.21 મહેતાનો અભ્યાસ (1991) 86
2.12.22 મોઝરકુમાર અને પ્રેમલતા (1973, 1975 અને 1984) 86
2.12.23 વાલીયા અને શર્માનો અભ્યાસ (1993) 86
2.12.24 ઈરફાન અને અર્જુન ચોચાનો અભ્યાસ (1993) 86
2.13 પૂર્વ અભ્યાસની સંખ્યાની મર્યાદા 87
2.14 સારાંશ 87

# પ્રકરણ – 3
# સંશોધન યોજના, પ્રક્રિયા અને પૃથક્કરણની પદ્ધતિ


| ક્રમ | વિગત | પૃષ્ઠ નં. |
|---|---|---|
| 3.1 | પ્રસ્તાવના | **91** |
| 3.2 | સામાજિક સંશોધનની વ્યાખ્યા | **92** |
| 3.3 | સંશોધન યોજના | **93** |
| 3.4 | આયોજનની સફળતા | **94** |
| 3.5 | સંશોધન યોજનાનાં પ્રકારો | **95** |
| | 3.5.1 રચનાત્મક અથવા અન્વેષણાત્મક અધ્યયન | **95** |
| | 3.5.2 વર્ણનાત્મક અને નિદાનાત્મક અધ્યયન | **95** |
| | 3.5.3 પરીક્ષણાત્મક અથવા પ્રાયોગિક અધ્યયન | **97** |
| 3.6 | પ્રસ્તુત સંશોધન યોજના | **97** |
| 3.7 | સંશોધનની સમષ્ટિ | **99** |
| | 3.7.1 સમષ્ટિ એટલે શું ? | **99** |
| | 3.7.2 સમષ્ટિના પરિમાણ (ઘટકો) | **99** |
| | 3.7.3 સમષ્ટિના પ્રકારો | **100** |
| 3.8 | સંશોધન આયોજનની અગત્યતા | **101** |
| | 3.8.1 સંશોધન આયોજન એટલે શું ? | **102** |
| | 3.8.2 પ્રસ્તુત સંશોધન યોજનાનું વર્ણન | **102** |
| 3.9 | નિદર્શ પસંદગી | **106** |
| | 3.9.1 નિદર્શ એટલે શું ? | **106** |

| | | |
|---|---|---|
| | 3.9.2. ઉત્તમ નિદર્શના લક્ષણો | **106** |
| | 3.9.3 નિદર્શની જરૂરિયાત | **107** |
| 3.10 | **પ્રસ્તુત અભ્યાસમાં નમૂનાની પ્રક્રિયાનું પૃથક્કરણ** | **107** |
| 3.11 | **સંશોધનનાં ઉપકરણો** | **108** |
| 3.12 | **પ્રસ્તુત અભ્યાસનાં ઉપકરણો (સાધનો)** | **108** |
| | 3.12.1 વ્યકિતગત માહિતી પત્રક | **109** |
| | 3.12.2 શૈક્ષણિક ભનોભાર માપન કસોટી | **109** |
| | 3.12.3 બેલ સમાયોજન સંશોધનિકા | **114** |
| 3.13 | **પ્રસ્તુત અભ્યાસનું આયોજન** | **116** |
| 3.14 | **સ્વતંત્ર પરિવર્ત્યોનું વિશ્લેષણ** | **117** |
| 3.15 | **આંકડાશાસ્ત્રીય પ્રયુકિતઓ** | **118** |
| | 3.15.1 ટકાવારી | **118** |
| | 3.15.2 મધ્યક 't' કસોટી માટે | **118** |
| | 3.15.3 સંયુકત પ્રમાણભૂલ ('t' કસોટી માટે) | **119** |
| | 3.15.4 't' કસોટી | **119** |
| | 3.15.5 સહસંબંધ 'r' | **120** |
| | 3.15.6 'F' કસોટી | **122** |
| 3.16 | **પ્રસ્તુત અભ્યાસની માહિતીનું એકત્રીકરણ** | **124** |
| 3.17 | **સારાંશ** | **126** |

# પ્રકરણ – 4
# સંશોધન પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા


| ક્રમ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| 4.1 | પ્રસ્તાવના | 129 |
| 4.2 | પૃથક્કરણ એટલે શું ? | 130 |
| 4.3 | સંશોધન અંગેની સામાન્ય માહિતીનું પૃથક્કરણ | 130 |
| | 4.3.1 તરુણોની જાતિ પ્રમાણે સંખ્યા અને ટકાવારી | 130 |
| | 4.3.2 તરુણોના રહેઠાણ વિસ્તાર પ્રમાણે સંખ્યા અને ટકાવારી | 131 |
| | 4.3.3 તરુણોના ધોરણ પ્રમાણે સંખ્યા અને ટકાવારી | 133 |
| | 4.3.4 તરુણોના માતા–પિતાના શિક્ષણ પ્રમાણે સંખ્યા અને ટકાવારી | 133 |
| | 4.3.5 તરુણોના શિક્ષણ પ્રવાહ પ્રમાણે સંખ્યા અને ટકાવારી | 135 |
| 4.4 | "t" કસોટી દ્વારા પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા. | 136 |
| 4.5 | વ્યકિતગત પરિવર્ત્યો અને શૈક્ષણિક મનોભારનાં સંબંધનું "t" કસોટી વડે પરીક્ષણ અને ચર્ચા. | 136 |
| 4.6 | વ્યકિતગત પરિવર્ત્યો અને સામાજિક સમાયોજનનાં સંબંધનું "t" કસોટી વડે પરીક્ષણ અને ચર્ચા. | 161 |
| 4.7 | વ્યકિતગત પરિવર્ત્યો અને આવેગિક સમાયોજનનાં સંબંધનું "t" કસોટી વડે પરીક્ષણ અને ચર્ચા. | 185 |
| 4.8 | તરુણોનાં વ્યકિતગત પરિવર્ત્યો, શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચેના સહસંબંધનું કાર્લ પિર્યસન "r" કસોટી વડે પૃથ્થકરણ અને અર્થઘટન. | 209 |

4.9 તરુણોનાં શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનનું એકમાર્ગીય વિચરણ પૃથક્કરણનું પરીક્ષણ. **216**

4.10 "t" કસોટી, સહસંબંધ 'r' અને 'F' કસોટીની સાર્થક અસાર્થક જૂથની માહિતી દર્શાવતા કોષ્ટકો. **238**

4.11 શૈક્ષણિક મનોભાર ઘટાડવાના સૂચનો **240**

4.12 સમાયોજન સુધારણા અંગે સૂચનો **241**

4.13 સારાંશ **242**

# પ્રકરણ – 5

# સંશોધન સારાંશ, તારણો અને ભાવિ સંશોધન માટેનાં સૂચનો


| ક્રમ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| 5.1 | પ્રાસ્તાવિક | **245** |
| 5.2 | સંશોધન પધ્ધતિનો સાર | **246** |
| 5.3 | અભ્યાસનું મહત્વ | **247** |
| 5.4 | અભ્યાસમાં નમૂનાની પસંદગી અને મર્યાદા | **248** |
| 5.5 | સંશોધનનાં તારણો | **249** |
| 5.6 | સંશોધનની મર્યાદાઓ | **263** |
| 5.7 | સંશોધનનાં આધારે સૂચનો અને ભલામણો | **264** |
| 5.8 | ભાવિ સંશોધન માટેનાં સૂચનો | **265** |
| 5.9 | ઉપસંહાર | **266** |


## પરિશિષ્ટ


| | | |
|---|---|---|
| 1. | સંદર્ભગ્રંથો | **267** |
| 2. | પ્રશ્નાવલિ | **276** |

# આલેખ તેમજ કોષ્ટકસૂચિ


| ક્રમ | વિગત | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| 2.1 | જીવનની ઘટનાઓ અને મનોભાર દર્શાવતું કોષ્ટક | **50** |
| 2.2 | સમીક્ષા માટે પસંદ થયેલા સંશોધનો | **57** |
| 3.1 | 3 x 2 x 2 x 2 આવયવિક યોજના દર્શાવતું કોષ્ટક | **103** |
| 3.2 | 3 x 2 x 2 x 2 ફેકટોરિયલ યોજના પરિવર્ત્યો અને તેની કક્ષા | **105** |
| 3.3 | નિદર્શ અને તેની લાક્ષકિણકતાઓ દર્શાવતું કોષ્ટક | **108** |
| 3.4 | શૈક્ષણિક મનોભાર કસોટીનાં કુલગુણ અને વિધાન ગુણ વચ્ચેનાં સહસંબંધાંકો દર્શાવતું કોષ્ટક | **111** |
| 3.5 | શૈક્ષણિક મનોભાર કસોટીની વિશ્વસનિયતા ટેબલ | **113** |
| 3.6 | શૈક્ષણિક મનોભાર કસોટીની યથાર્થતા ટેબલ | **114** |
| 3.7 | બેલ સમાયોજન સંશોધનિકાની વિશ્વસનીયતા ટેબલ | **116** |
| 4.1 | તરુણોની જાતિ પ્રમાણે સંખ્યા અને ટકાવારી દર્શાવતું કોષ્ટક | **131** |
| 4.2 | રહેઠાણ વિસ્તાર પ્રમાણે ટકાવારી દર્શાવતું કોષ્ટક | **131** |
| 4.3 | રહેઠાણ વિસ્તાર અને જાતિ પ્રમાણે ટકાવારી દર્શાવતું કોષ્ટક | **132** |
| 4.4 | તરુણોનાં ધોરણ (Standard) પ્રમાણે ટકાવારી દર્શાવતું કોષ્ટક | **133** |
| 4.5 | તરુણોના માતા–પિતાના શિક્ષણ પ્રમાણે સંખ્યા અને ટકાવારી દર્શાવતું કોષ્ટક | **134** |
| 4.6 | માતા–પિતાના શિક્ષણ અને તરુણોની જાતિ પ્રમાણે સંખ્યા અને ટકાવારી દર્શાવતું કોષ્ટક | **134** |
| 4.7 | તરુણોના શિક્ષણ પ્રવાહ પ્રમાણે સંખ્યા અને ટકાવારી દર્શાવતું કોષ્ટક | **135** |
| 4.8 | તરુણો અને તરુણીઓનાં શૈક્ષણિક મનોભારની 't' કસોટી દર્શાવતું કોષ્ટક | **137** |
| 4.9 | ધો.10 અને ધો. 11નાં તરુણોનાં શૈક્ષણિક મનોભારની 't' કસોટી દર્શાવતું કોષ્ટક | **137** |

| | | |
|---|---|---|
| 4.10 | ધો. 10 અને ધો. 11 ની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **138** |
| 4.11 | ધો. 10 અને ધો. 12 ના તરુણોનાં ધોરણ અને શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **139** |
| 4.12 | ધો. 10 અને ધો. 12 ની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **140** |
| 4.13 | ધો. 11 અને ધો. 12 નાં તરુણોના શૈક્ષણિક મનોભાર પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **141** |
| 4.14 | ધો. 11 અને ધો. 12 ની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારના પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **142** |
| 4.15 | ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતા તરુણો અને તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **144** |
| 4.16 | ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10 માં અભ્યાસ કરતા તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **145** |
| 4.17 | ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **146** |
| 4.18 | ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 11 માં અભ્યાસ કરતાં તરુણોની શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **147** |
| 4.19 | ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો 11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **148** |
| 4.20 | ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 12માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **149** |
| 4.21 | ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધોરણ – 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **150** |

4.22 ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 151

4.23 ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 152

4.24 ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 153

4.25 ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 154

4.26 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 155

4.27 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 156

4.28 વિનયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોના શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 157

4.29 વિનયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 158

4.30 વિનયન અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોના શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 159

4.31 સરકારી અને બિન સરકારી સ્કૂલમાં અભ્યાસ કરતાં તરુણઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 160

4.32 સરકારી અને બિનસરકારી સ્કૂલમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 161

4.33 તરુણો અને તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 162

| | | |
|---|---|---|
| 4.34 | ધો. 10 અને ધો. 11 નાં તરુણોનાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **163** |
| 4.35 | ધો. 10 અને ધો. 11 ની તરુણીઓનાં સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **164** |
| 4.36 | ધો. 10 અને ધો. 12 નાં તરુણોનાં સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **165** |
| 4.37 | ધો. 10 અને ધો. 12 ની તરુણીઓનાં સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **166** |
| 4.38 | ધો. 11 અને ધો. 12 નાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **167** |
| 4.39 | ધો. 11 અને ધો. 12 ની તરુણીઓનાં સામાજિક સમાયોજન નાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **168** |
| 4.40 | ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણો અને તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **169** |
| 4.41 | ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10માં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **170** |
| 4.42 | ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10 માં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **171** |
| 4.43 | ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 11 માં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની t કસોટી દર્શાવતું કોષ્ટક | **172** |
| 4.44 | ધો. 11 ગ્રામ્ય અને શહેરી વિસ્તારની તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **173** |
| 4.45 | ધો. 12 ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | **174** |

4.46 ધો. 12 ગ્રામ્ય અને શહેરી વિસ્તારની તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 175

4.47 ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય અને શહેરી વિસ્તારની તરુણોઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 176

4.48 ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારની તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 177

4.49 ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 178

4.50 ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારનાં તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 179

4.51 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 180

4.52 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 181

4.53 વિનયન અને વાણિજય પ્રવાહનાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 182

4.54 વિનયન અને વાણિજય પ્રવાહની તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 183

4.55 વિનયન અને વિજ્ઞાન પ્રવાહના તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 183

4.56 સરકારી અને બિનસરકારી સ્કૂલનાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 184

4.57 સરકારી અને બિનસરકારી સ્કૂલનાં તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક 185

| | | |
|---|---|---|
| 4.58 | તરુણો અને તરુણીઓના આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | 186 |
| 4.59 | ધો. 10 અને ધો. 11 નાં તરુણોનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | 187 |
| 4.60 | ધો. 10 અને ધો. 11 ની તરુણીઓનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | 188 |
| 4.61 | ધો. 10 અને ધો. 12 નાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | 189 |
| 4.62 | ધો. 10 અને ધો. 12 ની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | 189 |
| 4.63 | ધો. 11 અને ધો. 12 નાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | 190 |
| 4.64 | ધો. 11 અને ધો. 12 ની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | 191 |
| 4.65 | ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં તરુણો અને તરુણીઓના આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | 192 |
| 4.66 | ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10 માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | 193 |
| 4.67 | ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | 194 |
| 4.68 | ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 11 માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | 195 |
| 4.69 | ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી દર્શાવતું કોષ્ટક | 196 |

| | | |
|---|---|---|
| 4.70 | ધો. 12 ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં તરુણોનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી દર્શાવતું કોષ્ટક | 197 |
| 4.71 | ધો. 12 ગ્રામ્ય અને શહેરી વિસ્તારની તરુણીઓનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી દર્શાવતું કોષ્ટક | 198 |
| 4.72 | ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારનાં તરુણોનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી દર્શાવતું કોષ્ટક | 199 |
| 4.73 | ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારની તરુણીઓનાં આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી દર્શાવતું કોષ્ટક | 200 |
| 4.74 | ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી દર્શાવતું કોષ્ટક | 201 |
| 4.75 | ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી દર્શાવતું કોષ્ટક | 202 |
| 4.76 | શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી દર્શાવતું કોષ્ટક | 203 |
| 4.77 | શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી દર્શાવતું કોષ્ટક | 204 |
| 4.78 | વિનયન અને વાણિજય પ્રવાહનાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી દર્શાવતું કોષ્ટક | 205 |
| 4.79 | વિનયન અને વાણિજય પ્રવાહની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી દર્શાવતું કોષ્ટક | 206 |
| 4.80 | વિનયન અને વિજ્ઞાન પ્રવાહનાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી દર્શાવતું કોષ્ટક | 207 |
| 4.81 | સરકારી અને બિનસરકારી સ્કૂલનાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી દર્શાવતું કોષ્ટક | 208 |

4.82 સરકારી અને બિનસરકારી સ્કૂલની તરુણીઓનાં આવેગિક સમાયોજનમાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી દર્શાવતું કોષ્ટક 209

4.83 તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચેનાં સંબંધનું કાર્લપિયર્સનની સહસંબંધાંક 'r' પ્રયુકત વડે પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ દર્શાવતું કોષ્ટક. 210

4.84 તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચેનાં સંબંધનું કાર્લપિયર્સનની સહસંબંધાંક 'r' પ્રયુકિત વડે પ○થક્કરણ, અર્થઘટન અને પરિણામ દર્શાવતું કોષ્ટક. 211

4.85 તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજન વચ્ચેનાં સંબંધનું કાર્લપિયર્સનની સહસંબંધાંક 'r' પ્રયુકિત વડે પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ દર્શાવતું કોષ્ટક. 212

4.86 તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજન વચ્ચેનાં સંબંધનું કાર્લપિયર્સનની સહસંબંધાંક 'r' પ્રયુકિત વડે પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ દર્શાવતું કોષ્ટક. 213

4.87 તરુણોના સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચેનાં સંબંધનું કાર્લપિયર્સનની સંબંધાંક 'r' પ્રયુકિત વડે પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ દર્શાવતું કોષ્ટક. 214

4.88 તરુણીઓનાં સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચેનાં સંબંધનું કાર્લપિયર્સનની સંબંધાંક 'r' પ્રયુકિત વડે પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામની દર્શાવતું કોષ્ટક. 215

4.89 તરુણોનાં ધોરણ અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. 216

4.90 તરુણીઓનાં ધોરણ અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. 217

4.91 તરુણોનાં ધોરણ રહેઠાણ વિસ્તાર અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. **218**

4.92 તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. **219**

4.93 તરુણોનાં ધોરણ રહેઠાણ વિસ્તાર અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. **220**

4.94 તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. **220**

4.95 તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. **221**

4.96 તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. **222**

4.97 તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. **223**

4.98 તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. **223**

4.99 તરુણોનાં ધોરણ અને સામાજિક સમાયોજન વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. **224**

4.100 તરુણીઓનાં ધોરણ અને સામાજિક સમાયોજન વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. **225**

4.101 તરુણોનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને સામાજિક સમાયોજન વચ્ચેનું સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. **226**

4.102 તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને સામાજિક સમાયોજન વચ્ચેનું સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. **226**

4.103 તરુણોનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને સામાજિક સમાયોજન વચ્ચેનું સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. 227

4.104 તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને સામાજિક સમાયોજન વચ્ચેનું સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. 228

4.105 તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. 228

4.106 તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. 229

4.107 તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. 230

4.108 તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. 230

4.109 તરુણોનાં ધોરણ અને આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. 231

4.110 તરુણીઓનાં ધોરણ અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. 232

4.111 તરુણોનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. 232

4.112 તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. 223

4.113 તરુણોનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. 234

4.114 તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. 234

4.115 તરુણોનાં ધોરણ માતા–પિતાનું શિક્ષણ અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. **235**

4.116 તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. **236**

4.117 તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. **236**

4.118 તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથક્કરણ દર્શાવતું કોષ્ટક. **237**

4.119 મુખ્ય પરિવર્ત્ય શૈક્ષણિક મનોભારની 't' કસોટી દર્શાવતું કોષ્ટક. **238**

4.120 મુખ્ય પરિવર્ત્ય સામાજિક સમાયોજનની 't' ક સોટી દર્શાવતું કોષ્ટક. **238**

4.121 મુખ્ય પરિવર્ત્ય આવેગિક સમાયોજનની 't'કસોટી દર્શાવતું કોષ્ટક. **238**

4.122 મુખ્ય પરિવર્ત્યો શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનનો સહસંબંધ (r) દર્શાવતું કોષ્ટક. **239**

4.123 મુખ્ય પરિવર્ત્યો શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનની 'F' કસોટી દર્શાવતું કોષ્ટક. **239**

# પ્રકરણ–1
# વિષય–પ્રવેશ

| ક્રમ | વિષય |
|---|---|
| 1.1 | પ્રસ્તાવના |
| 1.2 | અધ્યયનની ઐતિહાસિક ભૂમિકા. |
| 1.3 | તરુણાવસ્થાની સમજૂતિ. |
| 1.4 | શૈક્ષણિક મનોભારની સમજૂતી. |
| 1.5 | સમાયોજનની સમજૂતી. |
| 1.6 | અધ્યયનની સમસ્યા. |
| 1.7 | અધ્યયનનાં હેતુઓ. |
| 1.8 | અધ્યયનનાં પરિવર્ત્યો. |
| | 1.8.1 સ્વતંત્ર પરિવર્ત્ય |
| | 1.8.2 પરતંત્ર પરિવર્ત્ય |
| | 1.8.3 નિયંત્રિત પરિવર્ત્યો |
| | 1.8.4 આંતરવર્તી પરિવર્ત્યો |
| 1.9 | અગત્યનાં પદોની વ્યાખ્યા. |
| 1.10 | ઉત્કલ્પનાની સમજૂતી. |
| | 1.10.1 ઉત્કલ્પનાનો અર્થ. |
| | 1.10.2 ઉત્કલ્પનાનું મૂલ્યાંકન |
| | 1.10.3 ઉત્કલ્પનાનાં પ્રકારો |

1.10.4 ઉત્કલ્પનાનાં લક્ષણો

1.10.5 ઉત્કલ્પનાનાં સ્ત્રોત

1.10.6 ઉત્કલ્પનાનાં કાર્યો / ઉપયોગીતા

1.10.7 ઉત્કલ્પનાની મર્યાદાઓ

1.10.8 ઉત્કલ્પનાની મર્યાદાઓનું નિવારણ

1.11 પ્રસ્તુત અધ્યયનની ઉત્કલ્પનાઓ

1.11.1 't' કસોટી પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ.

1.11.2 'r' સહસંબંધાંક પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ

1.11.3 'F ' કસોટી પ્રમાણે શૂન્યઉત્કલ્પનાઓ

1.12 આંકડાશાસ્ત્રીય પધ્ધતિનો ઉપયોગ

1.13 અધ્યયનનાં પ્રકરણોનું આયોજન

1.14 પ્રસ્તુત અધ્યયનની અગત્યતા

1.15 પ્રસ્તુત અધ્યયનની મર્યાદાઓ

# પ્રકરણ–1
# વિષય–પ્રવેશ

## 1.1 પ્રસ્તાવના :–

એકવીસમી સદી કૌશલ્યસભર બુધ્ધિમતાની સદી તરીકે ઓળખાય છે. વિશ્વનાં તમામ દેશોમાં વૈજ્ઞાનિક શોધ અને ભૌતિક પ્રગતિનાં કારણે શહેરીકરણ અને બદલાયેલ જીવનશૈલીનાં કારણે વિવિધ સમસ્યાઓ ઉત્પન્ન થઈ છે. મનોવિજ્ઞાનની વિવિધ શાખાઓ આ સમસ્યાઓને સંશોધન દ્વારા હલ કરે છે, તેનું નિરાકરણ લાવે છે.

આજે શિક્ષણનો વ્યાપ – વિસ્તાર વધ્યો હોવા છતાં શિક્ષણ ક્ષેત્રમાં પણ અનેક સમસ્યાઓ પ્રવર્તી રહી છે. આમ, શિક્ષણ ક્ષેત્રે સ્થિતિ બદલાઈ ગઈ છે. વધતી જતી જરૂરીયાતો, મહત્વકાંક્ષાઓ વ્યકિતમાં કેટલાંય પરિવર્તનો લાવે છે. આ પરિવર્તનોથી વ્યકિતને ધણીવાર હતાશા, સંધર્ષ, અને મનોભારનો ભોગ બનવું પડે છે. પરિણામે તેનાં સમાયોજનમાં ખામીઓ સર્જાય છે. જરૂરીયાત પ્રમાણે સમાયોજન પ્રાપ્ત કરતાં શીખવવું તે માતા–પિતા અને શિક્ષકની ફરજ બને છે. વિદ્યાર્થિઓ શિક્ષકની નજીક હોય છે. તેમની સમસ્યાઓમાં કેટલીક અભ્યાસલક્ષી સમસ્યાઓ તેને મુંઝવે છે. જો સમયસર તે સમસ્યાનો ઉકેલ ન આવે તો શૈક્ષણિક મનોભાર જન્મે છે. જેની અસર તેનાં સમાયોજન ઉપર થાય છે.

આધુનિક યુગમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને તેનાં સમાયોજનની સમસ્યા પાછળ જવાબદાર કારણોનો અભ્યાસ કરી તેનો ઉપાય કરવાનો સમય આવી ગયો છે. આ કારણોમાં તરુણોની પોતાની મૂંઝવણો, ભાવિ વિશેની ચિંતા, સ્પર્ધાત્મક યુગના પડકારો, પોતાની જાતનું સફળ તાનાં માપદંડથી જ મૂલ્યાંકન, માતા–પિતાની તરુણો પાસેથી ખૂબ ઊંચી અપેક્ષાઓ, કૌટુંબિક તનાવ, સામાજિક અને આર્થિક દબાણ વગેરે ભાગ ભજવે છે.

તરુણાવસ્થાનો ગાળો 14 થી 21 વર્ષની વય સુધીનો ઈલીઝાબેથ હરલોક ગણાવે છે. આ સમય ગાળો તરુણોના વિકાસ માટે ખૂબ મહત્વનો છે. આ સમયે અનેક પરિવર્તનો થવાથી આ સમયગાળો તરુણો માટે વધુ સમસ્યારૂપ બને છે. તરુણોની સમસ્યાઓની પ્રત્યક્ષ – પરોક્ષ અસરો વિશે વર્તમાનપત્રો, ટેલિવિઝન, જેવા દ્રશ્ય શ્રાવ્ય માધ્યમોના સમાચારોમાં જોવા મળે છે. આવી

સમસ્યાઓનો મનોવૈજ્ઞાનિક રીતે અભ્યાસ થાય તો રાષ્ટ્રનાં ભાવિ નાગરીકોને સર્જનાત્મક માર્ગે વાળી શકાય. કૌટુંબિક અસંતોષ, સામાજિક અન્યાય, શૈક્ષણિક મુશ્કેલીઓ જેવી અનેક સમસ્યાઓ તરુણો અનુભવતાં હોય છે. સતત દબાણ અને વધુપડતી ચિંતાથી તેનાં વ્યકિત્વમાં પરિવર્તનો આવે છે. અને આવા ફેરફારોની તેનાં સમાયોજન પર અસર પડે છે. આ સમસ્યાઓ હળવી કરવામાં આવે તો તરુણોનો શારીરિક, સામાજીક, શૈક્ષણિક અને મનોવૈજ્ઞાનિક વિકાસ થઈ શકે.

## 1.2 અધ્યયનની ઐતિહાસિક ભૂમિકા :–

આધુનિક વિચારકો વર્તમાન સમયને "Age of Stress" તરીકે ઓળખાવે છે. જયારે મનોવૈજ્ઞાનિક કોલમેન આધુનિક યુગને ‘‘ચિંતાગ્રસ્તતાના યુગ’’ તરીકે ઓળખાવે છે. વિવિધ વ્યકિતત્વ ધરાવતાં તરુણો વિવિધ શાળાઓમાં શિક્ષણ મેળવી રહ્યા છે, ત્યારે તરુણોમાં મનોભાર, માનસિક તંગદિલી, બેચેની જેવી બાબતો વધારે જોવા મળે છે. તરુણોનાં સર્વાંગી વિકાસ માટે આવા લક્ષણોનું નિવારણ અનિવાર્ય છે. કારણ કે તરુણોની આસપાસની પરિસ્થિતિ વાતાવરણ સાથે સુસમાયોજિત હશે તો તેના વ્યકિતત્વનો સુયોગ્ય વિકાસ થઈ શકશે.

આપણાં દેશમાં અભ્યાસ કરતાં તરુણો કેટલીકવાર ચરસ, ગાંજો, અફિણ, બ્રાઉનસ્યુગર જેવા કેફી પદાર્થો લઈને પોતાની હતાશા કે મનોભારને દૂર કરવા પ્રયાસો કરે છે.

તા. 1/3/1997ના ગુજરાત સમાચારના ‘ વિવિધા ’ લેખનાં આધારે કહીએ તો આધુનિક સમયમાં વિદ્યાર્થીઓમાં પરીક્ષાનાં કારણે શૈક્ષણિક મનોભાર ઉત્પન્ન થાય છે. પરીક્ષા જેમ જેમ નજીક આવતી જાય તેમ તેમ વિદ્યાર્થી વિકૃત ચિંતા, વિકૃત ભય, શૈક્ષણિક તનાવ વગેરે બાબતોથી પિડાવા લાગે છે. એક બાળ મનોચિકિત્સકે રસપ્રદ તારણ કાઢયું છે કે, 70 થી 80નાં દાયકામાં ‘ટીન એજર્સ’ પ્રેમમાં નિષ્ફળ જતાં તેના કારણે આત્મહત્યા કરતાં. પરંતુ 90 પછીનાં દાયકામાં પરીક્ષાની નિષ્ફળતાનાં કારણે આત્મહત્યાના કિસ્સા વધી રહ્યા છે. અને તેમાં પણ રાજકોટ જિલ્લામાં શૈક્ષણિક મનોભારનાં કારણે આત્મહત્યા કરનારનું પ્રમાણ વધુ છે. પોલિસ ચોપડે ગુમ થયેલ વ્યકિતઓ પૈકી 80% વ્યકિતઓ પરીક્ષાનાં ડરનાં કારણે ઘર છોડી જતા રહ્યા હતાં.

ઉપરોકત બાબતો અંગે મનોવૈજ્ઞાનિકો એવો મત ધરાવે છે કે ‘‘અભ્યાસ સંબંધી માનસિક તાણ’’ તેનું મુખ્ય કારણ છે. કારણ કે અભ્યાસ કરતાં તરુણનું સમગ્ર અસ્તિત્વ, તેની પહેચાન અને ક્ષમતાનો એકમાત્ર માપદંડ માત્ર પરીક્ષામાં તેને કેટલાં માકર્સ મળે છે તેના પર આધારિત છે. આ

બાબતો માટે માતા–પિતા, શાળા, સમાજ, શિક્ષણપધ્ધતિ બધા જ પરિબળો જવાબદાર હોય છે. તરુણો માટે ધોરણ–10 અને ધોરણ–12ની બોર્ડની પરીક્ષાઓ ટેસ્ટ મેચ જેવી કહી શકાય. વર્ષભરની મહેનતને ત્રણ કલાકમાં દર્શાવતી વન–ડે મેચ કહીએ તો ખોટું નથી. લક્ષ્ય તો એક જ હોય છે.... વધુમાં વધુ સ્કોર કરવો. આમ, ધોરણ–10 થી ધોરણ–12નાં વર્ષોમાં તરુણોને ખૂબ મોટા પ્રમાણમાં મનોભારનો ભોગ બનવું પડે છે. જે મનોભારની તેના મન અને શરીર પર ખૂબ મોટી અસર પડે છે. અભ્યાસ કરતાં તરુણોનાં મનોભાર વિશે હજુ પણ મર્યાદિત પ્રમાણમાં અભ્યાસો થયા છે. સંશોધકને તરુણોનાં ઉપરોકત મનોવૈજ્ઞાનિક પ્રશ્નોને સમજવામાં ઊંડો રસ હોઈ, તરુણોની શૈક્ષણિક સમસ્યા વિશે સંશોધકે પોતાના ગાઈડ સાથે અનેક વખત વિચાર–વિમર્શ કર્યા બાદ પ્રસ્તુત સંશોધન હાથ ધરવાનું નક્કી કર્યું.

આમ, તરુણાવસ્થામાં અનુભવાતો શૈક્ષણિક મનોભાર અને સમાયોજન સંબંધી સમસ્યાનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરવાનો આ એક નમ્ર પ્રયાસ છે.

## 1.3 તરુણાવસ્થાની સમજૂતિ :– Adolescence

તરુણાવસ્થા માટે અંગ્રેજી શબ્દ Adolescence લેટિન ભાષાના Adolescere પરથી ઉતરી આવ્યો છે. જેનો અર્થ ‘વૃદ્ધિ પામવી’ તેવો થાય છે. વ્યાપક અર્થમાં જોઈએ તો યૌવનપ્રવેશ થી માંડીને પુખ્તતા પ્રાપ્ત કરવાનાં સમયગાળાને તરુણાવસ્થા કહે છે. (1)

– ઓસુબલ જણાવે છે કે, આ એક એવો સમય છે કે જે વખતે ફરજો, જવાબદારીઓ, વિશેષાધિકારો અને અન્ય સાથેના સંબંધોમાં લાક્ષણિક ફેરફારો થાય છે અને આવા સંજોગોમાં મા–બાપ, જોડીદારો, બીજા અને પોતાની જાત પ્રત્યેનાં વલણોમાં ફેરફાર એક અનિવાર્યતા થઈ પડે છે. (2)

મુસન (1963) તરુણાવસ્થાને સામાન્યપણે કટોકટીભર્યો સમયગાળો (Critical Period) માને છે. જી. સ્ટેનલી હૉલ (1904) સાચા જ અર્થમાં આ ગાળાને ઝંઝાવાત અને માનસિક તાણનો (Period of Storm and Stress) કહે છે.

પેસ્તનજી (1986) તરુણાવસ્થાને શારીરિક, માનસિક, આવેગાત્મક અને સામાજિક પરિવર્તનનો સમયગાળો કહે છે.

---

1. અને 2. દેસાઈ વાય.કે. : વિકાસલક્ષી મનોવિજ્ઞાન, (1975) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, P. 255, P. 28.

"In the life cycle of every person, middle childhood is followed by a period of profound biological and physiological changes. It is the time of life known as adolescence. **— Garlie A. Forehans, althea J. Horner, Herbert Sirenson, Marguerite Malm.** (3)

બાળક તરુણમાંથી પુખ્ત બને ત્યાં સુધીમાં તો તે અનેક સુખદ અને દુઃખદ પળો વચ્ચેથી પસાર થાય છે. તરુણાવસ્થાએ ચિંતા, મુંઝવણ અને સતત માનસિક તાણનો સમય છે.

કે.સી.ગેરીસનનાં મતે "The Adolescent is torn offen violenty between acting as a child and acting a man." (4)

તરુણાવસ્થા એ શારીરિક, માનસિક, આવેગાત્મક અને સામાજિક પરિવતર્નનનો સમયગાળો છે.

મુસર, કેગન અને કોગર કહે છે કે – "Adolescence is generally viewed as a critical period.... References to the storm and stress of the year from approximatelly 11 to 18 are common, both is everyday conversation and in the writings of novelists, dramatists and poets."

તરુણાવસ્થાની શરૂઆતમાં શારિરીક ફેરફારની સાથે સાથે બૌદ્ધિક, આવેગાત્મક અને સામાજિક વિકાસ પણ થાય છે. જયારે તરુણોની ઈચ્છાઓ, જરૂરિયાતો પૂર્ણ થતી નથી. ત્યારે તેઓ હતાશ થાય છે અને મનોભાર અનુભવે છે. તરુણોનો સામાજિક અને માનસિક વિકાસ યોગ્ય રીતે થાય તે માટે તેમની વિવિધ સમસ્યાઓનું નિરાકરણ લાવવું જોઈએ. તેમના વ્યકિતગત – સાંવેગિક પ્રશ્નોને સમજવામાં આવે, તેનું નિરાકરણ લાવવામાં આવે, તો ભવિષ્યમાં તેઓ આવેગાત્મક, સામાજિક તેમજ કૌટુંબિક સમાયોજન મેળવી શકે. તેમના પ્રત્યેનું વિધાયક અને રચનાત્મક વલણ અને વર્તન શૈક્ષણિક મનોભારને દૂર કરવામાં મદદરૂપ થાય. આ કાર્યમાં માતા–પિતા તેમજ શિક્ષકોને યોગ્ય જાણકારી અને તાલીમ આપી શકાય. જેથી તરુણોને યોગ્ય માર્ગે વાળી શકાય.

## 1.4 શૈક્ષણિક મનોભારની સમજૂતી :–

પ્રસ્તુત સંશોધનનો ઉદ્દેશ 'તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સમાયોજનની અસર' – એક

3. Forhans G.A., Horner A. T., Sorenson H., Malm M. : "Psychology for living", (1977) Mc. Grawhill Co., P. 66.
4. પેસ્તનજી ડી.એમ. : 'તારૂણ્યનું મનોવિજ્ઞાન', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, P. 1

મનોવૈજ્ઞાનિક અભ્યાસ અંગેનો છે. તેથી સૌ પ્રથમ મનોભાર વિશે સમજૂતી મેળવીશું.

મનોભારને અંગ્રેજીમાં STRESS કહે છે. જે લેટિન શબ્દ "STRINGER" માંથી ઉદ્દભવ્યો છે. જેનો 17મી સદીમાં મુશ્કેલી, વિપરીત સંજોગો એવો અર્થ કરવામાં આવતો. 18મી અને 19મી સદીમાં વસ્તુ કે વ્યકિતનાં સંદર્ભમાં ભાર કે દબાણ એવો અર્થ કરાતો. ગ્રીક ભાષામાં STRESS નો અર્થ થાય છે. 'મનની દ્વિધા', 'શું કરવું કે શું ન કરવું ની અનિશ્ચિતતા.' STRESS શબ્દ આપણે physics વિજ્ઞાનમાંથી લીધો છે. ભૌતિકશાસ્ત્રમાં "STRESS" એટલે કોઈ વસ્તુ પર મૂકવામાં આવતો બાહ્યભાર કે દબાણ જેનો આશય વસ્તુને ચલિત કે વિકૃત કરવાનો હોય છે. જયારે મનોશારીરિક પરિભાષામાં મનોભાર કોઈ એવા ઉદ્દીપકને સૂચવે છે કે જે વ્યકિત માટે ભારરૂપ કે પડકારરૂપ હોય છે અને જેને પહોંચી વળવામાં વ્યકિત મુશ્કેલી અનુભવે છે. ભારરૂપ ઉદ્દીપકોને STRESS ગણવામાં આવે છે.

આધુનિક વિશ્વને જેમ સિદ્ધિઓનું વિશ્વ ગણવામાં આવે છે તેમ મનોભારનું વિશ્વ પણ ગણવામાં આવે છે. માનસિક ખેંચ, માનસિક તાણ, તંગદીલી, તનાવ વગેરે સામાન્ય રીતે સમાનાર્થી તરીકે વપરાતા શબ્દો આજે દુનિયાભરમાં ચર્ચાનો વિષય બનેલા છે.

વ્યકિત જીવનનાં પ્રથમ શ્વાસથી માંડી અંતિમશ્વાસ સુધી વિવિધ મનોભાર યુકત પરિસ્થિતિઓનો અનુભવ  કરતી હોય છે. તેથી જ આધુનિક યુગ Age of Anxiety and Stress તરીકે ઓળખાય છે.

Stress – મનોભાર વિશેનો સૌપ્રથમ ઉલ્લેખ હેન્સ સેલીએ (Hans Sely - 1936) જીવવિજ્ઞાનમાં કર્યો હતો. જયારે મનોભારનો મનોવૈજ્ઞાનિક સમસ્યા તરીકે સૌપ્રથમ અભ્યાસ કરનાર હાવર્ડ યુનિવર્સિટીનાં શરીર વૈજ્ઞાનિક વૉલ્ટર બી. કેનન હતાં. તેમનાં મત મુજબ વ્યકિત સમક્ષ સમસ્યા ઉત્પન્ન થાય, ત્યારે 'લડો અથવા ભાગી છૂટો' (Flight or Fight) આ બે વિકલ્પો રહે છે. એટલે કે,

(1) સમગ્ર પરિસ્થિતિનો પૂરી શકિતથી સામનો કરવો.

(2) ઉપરોકત ક્ષમતા ન હોય તો ભાગી છૂટવું.

ડૉ. વર્નન કોલમેન, જણાવે છે કે ''મનોભાર આજની સદીનાં રોગોનો મહારોગ છે.''

આ ઉપરાંત ડૉ. ચંદ્રકાંત ત્રિવેદી, (1989) મનોભારને આધુનિક યમદૂત તરીકે ઓળખાવે છે જયારે

સુરેશ દલાલના મતે આધુનિક યુગ તાણ અને ખેંચતાણનો યુગ છે.

STRESS - મનોભાર વિશે જુદા જુદા મનોવૈજ્ઞાનિકોએ આપેલ વ્યાખ્યાઓ આ મુજબ છે.

(1) ''મનોભાર એટલે શરીર દ્વારા કોઈપણ માંગણી કે પડકાર પ્રત્યે કરવામાં આવતી અચોક્કસ પ્રતિક્રિયા.'' - Hans Sely - હાન્સ સેલી (1976)

(2) ''મનોભાર એક નકારાત્મક લાગણીની સ્થિતિ છે. તે જયારે ઉદ્દભવે છે, ત્યારે મનુષ્યનું મન પોતાની ક્ષમતા કરતાં વધારે આપવા સક્ષમ હોતું નથી.''

- Cohen & Herbert 1996 and Lazarus - 1993

(3) ''મનોભાર એટલે કોઈપણ સંજોગો જે વ્યકિત માટે ભયજનક હોય અથવા તેનું ભયજનક પ્રત્યક્ષીકરણ કરાય અને જેના કારણે વ્યકિતની સમાયોજિત ક્ષમતાઓ પર અતિઅધિક ભાર ઉદ્દભવે કે આવી પડે.''

–વાઈન વ્હીટન

(4) ''મનોભાર એટલે પડકારયુકત સંજોગો પ્રત્યે પ્રત્યાઘાત આપતા જીવતંત્રની અવસ્થા.''

– ફ્રેઈડ મેન

(5) ''જયારે વ્યકિત કે પ્રાણીને પોતાની સમક્ષ ઉપસ્થિત થતી પરિસ્થિતિઓ પ્રત્યે સમાયોજનાત્મક પ્રતિક્રિયાઓ કરવી જરૂરી બને છે, ત્યારે જે માનસિક સ્થિતિ ઉદ્દભવે છે તેને મનોભાર કહે છે.''

– જે.સી. કોલમેન

શૈક્ષણિક મનોભારની સમસ્યા બાળકો અને તરુણોમાં ભય કે ચિંતાનાં સ્વરૂપે જોવા મળે છે. બાળક નાનું હોય ત્યારથી જ તેને સ્પર્ધાના માહોલમાં ઉછેરવામાં આવે છે. સ્પર્ધા બાળકમાં કાર્યક્ષમતા અને કુશળતા ઉત્પન્ન કરે છે. પણ સાથે સાથે અનેક પ્રકારની તંગદીલી સર્જે છે. આ ઉપરાંત રોજનું ઢગલાબંધ ગૃહકાર્ય, વાંચન અને વિવિધ વિષયોનો અભ્યાસ કરવાનો હોય છે. જે માનસિક તંગદિલી સર્જે છે. હજારો બાળકો અને તરુણો સદીઓથી શૈક્ષણિક મનોભારની સમસ્યાથી પીડાય છે. મનોવૈજ્ઞાનિકો અને તત્વચિંતકો શૈક્ષણિક મનોભારને તરુણાવસ્થાનો મનોવૈજ્ઞાનિક રોગ કહે છે. આજથી 20-25 વર્ષ પૂર્વે ડૉકટર્સ આ રોગને 'તરુણોનાં રોગ' તરીકે ઓળખતાં. શૈક્ષણિક મનોભારની સમસ્યા

ધો.10 અને ધો. 12નાં તરુણોમાં વધુ જણાય છે.

નેશનલ એસોસીએશન ઓફ સ્કૂલ સાયકોલોજીસ્ટ લેઝારસનાં મતે બાળકનો સ્કૂલમાં ખૂબ ઊંચો ગ્રેડ હોય છતાં પણ તે થોડોક મનોભાર અનુભવે છે. પોતાનો પ્રતિસ્પર્ધી આગળ નીકળી જશે તેવો ભય પણ અનુભવે છે. આમ, તેની અંદર રહેલો થોડોક ભય તેનામાં મનોભાર ઉત્પન્ન કરે છે.

આમ, '' શૈક્ષણિક તનાવ એટલે સામાન્ય શિક્ષણ લેવામાં જે બાળકો – તરુણોને અભ્યાસ માટે અરૂચિ કે અણગમો પેદા થયો હોય અને અંતે માનસિક નકારાત્મક લક્ષોણોનો ભોગ બને.'' (5)

શૈક્ષણિક મનોભારનાં કારણે યાદ રહેતું નથી અથવા પરીક્ષા સમયે ભૂલી જવાય છે અને તરુણ ધારેલું પરિણામ મેળવી શકતો નથી.

હોંગકોંગની ચાઈનીઝ યુનિવર્સિટીનાં પ્રોફેસર ઓફ ડેવલપમેન્ટ સાયકોલોજી – રીન મેકબ્રીડ ચેંગ દ્વારા ટાઈમ મેગેઝિનમાં પ્રસ્તુત થયેલ અહેવાલ મુજબ એશિયન બાળકો ભણતરનાં ભયંકર બોજ હેઠળ કચડાય છે. ભારત, ચીન, તાઈવાન સહિતનાં દેશોમાં માસૂમ બાળકો ભણતરનાં ભયંકર બોજ હેઠળ હતાશાથી ઘેરાયેલ તનાવગ્રસ્ત સ્થિતિમાં જોવા મળે છે અને આવું સમગ્ર એશિયામાં જોવા મળી રહ્યું છે. (6)

ડૉ. વર્નન કોલમેન પોતાના પુસ્તક સ્ટ્રેસ મેનેજમેન્ટ ટેકનિકસમાં લખે છે, મનોભાર ઉત્પન્ન થાય ત્યારે ત્રણ પ્રકારની વર્તન તરાહો પેદા થાય છે.

(1) Fight - આક્રમકતા

(2) Flight - ભાગેડુવૃત્તિ

(3) Freeze - કંઈ ન કરવાની ઈચ્છા (ઠરી જવું)

તબીબી વિજ્ઞાનની દ્રષ્ટિએ મનોભારથી શરીરરૂપી લેબોરેટરીમાં ઘણાં ફેરફાર થાય છે. મનોભારનાં કારણે શરીરમાં 'એન્ઝાઈમ્સ' પેદા થાય છે, તેમાં ઘટાડો થાય છે. તેનાથી ઊલટું 'મનોભાર'ને પહોંચી વળવા નવા નકારાત્મક એન્ઝાઈમ્સ ઝરે છે. મનોભાર સમયે બ્રેઈનમાં કનકતારા જેવા ઝબકારા થાય છે. (7)

---

5. માંકડ એ.એમ., મેડિકલ હેલ્થ વેલ્થ મેગેઝિન, જૂલાઈ– ઓકટો. 2005, અંક 4-5, P. 17.
6. 'અકિલા' સાંધ્ય દૈનિક : ''+જવાબ આપો : તમારૂં બાળક કેટલું તાણગ્રસ્ત છે?'', તા. 25-3-2006
7. વર્નન કોલમેન : સ્ટ્રેસ મેનેજમેન્ટ ટેક્નિકસ, P. 19.

## ★ શૈક્ષણિક મનોભારનાં લક્ષણો :–

શૈક્ષણિક મનોભાર ઉદ્‌ભવવા માટેના અનેક કારણો જવાબદાર છે. શૈક્ષણિક મનોભારનાં કારણે નીચે મુજબનાં લક્ષણો તરુણોમાં જોવા મળે છે. તેમ માંકડ જણાવે છે.

(1) ભય, ચિંતા અને ઉશ્કેરાટ અનુભવે.

(2) સ્વભાવ ચિડિયો બની જાય.

(3) સતત બેચેની અનુભવે.

(4) અભ્યાસ કાર્યમાં ભૂલો પડવી.

(5) નિર્ણય શકિત કુંઠિત બને.

(6) શૈક્ષણિક મનોભાર તીવ્ર હોય ત્યારે માથું દુઃખે.

(7) શરીર નબળું પડી જાય, વજન ઘટે અથવા વધે.

(8) ચક્કર આવવાથી કયારેક પડી જાય.

(9) અભ્યાસનાં સ્થળ વારંવાર બદલ્યાં કરે.

(10) એકાગ્રતા ઓછી થઈ જાય. સ્મૃતિ નબળી પડે.

(11) ઊંઘ ઓછી થવી અથવા તૂટક તૂટક થવી.

## ★ શૈક્ષણિક મનોભાર કોનામાં વધુ જોવા મળે ?

–– જેઓનું શિક્ષણ નાનપણથી નબળું રહી ગયું હોય.

–– જે શાળાઓમાં વૈજ્ઞાનિક, વસ્તુલક્ષી શિક્ષણ પધ્ધતિ અપનાવાતી નથી.

–– જે તરુણની સ્મરણશકિત નાનપણથી નબળી હોય.

–– જે ઘરમાં બાળપણથી એકલવાયાપણું અનુભવતાં હોય.

–– ઘર અને સ્કૂલમાં શિક્ષણની અપૂરતી સુવિધા હોય.

–– ટી.વી. માધ્યમની જાહેરાત જે તરુણો વધુ જુએ અને તેને યાદ રાખી સતત તેની જ ચર્ચા કરે.

–– તરુણાવસ્થામાં થતાં શારીરિક અને માનસિક ફેરફારો.

–– માત્ર શિક્ષણપ્રેમ હોય પરંતુ શિક્ષણ પ્રત્યે અભિરૂચિનું પ્રમાણ નહીવત્ હોય.

–– માતા–પિતા થકી થતી શિક્ષણની સતત ઉપેક્ષા તેમજ શિક્ષકો પ્રત્યે પૂર્વગ્રહ હોય.

—— પરીક્ષાની તૈયારીનો સદંતર અભાવ મનોભાર સર્જે છે. એક તો આવો વિદ્યાર્થી શરૂઆતથી જ ભણવામાં અતિનબળો હોય છે. પછીથી ખાસ ઉચ્ચ ધોરણોમાં આવે ત્યારે એકાગ્રતાની તકલીફ તે તેનો હિતશત્રુ બની ગયો હોય છે. જે તેનામાં મનોભાર ઉત્પન્ન કરે છે. (8)

## ★ શૈક્ષણિક મનોભારનાં કારણો :–

સમાજમાં અલગ–અલગ તરુણોમાં અલગ અલગ મનોભાર અનુભવાય છે. જયારે તરુણ પોતાના અભ્યાસને લગતી બધી જ જરૂરિયાતો, ઈચ્છાઓ કે મહત્વકાંક્ષાઓ સંતોષી શકતો નથી, પોતાનાં અભ્યાસલક્ષી ધ્યેયપ્રાપ્તિનાં માર્ગમાં બાહ્ય પરિબળો કે અન્ય પરિબળો અવરોધરૂપ બને છે તેના કારણે તરુણમાં શૈક્ષણિક મનોભાર ઉદ્દભવે છે.

'' કેટલીકવાર તરુણમાં જરૂરિયાતની પ્રાપ્તિમાં થતો વિલંબ, નિષ્ફળતાઓ, અપર્યાપ્તતા અને વિવિધ ફરજોને લીધે મનોભાર ઉદ્દભવે છે અને મનોભારને લીધે સમાયોજનની સમસ્યાઓ ખડી થાય છે.'' (9)

અત્યારે જગતમાં વધુમાં વધુ સંશોધનો 'મનોભાર' વિશે થઈ રહ્યા છે. છતાં "Academic stress" વિશે બહું ઓછા સંશોધનો હાથ ધરવામાં આવ્યા છે.

શરીર જયારે રસાયણની માંગણી કરે ત્યારે શરીર દાદ આપતું નથી. તેથી શારીરિક સ્ટ્રેસ ઉદ્દભવે છે. તેમ જયારે વિદ્યાર્થીને એવો ખ્યાલ આવે કે તેની અભ્યાસ કરવાની શકિત તેની અભ્યાસકીય પરિસ્થિતિને પહોંચી વળવા કાર્યક્ષમ નથી પરિણામે તે શૈક્ષણિક મનોભાર અનુભવે છે.

ર્ડા. દોલતભાઈ દેસાઈ, પોતાના પુસ્તક '' સ્ટ્રેસ ઘટાડીએ હળવાશ વધારીએ ''માં જણાવે છે કે મનોભાર ઉત્પન્ન થવા માટે ચાર બાબતો મહત્વની છે.

(1) Projection (2) Fantasy (3) Passive aggressive behaviour

(4) acting out.

એટલે કે,

(1) જે તરુણો Projection વધુ કરે છે.

(2) પોતાની માન્યતા પ્રમાણે દિવાસ્વપ્નો વધુ જુએ છે.

(3) જાણી જોઈને પોતાનાં કાર્યને પાછળ ઠેલ્યાં કરે છે.

(4) પોતાનાં ગુસ્સાનાં આક્રમણો, બળાપા બહાર કાઢયાં કરે છે.

---

8 માંકડ એ. એમ. : ''શૈક્ષણિક તનાવ : આટલું જાણો.'' : ગણિત ઉત્કર્ષ – 2005, અંક – 4,5, જુલાઈ – ઓકટોબર

9. ગાંધી ભરત અને અન્યો, મનોવિજ્ઞાન અને અસરકારક વર્તન, પ્રકરણ – 1, સી. જમનાદાસની કું., P. 2.

ઉપરોકત વર્તન કરનારાં તરુણો, વ્યવસ્થિત અભ્યાસ કરી શકતાં નથી.

શૈક્ષણિક મનોભારનાં કારણો આ મુજબ છે.

A. અભ્યાસ વિષયો પહેલેથી જ ન ગમતા હોય અથવા અભ્યાસ પ્રત્યે અણગમો હોય તો તે કારણ મનોભાર સર્જે છે.

B. મિત્રો બનાવટ કરતાં હોય અથવા મશ્કરી કરતાં હોય કે તેમજી જોડે મનમેળ ન હોય.

C. સમાજ, જ્ઞાતિ ને વડીલોની માન્યતા પણ મનોભારનું કારણ બની શકે છે.

D. એક સાથે બે કાર્યો કરવાનાં હોય જે બન્નેને પહોંચી વળવામાં દ્વિધા સર્જાય છે. જે મનોભારનું કારણ બને છે.

E. તરુણનાં વસવાટની આસપાસનાં પરિબળો જેમ કે, ઘોંઘાટયુકત વાતાવરણ, પ્રદુષણ, કારખાનાં, રેલ્વે સ્ટેશન કે એરપોર્ટ નજીક વસવાટ હોય વગેરે પરિબળો મનોભાર સર્જે છે.

D. મોડા ઉઠવાની ટેવ, મોડા ઉઠવાથી દરેક વિષયને ન્યાય આપી શકાતો નથી. પરિણામે મનોભાર ઉત્પન્ન થાય છે.

E. બાલ્યાવસ્થાથી યોગ્ય રીતે ઉછેર ન થયો હોય, અભ્યાસ માટે ઘરમાં પૂરતી જગ્યા ન હોય અને તરુણ મનથી પણ સંકડાશ અનુભવતો હોય તો મનોભાર સર્જાય છે. (10)

## ★ શૈક્ષણિક મનોભારનાં પરિણામો :–

મનોભાર એ ભદ્રસમાજની વિટંબણાનો રોગ છે. ચિંતા, ભય, સંશય, દ્વિધાયુકત આશંકાથી જીવન અને અભ્યાસની કામગીરીમાં ખલેલ પહોંચાડનારો મુંઝારો એ મનોભાર છે. પરિશુદ્ધ નિરાંત ભાગ્યે જ કોઈનાં જીવનમાં લખાયેલી છે. તેથી મનોભાર અનિવાર્ય ઘટના છે. આજે નાના થી માંડીને મોટા કોઈને કોઈ પ્રકારની મનોભારયુકત સ્થિતિમાં જીવે છે.

અમેરિકાની 25% થી વધુ વ્યકિતઓ અત્યંત તનાવગ્રસ્ત સ્થિતિમાં જીવે છે. Dr. Vermon Riley નાં મત મુજબ જે વ્યકિત સતત ઘોંઘાટયુકત વાતાવરણમાં જીવે છે, તે વ્યકિત સતત મનોભાર અનુભવે છે. જેના કારણે તેની રોગપ્રતિકારક શકિત અડધી વપરાઈ જાય છે. જયારે જે વ્યકિત સારા વાતાવરણમાં જીવે છે, તેની ઈમ્યૂન સીસ્ટમ સક્ષમ રહે છે.

જે તરુણ અભ્યાસનાં કારણે સતત મનોભાર અનુભવે છે, તે અનેક પ્રકારના માનસિક રોગો તરફ

10. દેસાઈ દોલતભાઈ, : ''સ્ટ્રેસ ઘટાડીએ હળવાશ વધારીએ'', ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ.

ધકેલાય છે. આમ, તરુણાવસ્થામાં અભ્યાસ દરમ્યાન થતાં માનસિક રોગોનું મૂળ કારણ પણ શૈક્ષણિક મનોભાર છે.

શૈક્ષણિક મનોભારનાં કારણે તરુણોનો સ્વભાવ ચિડિયો બને છે.

– તે ભય, ચિંતા અને ઉશ્કેરાટ અનુભવે છે.
– સતત બેચેની અનુભવે છે.
– તેની નિર્ણયશકિત કુંઠિત બને છે. કયારેક કાર્યમાં ભૂલો પડે છે.
– મધ્યમ મનોભાર તરુણનાં વર્તનમાં ખલેલ, વિકૃતિઓ પેદા કરે છે. આવી ખલેલો કૌશલ્યપૂર્ણ સંકલન કરવાની જરૂર હોય તેવા જટિલ વર્તનમાં જોઈ શકાય છે. દા.ત. પ્રયોગશાળામાં એક રસાયણને બદલે બીજું રસાયણ ભેળવાઈ જાય. તીવ્ર મનોભાર તરુણને કુસમાયોજિત વર્તન તરફ દોરી જાય છે. જેના લીધે ચીડીયાપણું, ધ્યાન કેન્દ્રિત કરવામાં શિથિલતા, અધિરાઈ વગેરે સમસ્યાઓ અનુભવાય છે.

શૈક્ષણિક મનોભારનાં પણિામે તરુણોની સ્મરણશકિત, રચનાત્મક વિચારણા પર નિષેધાત્મક અસર ઉત્પન્ન થાય છે.

શૈક્ષણિક મનોભારનાં પરિણામે તરુણોને અનેક જાતનાં વિચારો આવે છે. તે પોતાની જાત પર ગુસ્સો કરે છે, બીજાઓ પર ગુસ્સો કરે છે. સહુને ધિક્કારતો થઈ જાય છે. પોતાની જાતને તિરસ્કારતો થઈ જાય છે. આખા દિવસમાં કોઈપણ સમયે તે આરામ કે નિરાંતનો અનુભવ કરી શકતો નથી. અભ્યાસની બાબતમાં ધ્યાન કેન્દ્રિત થઈ શકતું નથી. પોતાની લાગણીઓ આક્રમકતાપૂર્વક વ્યકત કરે છે. તેની યાદશકિત ઘટી જાય છે.

વ્યકિતનાં શરીરમાં કેટાબોલીક મેટાબોલીઝમ નીપજે છે. આપણાં વિચારો, સંવેદનો, પ્રસંગો દરમ્યાન મગજને પડકાર મળે ત્યારે વ્યકિતનાં શરીરમાં DNA બનવાની ક્રિયા બાજુએ મુકાય અને એડ્રેલિન રસ ઝરવા માંડે. જો આ ક્રિયા લાંબી ચાલે તો શરીરમાં થાક, ચીઢ નીપજે અને શરીર ઈમ્યૂનીટી ઘટાડી રોગનું ભોગ બને.(11)

જયારે તરુણોમાં શૈક્ષણિક મનોભાર રહેતો હોય ત્યારે તેની રોગપ્રતિકારક શકિત એટલે કે ઈમ્યુનીટી પર અસર થતી જોવા મળે છે. તેનાં શરીરનાં વિવિધ અંગોમાં દુઃખાવો, માથાનો દુઃખાવો, પગમાં કળ તર, ઊંઘ ન આવવી, ખૂબ થાક લાગવો, ભૂખ ન લાગવી, વજન ઘટી જવું વગેરે તકલીફો જોવા મળે છે.

11. Chopra Dipak : "Age less body time less mind" (1993) "RIDER" Comp. Landon, Page No. 77, 144, 150.

મનોભારનાં કારણે ઈમ્યૂનીટી ઘટી જતાં તરુણ વિવિધ વાઈરલ ઈન્ફેકશન, શરદી, ફલ્યુ, ડાયેરિયા, જઠરમાં ચાંદુ પડવું જેવી બિમારીથી વારંવાર પીડાય છે.

આજે ઘણા તરુણ–તરુણીઓ શૈક્ષણિક મનોભાર અનુભવે છે. આજકાલ માતા–પિતાની પોતાના સંતાનો પ્રત્યેની અપેક્ષાઓ વધી છે. પોતાનાં સંતાનો શાળામાં અવ્વલ આવે તેવો દુરાગ્રહ સેવે છે. પરિણામે તરુણો શૈક્ષણિક મનોભાર અનુભવે છે.

તાજેતરમાં TIME મેગેઝિનમાં એક લેખ મુજબ છેલ્લા વીસ વર્ષોમાં તરુણો અને યુવાનોમાં આત્મહત્યાનું પ્રમાણ ત્રણ ગણું વધી ગયું છે. શાળામાં થતો મૃત્યુદર ઓછો હોય છે. છતાં આ મૃત્યુદરનાં આંકડાઓ વધી રહ્યા છે. જેનું કારણ છે ઘણા તરુણો પોતાની જાતને નકામી કે ઉપયોગહીન ગણવા માંડે છે. તેઓ પોતાની જાતને શૈક્ષણિક સફળતાનાં માપદંડથી જ માપવા માંડે છે. આને કાણે તેઓનો વાસ્તવિકતાનો ખ્યાલ તૂટે છે. અને આંખો સામે અંધકાર છવાતો અનુભવે છે. આવા તરુણો પોતાની જાતને નબળી સાબિત કરવા દેવા માંગતા નથી. જયાં તરુણો પાસેથી ખૂબ જ ઊંચી અપેક્ષાઓ વધારે લાંબા સમય માટે રાખવામાં આવે, તો આવી પરિસ્થિતિમાં તરુણમાં અસહાયતાની લાગણી જન્માવાની સંભવાની રહેલી છે.

જેસન આલ્ટમ નામનો હાવર્ડ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં તેજસ્વી વિદ્યાર્થીએ પોતાની લેબોરેટરીમાં સાઈનાઈટ નાંખેલું પ્રવાહી પી લીધું. પોતાની જીવનલીલા સંકેલી લીધી. કારણ કે તે વિદ્યાર્થીનાં પ્રોફેસરની / સલાહકારની અપેક્ષાઓ ખૂબ ઊંચી હતી. પોતાના સલાહકારની સત્તા નીચે આ વિદ્યાર્થી ખૂબ જ માનીસક ખેંચ અનુભવતો. પોતે ખૂબ હોંશિયાર વિદ્યાર્થી હતો. તેણે ખૂબ પડકારરૂપ પ્રોજેકટ પસંદ કર્યો હતો.‘‘તેણે અલગ અલગ અણુઓને જોડીને ભેગા કરવાના હતા. તે આ તત્વોને જોડીને ભેગા ન કરી શકયો. આલ્ટમને લાગ્યું કે પોતાના સલાહકાર ડાૅ. કોરી તેની પ્રગતિથી ખુશ નથી. પરિણામે તે સતત તનાવ અનુભવતો અને આવા શૈક્ષણિક મનોભારના પરિણામે તેણે આત્મહત્યા કરી લીધી.’’ (12)

ઉપરોકત કિસ્સો આપણાં સૌ માટે ખતરાની ઘંટી સમાન છે. હાર્વર્ડ અને તેના જેવી બીજી ખ્યાતનામ સંસ્થાઓ કે જયાં તરુણો પર અભ્યાસ અંગેનું દબાણ ખૂબ જ હોય છે. ત્યાં જેસન આલ્ટમ જેવા મૃત્યુંના કિસ્સા ખૂબ પ્રમાણમાં બને છે.

12. http://www.google.co.in/search? hi:en&q:academicstress&btng:

અગ્રણી પત્રિકા 'ટાઈમ' ની કવર સ્ટોરીના અહેવાલ અન્વયે તા. 25-3-06નાં સાંધ્ય દૈનિક 'અકિલા'માં પ્રસિધ્ધ થયેલ લેખ... '' જવાબ આપો : તમારૂ બાળક કેટલું તાણગ્રસ્ત છે ? '' મુજબ સમગ્ર એશિયામાં માતા–પિતા બાળકોને વધુ ને વધુ દબાણ હેઠળ ભણતરનો ભયાનક બોજો નાખી આની પાછળ ખર્ચ કરી રહ્યા છે. એશિયાના મોટાભાગનાં માતા–પિતા સખત મહેનતને જ સફળ તાની ચાવી માને છે. જે હવે ભૂતકાળ બની ગયું છે. આમ, અભ્યાસ અંગેનું વધુ દબાણ અંતે તો હાનિકારક બાબત છે.

## 1.5 સમાયોજનની સમજૂતી :–

### ★ સમાયોજન (Adjustment) નો મનોવૈજ્ઞાનિક અર્થ :–

સમાયોજનનો વિચાર જીવવિજ્ઞાનમાંથી આવેલો છે. અમીબા જેવા એકકોષી જંતુથી માંડીને મનુષ્ય જેવા અનેક કોષી પ્રાણીઓ બધાને પોતાની જરૂરીયાતોનો સંતોષ જોઈએ છે. તેથી એમ કહી શકાય કે, 'સમાયોજન' શબ્દને જરૂરિયાતનાં સંતોષ સાથે સંબંધ છે. ડાર્વિનનો ઉત્ક્રાંતિવાદ કહે છે કે દરેક પ્રાણી અસ્તિત્વ ટકાવી રાખવા માટે મથામણ કરે છે. પરંતુ સમાયોજિત પ્રાણી જ એ મથામણમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે.

સમાયોજનનો સામાન્ય અર્થ એવો થાય છે કે ધ્યેય અને વાતાવરણ વચ્ચે સુમેળ સાધવો.

સમાયોજન એટલે સમ્ + આયોજન. વ્યકિતની જરૂરિયાતો અને તેમની તૃપ્તિ જે પરિબળો દ્વારા થઈ શકે તેમનું સમાનપણે આયોજન કરવું.

સમાયોજનનો હેતુ માત્ર 'જીવી જવું' નથી. તેનો હેતુ તનાવયુકત સ્થિતિમાંથી રાહત મેળવવી અથવા તો સંતોષપ્રદ સ્થિતિ પ્રાપ્ત કરવી તેવો છે.

### ★ સમાયોજનની વ્યાખ્યાઓ :–

(1) ''સમાયોજન એટલે વ્યકિત અને વાતાવરણની પારસ્પરિક ક્રિયા–પ્રતિક્રિયા. આ પ્રવૃત્તિમાં વ્યકિત વાતાવરણને અનુકૂળ થાય છે, અથવા તો તેને બદલે છે. કયારેક વ્યકિત પોતાનામાં અને વાતાવરણમાં ફેરફાર કરી મધ્યમમાર્ગ અપનાવે છે.''

(2) ''Adjustment is the process by which a living organism maintains a balance between its needs and the circumstances that influence the

sastifaction of those needs.'' - Boring Lengfield.

(3) ''સમાયોજન એટલે અમુક સમયનાં ગાળા દરમ્યાન ઉત્પન્ન થતી અંગત જરૂરિયાતોનું અસરકારક રીતે સમાધાન કરવા શકિતમાન થવું અને તે સમાધાન પ્રાપ્તિનાં માર્ગમાં જન્મતી હતાશા કે અવરોધોને પહોંચી વળવા માટે વ્યકિતત્વ ગુણો અને સમજણ પ્રાપ્ત કરવા.''

– ફ્રેડ મેક્કિન્ની.

આમ, સમાયોજન એ જરૂરિયાતો અને પરિસ્થિતિ વચ્ચે અસરકારક મેળ સાધવાની વ્યકિતની મથામણનું પરિણામ છે. સમાયોજન એક સંકુલ પ્રક્રિયા છે. તે વ્યકિતગત ભિન્નતાનાં સંદર્ભમાં હોય છે. સમાયોજન એ પ્રક્રિયા અથવા પ્રવૃત્તિ છે. તે કોઈ સ્થિતિ નથી. તે પ્રક્રિયા હોવાથી તેને કયારેય પણ પૂર્ણવિરામ હોઈ શકે નહીં.

સમાયોજન એ જરૂરિયાત અને પરિસ્થિતિ વચ્ચે સુમેળ સાધવાની, બન્નેને પરસ્પર બંધ બેસતા કરવાની પ્રક્રિયા છે. તે વ્યકિત અને વાતાવરણ વચ્ચેની નિરંતર આંતરક્રિયા છે અને તે આંતરક્રિયામાં નિષ્ફળતા મળે તો સમાયોજન સાધી ન શકે અને વારંવાર સમાયોજનમાં વ્યકિત નિષ્ફળ જાય તો હતાશ થાય છે અને વિકૃતિનો ભોગ બને છે.

## ★ સમાયોજનની લાક્ષણિકતાઓ :–

### (1) સમાયોજન આંતરક્રિયાત્મક પ્રક્રિયા છે.

સમાયોજન એટલે વ્યકિત અને વાતાવરણની પારસ્પરિક ક્રિયા–પ્રતિક્રયા. આ પ્રવૃત્તિમાં વ્યકિત વાતાવરણને અનુકૂળ થાય છે અથવા તેને બદલે છે. કયારેક વ્યકિત પોતાનામાં અને વાતાવરણમાં ફેરફાર કરી, મધ્યમ માર્ગ કાઢે છે. આ રીતે પોતાનામાં અને વાતાવરણમાં અથવા બન્નેમાં ફેરફાર કરવાની ક્રિયા સીધી યા આડકતરી રીતે અવિરત ચાલ્યા કરતી હોય છે. જયારે પોતાનામાં, પોતાના વાતાવરણમાં અથવા બંનેમાં ફેરફાર કરવાની પ્રક્રિયા સંતોષપ્રદ સ્થિતિનું નિર્માણ કરે છે, ત્યારે તે સફળ સમાયોજન ગણાય છે.

### (2) સમાયોજન એ શરણાગતિ કે અનુરૂપતા નથી :–

સમાયોજન કરવું એટલે અન્યની ઈચ્છાઓ કે સૂચનાઓ મંજૂર રાખવી એ માન્યતા બરાબર નથી. અન્યની ઈચ્છાઓને અનુરૂપ થવું તે પારસ્પરિક આંતરક્રિયા હોવાથી એક પ્રકારનું સમાયોજન છે.

**(3) સમાયોજન દ્વિપક્ષી પ્રક્રિયા છે :–**

વ્યકિત સમાજ પર અસર કરે છે અને સમાજ વ્યકિત પર સમાજની અસર કયારેક સહાયરૂપ હોય તો કયારેક અંતરાયરૂપ. સમાયોજન એક તરફી પ્રક્રિયા હોત તો પથ્થરયુગનો માનવી પરમાણુયુગ સુધીની હરણફાળ ભરી શકયો ન હોત. વાતાવરણની અસરથી વ્યકિત બદલાય છે. પછી તે બદલાયેલી વ્યકિત વાતાવરણ પર અસર કરે છે. અને અનેક વ્યકિતઓની અસરથી બદલાયેલું વાતાવરણ ફરી વ્યકિત પર અસર કરે છે. આમ, સમાયોજન ઊર્ધ્વગામી (Vertical) ચક્રિય પ્રક્રિયા છે.

**(4) સમાયોજન અવિરત પ્રક્રિયા છે. :–**

વ્યકિતનું જીવન અને વાતાવરણ સતત વહ્યા કરે છે. જેમ નદીના એના એજ પાણીમાં કદી પણ ફરી સ્નાન કરી શકાતું નથી, તેમ જીવનમાં વિતેલી ક્ષણો કયારેય પછી મેળવી શકાતી નથી. વ્યકિત અને વાતાવરણ સતત પ્રયત્નશીલ હોવાથી સમાયોજન પ્રક્રિયા પણ નિરંતર ચાલ્યા કરે છે. જેમ વિજ્ઞાનમાં કોઈ નિયમ આખરી હોતો નથી, જેમ લોકશાસનમાં કોઈ નિર્ણય 'યાવચ્ચંદ્ર દિવા કરૌ' હોતો નથી. તેમ કોઈપણ સમાયોજન અંતિમ અને અફર હોતું નથી.

**(5) સમાયોજન વિકાસાત્મક પ્રક્રિયા છે. :–**

(Adjustment is a development process) જીવનવિકાસમાં વ્યકિત જુદા જુદા તબક્કાઓમાંથી પસાર થાય છે. ઉંમર બદલવાથી પરિસ્થિતિ પણ બદલાય છે.

દા.ત. – શૈશવકાળમાં બાળકને માતા–પિતા, ઘરનાં વડીલો અને સહોદરો સાથે સમાયોજન સાધવાનું હોય છે. કુમારાવસ્થામાં બાળક સ્કૂલે જાય છે, તેનું અંગત વિશ્વ બદલવા પામે છે. તેને શિક્ષકો અને શાળાકીય જગતનાં અન્ય ઘટકો સાથે સમાયોજન સાધવું પડે છે. અભ્યાસ દરમ્યાન જુદા જુદા તબકકે જુદા જુદા ઘટકોનું મહત્વ બદલાતું હોય છે. શિક્ષણ પુરૂ કર્યા પછી વ્યાવસાયિક જગતમાં સમાયોજન સાધવાનું રહે છે. અલબત દરેક સંજોગોમાં અને પરિસ્થિતિમાં સર્વ ઘટકો સાથે સમાયોજન એ માત્ર કલ્પના કરવાની જ વસ્તુ છે. વાસ્તવમાં આપણે સાપેક્ષ – સમાધાનકારક સમાયોજન જ પ્રાપ્ત કરી શકીએ છીએ.

**(6) 'અપરિવર્તન' પણ સમાયોજન પ્રેરે છે. :–**

વ્યકિત અને વાતાવરણ પરિવર્તનશીલ છે. છતાં હંમેશા વાતાવરણનાં પરિવર્તનના કારણે જ

સમાયોજન ક્રિયા ઉદ્દભવે તેવું નથી. કેટલીકવાર વાતાવરણમાં થતો ફેરફાર એટલો સૂક્ષ્મ કે મંદ હોય છે કે તે ફેરફારરૂપે ન વર્તાય. આવી પરિસ્થિતિમાં વાતાવરણનું દેખીતું એકધારાપણું વ્યકિતમાં કંટાળો જન્માવી સમાયોજન સમસ્યાઓ ઉપસ્થિત કરે છે. દા.ત. શ્રીમંત વ્યકિત કયારેક સગવડોથી કંટાળી અગવડભર્યા પ્રવાસો – પર્યટનો યોજે છે. આ રીતે પરિવર્તન જ નહીં પણ ' અપરિવર્તન' પણ સમાયોજનનાં પ્રશ્નો જન્માવે છે. વ્યકિત પોતાના વાતાવરણ સાથે ગતિશીલ સંબંધો સ્થાપે તો જ જીવન જીવી અને માણી શકે છે.

ટૂંકમાં સમાયોજનક્રિયા પોતાનામાં, અન્યમાં અને વાતાવરણમાં થતા ફેરફારો સાથે મેળ બેસાડવાની ક્રિયા હોવાથી તે કયારેય પૂર્ણ થતી નથી.

## 1.6 અધ્યયનની સમસ્યા :–

સંશોધન પ્રક્રિયાના પાસાઓમાં સૌથી વધુ મહત્વનું પાસું સંશોધન સમસ્યાની પસંદગી ગણી શકાય. વિવિધ ક્ષેત્રોમાં અનેક સમસ્યાઓ હોય છે. તેમ છતાં પ્રત્યેક સમસ્યા સંશોધનક્ષમ હોતી નથી. સંશોધન કાર્ય માટે સંશોધન સમસ્યાની રચના કરવી તે વૈજ્ઞાનિક સંશોધનની પૂર્વ શરત છે. તેથી સંશોધન કાર્ય માટે વસ્તુલક્ષીતા અને વૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુ સાથે સંશોધન સમસ્યાની રચના કરવામાં આવે છે.

પ્રસ્તુત સંશોધન સમસ્યાની રચના કરવા પાછળ સંશોધકનાં અધ્યાપન કાર્ય અને અધ્યયનનાં કારણે વિદ્યાર્થી સમક્ષ નિકટના અને સાયુજયપૂર્ણ સંબંધો થતાં કેટલાક અભ્યાસલક્ષી પ્રશ્નો દ્રષ્ટિ સમક્ષ આવ્યા. સંશોધકને કેટલોક સમય ધો.11 અને ધો. 12 ના વિદ્યાર્થીઓ સાથે કામ કરવાની તક પ્રાપ્ત થઈ હતી. તે દરમ્યાન માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિકશાળામાં અભ્યાસ કરતાં તરુણાવસ્થાનાં વિદ્યાર્થીઓ કેટલીક એવી સમસ્યા ધરાવતા હતા જેની પાછળ તેઓની અભ્યાસલક્ષી અને શાળાકીય બાબતો તેમજ ' અંગત ' મૂંઝવણો જોવા મળતી હતી. સંશોધકને આ સમસ્યાઓ પાછળ તેમનો શૈક્ષણિક મનોભાર માલુમ પડયો કે જેના કારણે તેઓ સમાયોજનમાં પણ મુશ્કેલીઓનો અનુભવ કરતાં. સંશોધકે એવું વિચાર્યુ કે જો વૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુ સાથે સંશોધનકાર્ય હાથ ધરવામાં આવે તો તરુણાવસ્થાનાં આ વિદ્યાર્થીઓની સમસ્યાનાં નિવારણમાં વધુ ઉપયોગી માર્ગદર્શન આપી શકાય અને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સમાયોજન સંબંધી વૈજ્ઞાનિક સંશોધન

હાથ ધરી શકાય.

સતત વિકાસ પામતા આ યુગમાં જેટલી સગવડો છે તેટલી જ સમસ્યાઓ છે. આજે હજારો બાળકો અને તરુણો શૈક્ષણિક મનોભારની અને સમાયોજનની સમસ્યાઓથી પીડાય છે. આજના મનોચિકિત્સકો, ન્યુરો સર્જનો અને ફિઝિશ્યનોના મતે ધો.10 અને 12 ની પરીક્ષા સમયે તેમની પાસે આવતાં માંદગીનાં કિસ્સાઓમાં 7 થી 8% વિદ્યાર્થીઓ શૈક્ષણિક મનોભાર અનુભવનાર જણાય છે. શૈક્ષણિક મનોભારના કારણે તરુણો અને યુવાનોમાં આત્મહત્યાનું પ્રમાણ વધી ગયું છે અને ત્યારે આવા શૈક્ષણિક મનોભારથી પીડાતા તરુણોની જાણકારી મેળવી તેનો મનોભાર દૂર કરવા અંગે વિશેષ સંશોધનની જરૂરત માલુમ પડી.

આમ, પ્રસ્તુત અભ્યાસ વિષયનાં ઉદ્‌ભવ પાછળ ચિંતન, મનોમંથનના અંતે આવી વિશેષ વિગતો પ્રાપ્ત કરવાનાં હેતુસર અભ્યાસ વિષયની પસંદગી થઈ. પ્રસ્તુત મહાનિબંધની સંશોધન સમસ્યા આ મુજબ છે.

‘‘તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સમાયોજનની અસર એક મનોવૈજ્ઞાનિક અભ્યાસ.’’

અંગ્રેજીમાં સંશોધન સમસ્યા આ પ્રમાણે રજૂ કરવામાં આવી છે.

‘‘A Psychological study of Adolescent's Academic stress and adjustment.’’

આમ, આ સંશોધન સમસ્યા પસંદ કરીને સંશોધન કાર્ય કરવાનો નમ્ર પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

## 1.7 અધ્યયનનાં હેતુઓ :–

પ્રત્યેક સંશોધક પોતાનાં સંશોધનનાં હેતુઓ નક્કી કરે છે. જેથી સંશોધન યોગ્ય દિશામાં થાય. સંશોધનનાં હેતુઓ સંશોધન કઈ કઈ બાબતોનાં સંદર્ભમાં હાથ ધરવામાં આવેલ છે તે નક્કી કરે છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી સમસ્યા પાછળ છુપાયેલ હકીકતની શોધ કરવી તે વૈજ્ઞાનિક સંશોધનનું કાર્ય છે. આ માટે સંશોધનનાં હેતુઓની રચના થાય છે. પ્રસ્તુત સંશોધન પણ કેટલાંક અગત્યના હેતુઓ ધ્યાનમાં રાખીને કરવામાં આવેલ છે. જે હેતુઓ આ મુજબ છે.

(1) તરુણોનાં શૈક્ષણિક મનોભારની તપાસ કરવી.

(2) તરુણોનાં સામાજિક સમાયોજનની તપાસ કરવી.

(3) તરુણોનાં આવેગિક સમાયોજનની તપાસ કરવી.

(4) તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સમાજિક સમાયોજન વચ્ચેનો સહસંબંધ તપાસવો.

(5) તરુણોનાં સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચેનો સહસંબંધ તપાસવો.

(6) તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજનનો સહસંબંધ તપાસવો.

(7) તરુણોની જાતિ, ધોરણ, શિક્ષણનો પ્રવાહ, વિસ્તાર, માતા–પિતાનાં શિક્ષણનું પ્રમાણ, સ્કૂલનો પ્રકાર વગેરે વિશે શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકોનો અભ્યાસ કરવો.

(8) તરુણોની જાતિ, ધોરણ, શિક્ષણનો પ્રવાહ, સ્કૂલનો પ્રકાર, વિસ્તાર, માતા–પિતાનું શિક્ષણ વગેરે વિશે સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકોનો અભ્યાસ કરવો.

(9) તરુણોની જાતિ, ધોરણ, શિક્ષણનો પ્રવાહ, સ્કૂલનો પ્રકાર, વિસ્તાર, માતા–પિતાનું શિક્ષણ વગેરે વિશે આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકોનો અભ્યાસ કરવો.

(10) તરુણોનાં શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચેની આંતરક્રિયાઓનો અભ્યાસ કરવો.

(11) તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચેની આંતરક્રિયાઓનો અભ્યાસ કરવો.

(12) તરુણ–તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર દૂર કરવા માટેના સૂચનો કરવા.

(13) તરુણ–તરુણીઓનાં સામાજિક સમાયોજન સુધારવા માટેના સૂચનો કરવા.

(14) તરુણ–તરુણીઓનાં આવેગિક સમાયોજન સુધારવા માટેના સૂચનો કરવા.

## 1.8 અધ્યયનનાં પરિવર્ત્યો :–

સંશોધન સમસ્યામાં સમાયેલા વિવિધ પરિવર્ત્યોને ઓળખવા અને વ્યાવહારિક વ્યાખ્યાયિત કરવા એ સંશોધનનું અગત્યનું સોપાન છે. જેમાં મૂલ્યની દ્રષ્ટિએ પરિવર્તન કરી શકાય તેવા ઘટકને પરિવર્ત્ય કહે છે. પ્રસ્તુત સંશોધન અભ્યાસમાં નીચે મુજબનાં પરિવર્ત્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### 1.8.1 સ્વતંત્ર પરિવર્ત્યો :– (Independent Veriables)

સ્વતંત્ર પરિવર્ત્ય એક એવું ઘટક છે જેને સંશોધક પોતાના સંશોધનમાં નિરીક્ષણ હેઠળ

ઘટના સાથેનો તેનો સંબંધ નક્કી કરવા માટે પસંદગી કરે છે, માપન કરે છે અને લાગુ પાડે છે. પ્રસ્તુત અધ્યયનનાં સ્વતંત્ર પરિવર્ત્યો આ મુજબ છે.

(1) જાતિ (SEX)

(2) સ્કૂલનો પ્રકાર (Type of School)

(3) ધોરણ (Standard)

(4) શિક્ષણ પ્રવાહ (Faculty)

(5) રહેઠાણનો વિસ્તાર (Area)

(6) માતાનો અભ્યાસ (Mother's Education)

(7) પિતાનો અભ્યાસ (Father's Education)

**1.8.2 પરતંત્ર પરિવર્ત્યો :–** (Dependent Variables)

પરતંત્ર પરિવર્ત્ય એક એવું ઘટક છે જેનું સ્વતંત્ર પરિવર્ત્યની અસર તપાસવા નિરીક્ષણ, માપન કરવામાં આવે છે અને પરિણામ કે અસર રૂપે પ્રાપ્ત થાય છે. પ્રસ્તુત અધ્યયનનાં પરતંત્ર પરિવર્ત્યો ત્રણ છે.

(1) શૈક્ષણિક મનોભાર પ્રાપ્તાંક (2) સામાજિક સમાયોજન પ્રાપ્તાંક

(3) આવેગિક સમાયોજન પ્રાપ્તાંક

**1.8.3 નિયંત્રિત પરિવર્ત્યો :–** (Control Variables)

સંશોધન દરમ્યાન સ્વતંત્ર પરિવર્ત્ય ઉપરાંત પરતંત્ર પરિવર્ત્ય ઉપર પણ જેની અસર થવાની સંભાવના હોય તેને નિયંત્રિત કરવા પડે છે. તેથી તેને નિયંત્રિત પરિવર્ત્યો કહે છે. સંશોધક આવા પરિવર્ત્યોને નિયંત્રિત કરે છે. જેથી તેની અસર નિયંત્રિત થાય, અંકુશિત બને.

(1) જાતિ (2) ધોરણ (3) શિક્ષણ પ્રવાહ

(4) રહેઠાણનો વિસ્તાર (5) સ્કૂલનો પ્રકાર

**1.8.4 આંતરવર્તી પરિવર્ત્યો :–** (Interuening Variables)

આંતરવર્તી પરિવર્ત્ય એવું પરિવર્ત્ય છે જેનું નિરીક્ષણ માપન પ્રત્યક્ષ રીતે થઈ શકતું નથી. પરંતુ આ પરિવર્ત્યની પરતંત્ર પરિવર્ત્ય પર થતી અસરની ધારણા થઈ શકે છે.

આંતરવર્તી પરિવર્ત્ય એ એવા ખ્યાલાત્મક સ્વતંત્ર પરિવર્ત્ય છે જેને પરતંત્ર પરિવર્ત્ય પર લાગુ પાડવામાં આવતાં નથી કે તેની અસર પણ નિયંત્રિત કરાતી નથી. આવા પરિવર્ત્યો આ મુજબ છે.

(1) તરુણોનો ઉછેર અને કૌટુંબિક વાતાવરણ

(2) તરુણોની આર્થિક મુશ્કેલી.

(3) તરુણોનો સામાજિક–આર્થિક દરજ્જો.

(4) તરુણોની અભ્યાસ માટેની તંગદિલી.

(5) તરુણોની બૌધ્ધિક ક્ષમતા.

(6) તરુણોની શાળાનું વાતાવરણ.

(7) વર્તમાન સામાજિક, શૈક્ષણિક, આવેગિક પરિવર્તન.

(8) કુસમાયોજનની અસરને નિયંત્રિત કરવાની પ્રયુકિતઓ.

(9) તરુણોની અભિરૂચિ મુજબ વિદ્યાશાખાની પસંદગી–નાપસંદગીની તેના શૈક્ષણિક મનોભાર અને સમાયોજન પર થતી અસરો.

## 1.9 અગત્યના પદોની વ્યાખ્યા :–

પ્રસ્તુત અધ્યયનમાં અભ્યાસ હેઠળનાં કેટલાંક અગત્યનાં પદોનો અર્થ અહીં આપેલ છે. પ્રસ્તુત સંશોધનમાં કેટલાંક પદો વારંવાર ઉપયોગમાં લીધા છે. તેની Operational Definition - ક્રિયાત્મક વ્યાખ્યા અહીં આપેલ છે.

(1) તરુણો :– પ્રસ્તુત અભ્યાસમાં તરુણો એટલે 15 થી 18 વર્ષ સુધીના અભ્યાસ કરતાં તરુણો અને તરુણીઓ.

(2) જાતિ :– અભ્યાસ કરતો તરુણ છોકરો છે કે છોકરી એવી લૈંગિક ભેદ નીતિ દ્વારા સૂચવવામાં આવેલ છે.

(3) સ્કૂલ / શાળા :– ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક કક્ષાનું ધો. 8 થી ધો. 12નું શિક્ષણ આપતી સંસ્થા.

(4) સ્કૂલનો પ્રકાર :– (A) સરકારી સ્કૂલ એટલે કે ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

દ્વારા માન્યતા પ્રાપ્ત અને સરકારશ્રીના સીધા સંચાલન હેઠળ ધો. 8 થી ધો.12 નું શિક્ષણ આપતી સંસ્થાને સરકારી સ્કૂલ કહેવામાં આવે છે.

(B) જયારે બિન સરકારી સ્કૂલ એટલે ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત અને સંચાલક મંડળ સંચાલિત ધો.8 અને ધો. 12 નું શિક્ષણ આપતી સંસ્થા.

(5) શિક્ષણ પ્રવાહ :– વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતાં તરુણો કઈ ફેકલ્ટીમાં અભ્યાસ કરે છે તે દર્શાવવા વિનયન, વાણિજય અને વિજ્ઞાન પ્રવાહ દર્શાવવામાં આવ્યો છે.

(6) વિસ્તાર :– અભ્યાસ કરતાં તરુણો શહેરી વિસ્તારમાં રહેતા હોય અને શહેરી વિસ્તારની શાળામાં અભ્યાસ કરતાં હોય તેઓને શહેરી વિસ્તારનાં તેમજ ગ્રામ્ય વિસ્તારમાં રહેતા હોય અને ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતાં હોય તેઓને ગ્રામ્ય વિસ્તારનાં ગણવામાં આવ્યા છે.

(7) માતા–પિતાનો અભ્યાસ :– જે તરુણોને પ્રશ્નાવલી ભરવા આપી છે તે તરુણનાં માતા–પિતા બંનેનો પ્રાથમિક કક્ષા સુધીનો અભ્યાસ હોય તેવા માતા–પિતાને અશિક્ષિત માતા–પિતા, તેમજ જે તરુણનાં માતા–પિતા બંનેએ માધ્યમિક અથવા સ્નાતક કક્ષા કે તેથી વધુ અભ્યાસ કરેલો હોય તેને શિક્ષિત માતા–પિતા તરીકે સૂચવવામાં આવે છે.

(8) શૈક્ષણિક મનોભાર પ્રાપ્તાંક :– શૈક્ષણિક મનોભાર માપન માટેની માંકડ અલ્કા અને કાસંદરિયા હર્ષા રચિત શૈક્ષણિક મનોભાર પ્રશ્નાવલિ ઉપર ઉત્તરદાતાને પ્રાપ્તા થયેલ પ્રાંપ્તાંક.

(9) સામાજિક સમાયોજન પ્રાપ્તાંક :– સામાજિક સમાયોજનને માપવા માટેની પ્રશ્નાવલી BAI ઉપર ઉત્તરદાતાને પ્રાપ્ત થયેલ પ્રાપ્તાંક.

(10) આવેગિક સમાયોજન પ્રાપ્તાંક :– આવેગિક સમાયોજનને માપવા માટેની પ્રશ્નાવલી BAI ઉપર ઉત્તરદાતાને પ્રાપ્ત થયેલ પ્રાપ્તાંક.

## 1.10 ઉત્કલ્પનાની સમજૂતી :– (Hypothesis) :–

સંશોધનની શરૂઆત કરવા માટે વિજ્ઞાનીએ કોઈ પ્રશ્નરૂપ વિધાન રચવું પડે છે. આવા પ્રશ્નનાં આધારે વૈજ્ઞાનિક સંશોધનનો પ્રારંભ થાય છે. સંશોધનનો હેતુ, વૈજ્ઞાનિક પધ્ધતિઓનાં ઉપયોગ

દ્વારા પ્રશ્નનો ઉત્તર મેળવવાનો છે. આવા પ્રશ્નરૂપ વિધાનને ઉત્કલ્પના અથવા પરિકલ્પના કહેવામાં આવે છે.

### 1.10.1 ઉત્કલ્પનાનો અર્થ અને વ્યાખ્યા :–

ઉત્કલ્પનાનો અર્થ સ્પષ્ટ કરતાં ગૂડે અને હટ્ટ લખે છે કે, ''ઉત્કલ્પના એક એવું વિધાન છે કે જેની યથાર્થતા તપાસવા માટે ચકાસણી પર મૂકી શકાય છે. 'ઉત્કલ્પના' એ એવો પ્રશ્ન છે જેનો કોઈપણ પ્રકારનો જવાબ મેળવવાનો હજી બાકી હોય છે.''

વેબસ્ટર શબ્દકોશમાં કહેવામાં આવ્યું છે કે, ''વિજ્ઞાનમાં ઉત્કલ્પના એટલે ઘટનાઓ વચ્ચેનાં સંબંધ અંગે અથવા ઘટનાનાં કારણો અંગેની કામચલાઉ અટકળ.''

''ઉત્કલ્પના એક એવું કામ ચલાઉ સામાન્યીકરણ છે જેની યથાર્થતા ચકાસવાની હજી બાકી હોય છે.''

**– લુન્ડબર્ગ**

''ઉત્કલ્પના એવું એક વિધાન છે, જેની સત્યતા નિર્ધારિત કરવા માટે તેની ચકાસણી કરવાની હોય છે.''

**– બ્લેક**

આમ, ઉત્કલ્પના સંશોધકને અનુભવજન્ય તપાસ તરફ દોરી જાય છે. જેની ચકાસણી વૈજ્ઞાનિક ધોરણો અનુસાર આંકડાશાસ્ત્રીય પ્રયુકિતઓ વડે કરવામાં આવે છે.

### 1.10.2 ઉત્કલ્પનાનું મૂલ્યાંકન :–

કોઈ એક ઉત્કલ્પના અન્ય ઉત્કલ્પના કરતાં ચઢિયાતી છે તે શી રીતે નક્કી કરવું ? રચેલી બે કે તેની વધુ ઉત્કલ્પનાઓમાંથી વધુ પ્રમાણભૂત અને વિશ્વસનીય ઉત્કલ્પના નક્કી કરવી એટલે ઉત્કલ્પનાનું મૂલ્યાંકન કરવું. જે ઉત્કલ્પના સમસ્યા સાથે વધુ સંગીન હોય અને વધુ તાર્કિક હોય તેનો સ્વીકાર કરવો જોઈએ. એટલું જ નહીં ઉત્કલ્પના એવી હોવી જોઈએ જેને કસોટીની એરણ પર ચકાસી શકાય.

### 1.10.3 ઉત્કલ્પનાનાં પ્રકાર :–

**★ શૂન્ય ઉત્કલ્પના / નિષેધ ઉત્કલ્પના (Null Hypothesis)**

આ પ્રકારની ઉત્કલ્પના તફાવત નથી એવો નિર્દેશ કરે છે. સામાન્ય રીતે

આંકડાશાસ્ત્રીઓ આવી ઉત્કલ્પના વધુ પસંદ કરે છે. બે મધ્યકો વચ્ચેનાં તફાવતની ચકાસણી માટે શૂન્ય ઉત્કલ્પના બનાવવામાં આવે છે.

★ વૈકલ્પિક ઉત્કલ્પના :– ઉત્કલ્પના ખોટી ઠરે તેવા સંજોગોમાં સ્વીકારાતી ઉત્કલ્પનાને વિકલ્પ ઉત્કલ્પના કહેવાય છે. આ ઉત્કલ્પનાને પ્રાયોગિક ઉત્કલ્પના પણ કહે છે. આ ઉત્કલ્પનામાં બે સમૂહો અથવા બે મધ્યકો વચ્ચેનાં તફાવત અથવા સંબંધનું અનુમાન લગાવવામાં આવે છે.

દા.ત. ઉચ્ચ અને નિમ્ન તર્કશકિતવાળા વિદ્યાર્થીઓની ગણિત વિષયની સિધ્ધિમાં કોઈ તફાવત નહીં હોય.

★ આંકડાશાસ્ત્રીય ઉત્કલ્પનાઓ :– જેમાં આંકડાશાસ્ત્રીય સમષ્ટિ વિશેનો ઉલ્લેખ કરવામાં આવ્યો હોય તથા જેને સંશોધક પ્રાપ્ત આંકડાઓ / પ્રાપ્તાંકોના આધારે સ્વીકૃત કે અસ્વીકૃત કરવા માંગતો હોય તેને આંકડાશાસ્ત્રીય ઉત્કલ્પના કહેવામાં આવે છે.

દા.ત. પાઠક રચિત સમૂહ તર્ક કસોટી પરના પ્રાપ્તાંકોનાં વિસ્તરણનાં ઉપલા ચતુર્થ ભાગ અને નીચલા ચતુર્થ ભાગનાં વિદ્યાર્થીઓની ગણિત વિષયનાં સિધ્ધિ પ્રાપ્તાંકોમાં તફાવત નહીં હોય.

★ દિશાસૂચક અને બિન દિશાસૂચક ઉત્કલ્પનાઓ :–

જયારે કોઈ ઉત્કલ્પના અમુક જૂથ કરતાં અન્ય કોઈ જૂથ અમુક ચોક્કસ બાબતમાં ચઢિયાતું છે તેમ દર્શાવે તો તે ઉત્કલ્પના દિશા સૂચક ઉત્કલ્પના કહેવાય.

દા.ત. નવમા ધોરણનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓ લેખિત અભિવ્યકિતમાં વિદ્યાર્થીઓ કરતાં વિદ્યાર્થીનીઓનાં વધુ પ્રાપ્તાંકો હતાં. આજ ઉત્કલ્પના બિન દિશાસૂચક ઉત્કલ્પનામાં નીચે પ્રમાણે ફેરવી શકાય.

ધોરણ નવનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓનાં લેખિત અભિવ્યકિતનાં પ્રાપ્તાંકોમાં કોઈ તફાવત નહીં હોય.

### 1.10.4 ઉત્કલ્પનાના લક્ષણો :– (ગુડ અને હટ્ટે આપેલા છે.)

(1) ખ્યાલાત્મક સ્પષ્ટતા. (2) અનુભવ જન્ય સંદર્ભ

(3) ચોકસાઈપૂર્ણ (4) ઉપલબ્ધ પ્રયુકિતઓ સાથે સંબંધિત

(5) પૂર્વ સ્થાપિત સિધ્ધાંત સાથે સંબંધિત.

### 1.10.5 ઉત્કલ્પનાનાં સ્ત્રોત :–

જે ઘટકોમાંથી ઉત્કલ્પનાઓ ઉદ્દભવે તે ઘટકોને ઉત્કલ્પનાના સ્ત્રોત તરીકે ઓળખી શકાય. આમ, ઉત્કલ્પનાના ઉદ્દભવક તત્વોને તેના સ્ત્રોત કહેવાય.

ગુહ અને હટ્ટે આપેલા સ્ત્રોત.

(1) સામાન્ય સંસ્કૃતિ (2) વિજ્ઞાન

(3) ઉપમા (જુદા જુદા વિજ્ઞાનોની ઘટનાઓ વચ્ચે સામ્ય જોવા મળે ત્યારે ઉપમાનો ઉપયોગ થાય છે.)

(4) વૈજ્ઞાનિકનાં વ્યકિતગત અનુભવો.

### 1.10.6 ઉત્કલ્પનાનાં કાર્યો / ઉપયોગીતાઓ :–

(1) અધ્યયનને માર્ગદર્શન પૂરું પાડે છે.

(2) સંશોધકને અનુભવ જન્ય ચકાસણી તરફ દોરે છે.

(3) અધ્યયનનું ક્ષેત્ર નિર્ધારિત કરે છે.

(4) અધ્યયનની પ્રયુકિત નિર્ધારિત કરે છે.

(5) સિધ્ધાંતની રચનામાં મદદરૂપ થાય છે.

(6) પ્રસ્થાપિત સિધ્ધાંતની ચકાસણી કરે છે.

(7) સિધ્ધાંત અને અધ્યયન વચ્ચેની કડી બને છે.

### 1.10.7 ઉત્કલ્પનાની મર્યાદાઓ :–

(1) અભ્યાસમાં બે પરિવર્ત્યો વચ્ચેનો સંબંધ અન્ય અભ્યાસોમાં પણ જોવા મળશે કે નહીં તેની કોઈ ખાત્રી નથી.

(2) જે ઉત્કલ્પનાઓ કેવળ અભ્યાસનાં આધારે રચેલી હોય તેવી ઉત્કલ્પનાઓનો સિધ્ધાંત સાથે કોઈ સંબંધ ઉભો થતો નથી.

### 1.10.8 ઉત્કલ્પનાની મર્યાદાઓનું નિવારણ :–

(1) જે ઉત્કલ્પનાઓ અન્ય શોધોમાંથી ઉદ્દભવે છે તે અમુક અંશે પ્રથમ મર્યાદામાંથી મુકત રહે છે.

(2) જે ઉત્કલ્પનાઓ કેવળ અગાઉનાં અભ્યાસની શોધ પર નહીં પણ વિસ્તૃત સિધ્ધાંત

પર રચાયેલી હોય તેવી ઉત્કલ્પનાઓ બીજી મર્યાદામાંથી મુકત રહે છે.

## 1.11 પ્રસ્તુત અધ્યયનની ઉત્કલ્પનાઓ :–

સંશોધનની પ્રક્રિયા દિશાસૂચક બને તે માટે અધ્યયનનાં હેતુઓને અનુરૂપ પ્રત્યેક પરિવર્ત્યો જેવા કે, તરુણોનાં અભ્યાસનું ધોરણ, જાતિ, રહેઠાણનો વિસ્તાર, શાળાનો પ્રકાર, શિક્ષણ પ્રવાહ અને માતા–પિતાના શિક્ષણનું પ્રમાણ વગેરેની શૈક્ષણિક મનોભાર અને સમાયોજનનાં સંદર્ભમાં કેવી અસર થાય છે તે જાણવા નીચે મુજબની શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી છે.

## 1.11.1 't' કસોટી પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ :–

### 1.11.1.1. શૈક્ષણિક મનોભાર 't' કસોટી પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ :–

Ho.1 તરુણો અને તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.2 ધો.10 અને ધો.11માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.3 ધો.10 અને ધો.11માં અભ્યાસ કરતી તરુણીઓના શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.4 ધો.10 અને ધો.12માં અભ્યાસ કરતાં તરુણોના શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.5 ધો.10 અને ધો.12માં અભ્યાસ કરતી તરુણીઓના શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.6 ધો.11 અને ધો.12માં અભ્યાસ કરતા તરુણોના શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.7 ધો.11 અને ધો.12માં અભ્યાસ કરતી તરુણીઓના શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.8 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણો અને તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.9 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો.10માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં

મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.10 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો.10માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.11 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો.11માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.12 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો.11માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.13 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો.12માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.14 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો.12માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.15 ધો.10 અને ધો.12 ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.16 ધો.10 અને ધો.12 ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.17 ધો.10 અને ધો.12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.18 ધો.10 અને ધો.12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.19 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.20 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.21 વિનયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.22 વિનયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.23 વિનયન અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.24 સરકારી સ્કૂલ અને બિન સરકારી સ્કૂલમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.25 સરકારી સ્કૂલ અને બિન સરકારી સ્કૂલમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

**1.11.1.2 સામાજિક સમાયોજનની 't' કસોટી પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ :–**

Ho.26 તરુણો અને તરુણીઓના સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.27 ધો.10 અને ધો. 11 માં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.28 ધો. 10 અને ધો. 11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.29 ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.30 ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.31 ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.32 ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણઓનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.33 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણો અને તરુણીઓનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.34 ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં ધો.10માં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક

સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.35 ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં ધો.10માં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.36 ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં ધો.11માં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.37 ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં ધો.11માં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.38 ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં ધો.12માં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.39 ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં ધો.12માં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.40 ધો.10 અને ધો.12માં ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.41 ધો.10 અને ધો.12માં ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.42 ધો.10 અને ધો.12માં શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.43 ધો.10 અને ધો.12માં શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.44 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.45 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.46 વિનયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.47 વિનયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.48 વિનયન અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.49 સરકારી અને બિનસરકારી સ્કૂલમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.50 સરકારી અને બિનસરકારી સ્કૂલમાં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

**1.11.1.3 આવેગિક સમાયોજનની 't' કસોટી પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ :–**

Ho.51 તરુણો અને તરુણીઓના આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.52 ધો.10 અને ધો.11 માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.53 ધો.10 અને ધો.11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.54 ધો.10 અને ધો.12 માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.55 ધો.10 અને ધો.12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.56 ધો.11 અને ધો.12 માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.57 ધો.11 અને ધો.12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.58 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણો અને તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.59 ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં ધો.10માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક

સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.60 ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં ધો.–10માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.61 ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં ધો.–11માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.62 ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં ધો.–11માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.63 ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં ધો.–12માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.64 ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારમાં ધો.–12માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.65 ધો.10 અને ધો.12માં ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.66 ધો.10 અને ધો.12માં ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.67 ધો.10 અને ધો.12માં શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.68 ધો.10 અને ધો.12માં શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.69 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

Ho.70 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.71 વિનયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.72 વિનયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.73 વિનયન અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.74 સરકારી અને બિનસરકારી સ્કૂલમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

Ho.75 સરકારી અને બિનસરકારી સ્કૂલમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

### 1.11.2 'r' – સહસંબંધાંક પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ :–

Ho.76 વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.

Ho.77 વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.

Ho.78 શાળાઓમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજન વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.

Ho.79 શાળાઓમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજન વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.

Ho.80 તરુણોનાં સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.

Ho.81 તરુણીઓનાં સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.

### 1.11.3 F – કસોટી પ્રમાણે શૂન્ય ઉત્કલ્પનાઓ :–

Ho.82 ધો. 10, ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.83 ધો.10, ધો.11 અને ધો.12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં

પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.84 ધો. 10, ધો. 11 અને ધો. 12 નાં ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.85 ધો. 10, ધો. 11 અને ધો. 12 નાં ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.86 ધો. 10, ધો. 11 અને ધો. 12 નાં શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.87 ધો. 10, ધો. 11 અને ધો. 12 નાં શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.88 ધો. 10, ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતાં શિક્ષિત માતા–પિતાના તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.89 ધો. 10, ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતાં શિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.90 ધો. 10, ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતાં અશિક્ષિત માતા–પિતાના તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.91 ધો. 10, ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતાં અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.92 ધો. 10, ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.93 ધો. 10, ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.94 ધો. 10, ધો. 11 અને ધો. 12માં ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.95 ધો. 10, ધો. 11 અને ધો. 12માં ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.96 ધો. 10, ધો. 11 અને ધો. 12માં શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.97 ધો. 10, ધો. 11 અને ધો. 12માં શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.98 ધો. 10, ધો. 11 અને ધો. 12માં અભ્યાસ કરતાં શિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.99 ધો. 10, ધો. 11 અને ધો. 12માં અભ્યાસ કરતી શિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.100 ધો. 10, ધો. 11 અને ધો. 12માં અભ્યાસ કરતાં અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.101 ધો. 10, ધો. 11 અને ધો. 12માં અભ્યાસ કરતી અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.102 ધો. 10, ધો. 11 અને ધો. 12માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.103 ધો. 10, ધો. 11 અને ધો. 12માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.104 ધો. 10, ધો. 11 અને ધો. 12માં ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.105 ધો. 10, ધો. 11 અને ધો. 12માં ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.106 ધો. 10, ધો. 11 અને ધો. 12માં શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.107 ધો. 10, ધો. 11 અને ધો. 12માં શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.108 ધો. 10, ધો. 11 અને ધો. 12માં અભ્યાસ કરતાં શિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં

આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.109 ધો. 10, ધો. 11 અને ધો. 12માં અભ્યાસ કરતી શિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.110 ધો. 10, ધો. 11 અને ધો. 12માં અભ્યાસ કરતાં અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

Ho.111 ધો. 10, ધો. 11 અને ધો. 12માં અભ્યાસ કરતી અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

## 1.12 આંકડાશાસ્ત્રીય પદ્ધતિનો ઉપયોગ :–

સંશોધનકાર્યમાં એકત્રિત કરેલી માહિતીનું પૃથ્થકરણ અને અર્થઘટન કરવા માટે આંકડાશાસ્ત્રીય પ્રયુકિતઓનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રસ્તુત સંશોધનમાં હેતુઓને ધ્યાનમાં રાખીને મેળવેલ માહિતીનું વિશ્લેષણ કરવા માટે નીચે મુજબની આંકડાશાસ્ત્રીય પ્રયુકિતઓનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

(1) મધ્યક (2) 't' કસોટી (3) 'r' સહસંબંધ (કાર્લપિયર્સની પધ્ધતિ)

(4) F કસોટી (ANOVA)

## 1.13 અધ્યયનનાં પ્રકરણોનું આયોજન :–

સંશોધનનાં પ્રકરણોનું આયોજન એ સમગ્ર સંશોધન કાર્યનો ચાર્ટ (નક્કર નકશો) છે. જેમ બિલ્ડર મકાન બનાવતાં પહેલાં નકશો તૈયાર કરે છે. જેથી તેને માર્ગદર્શનરૂપ બને તેમ પ્રકરણોનું આયોજન સમગ્ર સંશોધનકાર્ય અંગેનો નકશો દર્શાવે છે. જેના આધારે સંશોધકે સમગ્ર સંશોધનકાર્ય અને અહેવાલ લેખન કરવાનું હોય છે. જે સંશોધનકાર્યમાં દિશા સૂચક બને છે.

પ્રસ્તુત સંશોધન પાંચ પ્રકરણમાં વહેંચવામાં આવે છે.

## પ્રકરણ – 1 વિષય પ્રવેશ

પ્રથમ પ્રકરણમાં અધ્યયનની ઐતિહાસિક ભૂમિકા, સંશોધન સમસ્યા, સંશોધનના હેતુઓ, સંશોધનની ઉત્કલ્પનાઓ, અગત્યના પદોની વ્યાખ્યા, શૈક્ષણિક મનોભાર એટલે શું ? સમાયોજન એટલે શું ?, સંશોધનના પરિવર્ત્યો, સંશોધનની અગત્યતા, સંશોધનની મર્યાદાઓ અને પછીનાં પ્રકરણોનાં સંયોજનનો સમાવેશ વગેરે બાબતોની

રજૂઆત કરવામાં આવેલ છે.

**પ્રકરણ – 2 સંશોધન સાહિત્યની સમીક્ષા**

પ્રસ્તુત પ્રકરણમાં ભૂતકાળમાં થયેલા સંશોધનો જેમાં શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન તેમજ આવેગિક સમાયોજન વિશે ગુજરાત, ભારત અને વિદેશોમાં થયેલા પૂર્વેનાં અભ્યાસો વિશે સમીક્ષાત્મક આલોચના કરવામાં આવેલ છે.

**પ્રકરણ – 3 અધ્યયન યોજના, પ્રક્રિયા અને પૃથક્કરણની પધ્ધતિ**

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધનની યોજના, નિદર્શ તેમજ સંશોધનનાં સાધનો, આંકડાશાસ્ત્રીય પ્રયુકિતઓ, કસોટીની વિશ્વસનીયતા, અધ્યયનનાં પરિવર્ત્યોનું માપન તેમજ માહિતી એકત્રીકરણની રીત વગેરેની ચર્ચા કરવામાં આવી છે.

**પ્રકરણ – 4 સંશોધન પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામની ચર્ચા**

આ પ્રકરણમાં શૈક્ષણિક મનોભાર સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનનાં સંદર્ભમાં પ્રાપ્ત થયેલ માહિતીનું જુદી જુદી આંકડાશાસ્ત્રીય પદ્ધતિઓનાં આધારે પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામની ચર્ચા તેમજ 't' ગુણોતર, F ગુણોતરનાં આધારે અને સહસંબંધના આધારે પરિણામની ચર્ચા કરવામાં આવી છે.

**પ્રકરણ – 5 સંશોધનનાં તારણો – સંશોધન અહેવાલ**

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધનનો સારાંશ, સંશોધનનાં તારણો અને ભવિષ્યના સંશોધનો કરવા માટે સૂચનો કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત સંદર્ભ સુચિ, સંશોધનમાં ઉપયોગમાં લેવાયેલ પ્રશ્નાવલીનો નમૂનો રજૂ કરવામાં આવ્યો છે.

## 1.14 પ્રસ્તુત અભ્યાસની અગત્યતા :–

પ્રસ્તુત અધ્યયનનો હેતુ શાળાઓમાં અભ્યાસ કરતાં તરુણોનો શૈક્ષણિક મનોભાર અને સમાયોજનનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરવાનો છે. 21 મી સદીમાં અભ્યાસ કરતાં તરુણો સમક્ષ અનેક પ્રકારની સમસ્યાઓ નવા સ્વરૂપે બહાર આવી છે. જે જાણવી ઘણી અઘરી છે. પરંતુ તે જરૂરી પણ એટલી જ છે. તરુણોમાં માનસિક તનાવનું પ્રમાણ પણ વધુ જોવા મળે છે. તેથી સામાજિક, શૈક્ષણિક અને કૌટુંબિક પરિવર્તનો સમાયોજનની નવી

સમસ્યાઓ ઊભી કરે છે. તેથી મનોવૈજ્ઞાનિક ઉપાયો અને ઉપચારો આ માટે અનિવાર્ય બની રહે છે.

પ્રસ્તુત અભ્યાસની અગત્યતા આ મુજબ છે.

(1) વિવિધ વિદ્યાશાખાઓને પ્રસ્તુત અધ્યયન ખૂબ ઉપયોગી છે અને બની રહેશે.

(2) શાળાઓમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર અંગે જાણકારી મળે છે.

(3) શૈક્ષણિક મનોભારનું પ્રમાણ જાણી, પ્રસ્તુત અભ્યાસથી શૈક્ષણિક મનોભાર ઘટાડવા શું કરવું જોઈએ તે વિશે દિશાસૂચન કરી શકાય છે.

(4) અભ્યાસક્રમ ઘડતર, શૈક્ષણિક પ્રોગ્રામો અને તરુણોની શૈક્ષણિક સિધ્ધિનાં સંદર્ભમાં પ્રસ્તુત અધ્યયનનાં સોપાનો અગત્યના છે.

(5) તમામ પ્રકારના સામાજિક સમાયોજન તેમજ આવેગિક સમાયોજનની જાણકારી મેળવવામાં પ્રસ્તુત અભ્યાસ ઉપયોગી છે.

(6) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના અધિકારીશ્રીઓને પ્રસ્તુત સંશોધનના તારણો ઉપયોગી થશે.

(7) ગ્લોબલ સમાજને કારણે શહેરી શિક્ષણે હરણફાળ ભરી છે ત્યારે ઓછા શૈક્ષણિક તનાવથી વધુને વધુ વિદ્યાર્થીઓ માનસિક સ્વસ્થતા ધારણ કરી શકે તે માટે પ્રસ્તુત અભ્યાસ અગત્યનો બનશે.

(8) તરુણો અને યુવાનોમાં થતાં ડિપ્રેશન, પરીક્ષાની ચિંતા વગરે મનોરોગ ઘટાડી આત્મહત્યાનું પ્રમાણ ઘટાડી શકાશે.

(9) સમાજમાં પ્રવર્તતા ઘણાં પ્રકારનાં બાળકો અને તરુણોને પોતાની રસ–રૂચી, અભિયોગ્યતા અનુસાર શિક્ષણ આપવા સરકારશ્રીને ભલામણ ઉપયોગી થશે.

(10) કોઈપણ માધ્યમના શિક્ષકો આજે અભિવ્યકિત અને અભિરૂચીરૂપ શિક્ષણથી દૂર છે ત્યારે ' શૈક્ષણિક ભૂમિકા' તેની અગત્યતા કેવી હોવી જોઈએ, તેનું માર્ગદર્શન પુરૂ પાડશે.

(11) વિદ્યાર્થીઓ તેના માતા–પિતા તેમજ શિક્ષકોને પ્રસ્તુત અધ્યયન ખૂબ જ ઉપયોગી છે..

(12) શિક્ષણશાસ્ત્રીઓ, માર્ગદર્શકો, મનોચિકિત્સકો, સરકારશ્રી, વિદ્યાર્થી અંગે નીતિ ઘડવૈયાઓ તેમજ પ્રત્યેક વ્યકિતને સલાહસૂચનો પ્રસ્તુત અધ્યયનથી મળી રહેશે.

(13) સંશોધક અને માર્ગદર્શક રચિત શૈક્ષણિક મનોભાર કસોટી અન્ય સંશોધકોને ઉપયોગી થશે.

## 1.15 પ્રસ્તુત અધ્યયનની મર્યાદાઓ :–

મનોવિજ્ઞાન વાર્તનિક વિજ્ઞાન છે. તેથી ભૌતિક વિજ્ઞાનો જેટલી ચુસ્ત વસ્તુલક્ષીતા અને ચોક્કસતા વાર્તનિક વિજ્ઞાનોનાં સંશોધનમાં સંભવી શકતી નથી. કોઈપણ સંશોધન સર્વસંપૂર્ણ ભાગ્યે જ હોય છે. આ સંશોધનમાં પણ અમુક મર્યાદાઓ રહેલી છે. જેનો નિર્દેશ નીચે પ્રમાણે છે.

(1) પ્રસ્તુત અધ્યયનમાં પસંદ કરાયેલ નિદર્શ માત્ર રાજકોટ જિલ્લામાં અભ્યાસ કરતાં તરુણો પૂરતો સિમિત હતો. તેથી પ્રાપ્ત થયેલ પરિણામોનું વ્યાપક સામાન્યીકરણ થઈ શકે નહીં.

(2) પ્રસ્તુત અધ્યયન નિયત સમયગાળા દરમ્યાન હાથ ધરવામાં આવેલ હોઈ, પ્રવર્તમાન શૈક્ષણિક બનાવોની અસર હોઈ શકે, જેની તપાસ કરી શકાઈ નથી.

(3) ઉત્તરબુનિયાદી અને વ્યવસાયલક્ષી પ્રવાહ સિવાયનાં સામાન્યપ્રવાહ અને વિજ્ઞાનપ્રવાહનાં વિદ્યાર્થીઓને નિદર્શમાં સમાવેલ છે.

(4) પ્રસ્તુત અધ્યયનમાં રચિત સાધનનો સંશોધનનાં સાધન તરીકે ઉપયોગ કરવામાં આવ્યો છે. તેની વિશ્વસનીયતા અને યથાર્થતા પ્રસ્થાપિત કરવા માટે 120નો નમૂનો લેવામાં આવ્યો છે મોટા નિદર્શ પર વિશ્વસનીયતા સ્થાપિત કરી નથી.

(5) પ્રસ્તુત સંશોધન યોજનામાં માત્ર મુખ્ય અસરોની જ ઉત્કલ્પનાઓ રચવામાં આવી છે.

(6) પ્રસ્તુત અધ્યયનમાં વિદ્યાર્થીનાં વ્યકિતગત પ્રત્યક્ષીકરણ, અભિપ્રાયો અને માન્યતાઓની અસર પરિણામ પર થઈ શકે છે.

(7) માહિતી એકત્રીકરણ માટે લીધેલ શૈક્ષણિક મનોભાર પ્રશ્નાવલી ઉપર મળતા સમગ્ર અંકને ધ્યાનમાં લઈને અભ્યાસ કરવામાં આવ્યો છે. ઘટકનાં પ્રાપ્તાંકને લક્ષમાં રાખીને આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ કરેલ નથી.

(8) પ્રસ્તુત અધ્યયનમાં 15 વર્ષ પૂર્ણ કરેલ હોય તેવા તરુણોનો જ સમાવેશ કરેલ છે.

(9) બેલ સમાયોજન સંશોધનિકાનાં માત્ર બે ઘટકો સમાજિક સમાયોજન તેમજ આવેગિક સમાયોજન સંશોધનિકાનો પ્રસ્તુત અભ્યાસમાં સમાવેશ કરેલ છે.

# પ્રકરણ – ૨
# સંશોધન સાહિત્યની સમીક્ષા

**ક્રમ** **વિગત**

2.1 પ્રાસ્તાવિક

2.2 પૂર્વ થયેલા સંશોધન સાહિત્યની તપાસનું મહત્વ.

2.3 પૂર્વ સંશોધનનો પડકાર.

2.4 પૂર્વ સંશોધનમાં થતી પ્રક્રિયાની વધુ સ્પષ્ટતા.

2.5 પૂર્વ સંશોધનનું પુનરાવર્તન કરી તેનું સમર્થન મેળવવું.

2.6 એક ક્ષેત્રમાં જે પરિવર્ત્ય સંબંધો જોવા મળ્યા હોય તે સંબંધોની તપાસ કરતું સંશોધન.

2.7 અનઅપેક્ષિત પરિણામોનાં કારણો જાણવા માટે થયેલા સંશોધનો.

2.8 એક સમસ્યામાં વિકાસ પામેલી સંશોધનની પ્રયુકિત બીજી સમસ્યામાં ઉપયોગમાં લઈ શકાય.

2.9 શૈક્ષણિક મનોભારની સૈદ્ધાંતિક ભૂમિકા.

2.9.1 શૈક્ષણિક મનોભારનું સૈદ્ધાંતિક મહત્વ.

2.10 શૈક્ષણિક મનોભારનાં પૂર્વે થયેલાં સંશોધનોની સમીક્ષા.

2.10.1 ભારથી નો અભ્યાસ (1980)

2.10.2 ફર્નાન્ડિઝ અને મૂર્તિનો અભ્યાસ (1989)

2.10.3 રાજેન્દ્રન અને કલિપ્પનનો અભ્યાસ (1990)

2.10.4 ફ્રિડ લુથાન્સનો અભ્યાસ (1992)

2.10.5 બુકોલા અને જેજીડીનો અભ્યાસ (1992)

2.10.6 પૂલીસનો અભ્યાસ (1992)

2.10.7 જોહનસનનો અભ્યાસ (1993)

2.10.8 લક્ષ્મણકુમારનો અભ્યાસ (1995)

2.10.9 દેસાઈ નૂરજહાંનો અભ્યાસ (1998)

2.10.10 વિલ્સ ડી. અને વોર્ટન લોવનો અભ્યાસ (1998)

2.10.11 Benmasour Naimaનો અભ્યાસ (1998)
2.10.12 ઓથમેન, અબૌ અને ખૈરનો અભ્યાસ (1998)
2.10.13 નવનીત જયસ્વાલનો અભ્યાસ (2001)
2.10.14 સી.બી.આશાનો અભ્યાસ (2003)
2.10.15 ગીરીશ ગજેરાનો અભ્યાસ (2004)
2.10.16 માંકડ અલ્કાનો અભ્યાસ (2006)
2.10.17 આભારાનીનો અભ્યાસ (2007)
2.10.18 વી. નટરાજનનો અભ્યાસ (1977)
2.10.19 ગેરી લોંગ, જેમ્સ અને લોરેન્સનો અભ્યાસ (1980)
2.10.20 સોવા અને બટસન્તીનો અભ્યાસ (1984)
2.10.21 કે. રંગાસ્વામી અને (1995)
શ્રીનિવાસ પી. બી.નો અભ્યાસ (2000)
2.11 સમાયોજનની સૈદ્ધાંતિક ભૂમિકા
2.11.1 સમાયોજનનું સૈદ્ધાંતિક મહત્વ
2.12 સમાયોજનનાં પૂર્વે થયેલા અભ્યાસોની સમીક્ષા.
2.12.1 ઘનકોટ ઝરીના (1982)
2.12.2 પવાર બજનભાઈ (1983)
2.12.3 પરમારનો અભ્યાસ (1993)
2.12.4 સચિનનો અભ્યાસ (1993)
2.12.5 કોચગાવે અને વિતિથા (1993)
2.12.6 યહુએ જો નો અભ્યાસ (1994)
2.12.7 વસવેલીયાનો અભ્યાસ (1995)
2.12.8 જારસાણિયા જયેન્દ્ર (1996)
2.12.9 વિદ્યાભુષણ સિંઘનો અભ્યાસ (1996)
2.12.10 નસીત લાભુ પી. નો અભ્યાસ (1999)

2.12.11 ગ્રાફિક જેનિકેનો અભ્યાસ (1999)

2.12.12 સ્ટ્રેન્જ અમી, બ્રાન્ટ ટમેરા (1999)

2.12.13 ખત્રી પરીઘ, કપુરનો અભ્યાસ (2000)

2.12.14 ડુંગરાણી અરવિંદનો અભ્યાસ (2000)

2.12.15 કલીયા લે નો અભ્યાસ (2001)

2.12.16 મહેતા કિશોરનો અભ્યાસ (2004)

2.12.17 શર્મા મંજૂનો અભ્યાસ (2005)

2.12.18 પટેલ હેતલનો અભ્યાસ (2005)

2.12.19 સિંઘનો અભ્યાસ (1996)

2.12.20 માધુરી કુમારીનો અભ્યાસ (1996)

2.12.21 મહેતાનો અભ્યાસ (1991)

2.12.22 મોઝરકુમાર અને પ્રેમલતા (1973, 1975 અને 1984)

2.12.23 વાલીયા અને શર્માનો અભ્યાસ (1993)

2.12.24 ઈરફાન અને અર્જુન ચોચાનો અભ્યાસ (1993)

2.13 પૂર્વ અભ્યાસની સંખ્યાની મર્યાદા

2.14 સારાંશ

# પ્રકરણ – 2
# સંશોધન સાહિત્યની સમીક્ષા

## 2.1 પ્રસ્તાવના :–

સંશોધન વિષય પસંદ કર્યા પછી પ્રસ્તુત વિષયમાં કેટલું સંશોધન કાર્ય થયું છે તે જાણવું જરૂરી છે તે માટે સંબંધિત સાહિત્યનો અભ્યાસ કરવો જરૂરી બને છે. સંદર્ભ સાહિત્યનાં અભ્યાસનું મહત્વ સમજાવતા જર્યોજ જી. મોર્લ કહે છે કે, –

" The review of reference literature is essential for the development of the problem and to the derivation of an affective approach to solution."

અગ્રવાલ જણાવે છે કે, ''સંદર્ભ સાહિત્યનો અભ્યાસ સંશોધનને વ્યાખ્યાયિત કરવા માટે અને તની મર્યાદા બાંધવા માટે ખૂબ જ જરૂરી છે.''

દેસાઈ અને દેસાઈ જણાવે છે કે, ''કોઈપણ સંશોધન શૂન્યાવકાશમાં થતું નથી. બીજાની સંકલ્પનાઓ અને સિદ્ધાંતો આપણા માટે માર્ગદર્શક બને છે. ''

સંદર્ભ સાહિત્યના અભ્યાસથી વિષયને લગતી માહિતી, તેને લગતા થયેલા સંશોધનોનાં તારણો, સંશોધનની પ્રયુકિતઓ, સંશોધન તારણોનો ઉપયોગ વગેરે ને લગતી માહિતી મેળવી શકાય છે.

ઉપરાંત જે વિષય પરત્વે સંશોધન કરે છે તે વિષયમાં આવા કોઈ સંશોધન થયા હોય, તો બિનજરૂરી પુનરાવર્તન ન થાય તેની ખબર પડે છે. તેમજ પુનરાવર્તનની જરૂર છે કે કેમ તેનો પણ ખ્યાલ આવે છે. આવા સંશોધન કાર્યમાં કોઈ ક્ષતિ રહેલી હોય, તેને શોધી, નિવારવા શકય પ્રયાસ હાથ ધરાય છે.

પૂર્વે થયેલાં સંશોધનનાં તારણો લાવી, સંશોધક પોતાના વિષયને વધારે આધારભૂત રીતે ઉલ્લેખી શકે છે. સંદર્ભગ્રંથની મદદ દ્વારા સમય, શકિત અને નાણાનો વ્યય અટકાવી શકાય છે અને સમસ્યા પરત્વે વૈજ્ઞાનિક દ્રષ્ટિબિંદુ કેળવાય છે. આમ, સંદર્ભ સાહિત્યની અગત્યતા દર્શાવી શકાય.

સંશોધક પૂર્વ સંશોધન અભ્યાસોનું વાંચન કરે છે, ઘણીવાર એવું બને છે કે આ સાહિત્ય સંદર્ભ અભ્યાસ દ્વારા એવી માહિતી પ્રાપ્ત થાય છે કે જે સંશોધક માટે નવા માર્ગ પ્રસ્તુત કરે છે. અગાઉ કેટલા સંશોધનો થયા છે, તેનો ખ્યાલ આવે છે તેમજ સંશોધકે કેવું અને કયા પ્રકારનું કાર્ય કરવાનું છે? તેનો ખ્યાલ આવે છે અને તે જ વિષયમાં થયેલા સંશોધનનાં અધ્યયનનું બિનજરૂરી પુનરાવર્તન અટકાવી શકાય છે અને અગાઉના ઉપેક્ષિત રહેલા પરિવર્ત્યોની જાણકારી મેળવી શકાય છે.

આમ, સંશોધકને પોતાના સંશોધનની દિશા નક્કી કરવા પૂર્વ સંશોધન અભ્યાસોનું અધ્યયન કરવું અનિવાર્ય બની રહે છે.

## 2.2 પૂર્વે થયેલા સંશોધન સાહિત્યની તપાસનું મહત્વ :–

પૂર્વે થયેલા સંશોધનનોની સમીક્ષા વર્તમાન સંશોધકોને તેમની સમસ્યાને સારી રીતે સમજવા માટે અને હલ કરવા માટે માર્ગદર્શન પૂરૂ પાડે છે. ભૂતકાળનાં સંશોધનનોનાં અભ્યાસના કારણે સંશોધકના જ્ઞાનની ક્ષિતિજો વિસતરે છે. દ્રષ્ટિ વિશાળ બને છે, ફળ સ્વરૂપે પોતાના સંશોધન ઉપરની પક્કડ મજબૂત બને છે. આમ, સંશોધન માત્ર બિનજરૂરી વ્યાયામ ન બનતાં શિક્ષણનુત્ર મૂડી રોકાણ બની રહે છે.

સંશોધન સાહિત્યની તપાસ નવા સંશોધકને સંશોધનની વિવિધ પ્રક્રિયાઓ અને પાસાંઓ અંગે પ્રત્યક્ષ શિક્ષણ આપે છે. પૂર્વે થયેલા સંશોધનની તપાસ અસંખ્ય પરિવર્ત્યો અને સંશોધનનાં વિશિષ્ટ તારણો વિશે પુષ્કળ માહિતી પૂરી પાડે છે. કોઈપણ સંશોધન શૂન્યમાંથી શરૂ થતું નથી. પરંતુ ભુતકાળમાં થયેલા સંશોધનોમાંથી જ ઉદ્‌ભવે છે.  પૂર્વ સંશોધનોનું વાંચન, મનન અને ચિંતન એટલા માટે જરૂરી છે કે પ્રસ્તુત સંશોધનની વિભાવનાઓ અંગે અન્ય વિદ્વાનોએ આપેલા ખ્યાલની સ્પષ્ટતા થાય તેની સંશોધકને પણ આ વિશેનો ખ્યાલ શુદ્ધ થઈને દ્રઢ બને અને તે વધારે ચોકસાઈથી સંશોધન કરી શકે.

આમ, પોતાના સંશોધન અભ્યાસનો સ્પષ્ટ ચિતાર મળી રહે છે. તેથી સંશોધન કાર્ય શરૂ કરતા પહેલા પોતાના વિષયને લગતા કાર્યોથી પરિચિત થવું આશીર્વાદરૂપ બની રહે છે.

## 2.3 પૂર્વ સંશોધનનો પડકાર :–

સામાજિક વિજ્ઞાનોમાં ઘણા નવા સિદ્ધાંતો આવ્યા તે સિદ્ધાંત રચનારાઓએ પૂર્વ સંશોધનની સમીક્ષા કરી અને તેના વિશે પડકાર ફેંકયો છે. અથવા પૂર્વજ્ઞાન અંગે અસંમતિ દર્શાવી હોય છે. આમ, પૂર્વે થયેલ સંશોધનનાં નિષ્કર્ષમાં શંકા ઉભી થાય છે. તેથી સંશોધક તે ક્ષેત્રમાં નવું સંશોધન કરવા પ્રેરાય છે.

દા.ત. – શેરિફ ના અભ્યાસમાં એવું તારણ આવ્યું કે, ''વ્યકિત જૂથમાં હોય ત્યારે તેના નિર્ણય પર જૂથની અસર પડે છે.'' એશ નામના સંશોધકે પડકાર ફેંકયો કે ''પ્રસ્તુત પ્રયોગમાં જૂથ કરતાં પ્રયોગ વિધિની અસર હતી.'' શેરિફના પ્રયોગમાં જે પરિવર્ત્યો રજૂ કરવામાં આવ્યા હતા. તે સંદિગ્ધ હતાં. તેથી વસ્તુલક્ષી સંકેતો દ્વારા સંશોધન કરવામાં આવ્યું તો પ્રયોગપાત્રો વ્યકિતગત નિર્ણય આપી શકે. એશે વધુ પ્રમાણભૂત સંકેતો આપી ફલિત કર્યુ કે, 2/3 નિર્ણોયોમાં જૂથની અસર ન હતી. જયારે બાકીના 1/3 નાં નિર્ણયો પર જૂથની અસર ચાલુ રહી હતી.

## 2.4 પૂર્વ સંશોધનમાં થતી પ્રક્રિયાની વધુ સ્પષ્ટતા :–

સંશોધનનાં પરિણામો પર વિવિધ ઘટકો એકબીજા સાથે સંકળાયેલા હોય છે. તેથી કયો ઘટક પરિણામ માટે જવાબદાર છે તે નક્કી થતું નથી. આ પ્રકારની અસ્પષ્ટતા હોય ત્યારે સંશોધક નવું સંશોધન કરી પરિણામો મેળવી ખરેખર કયો ઘટક પરિણામ માટે જવાબદાર છે તે શોધી કાઢે છે. દા.ત. – કર્ટ લેવિને સંશોધન દ્વારા એવું નિષ્કર્ષ ફલિત કર્યુ કે, પ્રવચન પદ્ધતિ કરતાં જૂથ પદ્ધતિ નિર્ણયો બદલવામાં વધુ અસરકારક છે. પરંતુ બેનેટ નામનાં સંશોધકે જૂથ ચર્ચાનાં શિર્ષક નીચે ઘણાં ઘટકોનું સંયોજન કરી તેણે સંશોધનો કરીને જણાવ્યું કે, જૂથ ચર્ચા ઉપરાંત અન્ય ઘટકો પણ નિર્ણય બદલવામાં મહત્વનો ભાગ ભજવતાં હતાં. જેવા કે, (1) જૂથ ચર્ચાને અંતે જૂથનાં નેતાનાં નિર્ણયને સ્વીકારવાની વિનંતી. (2) તે નિર્ણયને અમલમાં મૂકવા માટેનો જાહેરમાં એકરાર (3) આ પ્રક્રિયામાં જૂથનાં અન્ય સભ્યો જૂએ છે કે કેટલા સભ્યોએ આંગળી ઊંચી કરીને નિર્ણયને અમલમાં મૂકવાની જાહેરમાં તૈયારી બતાવી છે.

## 2.5 પૂર્વ સંશોધનનું પુનરાવર્તન કરી તેનું સમર્થન મેળવવું :–

સામાજિક સંશોધનમાં કયારેક પૂર્વગામી સંશોધનનું સમાન પરિસ્થિતિમાં પુનરાવર્તન કરવામાં આવે છે. એટલે કે નિદર્શનું કદ સમાન રાખીને તેનું પુનરાવર્તન કરવામાં આવે છે. અથવા તેમાં થોડું પરિવર્તન કરીને સંશોધન કરવામાં આવે છે. આમ, સામાજિક દ્રષ્ટિએ મહત્વની ગણાતી હોય તે સમસ્યા વિશેનાં સંશોધનનું પુનરાવર્તન થાય છે. પૂર્વસંશોધન પછીનાં સંશોધનમાં ઉપયોગી બને છે.

## 2.6 એક ક્ષેત્રમાં જે પરિવર્ત્ય – સંબંધો જોવા મળ્યા હોય તે સંબંધોની તપાસ કરતું સંશોધન :–

પૂર્વ સંશોધનમાં જે પરિવર્ત્ય સંબંધો જોવા મળ્યા હોય તે પરિવર્ત્ય – સંબંધોની ચકાસણી કરવા માટે નવું સંશોધન કરવામાં આવે છે. આ પ્રકારનાં પુનરાવર્તનમાં મૂળ સંશોધનને સમર્થન આપવાનો અથવા તેની ચકાસણી કરવાનો કે તેમાં સુધારા વધારા કરવાનો હોતો નથી. પરંતુ પૂર્વ સંશોધનની વિગતો કે બંધારણમાં પરિવર્તન લાવવામાં આવે તો તેની શી અસર થાય છે તે જાણવાનો હેતુ હોય છે.

## 2.7 અન અપેક્ષિત પરિણામોના કારણો જાણવા માટે થયેલા સંશોધનો :–

ઉત્કલ્પનાને નિષ્ફળ બનાવે તેવા અનઅપેક્ષિત પરિણામો નવા સંશોધનોને પ્રેરણા આપે છે.

દા.ત. હાર્લો અને તેના સાથીદારો દ્વારા બાલ્યકાળમાં માતાનો સંપર્ક અને સ્પર્શ સુખ બાળકનાં પ્રેમનાં વિકાસમાં મદદરૂપ થાય છે તે વિશે સંશોધન કરવામાં આવ્યા હતા. વાસ્તવિક માતાને ખૂબ મળતી આવતી હોય તેવી માતા સાથે ઉછરેલાં વાનરબાળમાં સ્નેહનો વિકાસ થયો હતો, પરંતુ આ બાળકો પુખ્ત બન્યા ત્યારે જાતીય રીતે વિકૃત હતા. આ પરિણામે નવા સંશોધનો કરવાની પ્રેરણા આપી. નવા સંશોધનોમાં જુદી જુદી માત્રાઓમાં સમાજિક વંચિતતા કે સંપૂર્ણ એકાંતની શી અસરો થાય છે તે તપાસવામાં આવ્યું. સંશોધનમાં 80 દિવસથી એક વર્ષ સુધી વાનરોને જુદી જુદી રીતથી સામાજિક સંપર્કથી વંચિત રાખવામાં આવ્યા. સંશોધકોએ તારણ કાઢયું કે પુખ્તવયના સામાજિક વિકાસ માટે સામાજિક સંપર્ક અનિવાર્ય છે.

## 2.8 એક સમસ્યામાં વિકાસ પામેલી સંશોધનની પ્રયુકિત બીજી જુદી સમસ્યામાં ઉપયોગમાં લઈ શકાય છે. :–

એક સંશોધનમાં જે પ્રયુકિત વાપરવામાં આવી હોય તે પ્રયુકિતનો ઉપયોગ બીજા સંશોધનોમાં પ્રયોજી શકાય છે. દા.ત. એશ નામના સંશોધકે 'જૂથના દબાણની નિર્ણય પર શી અસર થાય છે.' તેનો અભયાસ કર્યો હતો. ત્યારબાદ એ જ પ્રયુકિતને ધ્યાનમાં લઈને અસંખ્ય અભ્યાસ થયા છે.

આમ, પૂર્વ સંશોધનની પ્રયુકિતને બીજા સંશોધનમાં પ્રયોજી શકાય છે.

ટૂંકમાં સંશોધકે પોતાના સંશોધન કાર્યના આરંભે સંબંધિત સાહિત્યની સમીક્ષા તૈયાર કરી લેવી જોઈએ. જેથી કરીને પોતાના સંશોધન વિષય પરત્વે કેટલું ખેડાણ થયું છે ? હજુ કઈ બાબત પર વધુ અભ્યાસ કરવાની જરૂર છે, તે અંગે સ્પષ્ટ માર્ગદર્શન મળી રહે અને અગાઉ કોઈ સંશોધન થયેલા છે, તેનું ક્ષેત્ર સીમિત હોય, તો બીજા ક્ષેત્રમાં પણ સંશોધનની શરૂઆત કરી શકાય.

આમ, સંબંધિત સાહિત્ય સંશોધકને પોતાના સંશોધનક્ષેત્રમાં કેટલું કાર્ય કરવું જરૂરી છે તે નક્કી કરવામાં, સંશોધનનું ક્રિયાત્મક માળખું તૈયાર કરવામાં મદદરૂપ બને છે.

## 2.9 મનોભારની સંકલ્પના અને વ્યાખ્યાઓ :–

અંગ્રેજી શબ્દ 'STRESS'ના પર્યાય તરીકે ગુજરાતી ભાષામાં 'મનોભાર', 'તાણ', 'તનાવ' વગેરે શબ્દો પ્રયોજાય છે. પ્રસ્તુત અભ્યાસમાં તે પૈકી 'મનોભાર' શબ્દપ્રયોગને સ્વીકારીને ચર્ચા કરવામાં આવી છે.

ભારતીય પ્રાચિન સંસ્કૃતિ અને પ્રાચિન ગ્રંથોમાં મનોભાર શબ્દ જુદા જુદા સ્વરૂપે જોવા મળે છે. ચરક સંહિતા, પતંજલિનું યોગસૂત્ર અને શ્રીમદ્ ભગવદ્ ગીતામાં મનોભાર શબ્દનાં દર્શન અન્ય સ્વરૂપે જોવા મળે છે. જેમ કે, દુઃખ, કલેષ, તૃષ્ણા, સંશય અને આધિ (Mental aberrations) વગેરે.

ભિન્ન ભિન્ન સંશોધકોએ મનોભાર શબ્દ જુદી જુદી રીતે પ્રયોજયો છે. સ્પિગલે (1945) મનોભારને વ્યકિત પર અસામાન્ય માંગ રજૂ કરતા ઉદ્દીપક ઘટના તરીકે સ્વીકારેલ છે. સેલી

(1976) મનોભારને મુશ્કેલીજનક ઘટના પ્રત્યે વ્યકિતએ આપેલ પ્રતિચાર તરીકે વર્ણવે છે. વેયને (1983) જણાવ્યુ છે કે, મનોભાર એ એવી પરિસ્થિતિ છે કે જે આપણી ખુશી માટે ધમકીરૂપ હોય અથવા તેને ધમકીરૂપે પ્રત્યક્ષીકૃત કરવામાં આવતી હોય અને પરિણામે આપણી અનુકૂલિત થવાની ક્ષમતા પર માનસિક બોજો ઉત્પન્ન કરે છે. વેરીસ (1979) જણાવે છે કે મનોભારનાં કારણે વ્યકિત સાવધાન, અસરકારક કાર્ય કરવા યોગ્ય બને છે. મનોભારક્ષેત્રના ભારતીય નિષ્ણાંત ડો. પેસ્તનજી (1987) નોંધે છે કે, મનોભારનાં કારણે વ્યકિત સંતોષ અનુભવે છે અને ઉચ્ચપ્રકારની સિદ્ધિ માટે પ્રેરણા મેળવે છે. પેટ્રોસ્કો (1998) એ જણાવ્યું છે કે રચનાત્મક પ્રવૃતિઓ, અભ્યાસમાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્તિ, સમસ્યા નિદાન શકિત, જોખમ ખેડવાની હિંમત, સામાજિકતા અને નિયમિતતા વ્યકિતમાં મનોભારનાં કારણે જન્મે છે.

## 2.9.1 શૈક્ષણિક મનોભારનું સૈધ્ધાંતિક મહત્વ :–

સામાન્ય રીતે મનોભાર એ માનવીના જીવનની એવી પરિસ્થિતિ છે કે જેનાથી તેનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય જોખમાય છે. અભ્યાસ કરતાં તરૂણને પણ પોતાની અભ્યાસલક્ષી મુશ્કેલીઓનો તાત્કાલિક ઉકેલ મળે નહીં ત્યારે જે માનસિક અવસ્થા ઉદ્દભવે છે તેને શૈક્ષણિક મનોભાર કહે છે.

શૈક્ષણિક મનોભારની અવસ્થામાં તરૂણ સતત અનિશ્ચિતતા અને પડકાર અનુભવે છે. ગીતામાં કહ્યું છે કે, ‘‘સંશયી નો વિનાશ છે.’’ એટલે કે જેનું મન દ્વિધામાં હોય તે વ્યકિત છેવટે નાશ પામે છે. લેટિન ભાષામાં મનોભાર એટલે રૂંધાવું, ગૂંગળાવવું. આમ, અભ્યાસકીય પ્રવૃત્તિમાં લડી શકવાની કે છટકી શકવાની શકયતા રહેતી નથી. ત્યારે માનસિક ખેંચ (શૈક્ષણિક મનોભાર) ઊભી થાય છે. એપોસલ જેઈમ્સ (1993) કહે છે કે, દ્વિધાવાળી વ્યકિત દરેક રીતે અસ્થિર હોય છે. તેના વિચારો, નિર્ણયો, લાગણીઓ, અભિપ્રાય બધું અસ્થિર હોય છે. આમ, માનસિક ખેંચ મનની દ્વિધાભરી સ્થિતિ સુચવે છે. મનોભાર ક્ષેત્રે સંશોધન કરનારા રિચાર્ડ લેઝારસ (1966) માને છે કે, પરિસ્થિતિનાં મૂલ્યાંકનથી જ મનોભારની શરૂઆત થાય છે.

શીંગ્લોત (1999) મનોભારની સ્પષ્ટતા કરતાં કહે છે કે, ‘‘સામાન્ય રીતે આપણે મનોભારને નકારાત્મક રીતે લઈએ છીએ. પરંતુ, મનોભાર હંમેશા હાનિકારક હોતો નથી. ખરેખર તો

મનોભાર વિનાનું જીવન જ શકય નથી. મનોભાર વિનાનું જીવન નીરસ અને નિષ્ક્રિય અસ્તિત્વ માત્ર બની જાય.''

મનોભારનો મનોવૈજ્ઞાનિક સમસ્યા તરીકેનો સૌપ્રથમ અભ્યાસ હાવર્ડ યુનિવર્સિટીનાં શરીરક્રિયા વિજ્ઞાન – વિશેષજ્ઞ વૉલ્ટર બી. કેનને કર્યો હતો. તેમણે મનોભારને 'લડો અથવા ભાગી છૂટો', પ્રતિક્રિયા (Fight or Flight Response) તરીકે વર્ણવેલ છે. મનોભારથી વ્યકિતનો આત્મવિકાસ થાય છે. અણધારી પરિસ્થિતિઓનો સામનો કરવાનું બળ વધે છે. જો મનોભારનો યોગ્ય રીતે સામનો કરવામાં આવે, તો વ્યકિતની શકિતઓનો વિકાસ થાય છે. જે મનોભાર વ્યકિત પર અનુકૂળ અસર ઉત્પન્ન કરે છે, તેથી તેને સુખદ મનોભાર (Eustress) કહે છે.

પેટ્રોસ્કો (1998)એ જણાવ્યુ છે કે રચનાત્મક પ્રવૃતિઓ, અભ્યાસમાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્તિ, સમસ્યા નિદાન શકિત, સામાજિકતા અને નિયમિતતા તરૂણોમાં મનોભારનાં કારણે જન્મે છે. છતાં આવી કોઈ એક સ્પષ્ટતા શૈક્ષણિક મનોભારની સંકલ્પનાને સંપૂર્ણ રીતે સ્પષ્ટ કરી શકે નહીં. સામાન્ય રીતે મનોભારનાં ઉદ્દગમ સ્થાનો ત્રણ છે. આપણું વાતાવરણ, આપણા વિચારો અને આપણું શરીર. આપણે સતત હવામાનનાં ફેરફારો, કુદરતી આફતો, ઘોંઘાટ, ભીડ, સમયનું દબાણ, કાર્ય દબાણ, વ્યકિત–વ્યકિત વચ્ચેનાં સંબંધોની તાણ વગેરેનો અનુભવ કરીએ છીએ. આ ફેરફારો સામે અનુકૂલન પેદા કરવા માટે આપણું મગજ અને શરીર જે પ્રક્રિયાઓ ઉત્પન્ન કરે છે, તેને જ મનોભાર કહેવામાં આવે છે. પ્રા. ત્રિવેદી (1989) અપેક્ષા ભારણની માત્રા જયારે જયારે પ્રમાણસર કરતાં વધી જાય છે, જે વ્યકિતની અનુકૂલિત થવાની તાકાત બહાર હોય, ત્યારે શૈક્ષણિક મનોભાર ઉત્પન્ન થાય છે. મનોભાર સંશોધકો Thomes Holmes and Richard Rahe (1867)નાં મત મુજબ કોઈપણ પરિવર્તન જે વ્યકિતને પોતાની જીવનશૈલી અથવા વર્તન બદલવા મજબૂર કરે છે તે મનોભાર ઉત્પન્ન કરે છે. મનુષ્યમાં ઉત્પન્ન થતાં મનોભારને માપવા માટે સામાજિક અનુકૂલન સ્કેલ વપરાય છે. આ સ્કેલમાં ૪૩ જીવનઘટનાઓનો સમાવેશ થાય છે. જેમાંની કેટલી અત્રે આપેલ છે. એક આંકડાકિય વિતરણ આપવામાં આવ્યું છે જે દર્શાવે છે કે મનોભાર કેટલી માત્રામાં ઉત્પન્ન થાય છે. (13)

---

13. **Hockenbury D. H., Hockenbury S.E. : "Psychology", Ch.-13, P. 371.**

જીવનની ઘટનાઓ અને મનોભાર Table - 2.1

| | Life Event's<br>જીવનની ઘટનાઓ | Life change unit's<br>મનોભાર (બદલાવ) |
|---|---|---|
| 1. | અંગત બિમારી કે ઈજા | 53 |
| 2. | કુટુંબના સભ્યની બિમારી | 44 |
| 3. | શાળા / કોલેજ પરીક્ષા | 38 |
| 4. | નજીકનાં મિત્રનું મૃત્યુ | 37 |
| 5. | જવાબદારીમાં ફેરફાર થવો. | 29 |
| 6. | પોતાની મહાન સિધ્ધિઓ | 28 |
| 7. | શાળામાં પ્રવેશ / છોડવી | 26 |
| 8. | રહેણી કરણીમાં ફેરફાર | 25 |
| 9. | ઘરની ફેરબદલી | 20 |
| 10. | કામનાં (અભ્યાસનાં) કલાકોમાં ફેરફાર | 20 |
| 11. | સ્કૂલની ફેરબદલી | 20 |
| 12. | શાળા બંધ થવી કે શરૂ થવી. | 20 |
| 13. | સામાજિક પ્રવૃત્તિમાં ફેરફાર | 18 |
| 14. | ઊંઘવાની ટેવમાં ફેરફાર | 16 |
| 15. | વેકેશન | 13 |

ઉપરોકત સમસ્યાઓમાંથી નજીકનાં સંબંધી / મિત્રનું મૃત્યુ, કૌટુંબિક બિમારી, શાળામાં પ્રવેશ કે શાળા છોડવી, શાળા / કોલેજ પરીક્ષા, શાળા બંધ થવી કે શરૂ થવી અને વેકેશન તરૂણોમાં મનોભાર ઉત્પન્ન કરનારી સમસ્યાઓ કહી શકાય.

Rangaswami (1995) points out that students experience a veriety of changes and stress to adapt to, they may need to face changes in the environment, interpersonal relationships, personal indentity and pressure for academic excellence and though competition from peers. The available

sources may not be adequate to meet the challenges, thus leading to streess.(14)

આમ, ''શૈક્ષણિક મનોભાર એટલે એવા સંજોગો જે તરૂણ માટે પડકારરૂપ હોય અને જે તેની અભ્યાસલક્ષી તેમજ અર્જિત શકિતઓને નુકસાન પહોંચાડે.''

શૈક્ષણિક મનોભાર તરૂણોના અભ્યાસ પર અસર કરનારું મહત્વનું પરિબળ છે. મનોભારનું પ્રત્યક્ષીકરણ પ્રત્યેક તરૂણ પોતાની આગવી રીતે કરે છે.

## ★ શૈક્ષણિક મનોભારની લાક્ષણિકતાઓ :–

મનોભાર વિશે મનોવૈજ્ઞાનિકોએ આપેલી વ્યાખ્યાઓના આધારે શૈક્ષણિક મનોભારની કેટલીક લાક્ષણિકતાઓ તારવવામાં આવી છે. જે આ મુજબ છે.

(1) મનોભાર શારીરિક અથવા માનસિક હોઈ શકે છે.

(2) શારીરિક અને માનસિક મનોભાર બંને આંશિક રીતે સાથે જોડાયેલા હોય છે અથવા તો બંને વચ્ચે પારસ્પરિક ક્રિયા થતી હોય. દા.ત. પરીક્ષા વિદ્યાર્થી માટે આ બંને પ્રકારના મનોભાર ઉત્પન્ન કરે છે.

(3) મનોભારનું પ્રત્યક્ષીકરણ આત્મલક્ષી છે. દા.ત. પ્રવેશ કસોટી આપતા આ બે વિદ્યાર્થીઓ પૈકી એક માટે તે પરિસ્થિતિ ખૂબ જ તનાવજનક હોય, જયારે બીજો વિદ્યાર્થી તેને પડકાર તરીકે સહજ રીતે સ્વીકારી લે છે.

(4) મનોભાર પોતે પોતાની જાત ઉપર લાદેલો હોઈ શકે. દા.ત. તરૂણો પોતાની જાત પર ઊંચા ગુણ મેળવવાનું દબાણ લાદે છે, પરિણામે મનોભાર અનુભવે છે.

(5) સંસ્થાગત નીતિ–નિયમો કે વ્યવસ્થા મનોભાર જન્માવે છે. દા.ત. કડક શિસ્તનાં નિયમો, ગણવેશ, બેઠક વ્યવસ્થા, જડ સમયપત્રક વગેરે બાબતોથી તરૂણોમાં મનોભાર જન્મે છે.

## ★ શૈક્ષણિક મનોભાર ઉત્પન્ન કરનારી પરિસ્થિતિઓ :–

મનોભાર ઉત્પન્ન કરનારી પરિસ્થિતિઓને Stressors તરીકે ઓળખવામાં આવે છે. મનોભાર

14. **Rangaswami K. : " Academic Stress and Mental Health" Indian Journal of Clinical Psychology, 1995, Page - 22, 1.**

ઉત્પન્ન કરનારી મનોવૈજ્ઞાનિક પરિસ્થિતિઓ વ્યકિતએ – વ્યકિતએ ભિન્ન હોય છે. તેમજ તેની માત્રા પણ ભિન્ન હોય છે.

**(1) મૂળભૂત જરૂરિયાતો :–**

શારીરિક જરૂરિયાતો, સલામતીની જરૂરિયાતો, સામાજિક જરૂરિયાતો અને આત્મધ્ધિની જરૂરિયાત એ માનવીની મૂળભૂત જરૂરિયાતો છે. જેનો મેસ્લોએ (1954) નિર્દેશ કરેલો છે. જયારે શારીરિક જરૂરિયાતો સંતોષાઈ જાય ત્યારે જ બીજી જરૂરિયાતો ચિત્રમાં આવે છે. આ જરૂરિયાતોની પૂર્તિ થઈ શકે નહીં ત્યારે માનસિક ખેંચ ઉત્પન્ન થાય છે. શાળામાં અભ્યાસ કરતો તરૂણ શાળાનાં વિદ્યાર્થીની મૈત્રી, પ્રેમ અને રક્ષણની જરૂરિયાત ન સંતોષાય ત્યારે તે મનોભાર અનુભવે છે.

**(2) જીવન સંજોગો અને મનોભાર :–**

કેટલાંક જીવનકાળ સંજોગો જ તરૂણમાં મનોભાર ઉત્પન્ન કરે છે. જેમ કે, નજીકની વ્યકિતનું મૃત્યુ, નિરાશા, હતાશા, શાળામાં પ્રવેશ, ભાવિ કારકિર્દી માટે નિર્ણયનો સમય, પરીક્ષામાં અસફળ થવું, અપેક્ષિત વિદ્યાશાખામાં પ્રવેશ ન મળવો, પ્રિય શિક્ષકનું અવસાન વગેરે ઘટનાઓ તરૂણને વધુ સંવેદનશીલ બનાવે છે અને મનોભાર ઉત્પન્ન કરે છે. આ ઉપરાંત મનોભારનાં અન્ય કેટલાંક કારણો પણ હોઈ શકે જેમકે, (1) અભ્યાસનું ભારણ / બોજો (2) શૈક્ષણિક માર્ગદર્શનનો અભાવ (3) સિનિયર વિદ્યાર્થી દ્વારા થતી પજવણી (4) બેરોજગારીનો ભય (5) સહશિક્ષણ (6) કૌટુંબિક અને આર્થિક સમસ્યાઓ.

આમ, મનોભારનો જીવનનાં પ્રત્યેક તબક્કે સામનો કરવો પડતો હોય છે.

**(3) બુધ્ધિ અને મનોભાર :–**

કુટુંબમાં, શાળામાં, વ્યવસાયમાં કે સમાજમાં, પ્રત્યેક ક્ષેત્રમાં ઓછી બુદ્ધિવાળા લોકો મનોભારનો ભોગ બને છે.

પ્રતિભા સંપન્ન બાળકો સામાન્ય બાળકો કરતાં વિચારશકિત, તર્કશકિત અને અન્ય શકિતઓમાં ચઢિયાતો હોવાને લીધે શાળા અભ્યાસમાં અને ઈતરપ્રવૃતિઓમાં હંમેશા આગળ હોય છે. તેથી

તેમના માટે સહાધ્યાયીઓ સાથે સમાયોજનના પ્રશ્નો પેદા થાય છે. જો શિક્ષક સામાન્ય કક્ષાના હોય અથવા તે વિશાળ સંખ્યાને ધ્યાનમાં રાખી મધ્યમ કક્ષાનું શિક્ષણ આપતાં હોય તો આવા પ્રતિભાસંપન્ન વિદ્યાર્થીઓ શિક્ષકને પ્રશ્નો પૂછીને મૂંઝવે છે. કેટલાંક શિક્ષકો બાળકની પ્રતિભાને ઓળખી તેનો ઉત્સાહ વધારવાને બદલે તું શા માટે આવા પ્રશ્નો પૂછે છે ? એમ કહી વર્ગમાં તેનું અપમાન કરે છે. આ રીતે વર્ગનું પર્યાવરણ ઊંચી બુધ્ધિકક્ષા ધરાવતા તરૂણોને ઉત્તેજક ન હોવાથી તેઓ મનોભાર તરફ ધકેલાઈ જાય છે.

## (4) કૌટુંબિક જીવન અને મનોભાર :–

કુટુંબના સભ્ય સાથે મતભેદ, પરસ્પર અવિશ્વાસ, શંકા, વિરોધ, પજવણી, રીસ વગેરે સ્વરૂપે લાંબાગાળાનો સંઘર્ષએ મનોભારનું સબળ ઉદ્દભવ સ્થાન છે.

બાળક માટે પિતા એ પ્રથમ અપરિચિત વ્યકિત છે. તે વિસ્તૃત સમાજને અનુકૂળ થવાના પડકારનો નમૂનો છે. જે બાળક પિતાથી ડરે છે, તે દરેક અપરિચિત વ્યકિતથી ડરે છે. માતૃત્વમાં જૈવિક એષણાનો અંશ વધુ હોય છે. જયારે પિતૃત્વ સાપેક્ષ રીતે સામાજિક હોય છે. કેટલાંક કુટુંબોમાં બાળકો અને માતા–પિતા વચ્ચે સમજનો અભાવ અને વાતચીત વ્યવહારની નિષ્ફળ તા જોવા મળે છે. આ બાબત તરૂણોની કુદરતી બળવાખોરી અને આક્રમકતામાં ફાળો આપે છે. કૌટુંબિક કાયદા–કાનૂન, પિતાની સરમુખત્યાશાહી, માતાની આત્મનિર્ભરતા, કૌટુંબિક પ્રેમભગ્નતા વગેરે બાબતોથી તરૂણોમાં મનોભાર પેદા થાય છે.

## (5) વ્યકિતગત કારણો અને મનોભાર :–

તરૂણો પોતાની આગવી લાક્ષણિકતાઓ કે નબળાઈઓના કારણે મનોભાર અનુભવે છે, જેમ કે,

| | |
|---|---|
| 1. સ્વાભિમાનની ખામી | 2. અસ્થિરતાની સ્થિતિ |
| 3. અસ્વસ્થતાની લાગણી | 4. અક્કડ વલણ |
| 5. સ્પર્ધાત્મકતા. | 6. અતિઆક્રમકતા |

7. ભણવાનો વધુ પડતો ભાર

8. અધિરાઈ

9. હતાશા

10. અસ્પષ્ટતા

11. ધમકીનો અનુભવ

12. આત્મવિશ્વાસનો અભાવ

13. સામાજિક હૂંફનો અભાવ

14. સફળતા–અસફળતાનો ભય

15. ખરાબ ટેવો

16. નિર્ણયશિકતનો અભાવ

17. હૈયુ ઠાલવી ન શકવું.

18. જતુ કરવાની અશકિત, સહનક્ષમતાનો અભાવ

મનોવૈજ્ઞાનિક જહોન લેમ્બર્થ (1976) મનોભાર ઉત્પન્ન થવાના કારણો આપતાં જણાવે છે, "Many investigators have been interested in how people behave under stress. Stressful situations occur in everyone's life. The death of a close family member, serious injury and the loss of a job are three ordinary examples of extreme stress. Doing poorly in the academic situation, breaking involved in a minor automobile accident are usually less stressful than the first three extreme situations."

મનોભાર ઉત્પન્ન કરનારા સ્ત્રોત અને તેનાથી પેદા થતા પરિણામો દર્શાવતું મનોભારનું મોડેલ આકૃતિ દ્વારા રજૂ કરવામાં આવ્યું છે.

# મનોભારનું મોડેલ



વ્યક્તિ
મનોભાર જન્માવતા સ્ત્રોત
મનોભારના પરિણામો
પર્યાવરણનાં પરિબળો
1. સામાજિક અસ્થિરતા
2. આર્થિક અસ્થિરતા
વૈયક્તિક પરિબળો
1. કૌટુંબિક સમસ્યાઓ
2. શૈક્ષણિક સમસ્યાઓ
3. સમાયોજનની સમસ્યાઓ
જ્ઞાનાત્મક મૂલ્યાંકન
ઘટના ધમકીરૂપ / પડકારરૂપ છે?
પરિસ્થિતિનો સામનો કરવા માટેનાં સ્ત્રોત પૂરતા છે ?
હા
ના
મનોભાર રહિત
મનોભારનો અનુભવ
શારીરિક લક્ષણો
1. માથું દુઃખવું
2. લોહીનું દબાણ
3. હૃદય રોગ
મનોવૈજ્ઞાનિક લક્ષણો
1. ચિંતા
2. ઉદાસીનતા
3. વૈફલ્ય
4. દબાણ
વાર્તનિક લક્ષણો
1. પીછેહઠ
2. બેચેની
3. ઉત્પાદકક્ષમતામાં અવરોધ

★ **શૈક્ષણિક મનોભારની અસરો :–**

મનોભાર અને સંઘર્ષ હંમેશા હાનિકારક હોતાં નથી. જ્ઞાનપ્રાપ્તિની તીવ્ર ક્ષમતાવાળી વ્યકિતઓમાં તનાવ હરીફાઈ અને વિચારશકિત માટનાં પ્રયત્નો વધારી શકે છે. મનસિક તનાવ વ્યકિતના વ્યકિતત્વનું ઉત્તમ નિર્માણ કરી શકે છે અથવા તેનું ખંડન કરી શકે છે. તેનું રહસ્ય છે, વ્યકિત કેટલી અનુકૂળ બની શકે છે.

★ **નકારાત્મક અસરો :–**

(1) **વર્તનની સમસ્યાઓ :–**

જેવી કે, સ્વભાવ ચિડીયો જઈ જાય, કામકાજમાં ભૂલો થવા માંડે, મનમાં જડતા પેદા થાય, તમાકુ, દારૂ કે નશાકારક ચીજોની આદત પડી જાય, ખોરાક પ્રત્યે અરૂચિ જન્મે, ક્ષુલ્લક બાબતો પ્રત્યે વધુ પડતી પ્રતિક્રિયા, લાગણીઓ પર કાબુનો અભાવ.

(2) **કાર્યસિદ્ધિમાં ઘટાડો :–**

અભ્યાસમાં / કામકાજમાં એકાગ્રતા ઘટી જાય, કામકાજમાં ભૂલોનું પ્રમાણ વધી જાય, સ્વભાવ ભૂલકણો બની જાય, કાર્ય કરવાનો ઉત્સાહ રહે નહીં, વિવેકબુદ્ધિનો હ્રાસ્ થાય, ટીકા તરફ વધુ સંવેદનશીલ બને, કામમાં અસંતોષની ભાવના, કાર્યમાં આવેશવાળી વર્તણૂંક.

(3) **સ્વાસ્થ્યની સમસ્યાઓ :–**

આધુનિક સંશોધનો મુજબ લગભગ 75% જેટલા રોગો મનોભાર સાથે સંબંધ ધરાવે છે. જેને મનો–દૈહિક રોગો કહે છે. જેવા કે, તનાવજન્ય શિરદર્દ, આધાશીશી, દમ, ઊંચુ બ્લડપ્રેશર, અપચો, અનિદ્રા, ચક્કર આવવા, મોં સુકાવું, ચાંદા વિગેરે...

★ **વિધેયાત્મક અસરો :–**

મનોભાર હંમેશા હાનિકારક હોતો નથી. ખરેખર તો મનોભાર વિના જીવન જ શકય નથી. મનોભાર આરોગ્યમય પણ હોઈ શકે, કારણ કે તે વધુ શારીરિક પ્રયત્નો કરવા પ્રેરણા પૂરી પાડે છે. જો વ્યકિતની સંરક્ષણ શકિતઓ સંપૂર્ણ રીતે કામ કરતી હોય તો મનોભાર આશીર્વાદરૂપ બને છે. જેમ કે, સ્નાયુઓમાં લોહીનું પરિભ્રમણ વધે છે. તેથી શરીર સ્ફૂર્તિનો અનુભવ કરે છે.

★ ઈન્દ્રિયો સતેજ બને છે.

★ ચયાપચયની પ્રક્રિયા ઝડપી બને છે.

★ મગજની વિચાર શકિત ઝડપી બને છે.

★ બુદ્ધિ તીક્ષ્ણ બને છે, ત્વરિત નિર્ણય પ્રક્રિયા શરૂ થાય છે.

★ ધ્યાનકેન્દ્રિત કરવાની શકિત વધે છે.

★ હળવા તનાવથી જોખમોનો સામનો કરવાની શકિતમાં વધારો થાય છે.

★ શારીરિક અને માનસિક સજ્જતામાં વધારો થાય છે. એટલે કે શારીરિક અને માનસિક કૌશલ્યોની ક્ષમતા વધે છે.

★ **સમીક્ષા માટે પસંદ થયેલા સંશોધનો :–**

પૂર્વે થયેલા સંશોધનો પૈકી મનોભાર અને સમાયોજન ક્ષેત્રે થયેલા શૈક્ષણિક સંશોધનોનો અત્રે સમીક્ષામાં સમાવેશ કરવામાં આવ્યો.

આ માટે મનોવૈજ્ઞાનિક, શિક્ષણ તેમજ શૈક્ષણિક સંશોધનોને લગતા દેશ–વિદેશના સામયિકો, મેગેઝિનો, સંશોધનપત્રોનો સાર પ્રકાશિત કરતાં સામયિકો તથા ઈન્ટરનેટ પરથી સંશોધનો મેળવવામાં આવ્યા હતા. પ્રાપ્ત થયેલ સંશોધનોની વિગત સારણી 2.2માં રજૂ કરવામાં આવી છે.

Table - 2.2

**સમીક્ષા માટે પસંદ થયેલા સંશોધનો**

| ✓✓ | ✓✓✓✓ | ✓ ✓✓✓✓✓✓✓✓✓ | ✓✓✓✓✓✓ | ✓✓ ✓✓✓ | ✓✓✓✓✓✓✓✓✓✓ ✓✓✓✓ |
|---|---|---|---|---|---|
| 1 | ✓✓✓✓✓ ✓✓✓✓✓ ✓✓ | **7** | **8** | **6** | **21** |
| 2 | ✓✓✓✓✓✓✓ | **4** | **8** | **12** | **24** |
| ✓✓ | **2** | **11** | **16** | **18** | **45** |

સારણી 2.2 પરથી દર્શાવી શકાય કે, શૈક્ષણિક મનોભાર વિશે આંતરરાષ્ટ્રિય કક્ષાએ 7, રાષ્ટ્રિય કક્ષાએ 8, અને ગુજરાત કક્ષાએ 6 કુલ 21 સંશોધનો પ્રાપ્ત થયા હતાં. જયારે સમાયોજન વિશે આંતરરાષ્ટ્રિય કક્ષાએ 4, રાષ્ટ્રિય કક્ષાએ 8 અને ગુજરાત કક્ષાએ 12. કુલ ૨૪ સંશોધનો પ્રાપ્ત થયાં હતા.

## 2.10 શૈક્ષણિક મનોભાર વિશે પૂર્વે થયેલા સંશોધનોની સમીક્ષા :–

### 2.10.1 ભારથી નો અભ્યાસ (1980) Ph.d. અભ્યાસ (ગુજરાત)

**શિર્ષક :** '' પ્રાથમિક શાળાનાં બાળકોની ચિંતાતુરતા વિશેનો અભ્યાસ.''

**હેતુ :** ''ઉંમર, જાતિ, સામાજિક વર્ગ, કૌટુંબિક માળખું, માતા–પિતા અને માતા–પિતાના વલણો વચ્ચેની તાણની સમતુલા તેમજ સ્વપ્નો, ભાષા, ભાષાના કાર્યો વચ્ચેના વર્તુણકનાં સંદર્ભમાં આંતરસંબંધોનું ગુણાત્મક અને જથ્થાત્મક રીતે માપન કરવાનો હતો.''

**સાધનો :** (1)CMAS કસોટી

(2)સામાજિક આર્થિક સ્તર માપનતુલા

(3)સ્ટ્રકચર ટેન્શન બેલેન્સ પ્રશ્નાવલી.

(4)PARI કસોટી

(5)ડ્રીમ ચેકલીસ્ટ

**નિદર્શ:** પ્રાથમિક શાળાનાં 5 થી 7 વર્ષની ઉંમરના 300 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**આંકડાશાસ્ત્રીય પ્રયુકિત :**

(1) સહસંબંધ પ્રયુકિત

(2) F–કસોટી

**તારણો :**

(1) ચિંતાનો આધાર બાળકોની ઉંમર, જાતિ, સામાજિક વર્ગ વગેરેની સંયુકત અસર પર આધારિત છે.

(2) બાળકોની ચિંતાતુરતામાં માતા–પિતાનાં વલણો દ્રઢ રીતે સંકળાયેલા જોવા મળતા હતા.

(3) બાળકોની ઊંચી માત્રાની ચિંતા તેની ભાષાનાં ઉચ્ચારને અસર કરે છે.

(4) ચિંતા અને સ્વપ્નો વચ્ચે કોઈ ખાસ સંબંધ જોવા મળેલ નથી.

### 2.10.2 ફર્નાન્ડિઝ અને મૂર્તિ (1989) નો અભ્યાસ

અપ્રકાશિત સંશોધન પેપર, બેંગ્લોર યુનિવર્સિટી.

**શિર્ષક :** ''માધ્યમિક શાળાનાં શિક્ષકોની નોકરી સંબંધી તાણ અને ઝલનનો એક અભ્યાસ''

**હેતુ :** (1) માધ્યમિક શાળાનાં શિક્ષકોનાં તાણ સંબંધિત પરિબળો શોધવા.

(2) બેંગ્લોર શહેરની શાળાઓનાં શિક્ષકોનાં ઝલન વર્તન સંબંધી શોધ કરવી.

(3) પરિણીત શિક્ષકો પાસેથી તાણનાં અનુભવોની માહિતી એકત્ર કરવી.

**નિદર્શ:** બેંગ્લોરનાં પૂર્વ પ્રાંતની સાત માધ્યમિક શાળાઓનાં 50 સ્ત્રી શિક્ષકોને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા. જેમાં 41 પરિણિત અને 9 શિક્ષિકાઓ અપરિણીત હતા. જેમની ઉંમર 22 થી 59 વર્ષની હતી.

**સાધનો :** (1) S.S.Q. (તાણ લક્ષણ પ્રશ્નાવલી)

(2) M.S.B. Malsach's ની ચિંતાતુરતાની કસોટી

**આંકડાશાસ્ત્રીય પ્રયુકિત :**

t કસોટી

**તારણો :** (1) કુલ નિદર્શનાં ૭૦% તાણનો અનુભવ કરે છે. જોકે તાણની માત્રા જુદી જુદી ગણાવી શકાય.

(2) ''વિદ્યાર્થીઓનું અયોગ્ય વર્તન'' શિક્ષિકાઓ માટે વધુ તાણ અપાવે તેવું જાણવા મળ્યું હતું.

(3) અન્ય પરિબળોમાં સમય પાલનમાં દબાણ, કાર્ય શિથિલતા અને નબળું સ્કૂલ નીતિમત્તાનું ધોરણ જાણવા મળ્યું.

(4) તાણ અને ઝલન વચ્ચેનો સહસંબંધાંક એ સૂચવે છે કે, તાણ એ સામાન્ય રીતે થાક સાથે જોડાયેલા હોય છે.

## 2.10.3રાજેન્દ્રન અને કલિપ્પન નો અભ્યાસ (1990) (યુનિવર્સિટી ઓફ મદ્રાસ)

**પ્રકાશન :** "Journal of personality and clinical studies - 1990"

**શિર્ષક :** '' શૈક્ષણિક મનોભારની શૈક્ષણિક પ્રગતિ પર થતી અસરનો અભ્યાસ કરવો''

**હેતુ :** ''માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનાં શૈક્ષણિક મનોભારનો વૈયકિતક ઓળખ, નાપાસ થવાનો ભય, આંતરિક મુશ્કેલીઓ અને અભ્યાસની અપૂર્ણ સગવડોના સંદર્ભમાં અભ્યાસ કરવો.''

**નિદર્શ :** (1) ધોરણ–7 થી ધોરણ–9માં અભ્યાસ કરતાં 12 થી 15 વર્ષની ઉંમરના કુલ 40

વિદ્યાર્થીઓ જેમાં 20 પ્રાયોગિક જૂથનાં અને 20 નિયત્રિંત જૂથનાં તેમજ

(2) હાઈસ્કૂલમાં અભ્યાસ કરતાં કુલ 120વિદ્યાર્થીઓ.

**સાધનો :** Student academic stress scale (5 - point scale)

**આંકડાશાસ્ત્રીય પ્રયુકિત :** ' t ' - ગુણોત્તર પધ્ધતિ

**તારણો :** (1) વિદ્યાર્થીઓનાં શૈક્ષણિક મનોભારની તેની શૈક્ષણિક પ્રગતિ પર અસર પડે છે.

(2) વૈયકિતક ઓળખ, નાપાસ થવાનો ભય, તેમજ મુશ્કેલીઓની શૈક્ષણિક પ્રગતિ પર અસર પડે છે.

(3) સ્ટ્રેસ મેનેજમેન્ટની પ્રયુકિતઓ (રિલેક્ષેસન ટ્રેઈનીંગ)ની વિદ્યાર્થીઓનાં મનોભાર પર અસર પડે છે.

(4) રિલેક્ષસેન ટ્રેઈનીંગ, વાંચન–લેખન ટ્રેઈનીંગ, નિર્ણયશકિત તેમજ દ્રશ્યશ્રાવ્ય પ્રોગ્રામો વિદ્યાર્થીને તેના અભ્યાસમાં મદદરૂપ બને છે.

### 2.10.4. ફ્રિડ લુથાન્સ નો અભ્યાસ (Fred Luthans) (1992) (કેરાલા યુનિવર્સિટી)

**પ્રકાશન :** "સંશોધન પેપર, Indian Journal of psychology and education"

**શિર્ષક :** ''મનોભારની અનુભૂતિ કરતી વ્યકિત માટે મનોભારના તબક્કાઓનો અભ્યાસ કરવો.''

**હેતુ :** ''વિવિધ ચલોનાં સંદર્ભમાં માધ્યમિક શાળાનાં શિક્ષકોનાં મનોભાર અને સમાયોજન વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો.''

**નિદર્શ :** કેરાલાનાં કોલમ જિલ્લાનાં 60 શિક્ષકો જેમાં 14 પુરૂષો અને 46 સ્ત્રીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવી હતી.

**સાધનો :** સ્વરચિત તાણ વિકાસ માપન કસોટી.

**આંકડાશાસ્ત્રીય પ્રયુકિત :**

' t ' - ગુણોત્તર પધ્ધતિ

**તારણો :** (1) મનોભારની માત્રામાં સ્ત્રી–પુરૂષ શિક્ષકો વચ્ચે તફાવત જણાયો હતો.

(2) સ્ત્રી શિક્ષકોમાં પુરૂષ શિક્ષકો કરતાં મનોભાર વધુ જણાયો હતો.

(3) ૪૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના શિક્ષકો વધુ મનોભાર અનુભવતા હતા.

(4) જુદી જુદી લાયકાત ધરાવતાં શિક્ષકોનાં મનોભારમાં તફાવત જોવા મળ્યો હતો.

(5) ભાષા શિક્ષકો અન્ય કરતાં વધુ મનોભાર અનુભવતા હતા.

### 2.10.5 બુકોલા અને જેજીડી નો અભ્યાસ (1992), (યુનિવર્સિટી ઓફ મદ્રાસ)

**પ્રકાશન :** "Journal of science education" - 1992

**શિર્ષક :** " મનોભારયુકત પરિબળોનો અભ્યાસ અને તનાવનિરાકરણ પદ્ધતિનાં પાસાઓ."

**હેતુ :** "વિજ્ઞાન શિક્ષકોમાં પ્રવર્તતા મનોભારયુકત પરિબળોનો અભ્યાસ કરવો તેમજ તનાવ નિરાકરણ પદ્ધતિની અસર તપાસવી."

**નિદર્શ :** માધ્યમિક શાળાઓમાં વિજ્ઞાન શિક્ષકોને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**તારણો :** (1) પ્રસ્તુત અભ્યાસ દ્વારા શિક્ષકોમાં શિક્ષણ પર અસર કરતાં મુખ્ય પાંચ પરિબળોની ઓળખ આ અભ્યાસ દ્વારા જાણવા મળેલ છે.

(1) વિદ્યાર્થીની લાક્ષણિકતાઓ

(2) શિક્ષકની લાક્ષણિકતાઓ

(3) શાળા – પર્યાવરણ

(4) વહીવટીકાર્યો

(5) નોકરીની શરતો / પરિસ્થિતિ.

(2) નિરાકરણ પદ્ધતિ દ્વારા મનોભારમાં રાહત મળતી હતી.

(3) અભ્યાસની અસરકારકતા શિક્ષકોમાં મનોભાર લાવવામાં કે બદલવામાં ફેરફાર કરી શકે છે.

### 2.10.6 પુલીસ (Pullis) નો અભ્યાસ (1992)

**પ્રકાશન :** "Journal of Behavioural Disordered," - 1992

**શિર્ષક :** "મનોભારના કારણે વર્તન વિચલિતતા, સ્ત્રોતો, અસરો તથા મનોભાર નિરાકરણ પદ્ધતિનો અભ્યાસ"

**હેતુ :** "શિક્ષકોનાં વ્યાવસાયિક તનાવનો વિવિધ ચલો : વર્તન વિચલિતતા, સ્ત્રોતો, અસરો તથા મનોભાર નિરાકરણ પદ્ધતિનો અભ્યાસ કરવો."

**નિદર્શ :** માધ્યમિક શાળાનાં વર્તન વિચલિતતા ધરાવતા કુલ 244 શિક્ષકોને નિદર્શ તરીકે પસંદ

કરવામાં આવ્યા.

**સાધનો :** વ્યાવસાયિક તનાવ માટેની પ્રશ્નાવલી

**તારણો :** (1) વિદ્યાર્થીઓના સીધા સંપર્ક કરતાં શાળા – પર્યાવરણ, કારકીર્દિ વિષયક અને કાર્યબોજન પરિબળો મનોભાર સર્જનાર પરિબળો તરીકે જોવા મળ્યા.

(2) થાક, હતાશા અને અતિભારએ મનોભાર સર્જક પરિસ્થિતિ માટે જવાબદાર અને આ પરિસ્થિતિને અન્યત્ર પરત્વે વહન કરવામાં જવાબદાર જણાયાં.

(3) વ્યાવસાયિક સલામતી સંબંધિત મનોભાર સર્જક પરિબળો અન્ય મનોભાર સર્જક પરિસ્થિતિનું નિર્માણ કરવામાં સહાયભૂત નિવડતા હતા.

## 2.10.7 જોહનસન (1993)નો અભ્યાસ

**પ્રકાશન :** "Journal of intervention in school and clinic," 1993

**શિર્ષક :** ''કૌટુંબિક તનાવના પરિણામો, નાના બાળકોનો અભ્યાસ, આવા પ્રકારનાં બાળકો માટે વર્ગ શિક્ષકે શિક્ષણમાં દાખવેલ ખાસ કાળજી.''

**હેતુ :** (1) બાળકની સમસ્યાની ઓળખ કરવી.

(2) બાળકની તનાવભરી સ્થિતિ નિવારવા અને વિકાસ માટે તેની સાથે કાર્ય કરવું.

(3) વર્ગમાં બાળકને યોગ્ય પ્રતિચાર મળે તેવી પરિસ્થિતિ સર્જવી.

(4) આવા બાળકોનાં વાલીઓ સાથે કાર્ય કરવું.

**તારણોઃ** પ્રસ્તુત અભ્યાસ કૌટુંબિક તનાવ પરિસ્થિતિની અસરના કારણે બાળકનાં શાળાનાં વર્તન અને કાર્યક્ષમતાની અસર તપાસવા માટે આ અભ્યાસ સૂચક રીતે મદદરૂપ બનેછે. અભ્યાસ પરથી એવું જણાયું કે, : બાળકની તનાવભરી સ્થિતિમાં શિક્ષક મહત્વની ભૂમિકા અદા કરે તો પણ શાળા કરતાં બાળક ઘેર તેના વાલીની સાથે વધુ સમય રહેતું હોઈ, કુટુંબની સમસ્યાની તેના પર વધુ અસર પડે છે.

પ્રસ્તુત સંશોધનમાં શૈક્ષણિક મનોભાર અનુભવતા તરૂણોને શિક્ષકો અને માતા–પિતા દ્વારા યોગ્ય માર્ગદર્શન અને સલામતિ પૂરા પાડવામાં આવે તો મનોભાર ઘટાડી શકાય તેવું સૂચન આ અભ્યાસ કરે છે.

### 2.10.8 લક્ષ્મણકુમાર (1995)

**(એમ.એડ્નો અભ્યાસ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ–1995)**

(માસ્ટર ઓફ એજયુકેશન શોધનિબંધ, શિક્ષણ અનુસ્નાતક કેન્દ્ર, દરબાર ગોપાલદાસ વિદ્યાલય, અલિયાબાડા.)

**શિર્ષક :** ''રાણાવાવ તાલુકાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનાં વિકેન્દ્રિત ચિંતન, સ્વકલ્પનતા અને ચિંતાતુરતા વચ્ચેનાં સંબંધનો અભ્યાસ.''

**હેતુઓ :** (1) જાતિયતા અનુસાર વિદ્યાર્થીઓનાં વિકેન્દ્રિત ચિંતન, સ્વકલ્પના અને ચિંતાતુરતાનો અભ્યાસ કરવો.

(2) અભ્યાસની શ્રેણી મુજબ વિદ્યાર્થીઓના વિકેન્દ્રિત ચિંતન, સ્વકલ્પના અને ચિંતાતુરતાઓ અભ્યાસ કરવો.

(3) વિદ્યાર્થીઓના વિકેન્દ્રિત ચિંતન, સ્વકલ્પના અને ચિંતાતુરતા ત્રણેય ચલોનો પરસ્પર સંબંધોનો અભ્યાસ કરવો.

**સાધનો :** (1) વિકેન્દ્રિત ચિંતન માટે ડો. જનકભાઈ દવે રચિત ''સર્જનાત્મક અભિવ્યકિત કસોટી'' ના આધારે રચેલી કસોટી.

(2) સ્વ–કલ્પના માટે ડો. ડી.એ.ઉચાટ રચિત સ્વ–કલ્પના સંશોધનિકા.

(3) ડો. કે.જી.દેસાઈ રચિત ''દેસાઈ પ્રગટ ચિંતા માપદંડ''

**નિદર્શ :** ધો. 8, ધો. 9 અને ધો. 10માં અભ્યાસ કરતાં 363 છોકરાઓ અને 321 છોકરીઓ મળીને કુલ 684 નો આકસ્મિક નિદર્શન પદ્ધતી દ્વારા નિદર્શ પસંદ કરેલ હતો.

**આંકડાશાસ્ત્રીય પ્રયુકિત :** (1)પરિબળ ગુણાકાર સહસંબંધાંક (2) t - પ્રયુકિત

**તારણો :** (1) ઊંચી સ્વકલ્પના ધરાવતા વિદ્યાર્થીઓનું વિકેન્દ્રિત ચિંતન ઊંચુ અને ઊંચી ચિંતાતુરતા ધરાવતા વિદ્યાર્થીઓનું વિકેન્દ્રિત ચિંતન નિમ્ન હતું.

(2) છોકરાઓ કરતાં છોકરીઓની વિકેન્દ્રિત ચિંતન કરવાની શકિત નિમ્ન જોવા મળી હતી.

(3) ધો.–૮, ૯ અને ૧૦ પૈકી ધો.–૮ના વિદ્યાર્થીઓમાં ચિંતાતુરતાનું પ્રમાણ ઊંચુ જોવા મળ્યું હતું.

### 2.10.9 દેસાઈ નૂરજહાં (1998) નો અભ્યાસ, (સંશોધન પેપર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ)

**શિર્ષક :** "Anxiety, Depression and self-concept among adolescents; A study in relation to perceived parental attitudes."

**હેતુઓ :** તરૂણોમાં ચિંતા, ખિન્નતા અને સ્વ–ખ્યાલ, માતા–પિતાનાં વલણોનાં પ્રત્યક્ષીકરણનાં સંદર્ભમાં અભ્યાસ.

**નિદર્શ :** રાજકોટની શાળાઓમાં અભ્યાસ કરતાં ઉચ્ચ–આર્થિક–સામાજિક વર્ગનાં 80 છોકરા–છોકરીઓ અને નિમ્ન–આર્થિક– સામાજિક વર્ગનાં 80 છોકરા–છોકરીઓ કુલ 160 વિદ્યાર્થીઓનો નિદર્શ લેવામાં આવેલો હતો.

**સાધનોઃ** (1) વ્યકિતગત માહિતીપત્રક

(2) સિંહા રચિત ફેમિલી રિલેશનશીપ ઈન્વેન્ટરી

(3) એમ. આર. સગારકા રચિત સેલ્ફ કોન્સેપ્ટ સ્કેલ.

**તારણો :** (1) છોકરાઓ અને છોકરીઓમાં ચિંતાની બાબતમાં સાર્થક તફાવત નથી.

(2) ઉચ્ચ અને નિમ્ન આર્થિક–સામાજિક વર્ગનાં તરૂણોમાં ચિંતાની બાબતમાં સાર્થક તફાવત નથી.

(3) માતા–પિતાનાં સ્વીકૃત વલણો અને તરૂણોની ચિંતા વચ્ચે સાર્થક સહસંબંધ છે.

### 2.10.10 વિલ્સ ડી. અને વોર્ટન સી. લૌવ (1998) નો અભ્યાસ

**પ્રકાશન :** બાળક અને તરૂણનાં માનસિક સ્વાસ્થ્યનું દક્ષિણ આફિકન મુખપત્રક – 1998, ગ્રંથ 10(1) પાના નં. 23-31, ભાષા : અંગ્રેજી

**શિર્ષક :** "કેપટાઉન વિશ્વવિદ્યાલયનાં તબીબી વિદ્યાર્થીઓના મનોભાર, વિકૃતચિંતા અને શૈક્ષણિક કરણી અંગેનો અભ્યાસ."

**હેતુઓ :** કેપટાઉન વિશ્વવિદ્યાલયનાં તબીબી વિદ્યાર્થી દ્વારા અનુભવાતા મનોભાર, વિકૃતચિંતાનો અભ્યાસ કરવાનો હેતો.

**નિદર્શ :** તબીબી શાખામાં અભ્યાસ કરતાં 5 મા વર્ષના 471 તબીબી વિદ્યાર્થીઓનો નિદર્શ પસંદ કરવામાં આવ્યો હતો.

**સાધનો :** મનોભાર પ્રશ્નાવલી

**તારણો :** (1) તબીબી વિદ્યાર્થીઓમાં વિકૃતચિંતા અને મનોભારની માત્રા ઊંચી હોય છે.

(2) છોકરા અને છોકરી બન્નેનાં તબીબી ક્ષેત્ર અંગેના મનોભાર અતિતીવ્ર માત્રામાં જોવા મળે છે.

(3) અંગત વાતાવરણલક્ષી ઘટકો અંગેનો મનોભાર બંનેમાં અલ્પથી મધ્યમ માત્રાનો હતો.

### 2.10.11 Benmasour Naima (1998) નો અભ્યાસ

**પ્રકાશન :** Mediterranean Journal of Educational studies - 1998

**શિર્ષક :** ''મોરક્કોન માધ્યમિક શાળાનાં શિક્ષકોનાં વ્યાવસાયિક મનોભાર, વ્યવસાય સંતોષ અને મનોભાર નિરાકરણ પદ્ધતિનો અભ્યાસ.''

**હેતુઓ :** મોરકકોન માધ્યમિક શાળાનાં શિક્ષકોનાં વ્યાવસાયિક મનોભાર, વ્યવસાય સંતોષ તથા તનાવ નિરાકરણ પદ્ધતિનો અભ્યાસ કરવો.

**નિદર્શ :** માધ્યમિક શાળાનાં કુલ 153 શિક્ષકોનો નિદર્શ પસંદ કરવામાં આવ્યો હતો.

**તારણો :** (1) 50% થી વધુ શિક્ષકો ઉચ્ચ પ્રકારનો મનોભાર અનુભવતા હતા.

(2) 50% શિક્ષકો વ્યવસાય સંતોષ પરત્વે નકારાત્મક સંબંધથી જોડાયેલાં હતા.

(3) 50% શિક્ષકો એક યા બીજી રીતે વ્યાવસાયિક સમસ્યા અનુભવતા હતા અને જુદા જુદા પ્રકારની તનાવ નિરાકરણ પદ્ધતિનો વ્યવસાયમાં પ્રયોજન કરતાં હતા.

### 2.10.12 ઓથમેન એચ. અબૌ એલ. ખૈરનો અભ્યાસ (1998), કુવૈત યુનિવર્સિટી.

**વેબસાઈટ :** www.inflibnet.ac.in

**શિર્ષક :** ''વિદ્યાર્થીની કોમ્પ્યુટર વિષયની ચિંતાનું માપન કરવું.''

**હેતુઓ :** પૂર્વસ્નાતક વિદ્યાર્થીનાં કોમ્પ્યુટર વિષય અંગેની ચિંતાનો અભ્યાસ કરવો.

**નિદર્શ :** કુવૈત યુનિવર્સિટીનાં 244 પૂર્વસ્નાતક વિદ્યાર્થીઓને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતાં.

**સાધનો :** (1) કોમ્પ્યુટર ચિંતા માપક તુલા (2) કોમ્પ્યુટર તુલા

**તારણો :** (1) કોમ્પ્યુટર તુલા અને કોમ્પ્યુટર ચિંતા તુલા અંગેના વલણો વચ્ચે ઋણ સહસંબંધ

પ્રાપ્ત થયા છે.

(2) પૂર્વે કોમ્પ્યુટર જેમણે વાપર્યુ હોય તેમનાં યાંત્રિક કસોટીનાં અને કોમ્પ્યુટર ચિંતા કસોટીનાં પ્રાપ્તાંકોનાં મધ્યકો પૂર્વે જેમણે કોમ્પ્યુટર વાપર્યું નહોતું તેના કરતાં ઊંચા હતા.

### 2.10.13 નવનીત જયસ્વાલ (2001) નો અભ્યાસ

માસ્ટર ઓફ એજયુકેશન શોધ નિબંધ શિક્ષણશાસ્ત્ર ભવન, સૌ. યુનિ., રાજકોટ.

**શિર્ષક :** ''માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓનાં જ્ઞાનાત્મક અને બિન જ્ઞાનાત્મક લક્ષણો પર શૈક્ષણિક તનાવની અસરનો અભ્યાસ.''

**હેતુઓ :** માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓનાં જ્ઞાનાત્મક અને બિનજ્ઞાનાત્મક લક્ષણો પર શૈક્ષણિક તનાવની અસરનો જાતીયતા, વિસ્તાર, શૈક્ષણિક સ્તર, કુટુંબનાં પ્રકારના સંદર્ભમાં અભ્યાસ કરવાનો હતો.

**સાધનો :** (1) શૈક્ષણિક તનાવ સંશોધનિકા (સ્વરચિત)

(2) વ્યકિતત્વ માપન સંશોધનિકા

**નિદર્શ :** માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં 1000 વિદ્યાર્થીઓ જેમાં 500 કુમારો તથા 500 કન્યાઓનો નિદર્શ લેવામાં આવ્યો હતો.

**તારણો :** (1) ભિન્ન તનાવ ધરાવતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિધ્ધિ ભિન્ન જોવા મળી.

(2) વધુ શૈક્ષણિક તનાવ ધરાવતા વિદ્યાર્થીઓની શૈક્ષણિક સિધ્ધિ ઊંચી જોવા મળી.

(3) વધુ શૈક્ષણિક તનાવ ધરાવતા વિદ્યાર્થીઓનો આત્મવિશ્વાસ વધુ જોવા મળ્યો.

(4) શાળાકીય પર્યાવરણ વિદ્યાર્થીઓમાં તનાવ પેદા કરતું પરિબળ છે, તેમ જણાયું.

(5) વિજ્ઞાનપ્રવાહનાં વિદ્યાર્થીઓકાં અન્ય વિદ્યાર્થીઓ કરતાં વધુ શૈક્ષણિક તનાવ જોવા મળ્યો.

પ્રસ્તુત અભ્યાસ પરથી શૈક્ષણિક મનોભાર અનુભવતાં તરૂણો માટે શાળાકીય પર્યાવરણ મનોભાર ઉત્પન્ન કરતું પરિબળ છે તેવું જણાય છે. આમ, શાળાકિય પર્યાવરણમાં સુધારણા લાવવાથી શૈક્ષણિક મનોભાર ઘટાડી શકાય તેવું સૂચન કરે છે.

**2.10.14 સી. બી. આશા (2003) નો અભ્યાસ. (કાલિકટ યુનિ. કેરાલા)**

**પ્રકાશન :** "Journal of Community Guidance and research", 2003, Vol. 20, No. 1 P.P. 41-47.

**શિર્ષક :** ‘‘કાલિકટ યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં પોસ્ટ ગ્રેજયુએટ વિદ્યાર્થીઓનાં માનસિક સ્વાસ્થ્યનો અભ્યાસ કરવો. ’’

**હેતુઓ :** પોસ્ટગ્રેજયુએટ વિદ્યાર્થીઓનાં શૈક્ષણિક મનોભાર અને માનસિક સ્વાસ્થ્યની તેની સર્જનાત્મકતા અને બુદ્ધિચાતુર્ય પર થતી અસરનો અભ્યાસ કરવો.

**સાધનો :** (1) Discriptive test of Creativity.

(2) Mathew test of mental abilities.

(3) Students academic strees scale.

(4) Mental Health inventory.

**નિદર્શ :** કાલિકટ યુનિવર્સિટીના જુદા જુદા ડિપાર્ટમેન્ટના પોસ્ટગ્રેજયુએટ કોલેજ સ્ટુડન્ટ કુલ 126. જેમાં 61 યુવકો અને 65 યુવતીઓનો નિદર્શ લેવામાં આવ્યો હતો.

**આંકડાશાસ્ત્રીય પધ્ધતિ :** (1) t - ગુણોતર પધ્ધતિ.

(2) ANOVA (one-way).

**તારણો :** (1) યુવકો કરતાં યુવતીઓ તીવ્ર માત્રામાં શૈક્ષણિક મનોભાર અનુભવે છે.

(2) શૈક્ષણિક મનોભાર અને માનસિક સ્વાસ્થ્ય પરસ્પર સંકળયેલ છે. એટલે કે શૈક્ષણિક મનોભાર વધુ તો માનસિક સ્વાસ્થ્ય નબળું.

(3) સર્જનાત્મકતા અને બુધ્ધિચાતુર્ય પર શૈક્ષણિક મનોભારની અસર થતી જોવા મળે છે.

(4) સર્જનશીલ અને વધુ બુધ્ધિશાળી વિદ્યાર્થીઓ કરતાં ઓછા સર્જનશીલ અને વધુ બુધ્ધિશાળી વિદ્યાર્થીઓમાં મનોભાર વધુ જોવા મળે છે.

**2.10.15 ગિરીશ ગજેરા (2004) નો અભ્યાસ.,**

અપ્રકાશિત સંશોધન પેપર, જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન, રાજકોટ.

**શિર્ષક :** ‘‘ધોરણ–9 નાં વિદ્યાર્થીઓમાં પ્રવર્તતા મનોભારનો અભ્યાસ કરવો.’’

**હેતુઓ :** (1) ધોરણ–9ના વિદ્યાર્થીઓમાં પ્રવર્તતા મનોભારનો અભ્યાસ જાતિયતાનાં સંદર્ભમાં કરવો તેમજ

(2) ધોરણ–9 ના વિદ્યાર્થીઓમાં પ્રવર્તતા મનોભારનો અભ્યાસ જાતિ (CAST)નાં સંદર્ભમાં કરવો.

**નિદર્શ :** રાજકોટ શહેરનાં ધોરણ–9 માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનો વ્યાપવિશ્વમાં સમાવેશ કરવામાં આવેલ જેમાંથી 2003–04માં અભ્યાસ કરતાં 50 વિદ્યાર્થીઓનો નિદર્શ તરીકે સમાવેશ કરેલ.

**સાધનો :** સ્વરચિત મનોભાર માપક 10 કલમનાં ઉપકરણનો ઉપયોગ કરવામાં આવેલ.

**આંકડાશાસ્ત્રીય પધ્ધતિ :** (1) t - ગુણોતર પધ્ધતિ.

**તારણો :** (1) ધોરણ–9 ના કન્યા અને કુમારોના મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે તફાવત જોવા મળ્યો હતો.

(૨) ધોરણ–9 ના વિદ્યાર્થીઓમાં પછાત જાતિ અને બિનપછાત જાતિનાં વિદ્યાર્થીઓનાં મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત ન હતો.

### 2.10.16 અલકા માંકડ (2005) નો અભ્યાસ.

**શિર્ષક :** "A Study of Stress Expression Among College Students." (National Psychology Conf.'05, Saurashtra University, Rajkot.

**હેતુ :** કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના મનોભાર અંગેની લાક્ષણિક અભિવ્યકિતનો અભ્યાસ કરવો.

**નિદર્શ :** મોરબી શહેરમાં અભ્યાસ કરતાં કુલ 100 વિદ્યાર્થીઓ જેમાં 50 છોકરાઓ અને 50 છોકરીઓનો નિદર્શ તરીકે સમાવેશ કરવામાં આવ્યો. (Age Range - 17 to 21)

**સાધનો:** A. H. Maslow T.A.T. Test for Adolescents. (Developed by Alka M. Mankad (1998) Dept. of Psy. Saurashtra University, Rajkot.)

**તારણો :** (1) અબ્રાહમ માસ્લોની પૂર્ણ TAT કસોટીનું પરિણામ સાર્થક જણાયું હતું.

(2) માસ્લોની જરૂરિયાત ક્રમમાં જરૂરિયાત નં. 1 (શારીરિક જરૂરિયાત), જરૂરિયાત નં. 2 (સલામતિની જરૂરિયાત), નં. 4 (આત્મ સાર્થકય) અને નં. 5 (પ્રતિષ્ઠાની

જરૂરિયાત)માં વિદ્યાર્થી અને વિદ્યાર્થીનીઓમાં પ્રાપ્તાંકોમાં સાર્થકતા જોવા મળતી નથી.

(3) જયારે જરૂરિયાત નં. 3 (પ્રેમની જરૂરિયાત) માં સાર્થકતાની કક્ષા જોવા મળતી નથી.

## ★ શૈક્ષણિક મનોભાર વિશે થયેલા અન્ય અભ્યાસો :–

### 2.10.17 આભારાની નો અભ્યાસ :–

આભારાની બિશ્ત (1979) એ કોલેજમાં 120 વિદ્યાર્થીઓને વર્ગ, વય, બુદ્ધિ, પ્રાપ્તાંક, વિદ્યાશાખા અને સામાજિક – આર્થિક દરજજા વડે નિયંત્રિત કરી શૈક્ષણિક મનોભાર વિશે અભ્યાસ કરતાં જાણવા મળ્યું કે, વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક મનોભાર ઉત્પન્ન કરવ માટે શૈક્ષણિક વાતાવરણ અને શૈક્ષણિક સિધ્ધિ માટેની જરૂરિયાત વ્યકિતગત રીતે જવાબદાર નથી. પરંતુ બંને વચ્ચેની આંતરક્રિયા વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક મનોભાર ઉત્પન્ન કરે છે.

### 2.10.18 વી. નટરાજન નો અભ્યાસ :–

વી. નટરાજને (1977) દસમા ધોરણમાં ભણતા ૫૪ વિદ્યાર્થીઓ પર ગેલ્વેનિક સ્કીન રિસ્પોન્સ અને પ્રતિક્રિયા સમયનું માપન કરી, મનોભાર અને વિકૃત ચિંતા સમાન સ્તરે જ ઉત્પન્ન કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરિણામ બતાવે છે કે, ઉત્પન્ન કરાયેલ મનોભાર અને વિકૃત ચિંતા સંવેદનની જાગૃતકક્ષાએ સમાન જ હતા.

### 2.10.19 ગેરી લોંગ, જેમ્સ અને લોરેન્સનો અભ્યાસ :–

ગેરી લોંગ, જેમ્સ સેલ્વી અને લોરેન્સ કેલહોને (1980) કરેલ એક સંશોધનમાં 'લોકો કલ્પિત મનોભાર યુકત પરિસ્થિતિ બીજા કરતાં પોતાની જાતને બહુ દૂર રાખે છે ?' તેની ચકાસણી  કરી હતી. આ સંશોધન મનોવિજ્ઞાન વિષયનાં પૂર્વસ્નાતક કક્ષાના ૬૫ વિદ્યાર્થીઓ અને ૫૨ વિદ્યાર્થીનીઓ પર કરવામાં આવ્યું હતું. અભ્યાસ દરમ્યાન જોવા મળ્યું કે, જયારે વ્યકિત વધુ મનોભારયુકત પરિસ્થિતિની કલ્પના કરતી હોય ત્યારે બીજી વ્યકિતઓથી વધુ અંતર રાખતી હતી.

### 2.10.20 સોવા અને બટસન્તી નો અભ્યાસ :–

સોવા અને બટસન્તી (1984) એ 168 વિદ્યાર્થીઓનાં જીવનમાં તીવ્રમનોભારનો અનુભવ કરાવતી અગાઉથી કલ્પેલ અને અનુભવેલ ઘટનાઓ વચ્ચેનાં તફાવતનો અભ્યાસ કર્યો હતો. ધંધા, વ્યવસાય અને કૌટુંબિક ક્ષેત્રમાં અનુભવેલ અને કલ્પેલ મનોભારનાં પરિણામે ખિન્નતા વિકૃતચિંતા, શારીરિક અસ્વસ્થતાની આગાહી કરતાં ચિહનો વચ્ચે સાર્થક તફાવત જોવા મળ્યો હતો.

Koch, Tung, Gmelch and Swent (1982) ના અભ્યાસ મુજબ શૈક્ષણિક મનોભાર નબળા શરીર સ્વાસ્થ્ય સાથે સહસંબંધ ધરાવે છે. (Their study stress was correlated with poorer physical health)

### 2.10.21 રંગાસ્વામી અને શ્રીનિવાસનો અભ્યાસ :–

Rangaswami K.-(Indian Journal of Clinical Psychology, 1995 22,1) આ ઉપરાંત K. Rangaswami એ Academic stress and mental helth વિશે 1995માં અભ્યાસ કરેલો છે. તેમજ Srinivas P. B. એ "Academic Stress adjustment style and academic success among students" વિશે સંશોધન અભ્યાસ કર્યો છે. જે 2000માં અભ્યાસ કરેલો છે. (unpublished Ph.D thesis, Tirupati, S. V. University, 2000)

## 2.11 સમાયોજનનું સૈદ્ધાંતિક મહત્વ :–

સમાયોજનને કેટલાંક 'અનુકૂલન' અથવા 'સુમેળ' પણ કહે છે. મનોવૈજ્ઞાનિકોએ અનુકૂલન અંગે વિચારવું શરૂ કર્યુ એ પહેલાથી 'અનુકૂલન' શબ્દ અસ્તિત્વ ધરાવે છે. 'અનુકુળ થવું' એ ક્રિયાપદ ઉપરથી અનુકૂલન શબ્દ ઉતરી આવ્યો છે.

વોલમેન પોતાનાં મનોવૈજ્ઞાનના શબ્દકોષમાં સમાયોજન શબ્દનું વર્ણન કરતા કહે છે કે ' સમાયોજન એ પરિસ્થિતિ કે વાતાવરણ સાથેનું મધુર અનુકૂલન છે. જેમાં વ્યકિતની જરૂરિયાતો સંતોષવાની આવડતો અને ભૌતિક તથા સામાજિક માર્ગોને પહોંચી વળવાની શકિતનો સમાવેશ થાય છે.' (15)

---

**15. Wolmen B. B. : "Distionary of behaviour Science, Newyork, Inholt Co. 1973, P. 5.**

★ **સમાયોજનની વ્યાખ્યાઓ :–**

★ ''સમાયોજન એ આપણી જાત અને વાતાવરણ સાથે સુમેળ થવાની પ્રક્રિયા છે. આ પ્રક્રિયામાં આપણે વાતાવરણ સાથે જોડાઈએ છીએ અથવા જુદા પડીએ છીએ, પરંતુ સંતોષકારક સમાયોજન એ વ્યકિતની સફળતાપૂર્વકના સુમેળ પર જ આધારિત છે''

**– લેહ્‌નર અને કયૂબે**

★ ''સમાયોજન એટલે પોતાની જરૂરિયાતનાં સંતોષ અને પોતાના વાતાવરણ વચ્ચે સમાયોજન સાધવાનાં વ્યકિતના પ્રયત્નોની અસરકારકતા.'' **– જે. સી. કોલમેન**

★ ''સમાયોજન એટલે વ્યકિતના પર્યાવરણ સાથે સુમેળ ભરેલો સંબંધ'' **– ફસ્ટર**

વ્યકિતનું વાતાવરણ તેની જરૂરિયાતો સંતોષવામાં મદદરૂપ થાય છે તેમ વિઘ્નરૂપ પણ બને. તેથી અસરકારક સમાયોજન સાધવા માટે વ્યકિતની જરૂરિયાતો, તેની શકિતઓ, અનુભવો, સામાજિક તેમજ ભૌતિક પરિસ્થિતિ એ સર્વ બાબતો વચ્ચે યોગ્ય સમાયોજન થવું જરૂરી છે. બાળકનો જેમ જેમ વિકાસ થતો જાય છે તેમ તેમ તેનામાં સામાજિકતાનો પણ વિકાસ થાય છે. સામાજિક સંબંધો બંધાય છે અને સામાજિક સમાયોજન પ્રાપ્ત કરે છે. સફળ સમાયોજન સફળ આંતરક્રિયા પર આધાર રાખે છે.

સમાયોજનની સમસ્યાથી જે સદભાગી મનુષ્યો પીડાતા નથી તેમનું જીવન નિહાળતા જણાશે કે, જીવનનાં ઉષાકાળથી માંડીને તેની સંધ્યાકાળ સુધીની તેમની પ્રવૃતિઓની ઘટમાળ તેમણે ડગલે ને પગલે કરેલા અનુકૂલનોનાં તાણાવાણાથી ગૂંથાયેલી છે. કુટુંબજીવનમાં ટકી રહેવા માટે બાળકે તેના ભાઈ–ભાંડુઓની જરૂરીયાતો, પિતાનો ગુસ્સો, કુટુંબની પરિસ્થિતિ સાથે સમાયોજન સાધવું પડે છે. શાળા જીવન દરમ્યાન સહાધ્યાયીઓના તોફાનો સાથે જે અનુકૂળ ન થાય તે માર ખાય, તેજ રીતે શિક્ષકોની વિવિધ શિક્ષણ પધ્ધતિઓ સાથે જે વિદ્યાર્થી સમાયોજન કેળવી ન શકે તો અભ્યાસમાં મુશ્કેલીઓ સર્જાય. પરિણામે મનોભારનો ભોગ બને. ટૂંકમાં જીવનનાં પ્રત્યેક તબક્કે પોતાની આસપાસના વાતાવરણ સાથે સમાયોજન સાધવું પડે છે.

★ **સમાયોજનના પાયાના સિધ્ધાંતો :–**

સમાયોજનના સંદર્ભમાં કેટલાક પાયાના સિધ્ધાંતો રજૂ થયા છે જે આ મુજબ છે.

(1) ધ્યેયગામી વર્તન
(2) જરૂરિયાતનો અલ્પ સંતોષ
(3) ઓછા સંઘર્ષની વર્તણૂંક પસંદગી
(4) પ્રેરણા

(5) વાતાવરણ સાથે સંબંધ

(6) વર્તનનું નિયમન

(7) સમાયોજનના પાયા તરીકે આંતરક્રિયા

(8) વર્તનનું પરિણામ

(9) સમાયોજનમાં સાતત્યપૂર્ણતા

(10) પ્રતીકોની હાજરી.

★ **સમાયોજન પ્રક્રિયાનાં ઘટકો :–**

સમાયોજન પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે તેમાં નીચે મુજબનાં ઘટકો જોવા મળે છે.

(1) પ્રેરણા

(2) હતાશા–સંઘર્ષ

(3) પરિવર્તનશીલ વર્તન

(4) સંતોષ – અસંતોષ

(5) પ્રતિ સમાયોજીત વર્તન

(6) પુનઃસમાયોજન પ્રાપ્તિ

★ **સમાયોજનના ક્ષેત્ર :–**

સામાન્યતઃ વ્યકિતનું સમાયોજન જીવનનાં પ્રારંભથી અંત સુધીનું હોય છે. વિવિધક્ષેત્રોમાં વ્યકિત સમાયોજન સાધે છે. આ ક્ષેત્રો આ મુજબ છે.

(1) **કૌટુંબિક સમાયોજન :**

કુટુંબ એક એવી સામાજિક સંસ્થા છે જેમાં વ્યકિતનાં પોતાના ગાઢ સંબંધો હોય છે. સંતાનો માતા–પિતાના સંબંધો, ભાઈ–ભાંડુના સંબંધો, પતિ–પત્નિનાં સંબંધોમાં વ્યકિતએ સમાયોજન સાધવું પડે છે. ઉપરાંત કુટુંબ સાથે સંલગ્ન સગા–સંબંધીઓની સાથે સમાયોજન સાધવું જરૂરી હોય છે. અનેક મુશ્કેલીઓ, અવરોધો પાર કરીને વ્યકિત સમાયોજન સાધવા પ્રયાસ કરે છે. આમ, કુટુંબએ સમાજની બુનિયાદ છે. વ્યકિત સમાયોજનની બારખડી અને પાઠ કુટુંબમાંથી શીખે છે.

(2) **શાળાકીય સમાયોજન :**

કુટુંબ કરતાં શાળા–સમાયોજનનું ક્ષેત્ર જુદું પડે છે. શિક્ષક–વિદ્યાર્થી વચ્ચે, વિદ્યાર્થી અને મિત્રો વચ્ચે તેમજ શાળાનાં વાતાવરણ વચ્ચે અનેક પ્રકારના સંઘર્ષો, સમસ્યાઓ ઉદ્દભવે છે. તેમાં ઉદ્દભવતી સમસ્યાઓનાં સમાધાન માટે વ્યકિતએ પોતાની જરૂરીયાતો સાથે સમાધાન પણ કરવું પડે છે.

(3) **વ્યાવસાયિક સમાયોજન :**

Right man for the Right Job. વ્યાવસાયિક સમાયોજન માટે અભિયોગ્યતા અને

અભિરૂચી મહત્વની છે. ધંધો–વ્યવસાય વ્યકિતના જીવનનું અભિન્ન અંગ છે. આર્થિક ઉપાર્જન માટે તેમાં કરવા પડતા પ્રયાસો કેટલીકવાર ખૂબ મુશ્કેલ, પડકારરૂપ બને છે. વ્યવસાયની જરૂરિયાતો, સહકર્મચારી સાથે, ઉપરી અધિકારી સાથે સમાયોજન સાધીને તેમાંથી આત્મસંતોષની પ્રાપ્તિ કરવાની હોય છે. લેહ્નર અને કયુબનાં જણાવ્યા મુજબ વ્યાવસાયિક સમાયોજન એ સામાન્ય જીવનનું દ્યોતક છે.

(4) **દાંપત્યજીવનનું સમાયોજન :**

લગ્નજીવનમાં પતિ–પત્ની વચ્ચે પસંદગી, નાપસંદગી, અપેક્ષાઓ, પોતાના માતા–પિતા પાસેથી મેળવેલ સંસ્કારો, મનોવલણો, જાતીય વ્યવહારો, ફરજો, જવાબદારીઓ અને તેમાં પડતી મુશ્કેલીઓને પહોંચી વળવાના પ્રયાસો, તેમાંથી મળતા આત્મસંતોષની પ્રાપ્તિ વગેરે દામ્પત્યજીવનનાં સમાયોજન ક્ષેત્રનો વિસ્તાર છે. દરેક ભૂમિકા તેમાં સફળતાપૂર્વક બજાવવી પડે છે.

(5) **વૃધ્ધાવસ્થાનું સમાયોજન :**

સમસ્યાઓની હારમાળાનો અંતિમ પડાવ આ ક્ષેત્રમાં આવે છે. શારીરિક અક્ષમતા, માનસિક અસ્વસ્થતા અને મનોવૈજ્ઞાનિક મુશ્કેલીઓનો સામનો, ઘણીવાર જીવનને વધુ પડકારરૂપ બનાવે છે. અહીં પણ વ્યકિત સમાયોજન સાધવામાં નિષ્ફળ જાય તો અનેક સમસ્યાઓ ઉત્પન્ન થાય છે. જેમાં સમાયોજન કરવું વધુ મુશ્કેલરૂપ બને છે.

## 2.12 સમાયોજનનાં પૂર્વે થયેલા અભ્યાસોની સમીક્ષા :–

### 2.12.1 ધનકોટ ઝરીના (1982) (સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ)

**શિર્ષક :** ઉચ્ચતર માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીઓના સમાયોનનો અભ્યાસ.

**હેતુ :** ઉચ્ચતર માધ્યમિક શાળાનાં ધોરણ – 11માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના કૌટુંબિક અને સામાજિક સમાયોજનનો અભ્યાસ કરવો.

**સાધનો :** હરકાન્ત બદામી રચિત કૌટુંબિક સમાયોજન અને સામાજિક સમાયોજન સંશોધનિકા.

**નિદર્શ :** ભાવનગર શહેરની ગુજરાતી માધ્યમની ઉચ્ચતર માધ્યમિક શાળાનાં ધોરણ–11ના અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ. જેમાં છોકરાઓ 136, છોકરીઓ 121, કુલ 257 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા.

**આંકડાશાસ્ત્રીય પ્રયુકિત :**

(1) સરાસરી (2) પ્રમાણવિચલન (3) 't' ગુણોતર અને

(4) એકમાર્ગીય વિચરણ પૃથ્થકરણ

**તારણો :** (1) ઉચ્ચતર માધ્યમિક શાળાનાં ધોરણ–11ના વિદ્યાર્થીઓના સામાજિક અનુકૂલન કરતાં કૌટુંબિક અનુકૂલન વધુ હતું.

(2) છોકરીઓનું અનુકૂલન છોકરાઓ કરતાં વધુ હતું.

(3) છોકરાઓનું સામાજિક અનુકૂલન છોકરીઓ કરતાં વધુ હતું.

(4) વય વધતાં કૌટુંબિક અનુકૂલન ઘટતું હતું.

**2.12.2 પવાર બજનભાઈ એસ. (1983), સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.**

**શિર્ષક :** માધ્યમિક શાળાનાં આદિવાસી બાળકોનાં કૌટુંબિક અને સામાજિક સમાયોજનનો અભ્યાસ.

**હેતુ :** માધ્યમિક શાળામાં ધોરણ – 8 અને ધોરણ – 9માં અભ્યાસ કરતાં આદિવાસી બાળ કોનાં કૌટુંબિક અને સામાજિક સમાયોજનનો અભ્યાસ કરવો.

**સાધનો :** હરકાન્ત બદામી રચિત કૌટુંબિક અને સામાજિક સમાયોજન સંશોધનિકા.

**નિદર્શ :** ચીખલી તાલુકાની ૨૨ માધ્યમિક શાળાના ધો.–8 અને ધો. 9ના કુલ 358 આદિવાસી વિદ્યાર્થીઓ. જેમાં 199 કુમારો અને 159 કન્યાઓ નિદર્શ પસંદગી યાદચ્છિક રીતે.

**આંકડાશાસ્ત્રીય પ્રયુકિત :–**

સરાસરી, પ્રમાણ વિચલન, 't' ગુણોતર, F ગુણોતર અને પિયર્સન સહસંબંધાક

**તારણો :** (1) આદિવાસી બાળકોનાં સામાજિક અને કૌટુંબિક અનુકૂલન વચ્ચે સાર્થક સંબંધ હતો.

(2) કૌટુંબિક અનુકૂલન પર જાતિની અસર ન હતી. કુમારો અને કન્યાઓનું કૌટુંબિક અનુકૂલન સરખું હતું.

(3) કૌટુંબિક અનુકૂલન પર ધોરણની અસર ન હતી. એટલે કે ધો.–8 અને ધો.–9નાં પાત્રોનું કૌટુંબિક અનુકલન સરખું હતું.

(4) સામાજિક અનુકૂલન પર લિંગની અસર જોવા મળી ન હતી.

(5) ધો. 8 અને ધો. 9નાં વિદ્યાર્થીઓમાં સામા અનુકૂલન વચ્ચે સાર્થક તફાવત હતો.

**2.12.3 પરમારનો અભ્યાસ** (1993)**,** અપ્રકાશિત સંશોધન પેપર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

**શિર્ષક :** 'સુરેન્દ્રનગર જિલ્લાનાં ધોરણ–11ના વિદ્યાર્થીઓનાં અનુકૂલનનો તેઓની બુદ્ધિકક્ષા, સામાજિક–આર્થિક સ્થિતિની અસરનો અભ્યાસ.'

**હેતુ :** ધોરણ–11નાં વિદ્યાર્થીઓનાં અનુકૂલન આંક પર તેમનાં રહેઠાણ વિસ્તાર, જાતિયતા અને સામાજિક આર્થિક સ્થિતિની અસરનો અભ્યાસ કરવાનો હતો.

**સાધનોઃ** (1) હરકાન્ત બદાની રચિત કૌટુંબિક અને સામાજિક સમાયોજન સંશોધનિકા.

(2) સામાજિક–આર્થિક દરજ્જાનો માપદંડ.

**નિદર્શ :** સુરેન્દ્રનગર જિલ્લાનાં ધો. 11ના શહેરી છોકરાઓ 65 અને છોકરીઓ 91, અર્ધ શહેરી છોકરાઓ 203 અને 107 છોકરીઓ જયારે ગ્રામ્ય છોકરાઓ 31, છોકરીઓ 07 એમ કુલ 504 વિદ્યાર્થીઓનો નિદર્શ લેવામાં આવ્યો હતો.

**તારણો :** (1) વિદ્યાર્થીઓનાં અનુકૂલન પર જાતિયતા, શહેરી, અર્ધશહેરી કે ગ્રામ્ય, વિજ્ઞાન અને સામાન્ય પ્રવાહની અસર થઈ હતી.

(2) અનુકૂલન આંક અને સામાજિક–આર્થિક સ્થિતિ, દરજજા માપદંડ, ઉંમરના આંક એ બંને ચલો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

(3) વિદ્યાર્થીઓનાં અનુકૂલન પર ઉચ્ચ–નિમ્ન અને મધ્યમ, સામાજિક–આર્થિક સ્થિતિની કોઈ અસર પડતી નથી.

**2.12.4 સચિનનો અભ્યાસ (1993),** અપ્રકાશિત સંશોધન પેપર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

**શિર્ષક :** 'સામાન્ય અને અનાથ વિદ્યાર્થીઓનાં સમાયોજનનો અભ્યાસ'

**હેતુ :** પ્રસ્તુત સંશોધનનો હેતુ અનાથ આશ્રમનાં વિદ્યાર્થીઓ અને સામાન્ય વિદ્યાર્થીઓનાં કુસમાયોજનનો અભ્યાસ કરવાનો હતો.

**સાધનો :** (1) વ્યકિતગત માહિતી પત્રક (2) દેસાઈ અનુકૂલન સંશોધનિકા.

**નિદર્શ :** અનાથઆશ્રમનાં 30 વિદ્યાર્થીઓ અને 64 વિદ્યાર્થીનીઓ, ઘરમાં ઉછરેલા 56 વિદ્યાર્થીઓ અને 44 વિદ્યાર્થીનીઓની સંખ્યા લેવામાં આવી કુલ નિદર્શ 194નો હતો.

**આંકડાશાસ્ત્રીય પ્રયુકિત :–**

't' કસોટી વડે માહિતીનું વિશ્લેષણ કરવામાં આવેલ હતું.

**તારણો :** (1) કુટુંબમાં ઉછરેલા સામાન્ય વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓનાં કુસમાયોજન વચ્ચે સાર્થક તફાવત છે.

(2) અનાથાશ્રમમાં ઉછરેલા વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીનીઓમાં કુસમાયોજન વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

**2.12.5 કોચગાવે અને વિતિથાનો અભ્યાસ (1993)**

**પ્રકાશન :** Indian Journal of behaviour Vol. 17, No. 1 1993, P.16-21

**શિર્ષક :** હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ વચ્ચેનાં સમાયોજનનો અભ્યાસ. (પટણા વુમન્સ કોલેજ)

**હેતુ :** પ્રસ્તુત સંશોધનનો હેતુ સંસ્થાકિય અવ્યવસ્થા અને હાઈસ્કૂલનાં વિદ્યાર્થીઓ વચ્ચેનાં સમાયોજનનો અભ્યાસ કરવાનો હતો.

**નિદર્શ :** પટણા વુમન્સ સ્કૂલમાં અભ્યાસ કરતાં હાઈસ્કુલના 200 બાળકોને નિદર્શ તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**તારણો :** પ્રસ્તુત સંશોધનમાં વિદ્યાર્થીઓનાં બે ગ્રુપ જોવા મળ્યા. ઉચ્ચ અશાંતિવાળું ગ્રુપ અને નિમ્ન અશાંતિવાળું ગ્રુપ. પરિણામ દર્શાવે છે કે, ઉચ્ચ અશાંતિવાળું ગ્રુપમાં સમાયોજનની સમસ્યા વધુ જોવા મળતી હતી. આમ, માનસિક અશાંતિ સમગ્ર સમાયોજનને અસર કરે છે. તો શૈક્ષણિક મનોભારની સમાયોજન પર અસર પડે છે કે કેમ તે પ્રસ્તુત અભ્યાસમાં તપાસવાનું છે.

**2.12.6 યહુ એ જો નો અભ્યાસ (**1994**),** (હીરોશીમા યુનિવર્સિટી)

શિર્ષક : **'જાપાન માંના ચીનનાં વિદ્યાર્થીઓનાં સમાયોજન અને સામાજિક સમર્થનનો અભ્યાસ.'**

**હેતુ :** જાપાનમાંના ચીનનાં વિદ્યાર્થીઓનાં સમાયોજન બાબતે ભિન્ન સ્ત્રોતમાંથી મળતાં સામાજિક સમર્થનનાં પ્રભાવ વિશે જાણકારી મેળવવી.

**નિદર્શ :** જાપાનના હીરોશીમા યુનિવર્સિટીમાં અભ્યાસ કરતાં ચીનના ૬૪ વિદ્યાર્થીઓને નમૂના તરીકે પસંદ કરવામાં આવ્યા હતા.

**સાધનો :** (1) આવશ્યક સમર્થન તુલા (2) વાસ્તવિક સમર્થન તુલા

(3) સમાયોજન તુલા

**આંકડાશાસ્ત્રીય પ્રયુકિત :–** (1) 'F' કસોટી (2) બહુવિધિ નિયત સંબંધ દ્વારા

**તારણો :** (1) જાપાનના વિદ્યાર્થીઓ પાસેથી આવશ્યક સમર્થનની જરૂરિયાતવાળા ચીની વિદ્યાર્થીઓનું સમાયોજન નબળું હતું.

(2) જાપાનીઝ પ્રોફેસરો મારફત વધુ સમર્થન મેળવનાર ચીની વિદ્યાર્થીઓનું સમાયોજન વધારે ઉત્કૃષ્ઠ હતું.

(3) જાપાનીઝ પ્રોફેસરો દ્વારા મળતા સમર્થનને ઓછું કે અપર્યાપ્ત સમર્થન મળે છે, તેમ માનનારા ચીની વિદ્યાર્થીઓનું સમાયોજન ઘણું નબળું હતું.

(4) સમર્થનનો પ્રભાવ સમર્થનનાં શ્રોત પર અવલંબે છે.

**2.12.7 વસવેલિયાનો અભ્યાસ (1995)** અપ્રકાશિત સંશોધન પેપર, સૌ. યુનિ., રાજકોટ.

**શિર્ષક :** ''ધોરણ–11નાં વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને સમાયોજનનો એક અભ્યાસ.''

**હેતુ :** વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા શકિત અને સમાયોજનની કક્ષા જાણવી.

**નિદર્શ:** ''સુરેન્દ્રનગરનાં શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ધોરણ–11નાં 50 વિદ્યાર્થીઓ અને 53 વિદ્યાર્થીનીઓ યદચ્છ રીતે પસંદ કરવામાં આવેલા.''

**સાધનો :** (1) દવેની સર્જનાત્મકતા અભિવ્યકિતની કસોટી

(2) બેલ સમાયોજન સંશોધનિકા.

**આંકડાશાસ્ત્રીય પ્રયુકિત :–** (1) 't' કસોટી (2) કાર્લ પિયર્સન સહસંબંધ પ્રયુકિત

**તારણો :** (1) વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને સ્વાસ્થ્ય સમાયોજન વચ્ચે અર્થસૂચક વિધાયક સહસંબંધ છે.

(2) વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને સામાજિક સમાયોજન વચ્ચે વિધાયક સહસંબંધ છે.

(3) વિદ્યાર્થીઓની સર્જનાત્મકતા અને આવેગિક સમાયોજન વચ્ચે અર્થસૂચક સહસંબંધ છે.

(4) નિમ્ન સર્જનાત્મકતા ધરાવતા વિદ્યાર્થીઓ કરતાં ઉચ્ચ સર્જનાત્મકતા ધરાવતા વિદ્યાર્થીઓ સમગ્રપણે વધુ સારૂ સમાયોજન સાધી શકે છે.

**2.12.8 જયેન્દ્ર જારસાણીયાનો અભ્યાસ** (1996) સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

**હેતુ :** "વિદ્યાર્થીઓનાં માનસિક સ્વસ્થ્ય અને સમાયોજન પર વિદ્યાર્થીઓનાં પ્રકાર, જાતિયતા, ઉંમર, રહેઠાણ વિસ્તારની કેવી અસર થાય છે જાણવાનો હેતુ હતો."

**નિદર્શ :** "રાજકોટ જિલ્લામાં આવેલી અંધશાળાઓ અને બિન અંધશાળાઓમાં અભ્યાસ કરતાં કુલ 240 વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા હતા. તેમાં 120 છોકરાઓ અને 120 છોકરીઓ નિદર્શ તરીકે લેવામાં આવેલ હતી."

**સાધનો :** (1) વ્યકિતગત માહિતી પત્રક (2) માનસિક સ્વાસ્થ્ય સંશોધનિકા

(3) બેલ સમાયોજન સંશોધનિકા.

**આંકડાશાસ્ત્રીય પ્રયુકિત :–**

(1) વિચરણ પૃથક્કરણ પ્રયુકિત (F– કસોટી) (2) 't' કસોટી

(3) સહસંબંધાંક કસોટી

**તારણો :** (1) અંધ અને બિનઅંધ વિદ્યાર્થીઓના માનસિક સ્વાસ્થ્ય અને સમાયોજન વચ્ચે સાર્થક સહસંબંધ છે.

(2) શહેરી અને ગ્રામ્ય વિસ્તારમાં રહેલાં વિદ્યાર્થીઓના સમાયોજનનાં પ્રાપ્તકો વચ્ચે સાર્થક તફાવત છે.

(3) વિદ્યાર્થીઓનાં પ્રકાર અને જાતિની સંયુકત અસર તેમનાં સમાયોજનનાં પ્રાપ્તાંકો પર થતી નથી. જયારે માનસિક, સ્વાસ્થ્યનાં પ્રાપ્તાંકો પર સાર્થક તફાવત જોવા મળે છે.

**2.12.9 વિદ્યાભુષણ સિંઘનો અભ્યાસ** (1996) (બિહાર–પટના શહેરનો અભ્યાસ)

**શિર્ષક :** "શાળાએ જતા વિદ્યાર્થીઓનાં સમાયોજનનાં સંબંધમાં વર્તન મુશ્કેલીઓનો એક અભ્યાસ."

**હેતુ :** "શાળાએ જતા વિદ્યાર્થીઓમાં મુશ્કેલી અને સમાયોજનના સંબંધમાં વિસ્તાર, ઘર, સ્વાસ્થ્ય, સામાજિક, આર્થિક અને અન્ય કુલ પાંચ ઘટકોને માપવાનો હતો."

**નિદર્શ :** "બિહાર રાજયનાં પટના શહેરની જુદી જુદી શાળાઓમાંથી કુલ 200 વિદ્યાર્થીઓ ધોરણ–10માંથી પસંદ કરવામાં આવ્યા હતા."

**સાધનો :** (1) મોહસીન શમશેદની હિન્દીમાં રૂપાંતર કરેલી બેલ સમાયોજન સંશોધનિકા.

(2) વિદ્યાર્થીઓનાં ઊંચા અને નીચા વર્તન મુશ્કેલી માટે શિક્ષકો પાસે બિહેવીયર ચેકલીસ્ટ ભરાવવામાં આવી.

**આંકડાશાસ્ત્રીય પ્રયુકિત :–** 't' કસોટી દ્વારા માહિતીનું વિશ્લેષણ કરવામાં આવ્યું.

**તારણો :** (1) ઊંચા અને નીચા વર્તન સમસ્યાનો સ્કોર ધરાવતું જૂથ જુદાં જુદાં પાંચ વિસ્તાર સાથે સમાયોજન માપનમાં સાર્થક તફાવત બતાવે છે.

(2) નીચા વર્તન સમસ્યાવાળા વિદ્યાર્થીનાં જૂથ કરતાં ઊંચા વર્તન સમસ્યાવાળું જૂથ બધા વિસ્તારના સમાયોજન અને કુલ સમાયોજન પણ ઓછું સાર્થક દર્શાવે છે.

(3) ઊંચા વર્તન સમસ્યાવાળા વિદ્યાર્થીઓનાં જૂથમાં ઘર, સ્વાસ્થ્ય, સામાજિક, આવેગિક અને અન્ય બધા નીચા વર્તન સમસ્યાવાળા જૂથ કરતાં વધુ સમાયોજન જોવા મળે છે.

**2.12.10 લાભુ પી. નસીતનો અભ્યાસ (**1999**)** અપ્રકાશિત Ph.D. થિસીસ, સૌ. યુનિ., રાજકોટ.

**શિર્ષક :** ''તરૂણોની કેટલીક સમસ્યાઓ અને ચોક્કસ વ્યકિતગત સામાજિક પરિવતર્નોનો તેમના સમાયોજનનાં સંદર્ભમાં અધ્યયન.''

**હેતુ :** ''તરૂણોની સામાજિક, આર્થિક, આવેગિક અને પરિસ્થિતિ જન્ય પરિવર્ત્યોનો તેમના સમાયોજનના સદર્ભમાં અભ્યાસ કરવો.''

**નિદર્શ :** ''કુલ 360 તરૂણો, જેમાં 180 છોકરાઓ અને 180 છોકરીઓ.''

**સાધનો :** (1) વ્યકિતગત માહિતીપત્રક (2) સામાજિક–આર્થિક દરજજા માપદંડ

(3) યુવા–સમસ્યા સંશોધનિકા (4) માનસિક સ્વાસ્થ્ય સંશોધનિકા

(5) બેલ સમાયોજન સંશોધનિકા

**આંકડાશાસ્ત્રીય પ્રયુકિત :–**

(1) 'F' કસોટી (2) 'r' સહસંબંધાંક (3) 't' કસોટી

**તારણો :** (1) તરૂણોની શૈક્ષણિક કક્ષાની તેમના સમાયોજન પર સાર્થક અસર પડતી નથી.

(2) તરૂણોની જાતિની તેમના સમાયોજન પર સાર્થક અસર પડતી નથી.

છોકરીઓની તુલનાએ છોકરાઓનું સમાયોજન સારૂ જોવા મળે છે.

(3) તરૂણોનાં રહેઠાણ વિસ્તારની તેમના સમાયોજન પર સાર્થક અસર પડતી નથી. તેમ છતાં શહેરી તરૂણોની તુલનાએ ગ્રામ્ય તરૂણોનું સમાયોજન સારૂ જોવા મળે છે.

**2.12.11 ગ્રાફિન જેનિકેનો અભ્યાસ** (1999) વેબસાઈટ : www.inflibnet.ac.in

**શિર્ષક :** ''Making the transition to college : A multivariate model of student adjustment.''

''કોલેજ કામનું સંક્રમણ રચવું, વિદ્યાર્થીઓના સમાયોજનનો અનેકવિધ નમૂનો રચવો.''

(સામાજિક સમાયોજન, આવેગિક સમાયોજન, મનોભાર અને ચિંતાનાં સંદર્ભમાં)

**હેતુ :** ''કોલેજ સમાયોજનમાં બહુમુખી પ્રતિભા ધરાવતા વિદ્યાર્થીઓને ઓળખવા''

**નિદર્શ :** ''પ્રથમ વર્ષના 118 વિદ્યાર્થીઓને પ્રસ્તુત અભ્યાસના નિદર્શમાં સમાવેલ હતા.''

**સાધનો :** સ્ટ્રકચરલ, કવેશ્ચન, મોડેલિંગ, SEM ટેક્નિકસ

**તારણો :** (1) સામાજિક, આવેગિક, શૈક્ષણિક સમાયોજન ધરાવતા હોય તેવા (બે ભિન્ન અને એક સાથે) જૂથ જોવા મળ્યા.

(2) પ્રથમ ગ્રુપ ચિંતા અને સામાજિક ઐકયની આગાહી કરતું હતું.

(3) બીજું જૂથ ઉત્સાહથી સ્વીકારેલ જવાબદારી દર્શાવતું હતું.

(4) પ્રસ્તુત નિદર્શ જાતિ, લિંગભેદ, કોલેજકક્ષાએ ધ્યાનમાં રાખ્યા વિના સમાયોજનની આગાહી કરતો હતો.

(5) કોલેજનાં પ્રથમવર્ષના વિદ્યાર્થીઓનાં સામાજિક અને આવેગિક અનુકૂલનની આગાહી થઈ શકતી નથી.

**2.12.12 સ્ટ્રેજ અમી બ્રાન્ટ ટેમરાનો અભ્યાસ** (1999)

**સંશોધનપત્ર :** શૈક્ષણિક મનોવિજ્ઞાન, માર્ચ –1999.

**સંસ્થા :** સાન જોસ, સ્ટેટ યુનિ. કોલેજ ઓફ એજયુકેશન, ચાઈલ્ડ ડેવલપમેન્ટ ડિપાર્ટમેન્ટ, સાન જોસ સી.એ.યુ.એસ.

**શિર્ષક :** ''માતા–પિતા સાથેનો સંબંધ અને કોલેજ વિદ્યાર્થીઓનું શૈક્ષણિક સમાયોજન અને

સફળતા.''

**હેતુ :** ''કોલેજ વિદ્યાર્થીઓનાં સમાયોજન અને માતા–પિતા સાથેના સંબંધ લક્ષણો વચ્ચેનો સંબંધ તપાસવાનો હેતુ.''

**નિદર્શ :** કોલેજમાં અભ્યાસ કરતાં અને જેઓ માતા–પિતા સાથે રહેતાં હોય અને જેઓ પોતાની રીતે રહેતા હોય તેવા કુલ 236 વિદ્યાર્થીઓનો નિદર્શ પસંદ કરવામાં આવ્યો હતો.

**તારણો :** (1) શૈક્ષણિક સમાયોજનમાં માતા–પિતા સાથે રહેતા હોય તો કુટુંબની અસર વિદ્યાર્થીના સમાયોજન અને સફળતા પર પડે છે.

(2) જેઓ ફ્રેશ એટલે કે નવા હતાં તેનાં કરતાં સિનિયર્સનું સમાયોજન અને સફળતા વિશે ઓછું ભવિષ્ય કથન કરતું હતું.

સંશોધકના અભ્યાસના આધારે આવેલ તારણો પરથી કહી શકાય કે, તરૂણોનાં સામાજિક અને આવેગિક સમાયોજનમાં માતા–પિતાએ માર્ગદર્શક બનવું જરૂરી છે. શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાની તરૂણોનાં સમાયોજન પર અસર પડે છે કે કેમ ? તે પ્રસ્તુત અભ્યાસમાં તપાસવામાં આવતાં સંશોધક સૂચન કરે છે કે, ઉપરોકત માતા–પિતાને જરૂરત પ્રમાણે બાળકોનાં સંદર્ભમાં નિષ્ણાંતો દ્વારા માર્ગદર્શન મળવું જોઈએ.

**2.12.13 ખત્રી પરીંદા, કપુર, સ્મીડર, જેનિસ બી. પીટરસન ચાર્લોટ (2000)નો અભ્યાસ**

**પ્રકાશન :** Indian Journal of Psychology and Education, 2005, 36(2) P. 120-124

**શિર્ષક :** ''Aggression and peer victimization as predictors of self repoted behavioural and emotional adjustment.''

''ગુસ્સો અને તેનો ભોગ બનનાર વ્યકિતનાં સ્વકેન્દ્રિત વર્તન અને આવેગિક સમાયોજનની આગાહીકર્તા તરીકે.''

**હેતુ :** ગુસ્સો અને તેનો ભોગ બનનાર વ્યકિતનાં સમાયોજનની મુશ્કેલીઓ અને તેની સાથે સંકળાયેલ સમસ્યાઓનો સાપેક્ષ અભ્યાસ કરવો.

**નિદર્શ :** નિદર્શ તરીકે 471 વ્યકિતઓને પસંદ કરવામાં આવી હતી. જેમની વયમર્યાદા સરેરાશ 10.3 વર્ષથી 12.4 વર્ષની હતી અને એક વર્ષ સુધી આ અભ્યાસ ચાલુ રાખવામાં આવ્યો

હતો.

**તારણો :** (1) ઉગ્રતા અને વ્યકિતની બાહ્ય સમસ્યાઓ સ્વ–કેન્દ્રિત ગુસ્સો અને ફરજ પ્રત્યેની બેદરકારી વધારતાં હતાં.

(2) ગુસ્સાનો ભોગ બનેલા વ્યકિતઓમાં તનાવમાં વધારો કરતાં ન હતાં.

(3) ગુસ્સાનો ભોગ બનતી છોકરીઓમાં સ્વ–ફરજ પ્રત્યેની બેદરકારી જોવા મળી હતી.

## 2.12.14 અરવિંદ ડુંગરાણીનો અભ્યાસ (2000)

'State Level Conference, Janauary - 2000 Gujarat Psychological Association, Ahmedabad.'

**શિર્ષક :** 'સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓનાં સમાયોજન અંગેનો અભ્યાસ.'

**હેતુ :** ભાવનગર શહેરમાં અભ્યાસ કરતાં સ્નાતક અને અનુસ્નાતક વિદ્યાર્થીઓનાં સમાયોજન અંગે તુલનાત્મક અભ્યાસ કરવો.'

**નિદર્શ :** ભાવનગર યુનિવર્સિટી સંલગ્ન ભાવનગર શહેરની કોલેજો તથા ભવનમાંથી વિજ્ઞાન, વાણિજય અને વિનયન શાખામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓમાંથી કુલ 240નો નિદર્શ પસંદ કર્યો. જેમાં 120 ભાઈઓ અને 120 બહેનોને પસંદ કરવામાં આવ્યા.

**સાધનો :** પ્રો. ડી.એન. શ્રીવાસ્તવ અને ડો. ગોવિંદ તિવારી રચિત સમાયોજન સંશોધનિકા

**આંકડાશાસ્ત્રીય પ્રયુકિત :–** ANOVA (F)

**તારણો :** (1) ભાઈઓ અને બહેનોનાં સમાયોજનનાં પ્રમાણમાં સાર્થક તફાવત જોવા મળતો નથી.

(2) સ્નાતક અને અનુસ્નાતક ભાઈઓ–બહેનોનાં સમાયોજનનાં તફાવત જોવા મળતો નથી.

(3) વિજ્ઞાન, વાણિજય અને વિનયન પ્રવાહના વિદ્યાર્થીઓનાં સમાયોજનમાં તફાવત જોવા મળતો નથી.

સમાયોજનમાં જાતિગત ભિન્નતા અને શિક્ષણપ્રવાહની અસર જોવા મળે છે કે કેમ ? તે જાણવાનો પ્રયત્ન છે. પ્રસ્તુત સંશોધન પણ આ બાબત વિશે જ વિચારવામાં આવ્યું છે.

**2.12.15 કલીયા લે નો અભ્યાસ** (2001)

**પ્રકાશન :** સંશોધનપત્ર : કોલેજનાં વિદ્યાર્થી માર્ચ–2001, ગ્રંથ ૩૫(1) પેઈજ નં. 87, 95, રઝરસ યુનિવર્સિટી, એન. જે., યુ. એસ.

**શિર્ષક :** 'આફ્રિકન અમેરિકન અને યુરોપિયન અમેરિકન એથલેટિકનાં કોલેજનાં છોકરાઓનાં સમાયોજનનો અભ્યાસ.'

**હેતુ :** 'આફ્રિકન અમેરિકન અને યુરોપિયન અમેરિકન એથલેટિકનાં છોકરાઓનાં સમાયોજનની ચકાસણી કરવી.'

**નિદર્શ :** 14 યુરોપિયન અમેરિકન અને 15 આફ્રિકન અમેરિકન એથલેટિકનાં ભાઈઓનો નિદર્શન પસંદ કરવામાં આવ્યો હતો.

**તારણો :** (૧) આફ્રિકન અમેરિકન એથલેટિકનાં વિદ્યાર્થીઓનું સ્વમૂલ્યાંકન માનસિક અસ્વસ્થતા સાથે દ્રઢ રીતે સંબંધિત હતું.

(૨) આફ્રિકન અમેરિકન એથલેટિકનાં વિદ્યાર્થીઓ માટેનાં સમાયોજન વચ્ચે સંબંધ નથી.

(૩) આફ્રિકન અમેરિકન અને યુરોપિયન અમેરિકન એથલેટિકનાં વિદ્યાર્થીઓ બન્નેનાં સમાયોજનમાં સ્વખ્યાલ મહત્વનો ભાગ ભજવે છે.

**2.12.16 કિશોર એન. મહેતા નો અભ્યાસ (2004), સંશોધનપત્ર : રાજયકક્ષાનું અધિવેશન, સૌરાષ્ટ્ર મનોવિજ્ઞાન મંડળ, રાજકોટ.**

**શિર્ષક :** 'જેતપુર શહેરના ઉચ્ચતર માધ્યમિક શાળાનાં વિનયન અને વાણિજયનાં વિદ્યાર્થીઓનાં કૌટુંબિક સમાયોજનનો અભ્યાસ.'

**હેતુ :** ' ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓના કૌટુંબિક સમાયોજનનો જાતિગત અને અભ્યાસ પ્રવાહના સંદર્ભમાં સમાયોજન અંગેનો અભ્યાસ કરવાનો હતો.'

**નિદર્શ :** 40 છોકરાઓ અને 40 છોકરીઓ વિજ્ઞાન પ્રવાહમાંથી તેમજ 40 છોકરાઓ અને 40 છોકરીઓ વાણિજય પ્રવાહમાંથી એમ કુલ 80નો નિદર્શ પસંદ કરવામાં આવ્યો હતો.

**સાધનો :** (1) વ્યકિતગત માહિતીપત્રક (2) સમાયોજન સંશોધનિકા

**તારણો :** (1) વિદ્યાર્થીની જાતિના સંદર્ભમાં કૌટુંબિક સમાયોજનના મધ્યકો વચ્ચે સાર્થક

તફાવત જોવા મળતો નથી.

(2) વિનયન અને વાણિજય પ્રવાહનાં સંદર્ભમાં વિદ્યાર્થીઓનાં કૌટુંબિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક જોવા મળતો નથી.

(3) સંયુકત અને વિભકત કુટુંબના સંદર્ભમાં વિદ્યાર્થીઓ કૌટુંબિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

### 2.12.17 મંજુ શર્મા નો અભ્યાસ (2005) (Gaya - બિહાર)

**પ્રકાશન :** 'Gujarat Journal of Psychology 2005, Vol. No. 13-14'

**શિર્ષક :** 'હાઈસ્કુલ અને કોલેજનાં વિદ્યાર્થીઓનાં સમાયોજનનો અભ્યાસ.'

**હેતુ :** 'હાઇસ્કૂલ અને કોલેજનાં વિદ્યાર્થીઓનાં સમાયોજનનો તુલનાત્મક અભ્યાસ કરવો.'

નિદર્શ : ધોરણ–10માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તેમજ B.A. Part-II માં અભ્યાસ કરતાં કુલ 80 વિદ્યાર્થીઓનો યદચ્છ નિદર્શ પસંદ કર્યો હતો.

સાધનો : મોહસીન શર્મા દ્વારા પ્રમાણિત બેલ એડજેસ્ટમેન્ટ ઈન્વેન્ટરી.

**આંકડાશાસ્ત્રીય પધ્ધતિ :** 't' ગુણોતર પધ્ધતિ

**તારણો :** (1) હાઈસ્કૂલ તથા કોલેજનાં વિદ્યાર્થીઓનાં સમાયોજન પ્રાપ્તાંકમાં તફાવત જોવા મળે છે.

(2) હાઈસ્કૂલનાં વિદ્યાર્થીઓ કરતાં કોલેજનાં વિદ્યાર્થીઓનું સમાયોજન કરતાં કોલેજના વિદ્યાર્થીઓનું સમાયોજન વધુ સારું હતું.

### 2.12.18 કુ. હેતલ પટેલ નો અભ્યાસ (2005)

**સંશોધનપત્ર :** ગુજરાત એકેડમી ઓફ સાયકોલોજી, અમદાવાદ આયોજિત રાજયકક્ષાનું પ્રથમ અધિવેશન, જૂનાગઢ.

**શિર્ષક :** 'ઉચ્ચતર માધ્યમિક શાળાનાં વિદ્યાર્થીનીઓનાં સામાજિક સમાયોજનનો અભ્યાસ.'

**હેતુ :** 'ઉચ્ચતર માધ્યમિક શાળાની વિદ્યાર્થીઓના સામાજિક સમાયોજનનો ધોરણ, રહેઠાણ અને શિક્ષણ પ્રવાહનાં સંદર્ભમાં અભ્યાસ કરવો.'

**નિદર્શ :** રાજકોટ શહેરની ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતી કુલ 80 વિદ્યાર્થીનીઓનો નિદર્શ પસંદ કરવામાં આવેલ.

**સાધનો :** (1) વ્યકિતગત માહિતીપત્રક

(2) ડાં. હરકાંત બદામી અને ડાં. ચારૂલતા બદામી રચિત સામાજિક સમાયોજન સંશોધનિકા.

**આંકડાશાસ્ત્રીય પ્રયુકિત :–** 't' ગુણોતર પધ્ધતિ

**તારણો :** (1) વિદ્યાર્થીનીઓના સામાજિક સમાયોજન પર ધોરણની કોઈ અસર પડતી નથી.

(2) વિદ્યાર્થીનીઓના સામાજિક સમાયોજન પર રહેઠાણની કોઈ અસર પડતી નથી.

(3) વિદ્યાર્થીનીઓનાં સામાજિક સમાયોજન પર શિક્ષણપ્રવાહની કોઈ અસર પડતી નથી.

પ્રસ્તુત શોધ સંશોધનમાં પણ તરૂણોનાં ધોરણ, રહેઠાણ, વિસ્તાર અને શિક્ષણ પ્રવાહ, તરૂણોના સામાજિક અને આવેગિક સમાયોજન પર થતી અસર વિશે જ વિચારવામાં આવ્યું છે.

## ★ સમાયોજન વિશેના અન્ય અભ્યાસો :

### 2.12.19 સિંઘનો અભ્યાસ,(1996)

સિંઘ (1996)નો શાળાએ જતાં વિદ્યાર્થીઓની સમસ્યાનો અભ્યાસ, ઉષાશ્રીનો (1990) સમસ્યારૂપ બાળકો અને સમાયોજનનો અભ્યાસ, શર્માનો (1873) શાળા માં જતા તરૂણોની હતાશાજનક પરિસ્થિતિ પ્રત્યે પ્રતિક્રિયાનો અભ્યાસ વગેરે જોવા મળે છે.

### 2.12.20 માધુરી કુમારીનો અભ્યાસ :

માધુરીકુમારી (1996) નો રજા વિના શાળામાં ગેરહાજર રહેનાર વિદ્યાર્થી તથા રજા લઈને શાળામાં ગેરહાજર રહેનાર વિદ્યાર્થીઓ દ્વારા થતી શાળા સમાયોજન ચિંતા અને ઉત્કંઠાને જાણવાનો પ્રયત્ન થયેલ હતો. પરિણામો દર્શાવે છે કે, વગર રજાએ ગેરહાજર રહેનાર વિદ્યાર્થીઓ અન્ય જૂથની સરખામણીએ શાળા–સમાયોજન સાધવામાં નિમ્ન હતાં અને તેમનો ચિંતાનો આંક ઉચ્ચ કક્ષાએ આવતો હતો.

### 2.12.21 મહેતાનો અભ્યાસ

મહેતા (1991) નો કુટુંબનું કદ અને આર્થિક સ્તરનાં સંદર્ભમાં આજ્ઞાંકિત અને બિનઆજ્ઞાંકિત વિદ્યાર્થીઓનાં સમાયોજનનો અભ્યાસ થયેલ જોવા મળે છે. શ્રી ડી.ડી. વસવેલીયાનો સમાયોજન અને સર્જનાત્મકતા પર જાતિયતાની અસર તપાસવા અંગેનો હતો. જેમાં વિદ્યાર્થીઓનાં સમાયોજન અને તેની સર્જનાત્મકતા પર જાતિયતાની અસર જોવા મળે છે.

### 2.12.22 મોઝર, કુમાર અને પ્રેમલતાનો અભ્યાસ :

મોઝર (**1973**), કુમાર (**1975**) અને પ્રેમલતા (**1984**)ના અભ્યાસો દર્શાવે છે કે, સામાજિક સમાયોજન, આત્મવિશ્વાસ, આરોગ્ય અને શારીરિક વિકાસ તેમજ વ્યકિતગત મનોવૈજ્ઞાનિક સંબંધો જેવા ક્ષેત્રોમાં વિદ્યાર્થીઓમાં વધુ પ્રશ્નો જોવા મળ્યા.

### 2.12.23 વાલીયા અને શર્માનો અભ્યાસ :–

વાલીયા (**1993**) નાં અભ્યાસમાં જોવા મળ્યું કે, કોલેજનાં વિદ્યાર્થીઓ કરતાં શાળા નાં વિદ્યાર્થીઓમાં શૈક્ષણિક સમાયોજન મનોરંજન પ્રવૃતિઓ, તેમજ સામાજિક સમાયોજનની વધુ સમસ્યાઓ જોવા મળી.

શર્માના (**2001**) અભ્યાસમાં જોવા મળ્યું કે, ઉચ્ચ જ્ઞાતિનાં વિદ્યાર્થીઓમાં નિમ્નજ્ઞાતિનાં વિદ્યાર્થીઓ કરતાં ઘર, આરોગ્ય, શાળાકીય, સામાજિક અને આવેગિક સમાયોજન સારું હતું.

### 2.12.24 ઈરફાન અને અર્જુન ચોચાનો અભ્યાસ :–

ઈરફાને (**2003**) પોતાના અભ્યાસ દ્વારા તારવ્યું કે **7** થી **10** ધોરણનાં વિદ્યાર્થીઓમાં નિયમિત હાજર રહેનારા કરતાં ગેરહાજર રહેનારા શૈક્ષણિક, આવેગ અને સામાજિક ક્ષેત્રે વધુ કુસમાયોજિત જોવા મળ્યા.

અર્જુન ચોચા (**2005**) પોતાના અભ્યાસ દ્વારા તારવ્યું કે, તરુણાવસ્થાનાં છોકરા–છોકરીઓનાં સમાયોજન અને ડિપ્રેશન વચ્ચે નિષેધક સહસંબંધ જોવા મળે છે.

## 2.13 પૂર્વ અભ્યાસની સંખ્યાની મર્યાદા :–

પ્રસ્તુત સંશોધનમાં આંતરરાષ્ટ્રિય, રાષ્ટ્રિય તેમજ ગુજરાતમાં થયેલા કેટલાંક સંશોધન અભ્યાસો લેવામાં આવ્યા છે. તમામ અભ્યાસોને અત્રે સમાવિષ્ટ કરી શકાયાં નથી. તેમજ શૈક્ષણિક મનોભાર વિશે ગુજરાતમાં બહુ અલ્પ સંખ્યામાં અભ્યાસ થયાં છે. આમ, પૂર્વ અભ્યાસમાં સમાવિષ્ટ થતાં તમામ સંશોધન અભ્યાસોને લઈ શકાયા નથી.

## 2.14 સારાંશ :–

21મી સદીને પ્રવર્તમાન સદીમાં તનાવગ્રસ્ત સદીમાં Stressfull Century કહી શકાય. વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતાં તરૂણોને અભ્યાસક્રમની મુશ્કેલીઓ, અભ્યાસમાં ઊંચા ગુણાંક સાથે ઉતીર્ણ થવા માટે સતત સ્પર્ધાનું દબાણ, બદલાતું જતું કૌટુંબિક જીવન, સામાજિક, કૌટુંબિક, શૈક્ષણિક, આવેગિક સમસ્યાઓ તેનામાં શૈક્ષણિક મનોભાર સર્જે છે. આજનો વિદ્યાર્થી સતત માનસિક દબાણ અને સંઘર્ષ અનુભવે છે. વળી, ભાવિ અભ્યાસ ક્ષેત્ર વિશે વિચારતા અને તેમાં પગ પેસારો કરવા માટે તે સતત ચિંતિત રહે છે. કૌટુંબિકક્ષેત્રનું સમાયોજન તે મહામુશ્કેલીથી પાર પાડે છે. આવેગિક સમાયોજનમાં સમતુલા પ્રાપ્ત કરવામાં નિષ્ફળ જાય છે. સામાજિક સમાયોજન સાધવા માટે તે સતત સમયની ખેંચ અનુભવે છે.

સંશોધક વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રવૃત્તિ સાથે નિકટતાથી સંકળાયેલ હોઈ પ્રસ્તુત અધ્યયનનો વિચાર આવતા સંશોધનની તેમાં તક મળી ગઈ. જેમાં માર્ગદર્શકશ્રીએ પ્રેરણારૂપ બનીને અભ્યાસ વિષયમાં પ્રેરણા આપી.

પૂર્વેના અભ્યાસોને ધ્યાનમાં લેતાં પ્રસ્તુત અભ્યાસ આ સંદર્ભમાં થયેલ છે. તરૂણાવસ્થા જે સમસ્યાઓની અવસ્થા છે. તેમાં કોઈ સંશોધકે શૈક્ષણિક મનોભાર અને સમાયોજનનો મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરેલ નથી. અભ્યાસ કરતાં તરૂણોને યોગ્ય માર્ગદર્શન મળે, નકારાત્મક વિચારોથી દૂર રહે અને સુમેળભર્યું સમાયોજન પ્રાપ્ત કરે તે હેતુથી પ્રેરાઈને, રાષ્ટ્ર નિર્માણમાં તરૂણોનું યોગદાન રહે તે માટે સંશોધકે પ્રસ્તુત અધ્યયન હાથ ધરેલું છે.

ટૂંકમાં પ્રસ્તુત અધ્યયન અભ્યાસ કરતાં તરૂણોની અવનવી સમસ્યાઓનાં ક્ષેત્રમાં દિવાદંડી સમાન છે. આજના મેટ્રોપોલિટન શહેરનાં વિદ્યાર્થીઓની સમસ્યાઓ જેવી કે ડ્રગ–વ્યસન, સિગારેટ પીવી, દારૂની લત, કેફી તત્વોનો સહારો વગેરેને નહીવત બનાવવાનાં તેમજ વિદ્યાર્થીઓની આત્મહત્યાનું પ્રમાણ વધી રહ્યું છે, ત્યારે તેને અટકાવવાના ઉપાયોમાં અગત્યની ભૂમિકા પૂરી પાડવાનાં પ્રયાસરૂપે આ સમસ્યા પર સંશોધન હાથ ધરવાનો વિનમ્ર પ્રયાસ કર્યો છે.

❁ ❁ ❁

# પ્રકરણ – 3

# સંશોધન યોજના, પ્રક્રિયા અને પૃથક્કરણની પદ્ધતિ


**ક્રમ વિગત**

3.1 પ્રસ્તાવના

3.2 સામાજિક સંશોધનની વ્યાખ્યા

3.3 સંશોધન યોજના

3.4 આયોજનની સફળતા

3.5 સંશોધન યોજનાનાં પ્રકારો

3.5.1 રચનાત્મક અથવા અન્વેષણાત્મક અધ્યયન

3.5.2 વર્ણનાત્મક અને નિદાનાત્મક અધ્યયન

3.5.3 પરીક્ષણાત્મક અથવા પ્રાયોગિક અધ્યયન

3.6 પ્રસ્તુત સંશોધન યોજના

3.7 સંશોધનની સમષ્ટિ

3.7.1 સમષ્ટિ એટલે શું ?

3.7.2 સમષ્ટિના પરિમાણ (ઘટકો)

3.7.3 સમષ્ટિના પ્રકારો

3.8 સંશોધન આયોજનની અગત્યતા

3.8.1 સંશોધન આયોજન એટલે શું ?

3.8.2 પ્રસ્તુત સંશોધન યોજનાનું વર્ણન

3.9 નિદર્શ પસંદગી

3.9.1 નિદર્શ એટલે શું ?

3.9.2. ઉત્તમ નિદર્શના લક્ષણો

3.9.3 નિદર્શની જરૂરિયાત

3.10 પ્રસ્તુત અભ્યાસમાં નમૂનાની પ્રક્રિયાનું પૃથક્કરણ

3.11 સંશોધનનાં ઉપકરણો

3.12 પ્રસ્તુત અભ્યાસનાં ઉપકરણો (સાધનો)

3.12.1 વ્યકિતગત માહિતી પત્રક :–

3.12.2 શૈક્ષણિક ભનોભાર માપન કસોટી :–

3.12.3 બેલ સમાયોજન સંશોધનિકા :–

3.13 પ્રસ્તુત અભ્યાસનું આયોજન

3.14 સ્વતંત્ર પરિવર્ત્યોનું વિશ્લેષણ

3.15 આંકડાશાસ્ત્રીય પ્રયુકિતઓ

3.15.1 ટકાવારી

3.15.2 મધ્યક 't' કસોટી માટે

3.15.3 સંયુકત પ્રમાણભૂલ ('t' કસોટી માટે)

3.15.4 't' કસોટી

3.15.5 સહસંબંધ 'r'

3.15.6 'F' કસોટી

3.16 પ્રસ્તુત અભ્યાસની માહિતીનું એકત્રીકરણ

3.17 સારાંશ

# પ્રકરણ – 3
# સંશોધન યોજના, પ્રક્રિયા અને પૃથક્કરણની પદ્ધતિ.

## 3.1 પ્રસ્તાવના :–

સંશોધન યોજના સંશોધન માટેની આધારશીલા છે. માટે સંશોધનનું વૈજ્ઞાનિક અને પધ્ધતિસરનું આયોજન કરવામાં આવે તો પરિણામ પર તેની અસર પડે છે. વાર્તનિક વિજ્ઞાનોમાં પધ્ધતિસરનું આયોજન સંશોધનને ફળદાયી બનાવે છે. સંશોધન માટે નિશ્ચિત હેતુઓ અનુસાર તેમાં સમાવિષ્ટ પરિવર્ત્ય વચ્ચેનાં સંબંધનો અભ્યાસ કરવામાં આવે છે.

ઉપરાંત નિદર્શ પસંદગી, માહિતી એકત્રીકરણના સાધનો, તેની વિશ્સનીયતા અને યથાર્થતા, આંકડાશાસ્ત્રીય પ્રયુકિતઓની પસંદગી વગેરે પાસાંઓનું સ્પષ્ટ રીતે આયોજન કરવું પડે છે. સંશોધકે સંશોધન યોજનનાં ઘડતરમાં વિશેષ કાળજી રાખવી આવશ્યક છે. જેથી સંશોધન યથાર્થ અને વિશ્વસનીય પરિણામો આપી શકે છે.

વિજ્ઞાનની દ્રષ્ટિએ વિષય પસંદગી એ સારી પેઠે અનિશ્ચિત છે. પી.વી.યંગ વિષયની પસંદગીને વૈજ્ઞાનિક સંશોધનની પ્રાથમિક જરૂરિયાત તરીકે ઓળખાવે છે. કારણ કે તેના વગર કોઈપણ સંશોધનકાર્યનો પ્રારંભ થઈ શકે નહિં. યંગે કેટલીક બાબતો રજૂ કરી છે. જે આ મુજબ છે.

(૧) વિષય ક્ષેત્રને સમજવાની સંશોધકની શકિત.

(૨) સાધનોની મર્યાદા

(૩) પ્રયુકિતની ઉપલબ્ધતા

(૪) પ્રમાણભૂત અને વિશ્વસનીયતા માહિતી મળવાની સંભાવના

(૫) સંશોધનક્ષેત્રની મર્યાદા

ઉપરોકત સંદર્ભે વિષય પસંદગી ચોકસાઈપૂર્વક કરવી જોઈએ. વિષય પસંદગીમાં વ્યકિતના વલણો, રસ–રૂચિ, આકાંક્ષા, વિષયની રસપ્રદતા ઉપરાંત ઉપલબ્ધ સમય, શકિત, નાણા અને પોતાના સામર્થ્યનો વિચાર કરવો જરૂરી હોય છે.

પ્રસ્તુત અધ્યયન શાળાઓમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સમાયોજનનાં સંદર્ભમાં કરવામાં આવ્યું છે. આ અભ્યાસમાં વ્યકિતગત સામાજિક પરિવર્ત્યો જેવા કે વિદ્યાર્થીની જાતિ, ધોરણ, રહેઠાણ વિસ્તાર, માતા–પિતાનું શિક્ષણ વગેરેની અસર શૈક્ષણિક મનોભાર અને

સમાયોજન પર કઈ રીતે થાય છે તે તપાસવા માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું છે.

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધનની સમગ્ર પ્રક્રિયા કઈ રીતે હાથ ધરવામાં આવી છે તે દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

## 3.2 સામાજિક સંશોધનની વ્યાખ્યા :–

Encyclopaedia of Social Sciences માં જણાવ્યા મુજબ સામાજિક ઘટનાઓ કે સમસ્યાઓ વિશે નવીન જ્ઞાન પ્રાપ્ત કરવા માટે કરવામાં આવેલ વ્યવસ્થિત પૂછતાછ કે તપાસને સામાજિક સંશોધન કહે છે.

સંશોધન એ શોધ માટેની ગતિ છે. તે જિજ્ઞાસા, ઉત્કંઠાથી પ્રેરાઈને કરવામાં આવે છે. સંશોધન એક શૈક્ષણિક પ્રવૃતિ છે. સંશોધન વૈજ્ઞાનિક શોધ કરવા માટેની કલા છે.

''સંશોધન સ્વતઃ સત્યની શોધ માટેની એક પદ્ધતિ છે. જે વાસ્તવમાં સમીક્ષત્મક વિચારણાની પધ્ધતિ છે. તેમાં સવાલોની વારંવાર વ્યાખ્યા કરવામાં આવે છે. કાલ્પનિક સિધ્ધાંતોની રચના કરવામાં આવે છે. સૂચિત ઉકેલો શોધવામાં આવે છે અને અનુમાનો તથા પરિણામો તારવવામાં આવે છે. છેવટે પરિણામો કાલ્પનિક સિધ્ધાંતોની સાથે કેટલે અંશે બંધ બેસતા છે ?'' આવી બાબતોનો સમાવેશ સંશોધનમાં થાય છે. — Clifford Woodi

* To research is to search again. — Seltize, Wrightsman and Cook

★ વૈજ્ઞાનિક સંશોધન કોઈ નિયંત્રિત નિરિક્ષણનું ક્રમબધ્ધ અને વસ્તુલક્ષી રેકોર્ડીંગ અને વિશ્લેષણ છે, જેના આધારે સામાન્યીકરણ, નિયમ અથવા સિધ્ધાંત વિકસીત કરવામાં આવે છે.

— Best and Kahn (1992)

★ સામાજિક ઘટનાઓ કે સમસ્યાઓ વિશે નવીન જ્ઞાન પ્રાપ્ત કરવામાં માટે આવેલ વ્યવસ્થિત પૂછતાછ કે તપાસને સામાજિક સંશોધન કહે છે. –મોસર (1961)

★ ''વસ્તુલક્ષી અને ચકાસણીજન્ય પધ્ધતિઓ દ્વારા હકીકતો શોધવા માટેની, હકીકતો વચ્ચેનો સંબંધ શોધવા માટેની અને તેને આધારે સિધ્ધાંત કે નિયમ તારવવા માટેની વ્યવસ્થિત તપાસને સંશોધન કહેવાય છે.'' **– ડાં. ગોપાલ**

સંશોધન નવી ક્ષિતિજો શોધે છે. પ્રવર્તમાન વૈજ્ઞાનિક સિધ્ધાંતના માળખાંની વચ્ચે રહી સામગ્રી એકત્રીત કરે છે. અને તેનું વિશ્લેષણ કરે છે.

## 3.3 સંશોધન યોજના :–

સંશોધન વિષય પસંદગી પછીનો તબક્કો સંશોધન યોજનાનો છે. જે સંશોધન માટે રસ્તાઓ ખૂલ્લા કરે છે. સંશોધન વિષય પસંદગીને અનુરૂપ યોગ્ય આયોજન કરવું પડે છે. સંશોધન વિષયનું આયોજન કરવું એ ધારીએ તેટલી સરળ બાબત નથી. તે માટે ખૂબજ કાળજી રાખવી પડે છે. કેમ કે, સંશોધનનું આયોજન એ સંશોધનનો કાર્ડીયોગ્રામ બતાવે છે. આમ સંશોધનનો હેતુ સિધ્ધ કરવા માટે તેના વિષયને અનુરૂપ વ્યવસ્થિત, કાળજી પૂર્વકનું આયોજન કરવું પડે છે. જે સંશોધન કાર્યને દિશા સુચન આપવા માટેનું તાર્કિક અને આયોજીત સાધન છે. સંશોધન યોજના સંશોધનકાર્ય અંગે દિશા અને સમજ પૂરી પાડે છે. સંશોધનનાં વિષયને અનુરૂપ સંશોધનકાર્યનું આયોજન કરવામાં આવે છે. આ આયોજન વ્યવસ્થિત તેમજ કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવે છે.

★ '' સંશોધન યોજના એવી સંરચના તથા વ્યુહરચના છે, જેનો હેતુ સંશોધનના પ્રશ્નોનો જવાબ મેળવવાનો તથા પ્રસરણને નિયંત્રિત કરવાનો હોય છે.'' **– કર લિંગર (2000)**

★ '' સંશોધન યોજના એવી વ્યુહરચના છે, જેમાં પ્રયોજયોનું સ્વતંત્ર પરિવર્ત્યોના સ્તર અનુસાર વિતરણ અને સ્વતંત્ર પરિવર્ત્યોની હસ્તોપ્રયોજન પ્રક્રિયા તથા સંબંધિત આંકડાશાસ્ત્રીય વિશ્લેષણ યોજના સામેલ હોય છે. **– ડી. એન. શ્રીવાસ્તવ (2000)**

★ પોલીન યંગના જણાવ્યા મુજબ બિલકુલ માર્ગાન્તીત ન થાય તેવી ચોક્કસ અને પૂરતી સંશોધન યોજના ભાગ્યેજ હોય છે. તેમ છતાં તેનો હેતુ સંશોધનકાર્ય ને દિશાસૂચન આપવાનો છે. સંશોધન યોજના એક કામચલાઉ યોજના છે. કારણ કે, સંશોધક સમસ્યા પસંદગીથી માંડીને, માહિતી એકત્રિત કરવાની તેમજ અહેવાલ લખવા તરફ જેમ જેમ પ્રગતિ કરે છે તેમ તેમ તેની સમક્ષ નવી નવી પરિસ્થિતિઓ ઉદ્‌ભવતી જાય છે. અને તે મુજબ સંશોધન યોજનામાં ફેરફાર કરતા રહેવાનું જરૂરી બને છે.

સંશોધન યોજનાએ અભ્યાસ પૂર્વેનો આયોજિત નકશો છે. જેના દ્વારા સંશોધનકાર્યમાં કઈ દિશામાં આગળ વધવું તેનો ખ્યાલ આવે છે. અને સંશોધકનો વ્યર્થ પ્રવૃતિમાં સમય બગડતો નથી અને સંશોધનનું આયોજન હોવાથી ઓછા સમયે વધુ સફળતા તરફ દોરી જાય છે. સંશોધકના કાર્યને વેગ, બળ અને શકિત મળે છે.

પોલીન યંગના મતે સંશોધન યોજના તૈયાર કરતી વખતે સંશોધકે નીચેના મુદ્દાઓને ખાસ

ધ્યાનમાં રાખવા જરૂરી છે.

(1) માહિતીના સ્ત્રોત

(2) સંશોધન – અભ્યાસનું સ્વરૂપ

(3) સંશોધન – અભ્યાસના હેતુ

(4) સામાજિક – સાંસ્કૃતિક – ઐતિહાસિક સંદર્ભની સ્પષ્ટતા

(5) ભૌગોલિક વિસ્તારની સ્પષ્ટતા

(6) સમયનો અંદાજ

(7) માહિતી એકત્ર કરવા માટેની પ્રયુકિતઓ

(8) અભ્યાસના પરિણામો

(9) સંશોધન એકમોની વ્યાખ્યા

(10) સંદર્ભસૂચિ

આમ, સંશોધન યોજના સંશોધનકાર્યની શરૂઆતથી અંત સુધીની તમામ બાબતોની ઝાંખી કરે છે. સંશોધનમાં કઈ પધ્ધતિથી માહિતી મેળવાશે ? હેતુઓને સિધ્ધ કરવા કઈ પ્રયુકિતઓનો ઉપયોગ કરાશે ? વગેરે બાબતોનો સમાવેશ થાય છે. ઉપર્યુકત સોપાનોને ધ્યાનમાં રાખી સંશોધનનું આયોજન કરવામાં આવે છે. જેથી માહિતી સાચી મળે અને અંત ફળદાયી બને.

## 3.4 આયોજનની સફળતા :–

સંશોધનકાર્ય કરવા માટે સંશોધનનું આયોજન કરવું જરૂરી છે. જેમ કોઈ આર્કિટેકટ મકાન બનાવતા પહેલા મકાનનો પ્લાન(નકશો) તૈયાર કરે છે. અને પ્લાન મુજબ મકાન તૈયાર કરાવે છે. જેથી કરીને આયોજન મુજબ કાર્યકરવાથી સમય–શકિત અને નાણાંનો વ્યય થતો અટકે છે. તેમ સંશોધનકાર્યનું પણ આયોજન કરવું જરૂરી છે. કારણ કે, આયોજન વગરનું સંશોધન ઘણીવાર સંશોધકને મુશ્કેલીમાં મુકી દે છે. આયોજન કરીને સંશોધનકાર્ય કરવામાં આવે તો સંશોધનકાર્યમાં આવતા વિઘ્નોને થોડાં સરળ બનાવી શકાય છે. આ ઉપરાંત

★ આયોજન દ્વારા વધુ વિશ્વસનીય માહિતી મેળવી શકાય છે.

★ અધકચરી માહિતી મેળવવાથી દુર રહી શકાય છે.

★ સમય, શકિત અને નાણાંનો વ્યય થતો અટકાવી શકાય છે.

★ આયોજન દ્વારા સંશોધનકાર્યના દ્વાર આપોઆપ ખુલ્લા બને છે.

★ સંશોધનકાર્ય વધુ સરળ બને છે.

તેથી સંશોધનકાર્યનું આયોજન કરવું આવશ્યક છે.

## 3.5 સંશોધન યોજનાનાં પ્રકારો :–

સંશોધન યોજનાનાં ત્રણ પ્રકારો છે જે આ મુજબ છે.

### 3.5.1 રચનાત્મક અથવા અન્વેષણાત્મક અધ્યયન :–

(Formulative or Exploratory Study) :–

દરેક અભ્યાસનું પોતાનું ખાસ પ્રયોજન હોય છે. સંશોધનનાં પ્રયોજનને અનેક સમૂહોમાં વહેંચી શકીએ છીએ. જે આ પ્રમાણે છે.

(1) ઘટનાનો પરિચય પ્રાપ્ત કરવો જેથી પરિકલ્પનાનો ખ્યાલ વિકસાવી શકાય.

(2) પરિકલ્પના સાથે અથવા પરિકલ્પના વિના એ લાક્ષણિકતાઓનાં સ્વરૂપ વિશે કોઈ વિશિષ્ટ વ્યકિત અથવા સમૂહની લાક્ષણિકતાઓને ચોક્કસ રીતે આલેખી શકાય.

(3) ઘટનાની વારંવારિતા નક્કી કરવી. મોટેભાગે પણ હંમેશા નહિ અમુક વિશિષ્ટ પ્રારંભિક પરિકલ્પના વિશે વિચારી શકાય.

(4) બે પરિવર્ત્યો વચ્ચે કારણાત્મક સંબંધ ધરાવતી પરિકલ્પનાની ચકાસણી કરવી અને નવી આંતરદ્રષ્ટિ મેળવવી.

ઉપરોકત બાબતોનો સમાવેશ રચનાત્મક અથવા અન્વેષણાત્મક અધ્યયનોમાં કરવામાં આવે છે. રચનાત્મક અભ્યાસો આજ્ઞાત તત્વો અને હકીકતોની શોધ સાથે સંબંધ ધરાવે છે.

### 3.5.2 વર્ણનાત્મક અને નિદાનાત્મક અધ્યયન :–

(Destructive and Diagnostic Study) :-

#### 3.5.2.1 વર્ણનાત્મક અધ્યયન :–

વર્ણનાત્મક પધ્ધતિ પરિસ્થિતિઓનો અભ્યાસ કરવાન વિષયક માપન પધ્ધતિ તરીકે ઓળખાય છે. વર્ણનાત્મક સંશોધનમાં કોઈપણ વસ્તુના પ્રકાર, દરજજાની વિગતો, પરિસ્થિતિઓનાં સમૂહની વિગતો અથવા બીજી કોઈ ઘટનાઓ જેનું

સંશોધક અધ્યયન કરવા માગે છે. તેનો સમાવેશ થાય છે. માટે જ તેને દરજજાનાં અધ્યયનો તરીકે પણ ઓળખવામાં આવે છે. વર્ણનાત્મક અધ્યયનો સંશોધકને કેટલી વિગત જાણવી જરૂરી છે, તે કયાં સુધી પહોચ્યો છે. તેવી સમજનાં વિકાસ માટે પણ મહત્વનો ભાગ ભજવે છે.

### 3.5.2.2 ઉપયોગિતા :–

(1) સંશોધક જેનું અધ્યયન કરવા ઈચ્છે છેતે બાબતમાં તેને અંતઃદ્રષ્ટિ મળે છે.

(2) પદાર્થો તેમજ વ્યકિતઓનાં સ્વભાવનું આવશ્યક જ્ઞાન મેળવી શકાય છે.

(3) ધંધાકિય નિર્ણયો કરવા માટે કિંમતી હકીકતો પૂરી પાડે છે.

(4) વર્ણનાત્મક નિરિક્ષણોનો અમુક બીજી પરિસ્થિતિઓની હાજરી કે ગેરહાજરી સાથે સંબંધ જોડવાથી આપણને કારણાત્મક સંબંધોનું જ્ઞાન મળે છે.

### 3.5.2.3 યોજના :–

વર્ણનાત્મક અધ્યયનોની યોજનામાં નીચેના મુદ્દાઓનો સમાવેશ થાય છે.

| | | |
|---|---|---|
| (1) સામાન્ય | (2) વિશ્લેષણ | (3) વર્ગીકરણ |
| (4) ગણના | (5) માપન | (6) મૂલ્યાંકન |

### 3.5.2.4 વર્ણનાત્મક અધ્યયનો :–

વર્ણનાત્મક અધ્યયનો સામાન્ય રીતે સમાજમાં પ્રવર્તતા પ્રશ્નો વિશે થતાં હોય છે. સમાજમાં પ્રવર્તતા પ્રશ્નો અનેક હોય છે. છતાં કેટલાંક આ મુજબ છે.

સામાજિક લાક્ષણિકતા, સમાજનાં લોકોની વય, વિસ્તાર, રાષ્ટ્રિયતા, શારીરિક – માનસિક સ્વાસ્થ્ય, શિક્ષણનાં પ્રમાણો, ગુન્હાઓનું પ્રમાણ વગેરે બાબતોનું અધ્યયન કરે છે. વર્ણનાત્મક સંશોધનો સંબંધિત પરિવર્ત્યોની ચકાસણી કે શોધમાં રસ ધરાવે છે.

### 3.5.2.5 નિદાનાત્મક અથવા ચિકિત્સાત્મક અધ્યયન :–

આ સંશોધન યોજનામાં ચિકિત્સા વિષય, સમીક્ષા, ચિકિત્સા પ્રક્રિયાઓ વગેરે પાંચ પાસાઓનું વર્ગીકરણ કરવામાં આવ્યું છે જે આ પ્રમાણે છે.

(1) પરિસ્થિતિ દરજજો યા દરજજાનું એકમ.

(2) માહિતીનો સંગ્રહ, પરીક્ષા અને ઈતિહાસ.

(3) આકસ્મિક ઘટકોની ચિકિત્સા અને પરખ.

(4) સમાયોજન, ઈલાજ અને ઉપચાર.

(5) સમાયોજન કાર્યક્રમનું અનુસરણ.

**3.5.2.6 ઉપયોગ :–**

(1) કુટુંબ, શાળાઓ, સમાજમાં પ્રવર્તતા પ્રશ્નોનું અધ્યયન

(2) ધંધાકીય પ્રશ્નોનાં પ્રકારોનો ખ્યાલ આપવામાં

(3) ધંધાકીય અભ્યાસક્રમો માટે શિક્ષણ આપવાનું પ્રયોજન

(4) વિશિષ્ટ પ્રકારના ચિકિત્સા વિષયોનાં પ્રકાશિત અહેવાલના સંગ્રહથી પરિણમતા જ્ઞાનના આધારે સામાન્યીકરણની રચના.

(5) સંખ્યાત્મક પરિણામોનું ઉદાહરણ રજૂ કરવું અને પ્રમાણિત કરવું.

**3.5.3 પરીક્ષણાત્મક અથવા પ્રાયોગિક અધ્યયન :–**

આ પ્રકારની સંશોધન યોજનાના પ્રકારમાં પ્રયોગો કરવામાં આવે છે. પ્રયોગ એટલે હેતુપૂર્વક નક્કી કરેલી શરતોને આધારે વિશિષ્ટ પરિસ્થિતિ ઉપસ્થિત કરવામાં આવે છે અને આ વિશિષ્ટ પરિસ્થિતિનું નિયંત્રણ કરીને નિરીક્ષણ કરવામાં આવે છે. જેના પ્રકારો આ પ્રમાણે છે.

(1) પશ્ચાત્ પ્રયોગ

(2) પૂર્વ સંશોધન આયોજન.

(3) ચોક્કસ (પોસ્ટ) હકીકત સંશોધન.

## 3.6 પ્રસ્તુત સંશોધન યોજના :–

પ્રસ્તુત સંશોધનનો હેતુ તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સમાયોજનની અસર અંગે મનોવૈજ્ઞાનિક અભ્યાસ કરવાનો હોવાથી આ બંને પરિવર્ત્યો પર તરુણોની જાતિ, શિક્ષણપ્રવાહ, શાળાનો પ્રકાર, રહેઠાણ વિસ્તાર, માતા–પિતાનું શિક્ષણ વગેરે ઘટકોની અસર તપાસવાનો હતો. તેથી હેતુઓને ધ્યાનમાં રાખી શૂન્ય ઉત્કલ્પનાઓ નક્કી કરવામાં આવી. અહીં મુખ્ય અને ગૌણ હેતુઓને ધ્યાનમાં રાખીને કેટલીક શૂન્ય ઉત્કલ્પનાઓ રચી હતી. તેની ચકાસણી કરવા માટે સમગ્ર યોજના

નીચે મુજબ તૈયાર કરવામાં આવી હતી.

## (1) 't' ગુણોત્તર વિશ્લેષણ :–

અત્રે 75 શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી અને યથાર્થતા સાબિત કરવા માટે 't' કસોટી દ્વારા ગણતરી કરવામાં આવી. જેમાં 25 શૈક્ષણિક મનોભાર વિશેનીં 25 સામાજિક સમાયોજન અને 25 આવેગિક સમાયોજન વિશેની શૂન્ય ઉત્કલ્પનાઓ હતી. જેમાં જાતિ, સ્કૂલનો પ્રકાર, શિક્ષણ પ્રવાહ, ધોરણ, રહેઠાણ વિસ્તાર, માતા–પિતાનું શિક્ષણ વગેરે સ્વતંત્ર પરિવર્ત્યો છે જયારે શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન પરતંત્ર પરિવર્ત્યો છે.

પ્રસ્તુત અભ્યાસમાં સ્વાતંત્ર્યની માત્રાના આધારે સાર્થકતાની કક્ષા 't' કોષ્ટકમાં 0.05ની કક્ષાએ તપાસવામાં આવે છે.

## (2) સહસંબંધ શોધવાની કાર્લપિયર્સનની રીત :–

પ્રો. કાર્લપિયર્સનની પધ્ધતિએ સહસંબંધ શોધવાની શ્રેષ્ઠ પધ્ધતિ છે. મૂળ તો આ પધ્ધતિની શરૂઆત સર ફ્રાન્સિસ ગાલ્ટને કરી હતી. પ્રો. પિયર્સને તેનો વિકાસ કરી નવું સ્વરૂપ આપ્યુ હોવાથી તે પિયર્સનની પધ્ધતિ તરીકે ઓળખાય છે. તેના દ્વારા શોધાયેલો સહસંબંધાંક (r) કહેવાય છે.

પ્રસ્તુત અભ્યાસના ત્રણ નિયંત્રિત પરિવર્ત્યોના સહસંબંધની ચકાસણી કરવા માટે (1) શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચેનો સહસંબંધ તપાસવા 2 શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી છે. (2) શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજન વચ્ચેનો સહસંબંધ તપાસવા 2 શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી છે. (3) સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનનો અભ્યાસ કરવા માટે 2 શૂન્ય ઉત્કલ્પનાઓની રચના કરવામાં આવી છે.

સહસંબંધની ચકાસણી કરવા કુલ 6 ઉત્કલ્પનાઓ રચવામાં આવી છે.

## (3) વિચરણ પૃથક્કરણ :–

પ્રસ્તુત અભ્યાસમાં 'F' કસોટી દ્વારા પૃથક્કરણ કરવામાં આવ્યું છે. જેમાં સ્વતંત્ર પરિવર્ત્ય તરીકે વિસ્તાર, જાતિ અને ધોરણ (Standard) તેમજ આધારિત પરિવર્ત્ય તરીકે શૈક્ષણિક

મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો દ્વારા તેમની વચ્ચેનાં તફાવતની સાર્થકતા તપાસવા કુલ 30 શૂન્ય ઉત્કલ્પનાઓ રચવામાં આવી છે.

## 3.7 સંશોધનની સમષ્ટિ :–

સંશોધન ભાગ્યે જ સમગ્ર સમષ્ટિનું કરાતું હોય છે. સંશોધક મોટાભાગે કોઈક નિદર્શ પસંદ કરી અભ્યાસ કરે છે અને નિદર્શના અભ્યાસ પરથી મળેલાં તારણો સમગ્ર સમષ્ટિ પર લાગુ પાડવા કેટલીક આંકડાશાસ્ત્રીય પધ્ધતિઓનો ઉપયોગ કરે છે. કોઈ સંશોધક સમષ્ટિનાં પ્રત્યેક પાત્રનો અભ્યાસ કરી શકે નહીં, તેમજ વિશ્વનાં દેશોમાં થયેલાં અભ્યાસો પણ દર્શાવે છે કે એકએક સભ્યની તપાસ જરૂર નથી. નિદર્શ તપાસ દ્વારા પણ સમષ્ટિ વિશે સાચો અંદાજ બાંધી શકાય છે. જોકે તેને માટે યોગ્ય રીતે નિદર્શની પસંદગી થવી જરૂરી છે.

### 3.7.1 સમષ્ટિ એટલે શું ? :–

સમષ્ટિને વ્યાપવિશ્વ પણ કહે છે. અંગ્રેજીમાં તેને ‘Universe’ કહેવામાં આવે છે.

★ ‘‘સમષ્ટિ એટલે જે જૂથમાંથી નિદર્શની પસંદગી કરવામાં આવી હોય તે સમગ્રજૂથને સમષ્ટિ કહેવામાં આવે છે.’’

### 3.7.2 સમષ્ટિના પરિમાણ (ઘટકો) :–

#### 3.7.2.1 ભૌગોલિક પરિમાણ :–

જે ક્ષેત્રમાં સંશોધનકાર્ય કરવામાં આવે તે સમષ્ટિનું ભૌગોલિક પરિમાણ છે. જેમ કે રાજકોટ જિલ્લાનાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારનાં તરુણોનો અભ્યાસ. તો અહીં રાજકોટ જિલ્લો ભૌગોલિક પરિમાણ છે. જે સંશોધનક્ષેત્રની હદ (વિસ્તાર) નક્કી કરે છે.

#### 3.7.2.2 સમષ્ટિનું એકમ :–

સમષ્ટિમાં સમાવિષ્ટ થતાં બધા સભ્યો સમષ્ટિ એકમ છે. તેમાં સમાવિષ્ટ થતાં બધા એકમોને નિદર્શ એકમો કહે છે. પ્રસ્તુત સંશોધનમાં રાજકોટ જીલ્લા માં ધો.10,ધો.11, ધો.12માં અભ્યાસ કરતાં તરુણો સમષ્ટિ એકમો છે.

### 3.7.2.3 સમષ્ટિનું લક્ષણ :–

સમષ્ટિ એકમોનું લક્ષણએ સમષ્ટિનું ત્રીજું પરિમાણ છે. પ્રસ્તુત સંશોધનમાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિકના સમાયોજનની તુલનાએ સમષ્ટિનું ત્રીજું પરિમાણ છે. આ પરિમાણને લક્ષમાં રાખીને જોઈએ તો સમષ્ટિ વ્યકિતઓની બનેલી નથી. પરંતુ વ્યકિતઓ કે એકમોનાં લક્ષણની બનેલી છે. સમષ્ટિ એ જેતે ક્ષેત્રનો જથ્થો છે. જે ખૂબ વિશાળ હોય છે.

પ્રસ્તુત અભ્યાસમાં રાજકોટ જિલ્લો એ સમષ્ટિ છે. જે સમગ્ર સમષ્ટિ પર ધ્યાન આપવું મુશ્કેલ છે. તેથી તેમાંથી નિદર્શ પસંદ કરી તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સમાયોજનનો અભ્યાસ કરવામાં આવે છે.

## 3.7.3 સમષ્ટિના પ્રકારો :–

### 3.7.3.1 ગુણાત્મક અને સંખ્યાત્મક સમષ્ટિ :–

સમષ્ટિનાં એકમનું લક્ષણ ગુણાત્મક સ્વરૂપનું હોય તેવી સમષ્ટિને ગુણાત્મક સમષ્ટિ કહેવાય. દા.ત. મનોવલણ, અભિપ્રાય વ્યવસાય વગેરે.

જે સમષ્ટિના એકમનું લક્ષણ સંખ્યાત્મક સ્વરૂપનું હોય તે સમષ્ટિને સંખ્યાત્મક સમષ્ટિ કહેવાય છે. દા.ત. ઉંમર, બુદ્ધિ, પ્રયત્નોની સંખ્યા વિગેરે.

### 3.7.3.2 નિદર્શિત અને લક્ષ્ય સમષ્ટિ :–

જે સમષ્ટિમાંથી નિદર્શ પસંદ કરવામાં આવ્યો હોય તેને નિદર્શ સમષ્ટિ કહે છે. દા.ત. શાળાઓ, કોલેજ વિ.

જે પ્રદેશ વિશે સામાન્યીકરણ કરવાનું હોય તે પ્રદેશને લક્ષ્ય સમષ્ટિ કહે છે. દા.ત. ગુજરાત.

### 3.7.3.3 મર્યાદિત અને અમર્યાદિત સમષ્ટિ :–

જે સમષ્ટિનાં એકમોની સંખ્યા મર્યાદિત હોય, ગણી શકાય તેમ હોય તેવી સમષ્ટિને મર્યાદિત સમષ્ટિ કહે છે.

સમષ્ટિના એકમોની સંખ્યા અમર્યાદિત હોય તેવી સમષ્ટિને અમર્યાદિત

સમષ્ટિ કહે છે.

#### 3.7.3.4 પ્રસ્તુત અધ્યયનની સમષ્ટિ :–

રાજકોટ શહેર તેમજ તેની આસપાસનો ગ્રામ્ય વિસ્તાર પ્રસ્તુત સંશોધનની સમષ્ટિ છે. રાજકોટ જિલ્લો ખૂબ મોટા વિસ્તારમાં પથરાયેલો છે. તેથી સમગ્ર રાજકોટ જિલ્લાનાં ધો.10, ધો.11 અને ધો.12માં અભ્યાસ કરતાં તરુણોનો ટૂંક સમયમાં અભ્યાસ શકય નથી. તેથી રાજકોટ શહેરની કેટલીક શાળાઓ અને રાજકોટ જિલ્લાની ગ્રામ્યકક્ષાની કેટલીક શાળાઓમાં અભ્યાસ કરતાં તરુણો પર સંશોધન કરવામાં આવ્યું છે.

પ્રસ્તુત અભ્યાસમાં રાજકોટ શહેરની તેમજ રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આવેલ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતાં 15 વર્ષ કે તેથી ઉપરની વયના વિનયન, વાણિજય તેમજ વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણો અને તરુણીઓને સંશોધનની સમષ્ટિ તરીકે સ્વીકારવામાં આવ્યા હતા.

### 3.8 સંશોધન આયોજનની અગત્યતા :–

કોઈપણ સંશોધનમાં સંશોધન આયોજનની ભૂમિકા ઘણી મહત્વની છે. સંશોધન સુંદર અને સુઘડ આયોજન માંગે છે. આયોજન વગર સંશોધકને સંશોધનની દિશા સ્પષ્ટ દેખાતી નથી. તેથી જ સંશોધનકાર્યનું યોગ્ય આયોજન કરવું જરૂરી છે. સંશોધન કાર્યને સફળ બનાવવા કેટલીક વિશિષ્ટ બાબતો માટે આયોજન કરવું જરૂરી છે. જેમ કે,

★ આયોજન દ્વારા વધુ વિશ્વસનીય માહિતી મેળવી શકાય છે.

★ સંશોધનમાં આવતા સંઘર્ષોનો સામનો કરવો સરળ બને છે.

★ અધુરી માહિતી મળે તો તેને દૂર કરી શકાય છે.

★ સમય, શકિત અને નાણાનો વ્યય થતો અટકાવી શકાય છે.

★ સંશોધનકાર્ય વધુ સરળ અને સુગમ બને છે.

આમ, આયોજન એવું હોવું જોઈએ જેમાં પૂર્વગ્રહને ઓછામાં ઓછું સ્થાન હોય અને એકત્રિત કરેલા પ્રમાણો વધારેમાં વધારે વિશ્વસનીય હોય.

### 3.8.1 સંશોધન આયોજન એટલે શું ? :–

સંશોધન કાર્ય દરમ્યાન સંશોધકે જે કાર્ય કરવાનું છે તેની વ્યવસ્થિત ગોઠવણી કરવી પડે છે એટલે કે, સમગ્ર સંશોધન યોજનાને વિવિધ સોપાનોમાં વહેંચવી પડે છે. તેમજ ત્યાર પછીના સોપાનોની જરૂરીયાતોને પણ લક્ષમાં રાખવામાં આવે છે. યોજનાએ સમગ્ર સંશોધનનો નકશો છે, રજૂઆત છે. તેથી ત્યારપછીના સોપાનોની જરૂરિયાતોને લક્ષમાં રાખવી જોઈએ.

પ્રત્યુત્તરો મેળવવાના સંદર્ભમાં સંશોધન ગૂંથણીનું કામ ઉતરો યથાર્ત કરીતે વસ્તુલક્ષી રીતે ચોકસાઈપૂર્વક તેમજ કરકસરથી મેળવાય તે જોવાનું છે.

સંશોધન આયોજન એટલે ‘‘સંજોગોની એવી કરકસરયુકત અને કુનેહપૂર્વકની ગોઠવણ જેને લઈને સંશોધન સવાલને અનુરૂપ હોય તેવી માહિતી પ્રાપ્ત થઈ શકે તેમજ સવાલને અનુરૂપ માહિતીનું વિશ્લેષણ થઈ શકે.’’ – જહોડા

★ ‘‘સંશોધન યોજના એટલે પ્રાયોગિક ભૂલોને નિયંત્રિત કરી, સમસ્યાના ઉકેલ માટે તપાસનો નકશો અને તપાસની આંટીઘૂટીનો વ્યૂહ બાંધવો તે ’’ – કરલિંજર

### 3.8.2 પ્રસ્તુત સંશોધન યોજનાનું વર્ણન :–

પ્રસ્તુત સંશોધન માટે માર્ગદર્શક સાથે મુલાકાત ગોઠવી વિષયની પસંદગી કરવામાં આવી અને વિષયને અનુરૂપ સાધનોની પસંદગી કરવામાં આવી. માર્ગદર્શક તેમજ સંશોધનકર્તા દ્વારા શૈક્ષણિક મનોભારની પ્રશ્નાવલી રચવામાં આવી, તેની યથાર્થતા, વિશ્વસનીયતાની ચકાસણી કર્યા બાદ સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનની કસોટીઓ મેળવી યોગ્ય નિદર્શ પસંદ કરવામાં આવ્યો એટલે ડિઝાઈન તૈયાર કરવામાં આવી. તેમજ માહિતી એકત્રિક કરવા આયોજન કરવામાં આવ્યું.

# સંશોધન અભ્યાસનો નિદર્શ
# કોષ્ટક નં. 3.1 Factorial Design
# 3 x 2 x 2 x 2 આવયવિક યોજના



કોષ્ટક નં. 3.1માં દર્શાવ્યા મુજબ પ્રસ્તુત અભ્યાસનો નિદર્શ વિવિધ સ્તરમાં વહેંચાયેલો છે. કુલ 960 પાત્રોમાં ધોરણ–10ના 320, ધોરણ–11ના 320 અને ધોરણ–12 ના 320 સમાવિષ્ટ છે.

જાતિની દ્રષ્ટિએ ધો. 10,11 અને 12 પ્રત્યેક ધોરણનાં કુલ 160 પાત્રો તરુણો અને 160 પાત્રો તરુણીઓનાં લેવામાં આવેલ છે. જે મુજબ 480 તરુણો અને 480 તરુણીઓનો સમાવેશ થાય છે.

વિસ્તારની દ્રષ્ટિએ ગ્રામ્ય અને શહેરી વિસ્તારના 80-80 જૂથ પ્રત્યેક ધોરણનાં તરૂણ–તરુણીઓનાં લેવામાં આવેલ છે. માતા–પિતાનાં શિક્ષણની દ્રષ્ટિએ શિક્ષિત માતા–પિતા હોય તેવા પ્રત્યેક ધોરણનાં શહેરી વિસ્તારના 40 તરુણો અને 40 તરુણીઓ, તેમજ માતા–પિતા બંને અશિક્ષિત હોય તેવા ગ્રામ્ય વિસ્તારના તરુણો 40 અને 40 તરુણીઓને પ્રત્યેક ધોરણમાંથી લેવામાં આવેલ છે. આમ, કુલ મળીને 960 પાત્રો સમાવિષ્ટ છે.

નિદર્શને અનુરૂપ નિદર્શ પસંદ થઈ ગયા બાદ આયોજન મુજબ ધો. 10, ધો. 11 અને ધો. 12 નાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણો પાસે પ્રશ્નાવલી ભરાવી માહિતી એકત્રિત કરવામાં આવી. પ્રાપ્ત થયેલ માહિતીનાં આધારે કોષ્ટકોની રચના કરવામાં આવી. તેનું વિશ્લેષણ કર્યા બાદ આંકડાશાસ્ત્રીય પધ્ધતિઓ દ્વારા ઉત્કલ્પનાઓની ચકાસણી કરવામાં આવી. તેને આધારે તારણો અને યોગ્ય સૂચનો કરવામાં આવ્યા.

ઉત્કલ્પનાઓની ચકાસણી કરવા માટે સમગ્ર યોજનાને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવી છે.

**વિભાગ–1** જેમાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનની સ્વતંત્ર પરિવર્ત્યો પ્રમાણે જૂથ પાડી 't' કસોટી પ્રયોજવામાં આવી છે.

**વિભાગ–2** અહીં સંશોધનનાં ગૌણ હેતુઓ પણ નક્કી કર્યા હતાં. તે મુજબ તરુણોનાં શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચે અસર તપાસવા માટે 'કાર્લ પિયર્સન' ની સહસંબંધ (r) પધ્ધતિનો ઉપયોગ કર્યો.

**વિભાગ–3** તરુણોના શૈક્ષણિક મનોભાર સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનની અસરનો અભ્યાસ કરવા માટે 3 x 2 x 2 x 2 ફેકટોરિયલ ડિઝાઈન પસંદ કરવામાં આવી હતી. જેમાં ધો. 10, ધો.11 અને ધો.12 નાં તરુણો અને તરુણીઓ પસંદ કર્યા હતા. ઉપરોકત ત્રણેય પરિવર્ત્યો પરથી મુખ્ય અને આંતરક્રિયાત્મક અસરો જાણવાનો પ્રયાસ કર્યો હતો જેમાં ' F ' કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## 3 x 2 x 2 x 2 ફેકટોરિયલ ડિઝાઈન

## (ધોરણ, જાતિ, રહેઠાણ વિસ્તાર અને માતા–પિતાનું શિક્ષણ)

અહીં તરુણોનાં ધોરણ (Standard) , જાતિ, રહેઠાણ વિસ્તાર અને માતા–પિતાનાં શિક્ષણની તરુણોનાં પરતંત્ર પરિવર્ત્યો પર થતી અસરનો અભ્યાસ કરવા માટે 3 x 2 x 2 x 2 આવયવિક યોજના પસંદ કરવામાં આવેલ છે. જેના અંતર્ગત વિભાગ–1 માં ચારેય સ્વતંત્ર પરિવર્ત્યની અસર તપાસવાનું આયોજન કરવામાં આવ્યું છે, તે અંતર્ગત તરુણોનાં ધોરણની ત્રણ કક્ષા, જાતિની બે કક્ષા, રહેઠાણ વિસ્તારની બે કક્ષા અને માતા–પિતાના શિક્ષણનું પ્રમાણની બે કક્ષા નક્કી કરાઈ છે. જેની રજૂઆત નીચેના કોષ્ટકમાં કરવામાં આવી છે.

**કોષ્ટક નં. 3.2**

**3 x 2 x 2 x 2 ફેકટોરિયલ યોજના પરિવર્ત્યો અને તેની કક્ષા.**

| ક્રમ | પરિવર્ત્યનું નામ | સંજ્ઞા | પરિવર્ત્યનું સ્વરૂપ | કક્ષાની સંખ્યા | કક્ષાનું નામ |
|---|---|---|---|---|---|
| 1 | ધોરણ | A | સ્વતંત્ર | 3 | ધો.10 A1<br>ધો.11 A2<br>ધો.12 A3 |
| 2 | જાતિ | B | સ્વતંત્ર | 2 | તરુણો - B1<br>તરુણીઓ - B2 |
| 3 | રહેઠાણ વિસ્તાર | C | સ્વતંત્ર | 2 | શહેરી - C1<br>ગ્રામીણ - C2 |
| 4 | માતા–પિતાનું શિક્ષણ | D | સ્વતંત્ર | 2 | શિક્ષિત માતા–પિતા - D1<br>અશિક્ષિત માતા–પિતા - D2 |
| 5 | શૈક્ષણિક મનોભાર | - | પરતંત્ર | - | - |
| 6 | સામાજિક સમાયોજન | - | પરતંત્ર | - | - |
| 7 | આવેગિક સમાયોજન | - | પરતંત્ર | - | - |

## 3.9 નિદર્શ પસંદગી :–

નિદર્શ પસંદગીનો મુખ્ય હેતુ સમષ્ટિમાંથી પ્રતિનિધિત્વ ધરાવતા નિદર્શને પસંદ કરી, તેના પર સંશોધન કરી, જે પરિણામ આવે તે સમગ્ર સમષ્ટિને લાગુ પાડવામાં આવે છે. સમષ્ટિમાંથી અમુક એકમોને પસંદ કરવાની કાર્ય પ્રણાલીને નિદર્શન કહે છે.

### 3.9.1 નિદર્શ એટલે શું ?

સમગ્ર સમષ્ટિનો અભ્યાસ કરવો મુશ્કેલ, ખર્ચાળ અને અગવડભર્યો હોય છે. તેથી સમષ્ટિને બદલે નિદર્શ લઈને અભ્યાસ કરવામાં આવે છે. નિદર્શ તેના નામ પ્રમાણે વિસ્તૃત સમૂહનો એક નાનો પ્રતિનિધિ છે.

★ વોકર અને લેવના મત મુજબ – " નિર્દશ એટલે સમષ્ટિ વિશે કશીક માહિતી મેળવવાનાં હેતુથી ઈરાદાપૂર્વક સમષ્ટિમાંથી પસંદ કરવામાં આવેલ કેટલાક એકમોનો સમૂહ."

★ " નિદર્શ એ સમષ્ટિનો એક ભાગ છે જે લેવામાં આવેલ ઉદ્દેશ્ય માટે સંપૂર્ણ સમષ્ટિનું પ્રતિનિધિત્વ કરે છે. માટે નિદર્શ પર આધારિત નિષ્કર્ષ સંપૂર્ણ સમષ્ટિ માટે યથાર્થ હશે." – ઈંગ્લિશ અને ઈંગ્લિશ

★ "A sample as the name applies, is a smaller rapre sentation of a larger whole."

★ "સમષ્ટિનો ગમે તે ભાગ એ નિદર્શ નથી. પરંતુ સમષ્ટિના જે ભાગનો સમષ્ટિની લાક્ષણિકતાઓ દર્શાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે, તે ભાગને નિદર્શ કહે છે." – મુલર

આમ, નિદર્શ એ સમષ્ટિનો એવો ભાગ છે જે સમષ્ટિનું લાક્ષણિક રીતે પ્રતિનિધિત્વ ધરાવે છે.

### 3.9.2. ઉત્તમ નિદર્શના લક્ષણો :–

સારા નિદર્શની બે અગત્યની બે લાક્ષણિકતાઓ હોય છે.

**3.9.2.1 સમષ્ટિનું પ્રતિનિધિત્વ :–** જે સમષ્ટિની એકંદરે બધી લાક્ષણિકતાઓ આવરી લેતો હોય તેવા સમષ્ટિનું પ્રતિનિધિત્વ ધરાવતો નિદર્શ કહેવાય.

**3.9.2.2 પર્યાપ્ત કદ :–** જે નિદર્શમાં વિશ્વસનીય પરિણામ મેળવી શકાય તેટલા પુરતા

પ્રમાણમાં એકમોને આવરી લેવાયા હોય, તેવા નિદર્શનને પર્યાપ્ત કદનો નિદર્શ કહેવાય.

પર્યાપ્ત કદ માટે સમષ્ટિનાં એકમનાં ટકાના આધારે તે સો, પાંચસો, દસ, પાંચ ટકા વગેરે હોઈ શકે છે. જો સમષ્ટિ એકવિધતા ધરાવતી હોય તો નાના કદનું નિદર્શ વધુ વિશ્વનીય પરિણામો આપી શકે છે.

યંગના મત મુજબ વિવિધ પધ્ધતિઓથી ચકાસણી કરેલો નિદર્શ અમુક સંજોગોમાં મોટા નિદર્શ કરતાં વધુ ચોક્કસ અને વધુ વિશ્વસનીય માહિતી પૂરી પાડી શકે છે. તેમ છતાં નિદર્શ કાળજીપૂર્વક પસંદ કરેલો હોવો જોઈએ.

### 3.9.3 નિદર્શની જરૂરિયાત :–

નિદર્શ તપાસના મુખ્ય પાંચ ફાયદાઓ છે.

(1) ઝડપ (2) બચત (3) ચોક્કસાઈ (4) સત્યની ખાત્રી

(5) વધુ સંશોધનને અવકાશ

સમષ્ટિના તમામ એકમોની પસંદગીને તકો સમાન હોય તેમજ એકબીજા પર એકની પસંદગીની કોઈ અસરો તેમાં પડતી ન હોય, તે યદચ્છ નિદર્શની મુખ્ય વિશિષ્ટતા છે.

## 3.10 પ્રસ્તુત અભ્યાસમાં નમૂનાની પ્રક્રિયાનું પૃથક્કરણ :–

પ્રસ્તુત અભ્યાસમાં યદચ્છ નિદર્શની પસંદગી કરવામાં આવી છે. સાદો યદચ્છ નિદર્શન પધ્ધતિ સમય અને અભ્યાસને ધ્યાનમાં રાખીને પસંદ કરવાનું વધુ અનુકૂળ પડે છે.

પ્રસ્તુત અભ્યાસનો નિદર્શ રાજકોટ જિલ્લાનાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10, ધો. 11 અને ધો. 12માં અભ્યાસ કરતાં તરુણોનો કુલ 960નો નિદર્શ પસંદ કરવામાં આવ્યો. જેમાં તરૂણ અને તરુણીઓને સમાન કક્ષાએ પસંદગી કરવામાં આવી હતી. તેમજ ધો. 10માં અભ્યાસ કરતાં તરૂણ–તરુણીઓનો નિદર્શમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

પ્રાથમિક તબક્કે કુલ 1000 તરુણોને પ્રશ્નાવલિ આપવામાં આવી હતી. જે પ્રશ્નાવલિઓમાંથી કુલ 960 તરુણોને પસંદ કરવામાં આવ્યા હતા. જેમાં 480 તરુણો

અને 480 તરુણીઓ યદચ્છ રીતે પસંદ કરવામાં આવ્યા હતા. જેઓની વ્યકિતગત મુલાકાત લઈને સંશોધનનાં સાધન તરીકે વ્યકિતગત માહિતીની વિગતો લખાવી હતી. પસંદ કરેલ નિદર્શની માહિતી આ મુજબ છે.

**કોષ્ટક નં. 3.3**

**નિદર્શની કેટલીક લાક્ષણીકતાઓ વિગતવાર નીચે પ્રમાણે દર્શાવવામાં આવી છે.**

**નિદર્શ N = 960**

| વિગત | | ધોરણ-10-A1 | | ધોરણ-11-A2 | | ધોરણ-12-A3 | | કુલ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | તરુણો B1 | તરુણીઓ B2 | તરુણો B1 | તરુણીઓ B2 | તરુણો B1 | તરુણીઓ B2 | |
| ગ્રા | શિક્ષિત M/F-D1 (માતા–પિતા) | 40 | 40 | 40 | 40 | 40 | 40 | 2 4 0 |
| મ્ય | અશિક્ષિત M/F-D2 (માતા–પિતા) | 40 | 40 | 40 | 40 | 40 | 40 | 2 4 0 |
| શ | શિક્ષિત M/F-D1 (માતા–પિતા) | 40 | 40 | 40 | 40 | 40 | 40 | 2 4 0 |
| હેરી | અશિક્ષિત M/F-D2 (માતા–પિતા) | 40 | 40 | 40 | 40 | 40 | 40 | 2 4 0 |
| કુલ | | 160 | 160 | 160 | 160 | 160 | 160 | 960 |

## 3.11 સંશોધનનાં ઉપકરણો :–

સંશોધનનાં ઉપકરણો વિના નમૂના તરીકે પસંદ થયેલા પાત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઈ શકતી નથી. સામાન્ય રીતે ઉપકરણોની પસંદગીનો આધાર સંશોધન વિષય અને તૈયાર કરવામાં આવેલ ઉત્કલ્પના પર છે. સંશોધક ઉપકરણોની રચના અને તેના ઉપયોગ વિશે સંપૂર્ણ પરિચિત હોવો જોઈએ. સંશોધનમાં ઘણા ઉપકરણોનો ઉપયોગ કરવામાં આવે છે. જેમ કે, પ્રશ્નાવલી, વલણ– માપન કસોટી અભિરૂચિ સંશોધનિકા, મનોમાપન કસોટીઓ, મુલાકાત પધ્ધતિ વગેરે કોઈને કોઈ પ્રકારના ઉપકરણો દ્વારા સંશોધક પોતાના સંશોધન માટે માહિતી મેળવે છે.

## 3.12 પ્રસ્તુત અભ્યાસનાં ઉપકરણો (સાધનો) :–

સંશોધનમાં માહિતી એકત્રિકરણ કરવા માટે સંશોધક જુદા જુદા સાધનોનો ઉપયોગ કરે છે. ઉત્કલ્પનાની ચકાસણી માટે અધ્યયનનાં હેતુને સિધ્ધ કરવા યોગ્ય માહિતી પૂરી પાડતાં

યોગ્ય સાધનો જરૂરી છે. જે સાધનોની રચના કરવી પડે છે. અથવા તેની યોગ્ય પસંદગી કરવી પડે છે.

પ્રસ્તુત સંશોધનનાં હેતુઓને ધ્યાનમાં રાખી નીચે દર્શાવેલ ઉપકરણોની મદદ વડે માહિતી એકત્રિકરણનું કાર્ય કરવામાં આવેલ હતું. (1) વ્યકિતગત માહિતી પત્રક (2) શૈક્ષણિક મનોભાર માપન કસોટી (3) સમાયોજન સંશોધનિકા.

### 3.12.1 વ્યકિતગત માહિતી પત્રક :–

સંશોધનમાં નિદર્શ તરીકે લેવામાં આવેલ પાત્રો વિશેની કેટલીક વ્યકિતગત માહિતી સંશોધનમાં ઉપયોગી બને છે. પ્રસ્તુત સંશોધનમાં વ્યકિતગત પરિવર્ત્યો વિશે માહિતી પ્રાપ્ત કરવા વ્યકિતગત માહિતી પત્રક તૈયાર કરવામાં આવેલ જેમાં કુલ 9 બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમાં વિદ્યાર્થીનું નામ, શાળાનું નામ, શાળાનો પ્રકાર, જાતિ, ધોરણ, શિક્ષણપ્રવાહ, રહેઠાણનો વિસ્તાર, માતાની શૈક્ષણિક લાયકાત, પિતાની શૈક્ષણિક લાયકાત વગેરેનો સમાવેશ થાય છે.

### 3.12.2 શૈક્ષણિક ભનોભાર માપન કસોટી :–

પ્રસ્તુત અભ્યાસમાં તરુણોનાં શૈક્ષણિક મનોભારને પરતંત્ર ચલ તરીકે સ્વીકારેલ હતો. તરુણોનાં શૈક્ષણિક મનોભાર માપી શકાય તેવું ઉપકરણ પ્રાપ્ય ન થતાં સંશોધકે શૈક્ષણિક મનોભાર કસોટીની રચના કરવાનું નક્કી કર્યું.

શૈક્ષણિક મનોભાર કસોટી સંબંધિત વિધાનો રચવા માટે વિવિધ પ્રકારના સ્ત્રોતો દ્વારા માહિતી એકત્ર કરવામાં આવી જેમાં

★ પાંચ મનોવિજ્ઞાન વિષયના નિષ્ણાંતો

★ પાંચ મનોવિજ્ઞાન વિષયના પ્રાધ્યાપકો

★ ત્રણ શિક્ષણશાસ્ત્રવિદ્દો

★ વિવિધ વિસ્તારની શળાનાં બે આચાર્યશ્રીઓ

★ મનોવિજ્ઞાન વિષયનાં શિક્ષકો

★ શિક્ષણકાર્ય કરતાં અનુભવી જ્ઞાતાઓ

★ ધો.10, 11, 12 અને કોલેજ કક્ષાએ અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ તેમજ

★ સંદર્ભગ્રંથોનો સમાવેશ થાય છે.

શૈક્ષણિક મનોભાર કસોટીનાં પૂર્વપ્રાથમિક સ્વરૂપમાં કુલ 100 વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેમાંથી અનુભવી તજજ્ઞો, સંશોધકો અને વિષય નિષ્ણાંતોની સલાહ પ્રમાણે પ્રાથમિક સ્વરૂપમાં 80 જેટલાં વિધાનો પસંદ કર્યા. ત્યારબાદ ઉપરોકત તજજ્ઞો અને પ્રસ્તુત સંશોધનના માર્ગદર્શકશ્રીનાં પરામર્શ અને સલાહના આધારે યોગ્ય અને સૂચિત એવા 50 વિધાનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. આ વિધાનોની જમણી બાજુએ દરેક વિધાન સામે ત્રણ વિકલ્પો (1) હા (2) કયારેક (3) ના એ મુજબ મુકયા હતા.

આ રીતે તૈયાર થયેલ શૈક્ષણિક મનોભાર કસોટીની પ્રાથમિક અજમાયશ કરવામાં આવી. પ્રાથમિક અજમાયશના હેતુઓ આ મુજબ હતા.

★ પ્રત્યેક વિધાનનો આંતર સહસંબંધાંક તપાસવો.

★ કસોટી પુનઃકસોટી દ્વારા આ કસોટીની યથાર્થતા અને વિશ્વસનીયતા તપાસવી.

★ શૈક્ષણિક મનોભાર કસોટીની સૂચના સમજવામાં પડતી મુશ્કેલીઓ જાણવી.

★ કસોટી ભરતી વખતે વિદ્યાર્થીઓને પડતી મુશ્કેલીઓનો અભ્યાસ કરવો.

★ કસોટી ભરવામાં લાગતા સમયનો અંદાજિત ખ્યાલ મેળવવો.

પ્રાથમિક અજમાયશ માટે જુદી જુદી શાળાઓમાં અભ્યાસ કરતાં 120 વિદ્યાર્થીઓની સંખ્યા 60 વિદ્યાર્થીઓ અને 60 વિદ્યાર્થીનીઓ લેવામાં આવ્યા હતાં.

શૈક્ષણિક મનોભાર કસોટીની પ્રાથમિક અજમાયશ દ્વારા મળેલ માહિતીનાં આધારે કુલ ગુણ અને પ્રત્યેક વિધાનોમાં પ્રાપ્ય ગુણ વચ્ચે સહસંબંધાંક શોધવામાં આવ્યો તથા સાર્થકતાની કક્ષા નક્કી કરવામાં આવી. પરિણામની વિગત સારણી 3.4 માં દર્શાવવામાં આવી છે.

Table 3.4

**શૈક્ષણિક મનોભાર કસોટીનાં કુલગુણ અને વિધાન ગુણ વચ્ચેનાં સહસંબંધાંકો.**

| વિધાન | સહસંબંધાંક | સાર્થકતા |
|---|---|---|
| 1 | 0.49 | 0.01 કક્ષાએ સાર્થક |
| 2 | 0.42 | " |
| 3 | 0.56 | " |
| 4 | 0.75 | " |
| 5 | 0.49 | " |
| 6 | 0.51 | " |
| 7 | 0.42 | " |
| 8 | 0.67 | " |
| 9 | 0.50 | " |
| 10 | 0.37 | " |
| 11 | 0.41 | " |
| 12 | 0.56 | " |
| 13 | 0.44 | " |
| 14 | 0.52 | " |
| 15 | 0.61 | " |
| 16 | 0.97 | " |
| 17 | 0.80 | " |
| 18 | 0.50 | " |
| 19 | 0.50 | " |
| 20 | 0.60 | " |
| 21 | 0.63 | " |
| 22 | 0.67 | " |
| 23 | 0.77 | " |
| 24 | 0.69 | " |
| 25 | 0.73 | " |
| 26 | 0.64 | " |
| 27 | 0.92 | " |
| 28 | 0.57 | " |
| 29 | 0.52 | " |
| 30 | 0.59 | " |
| 31 | 0.64 | " |
| 32 | 0.71 | " |

| | | |
|---|---|---|
| 33 | 0.47 | " |
| 34 | 0.44 | " |
| 35 | 0.47 | " |
| 36 | 0.54 | " |
| 37 | 0.48 | " |
| 38 | 0.40 | " |
| 39 | 0.45 | " |
| 40 | 0.41 | " |
| 41 | 0.43 | " |
| 42 | 0.52 | " |
| 43 | 0.61 | " |
| 44 | 0.56 | " |
| 45 | 0.55 | " |
| 46 | 0.51 | " |
| 47 | 0.66 | " |
| 48 | 0.71 | " |
| 49 | 0.48 | " |
| 50 | 0.44 | " |

ઉપરોકત સારણી દ્વારા એ ખ્યાલ આવે છે કે, વિધાન નં. 1 થી 50 એ 0.01 કક્ષાએ સાર્થક છે. તેથી આ માપદંડના તમામ વિધાનોને સ્વીકારવામાં આવ્યા હતાં.

★ **શૈક્ષણિક મનોભાર કસોટીની વિશ્વસનીયતા :–**

કસોટીની વિશ્વસનીયતા એટલે કસોટી વિવિધ પ્રસંગે એક સરખુ જ પરિણામ આપશે તે ચકાસી જોવું. જો ઉપકરણ વિશ્વસનીય હોય તો વિવિધ સમયે, વિવિધ પરિસ્થિતિમાં મેળવેલ પ્રાપ્તાંકોમાં સાતત્ય હોય. કોઈપણ ઉપકરણમાં વ્યકિતએ મેળવેલ પ્રાપ્તાંક એ તેના સાચા પ્રાપ્તાંક અને માપનભૂલનો સરવાળો છે. વિશ્વસનીયતા નક્કી કરવા માટેની વિવિધ રીતો પૈકી કસોટી પુનઃ કસોટી પધ્ધતિ દ્વારા પ્રસ્તુત શૈક્ષણિક મનોભાર કસોટીનો વિશ્વસનીયતા અંક નક્કી કરવામાં આવ્યો.

★ **કસોટી પુનઃકસોટી વિશ્વસનીયતા :–**

શૈક્ષણિક મનોભાર કસોટીને ઉપયોગમાં લેતા પહેલાં કસોટી પુનઃકસોટી વડે તેની વિશ્વસનીયતા ચકાસવામાં આવી. તે માટે રાજકોટ શહેરમાં અભ્યાસ કરતાં તરુણો અને તરુણીઓ પર શૈક્ષણિક મનોભાર કસોટીનું સંચાલન કરવામાં આવ્યું. એક વખત આ કસોટી

દ્વારા પ્રાપ્તાંક મેળવ્યા બાદ બે મહિના પછી તે જ પાત્રોને ફરીથી શૈક્ષણિક મનોભાર કસોટી ભરવા માટે આપી. ઉતરપત્રો તપાસી શૈક્ષણિક મનોભારનાં કુલ પ્રાપ્તાંકો મેળવવામાં આવ્યા. કુલ 120 પાત્રોને આ કસોટી આપવામાં આવી હતી. આ પાત્રોએ પ્રથમ વખત મેળવેલ પ્રાપ્તાંક અને ફરીથી મેળવેલ પ્રાપ્તાંક વચ્ચે વિશ્વસનીયતા કસોટી પુનઃકસોટી દ્વારા 0.86 આવી હતી. જયારે **SPEARMAN BROWN FORMULA** દ્વારા વિશ્વસનિયતા સમગ્ર કસોટી અંગેની શોધવામાં આવી. જેની કિંમત 0.79 આવી હતી. તે 0.01 કક્ષાએ સાર્થક હતી. તેમજ તેની Index of Realiability 0.89 આવેલ હતી. તેથી કહી શકાય કે શૈક્ષણિક મનોભાર કસોટી આ અભ્યાસનાં નમૂના માટે વિશ્વસનિય હતી. ઉપરોકત માહિતીને સારણી દ્વારા આ મુજબ રજૂ કરી શકાય.

**કોષ્ટક 3.5**

**શૈક્ષણિક મનોભાર કસોટીની વિશ્વસનિયતા ટેબલ**

| ક્રમ | પધ્ધતિ | નિદર્શનું કદ | 'r' ની કિંમત | વિશ્વસનીયતા અંક |
|---|---|---|---|---|
| 1 | અર્ધવિભાજન પધ્ધતિ સ્પિયરમેન બ્રાઉન સૂત્ર દ્વારા | 120 | 0.79 | 0.89 |
| 2 | કસોટી પુનઃકસોટી | 120 | 0.86 | 0.92 |

કસોટી પુનઃકસોટીનો સમયગાળો 2 મહિના

★ **શૈક્ષણિક મનોભાર કસોટીની યથાર્થતા :–**

કોઈપણ મનોવૈજ્ઞાનિક કસોટી માટે મહત્વની બાબત તેથી યથાર્થતા છે. કસોટી પાસે રખાતી અપેક્ષાઓ તે કેટલે અંશે પરિપૂર્ણ કરે છે તેનું માપ યથાર્થતા પરથી મળે છે. યથાર્થતા ચકાસવા માટે સામાન્ય રીતે બાહ્ય માપદંડનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રસ્તુત કસોટીની યથાર્થતા ચકાસવા માટે NRT 2000 પ્રોગ્રામનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જે મુજબ આ કસોટીની યથાર્થતા છે. Cliff's consistency Indice - કલિફ્ સાતત્ય અંક C = 0.54 આવેલ છે.

NRT 2000 પ્રોગ્રામ મુજબ CCI (કલિફ્ સાતત્યઅંક)ની પ્રમાણભૂત કિંમત 0.33 છે. એટલે કે 0.33 કે તેથી વધુ કિંમત કસોટીની યથાર્થતા પૂરવાર કરે છે. પ્રસ્તુત કસોટીની પ્રમાણભૂત કિંમત 0.54 છે. જે ઘણી જ ઊંચી યથાર્થતા દર્શાવે છે. (16)

**16.** NRT 2000, Navnit Rathod, Dept. of Eductation, Bhavnagar University, Bhavnagar દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રોગ્રામ.

## સારણી 3.6

## શૈક્ષણિક મનોભાર કસોટીની યથાર્થતા ટેબલ

| ક્રમ | પધ્ધતિ | નિદર્શનું કદ | પ્રમાણભૂત કિંમત | સાર્થકતાઓ નિર્ણય |
|---|---|---|---|---|
| 1 | NRT 2000<br>CCI કલીફ્ સાતત્ય અંક | 120 | C=0.54 | સાર્થક<br>0.01 |

★ **સ્કોરિંગ :–**

પ્રસ્તુત અધ્યયનમાં કસોટી આપનારે જે પક્ષમાં 'હા' પ્રતિક્રિયા આપી હોય તેના માટે 3, 'કયારેક' આપી હોય તેના માટે 2 અને 'ના' પ્રતિક્રિયા આપી હોય તેના માટે 1 ગુણ આપવામાં આવેલ જે વિગતોના નંબર આ મુજબ છે :

1, 2, 4, 5, 7, 8, 9, 10, 11, 12, 13, 15, 16, 17, 18, 19, 20, 21, 22, 23, 24, 25, 26, 27, 28, 31, 32, 34, 35, 36, 37, 38, 41, 43, 44, 45, 47, 48, 49, 50 જે હકારાત્મક વિધાનો છે. જયારે 3, 6, 14, 29, 30, 33, 39, 40, 42, 46 જે નકારાત્મક વિધાનો છે તેમાં નીચે મુજબ ગુણ આપવામાં આવેલ.

હા = 1, કયારેક = 2, ના = 3

સમગ્ર કસોટીની તમામ પ્રતિક્રિયાની ગણતરી કરીને કુલ પ્રાપ્તાંકને શૈક્ષણિક મનોભારનો સ્કોર ગણવામાં આવેલ. આ સંશોધનિકા પર ઊંચો પ્રાપ્તાંક વધુ શૈક્ષણિક મનોભાર સૂચવે છે. આ સંશોધનિકા પર પ્રાપ્તાંકોનો વિસ્તાર ઓછામાં ઓછો 50 અને વધુમાં વધુ 150 આવી શકે છે. અહીં ઊંચા પ્રાપ્તાંકને વધુ મનોભાર અને નીચા પ્રાપ્તાંકને ઓછો મનોભાર તે મુજબ અર્થઘટન કરવામાં આવે છે.

### 3.12.3 બેલ સમાયોજન સંશોધનિકા :–

પ્રસ્તુત અધ્યયનમાં તરુણોનાં સમાયોજન માપન માટે બેલ સમાયોજન સંશોધનિકાનો ઉપયોગ કરવામાં આવેલ. સામાન્યથી લઈને નબળા સમાયોજનનાં ક્ષેત્રોને પ્રસ્તુત અભ્યાસમાં આવરી લેવાયા છે. નબળા સમાયોજન ધરાવતા તરુણોને સારવાર અને મનોનિદાનક્ષેત્રે ઉપયોગી સલાહ–માર્ગદર્શનની જરૂરત માટે આ સંશોધનિકા ઉપયોગી છે. પ્રસ્તુત સંશોધનિકામાંથી બે વિભાગો પ્રસ્તુત સંશોધનમાં લેવામાં આવેલા છે. જેમાં (1) સામાજિક સમાયોજન અને (2) આવેગિક

સમાયોજન લેવામાં આવેલ છે. જે ઉપકરણનાં મેન્યુઅલ મુજબ પ્રતિચારોનું ગુણાંકન કરવામાં આવ્યું હતું.

★ **સ્કોરિંગ :–** પ્રસ્તુત સંશોધનિકામાં સામાજિક સમાયોજનમાં કુલ ૩૨ વિધાનો અને આવેગિક સમાયોજનમાં કુલ – ૩૨ વિધાનો આપેલાં છે. દરેક વિધાનની સામે ત્રણ વિકલ્પો 'હા', 'અનિશ્ચિત' અને 'ના' આપેલ હતાં. જેમાં પસંદગીના વિકલ્પ પર ✓ ની નિશાની કરવાની હતી. પાત્રોએ આપેલ પ્રતિચારો પરથી ગુણાંકન કરતી વખતે નીચેની વિગતો ધ્યાનમાં રાખવામાં આવી હતી.

સામાજિક સમાયોજન પ્રશ્નાવલીની જવાબ ચાવી આ મુજબ છે.

પ્રશ્ન નંબર 1, 4, 5, 9, 13, 16, 18, 26, 27, 28, 31 માં

હા = 1, અનિશ્ચિત = 0, ના = 2 બાકીના તમામ પ્રશ્નોમાં નીચે મુજબ ગુણાંકન કરવામાં આવેલું. હા = 2, અનિશ્ચિત = 0, ના = 1 જયારે આવેગિક સમાયોજન સંશોધનિકાનાં પણ કુલ 32 વિધાનો છે. જે દરેક વિકલ્પની ચાવી આ મુજબની છે.

હા = 2, અનિશ્ચિત = 0, ના = 1

આ રીતે બધા વિધાનો પરનાં પ્રાપ્તાંકોનો સરવાળો શોધી સમાયોજન આંક નક્કી કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સમાયોજન સંશોધનિકા વ્યકિતનાં કુસમાયોજનનું માપન કરે છે. તેથી ઊંચા પ્રાપ્તાંકોને કુસમાયોજિત અને નીચા પ્રાપ્તાંકોને કુસમાયોજનનું પ્રમાણ ઓછું તે મુજબ અર્થઘટન કરવામાં આવે છે.

**વિશ્વસનીયતાઃ–** બેલ સમાયોજન સંશોધનિકાની વિશ્વસનીયતા અર્ધવિભાજન પધ્ધતિ દ્વારા 0.87 અને કસોટી પુનઃકસોટી વિશ્વસનીયતા આંક 0.76 જોવા મળે છે. જયારે કસોટી પુનઃકસોટી વિશ્વસનીયતા આંકો આ મુજબ છે. સામાજિક સમાયોજન 0.70 જયારે આવેગિક સમાયોજન 0.72 છે. આ તમામ મૂલ્ય 0.01 ની કક્ષાએ સાર્થક છે.

**કોષ્ટક નં. 3.7**

**બેલ સમાયોજન સંશોધનિકાની વિશ્વસનીયતા ટેબલ**

| ક્રમ | પધ્ધતિ | નિદર્શનું કદ | 'r' ની કિંમત | વિશ્વસનીયતા અંક | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| 1 | અર્ધવિભાજન વિશ્સનિયતા સ્પિયરમેન બ્રાઉન સૂત્ર દ્વારા | 540 | ** 0.75 | 0.87 | 0.01 |
| 2 | કસોટી પુનઃકસોટી | 120 | ** 0.57 | 0.76 | 0.01 |

પ્રસ્તુત સંશોધનમાં મનોભારનાં કારણે સમાયોજન પર શું અસર થાય છે તે જાણવાનો ઉદ્દેશ હોવાથી મનોભાર વધુ તેમ સામાજિક અને આવેગિક કુસુમાયોજનનું પ્રમાણવધુ હોય છે કે કેમ ? તેની પણ જાણકારી પ્રાપ્ત કરવાનો ઉદ્દેશ છે. પ્રસ્તુત સંશોધનમાં બેલ–સમાયોજન સંશોધનિકાનો ઉપયોગ કરવામાં આવેલ હોવાથી જેમની ઉંમર 15 વર્ષની છે તેવા તરુણોને પ્રસ્તુત પ્રશ્નાવલિ આપવામાં આવી હતી. કારણ કે 15 વર્ષની ઉંમરનાં તરુણોને લગભગ 16 વર્ષની સમકક્ષ ગણવામાં આવેલ હોવાથી 15 વર્ષની ઉંમરના કે તેથી વધુ ઉંમરના તરૂણ–તરુણીઓને પ્રસ્તુત પ્રશ્નાવલી આપવામાં આવી હતી.

## 3.13 પ્રસ્તુત અભ્યાસનું આયોજન :–

પ્રસ્તુત સંશોધન યોજનાનો ઢાંચો બિનપ્રાયોગિક અધ્યયનનો રાખેલ છે. પ્રસ્તુત અભ્યાસ રાજકોટ જિલ્લાનાં ધો. 10, ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારની સ્કૂલોમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સમાયોજનનું માપન કરવાનો છે.

નિદર્શ જે વિસ્તારમાં નક્કી કર્યો, તે સ્કૂલો પસંદ કરવામાં આવી. પ્રસ્તુત અભ્યાસમાં રાજકોટ શહેરની શહેરી વિસ્તારની વિવિધ સ્કૂલો તેમજ ગ્રામ્ય વિસ્તારમાં જસદણ તાલુકો, વિંછીયા, મોરબી અને ટંકારા તાલુકાની ગ્રામ્ય વિસ્તારની સ્કૂલો પસંદ કરવામાં આવી. સર્વપ્રથમ સ્કૂલોનાં પ્રિન્સિપાલશ્રીઓની પૂર્વમંજૂરી લઈ, તે સ્કૂલમાં અભ્યાસ કરતાં ધો. 10, 11 અને 12 ના તરુણોને યદચ્છ રીતે પસંદ કરવામાં આવ્યાં. તરુણોને જરૂરી સૂચના આપી તેમની પાસે પ્રશ્નાવલી ભરાવવામાં આવી. આમ, કુલ 960 નો નિદર્શ પસંદ કર્યો. જેમાં 480 તરુણો અને 480 તરુણીઓને યદચ્છ રીતે પસંદ કરેલા તથા પૂર્વીય સંશોધન અહેવાલ તૈયાર કરી મહાશોધ

નિબંધનાં પ્રકરણની તૈયારીઓ ચાલુ રાખી.

## 3.14 સ્વતંત્ર પરિવર્ત્યોનું વિશ્લેષણ :–

પ્રસ્તુત અધ્યયન માટે વિવિધ પ્રકારનાં પરિવર્ત્યોની પસંદગી કરવામાં આવી છે. મૂલ્યની દ્રષ્ટિએ ફેરફાર કરી શકાય તેવા ઘટકો એટલે પરિવર્ત્યો જેમાં ઉત્તરદાતાની જાતિ, શાળાનો પ્રકાર, શિક્ષણ પ્રવાહ, ધોરણ, રહેઠાણનો વિસ્તાર, માતા–પિતાની શૈક્ષણિક લાયકાત, શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન તેમજ આવેગિક સમાયોજન જેવા ઘટકોનો સમાવેશ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અધ્યયનના સ્વતંત્ર પરિવર્ત્યોની માપન કક્ષા આ મુજબ છે.

(1) જાતિયતા

(A) તરૂણ (B) તરુણી

(2) ધોરણ

(A) ધોરણ 10 (B) ધોરણ 11 (C) ધોરણ 12

(3) શાળાનો પ્રકાર

(A) સરકારી (B) બિન સરકારી

(4) શિક્ષણ પ્રવાહ

(A) વિનયન (B) વાણિજય (C) વિજ્ઞાન

(5) માતાનું શિક્ષણનું પ્રમાણ

(A) પ્રાથમિક (B) માધ્યમિક (C) સ્નાતક કે તેથી વધુ

(6) પિતાનું શિક્ષણનું પ્રમાણ

(A) પ્રાથમિક (B) માધ્યમિક (C) સ્નાતક કે તેથી વધુ

(7) રહેઠાણનો વિસ્તાર

(A) ગ્રામ્ય (B) શહેરી

★ **પરતંત્ર પરિવર્ત્યો :–**

સ્વતંત્ર પરિવર્ત્યોની અસર તપાસવા જે નિરીક્ષણ કરવામાં આવે છે, જે અસર ઉત્પન્ન થાય છે તેને પરતંત્ર પરિવર્ત્યો કહે છે. પ્રસ્તુત સંશોધનમાં ત્રણ પરતંત્ર પરિવર્ત્યો છે.

(1) તરુણોમાં જોવા મળતું શૈક્ષણિક મનોભારનું પ્રમાણ.

(2) તરુણોમાં જોવા મળતું સામાજિક સમાયોજનનું પ્રમાણ.

(3) તરુણોમાં જોવા મળતું આવેગિક સમાયોજનનું પ્રમાણ.

## 3.15 આંકડાશાસ્ત્રીય પ્રયુકિતઓ :–

કોઈપણ બાબતને લગતી ગુણાત્મક માહિતી કરતાં સંખ્યાત્મક મીહતી વધુ અસરકારક સાબિત થાય છે. તેથી ગુણાત્મક માહિતીનું સંખ્યાત્મક માહિતીમાં રૂપાંતર કરવાનું હોય તેવા અભ્યાસમાં આંકડાશાસ્ત્રીય પ્રયુકિતઓનો ઉપયોગ કરીને તારવેલા પરિણામો કેટલાં પ્રમાણમાં વિશ્વસનીય છે. તે નક્કી કરી શકાય.

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીનાં વિશ્લેષણ માટે મુખ્યત્વે નીચે દર્શાવેલ આંકડાશાસ્ત્રીય પ્રયુકિતઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| 1. | ટકાવારી | 2. | મધ્યક (M) | 3. | સંયુકત પ્રમાણચૂંક (S) |
| 4. | t કસોટી | 5. | સહસંબંધ (r) | 6. | વિચરણ પૃથક્કરણ (F) |

### 3.15.1 ટકાવારી :–

પ્રસ્તુત અભ્યાસમાં તરૂણ, તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનમાં મેળવેલ પ્રાપ્તાંકોનાં આધારે ટકાવારી દર્શાવવામાં આવી છે.

$$\text{ટકાવારી} = \frac{\text{પ્રાપ્તાંકોનો સરવાળો}}{\text{કુલ પ્રાપ્તાંક}} \times 100$$

### 3.15.2 મધ્યક 't' કસોટી માટે :–

મધ્યકને અંકગાણિતિક સરાસરી પણ કહેવામાં આવે છે. મધ્યવર્તી સ્થિતિનું આ સૌથી વધુ પ્રચલિત માપ છે.

‘‘પ્રાપ્તાંકોનાં સરવાળાને કુલ સંખ્યા વડે ભાગવાથી જે સંખ્યા – આંક પ્રાપ્ત થાય, તેને મધ્યક કહેવામાં આવે છે.’’

પ્રસ્તુત સંશોધનમાં મધ્યકની ગણતરી માટે નીચેના સૂત્રનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

$$\overline{X} = \frac{\sum X}{N}$$

જયાં $\overline{X}$ = મધ્યક

$\Sigma$ = સરવાળો

X = પ્રાપ્તાંક

N = કુલ સંખ્યા

### 3.15.3 સંયુકત પ્રમાણભૂલ (t કસોટી માટે) :–

સંયુકત પ્રમાણભૂલ એ બે જૂથનાં કુલ પ્રાપ્તાંકો વચ્ચેનો તફાવત છે. પ્રસ્તુત અભ્યાસમાં નીચેના સૂત્ર દ્વારા સંયુકત પ્રમાણચૂક શોધવા ઉપયોગ કરવામાં આવ્યો છે.

$$S = \frac{\sqrt{(n_1 + 1) S_1^2 + (n_2 + 1) S_2^2}}{N_1 + N_2 - 2}$$

જયાં S = સંયુકત પ્રમાણચૂંક

$S_1^2$ = $n_1 + 1$ ની કિંમત (એક જૂથનાં પ્રાપ્તાંકોનો સરવાળો)

$S_2^2$ = $n_2 + 1$ ની કિંમત એટલે કે બીજા જૂથનાં પ્રાપ્તાંકોનો સરવાળો.

$N_1$ = પ્રથમ જૂથના પ્રાપ્તાંકોની સંખ્યા

$N_2$ = બીજા જૂથના પ્રાપ્તાંકોની સંખ્યા

$\sqrt{\ }$ = વર્ગમૂળ

### 3.15.4 't' કસોટી :–

કોઈપણ સંશોધનમાં સમગ્ર સમષ્ટિનો અભ્યાસ કરવો મુશ્કેલ હોય છે, તેથી નમૂનાઓનાં અભ્યાસનાં આધારે બે જૂથો વચ્ચેનો તફાવત શોધવા t કસોટીનો ઉપયોગ કરવામાં આવે છે. t કસોટી દ્વારા બે જૂથ વચ્ચે કોઈ સાર્થક તફાવત છે કે નહિં તે જાણી શકાય છે. પ્રસ્તુત વિતરણ ગોસેટ નામના અભ્યાસીએ શોધી કાઢયું હતું. તેનું ઉપનામ Student હતું તેના ઉપનામ પરથી 't' વિતરણ તરીકે ઓળખાય છે.

't' નું સુત્ર આ મુજબ છે.

$$t = \frac{x_1 - x_2}{\sqrt{1/n_1 + 1/n_2}}$$

જયાં $t$ = માપન પધ્ધતિ

$x_1$ = પ્રથમ જૂથનો મધ્યક

$x_2$ = દ્વિતિય જૂથનો મધ્યક

$n_1$ = પ્રથમ જૂથના પ્રાપ્તાંકોની સંખ્યા

$n_2$ = બીજા જૂથના પ્રાપ્તાંકોની સંખ્યા

$\sqrt{\ }$ = વર્ગમૂળ

આ ઉપરાંત ઉત્કલ્પનાની સાર્થકતા તપાસવા સ્વાતંત્ર્યની માત્રા તપાસવા નીચેનું સૂત્ર વાપરવામાં આવે છે.

$df = N_1 + N_2 - 2$

જયાં $df$ = સ્વાતંત્ર્યની માત્રા

$n_1$ = પ્રથમ જૂથની કુલ સંખ્યા

$n_2$ = બીજા જૂથની કુલ સંખ્યા

### 3.15.5 સહસંબંધ 'r'

સર ફ્રાંસિસ ગાલ્ટન દ્વારા સંશોધિત અને પ્રો. કાર્લ પિયર્સન દ્વારા વિકાસ પામેલ સહસંબંધની પધ્ધતિ શ્રેષ્ઠ ગણવામાં આવે છે. સરાસરી અને પ્રમાણ વિચલનની જેમ સહસંબંધાંક એવી સંખ્યા છે, જે બે વસ્તુ કે પ્રક્રિયા વચ્ચેનાં સંબંધનો સંપૂર્ણ ખ્યાલ આપે છે. સહસંબંધાંકની કિંમત -1 થી 0 થઈને +1 સુધી હોઈ શકે છે. સહસંબંધને સાંકેતિક ભાષામાં 'r' તરીકે ઓળખવામાં આવે છે. સહસંબંધ એક સંખ્યા છે જે બે બાબતો કેટલા અંશે સહસંબંધિત છે, તેમજ એકમાં ફેરફાર કરવાનાં પરિણામે બીજામાં તે ફેરફાર કેટલા થાય છે તે જાણવાનો તેનો ઉદ્દેશ છે. પ્રસ્તુત અભ્યાસમાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન તેમજ આવેગિક સમાયોજન વચ્ચે શું સંબંધ છે. તે તપાસવા આ પધ્ધતિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

### 3.15.5.1 સહસંબંધાંક એટલે શું ?

સહસંબંધાંક એક સંખ્યા છે. તે બે વસ્તુ યા પ્રક્રિયા વચ્ચેનાં સંબંધનો સંપૂર્ણ ખ્યાલ આપે છે. આમ, જો કોઈ બે વસ્તુ યા પ્રક્રિયા વચ્ચેનાં સહસંબંધનું ચોક્કસ આંકડામાં માપ ગણવામાં આવે તો તેને સહસંબંધાંક કહેવાય છે.

### 3.15.5.2 સહસંબંધાંકનું અર્થઘટન :–

| | |
|---|---|
| 0.20 થી ઓછો | નહીવત્ સહસંબંધ |
| 0.20 થી 0.40 | થોડો ઓછો નિશ્ચિત સહસંબંધ |
| 0.40 થી 0.70 | સાધારણ સહસંબંધ |
| 0.70 થી 0.90 | સારો નોંધપાત્ર સહસંબંધ |
| 0.90 થી 0.99 | ઉચ્ચ સહસંબંધ |
| 1.00 | સંપૂર્ણ સહસંબંધ |

### 3.15.5.3 સહસંબંધ શોધવાની રીતો :–

(1) આલેખની રીત (2) વિકર્ણ આકૃતિની રીત

(3) કાર્લ પિયર્સનની રીત (4) સ્પિયરમેનની ક્રમાંક સહસંબંધની રીત

(5) સહસંબંધ તફાવતોની રીત

### 3.15.5.4 સહસંબંધ શોધવાની કાર્લ પિયર્સનની રીત :–

સહસંબંધ શોધવાની શ્રેષ્ઠ પધ્ધતિ પ્રો. કાર્લ પિયર્સનની પધ્ધતિ છે. આ પધ્ધતિની શરૂઆત સર ફ્રાન્સિસ ગાલ્ટને કરી હતી. પરંતુ તેનો વિકાસ અને વ્યવસ્થિત સ્વરૂપ પ્રો. પિયર્સને આપ્યું હતું. તેથી તે કાર્લ પિયર્સનની પધ્ધતિ તરીકે ઓળખાય છે. આ પધ્ધતિ દ્વારા મળતા સહસંબંધાંકને પિર્યસનનો સહસંબંધાંક (પિયર્સન 't') કહેવાય છે. તેને પરિબળ ગુણાકાર પણ કહેવામાં આવે છે.

જયારે પાત્રોની સંખ્યા ઘણી વધારે હોય ત્યારે બન્ને ચલરાશિના પ્રાપ્તાંકોને સંયુકત સહસંબંધ સારણીમાં ગોઠવવામાં આવે છે. સૂત્ર વડે સહસંબંધ શોધવામાં આવે છે.

$$r = \frac{\frac{\sum x'y'}{N} - Cx\ Cy}{6x \cdot 6y}$$

| | | | |
|---|---|---|---|
| જયાં | r | = | સહસંબંધાંક |
| | $\sum$ | = | સરવાળો |
| | x' y' | = | આવૃતિ વિતરણ દ્વારા મળેલ તાળો. |
| | N | = | કુલ સંખ્યા |
| | Cx | = | પ્રથમ જૂથની મળેલ કિંમત |
| | Cy | = | બીજા જૂથની મળેલ કિંમત |
| | 6x | = | પ્રથમ જૂથનું પ્રમાણ વિચલન |
| | 6y | = | બીજા જૂથનું પ્રમાણ વિચલન |

## 3.15.6 'F' કસોટી (Analysis of Variance) ANOVA

### 3.15.6.1 વિચરણ પૃથક્કરણ એટલે શું ?

વિચરણ પૃથક્કણ પધ્ધતિનો સૌ પ્રથમ ઉપયોગ ફિશરે કરેલ. બે કે તેથી વધારે નિદર્શ જૂથોનાં વિચરણ દ્વારા તે જૂથનાં મધ્યકો વચ્ચેના તફાવતની સાર્થકતા તપાસવા માટે તેમજ તે દ્વારા તમામ જૂથો સમાન સમષ્ટિમાંથી આવેલ છે કે કેમ ? તે સિધ્ધાંત પરિકલ્પનાનું પરિક્ષણ કરવા માટે F કસોટીનો ઉપયોગ થાય છે. આ પધ્ધતિ દ્વારા જૂથોમાં આંતરજૂથ અને જૂથ વચ્ચે કુલ વિચલન મળે છે. આ ઉપરાંત સ્વતંત્ર પરિવર્ત્યોની આધારિત પરિવર્ત્ય પર મુખ્ય અને આંતરક્રિયાત્મક અસરોનું પરીક્ષણ કરી શકાય છે.

(1) શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવા માટે જૂથો વચ્ચેનું વિચરણ અને જૂથોની અંદરનું વિચરણ આ બે વિચરણો વચ્ચે તફાવત કેટલો મોટો હોવો જરૂરી છે તે ચોક્કસપણે ગુણોતરરૂપે નક્કી કરવાની અંકશાસ્ત્રીય રીતને વિચરણ પૃથક્કરણ કહે છે.

(2) શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવા માટે મિશ્ર જૂથનું કુલ વિચરણ અને જૂથોની અંદરનું સરાસરી વિચરણ આ બે વિચરણ વચ્ચેનો તફાવત કેટલો મોટો

હોવો જરૂરી છે તે સચોટતા પૂર્વક નક્કી કરવાની અંકશાસ્ત્રીય રીતને વિચરણ પૃથક્કરણ કહે છે.

વિચરણ પૃથક્કરણમાં કુલ વિચરણને બે ભાગમાં વહેંચવામાં આવે છે.

(1) જુદી જુદી પધ્ધતિનું (જૂથોની સરેરાશનું) વિચરણ = BSS

(2) જૂથની અંદરના એકમો વચ્ચેની ભિન્નતામાંથી નિપજતું વિચરણ= WSS

ત્યારબાદ બંને વિચરણોનો ગુણોતર શોધવામાં આવે છે.

★ **વિચરણ પૃથક્કરણની પૂર્વધારણાઓ :–**

(1) સમષ્ટિમાંથી પેટા જૂથ માટે નિદર્શો યદચ્છ રીતે મેળવેલા હોવા જોઈએ નહિતો 'BSS' અને 'WSS' ના ગુણોતરમાંથી 'F' વિસ્તરણ પ્રાપ્ત થતું નથી.

(2) $(Ho : 61^2, 62^2 = 6n^2)$ પેટા જૂથોના વિચરણની સમરૂપતા માટે બાર્ટલોટની કસોટીનો ઉપયોગ કરવામાં આવે છે.

(3) જૂથમાં પસંદગી પામેલા નિદર્શો નિરપેક્ષ સ્વતંત્ર હોવા જોઈએ.

(4) પેટા જૂથો વચ્ચેનું વિતરણ સમરૂપ હોવું જોઈએ.

### 3.15.6.2 ઉપયોગ :–

જયારે બે કે તેથી વધુ જૂથોની સરાસરીનાં તફાવતની સાર્થકતા ચકાસવી હોય અને જૂથોમાં સમાયેલા એકમોની પરસ્પર આંતરક્રિયાને પણ તપાસવી હોય ત્યારે 'F' પરીક્ષણનો ઉપયોગ થાય છે.

### 3.15.6.3 મર્યાદા :–

જૂથોની સરાસરીમાં રહેલો તફાવત સાર્થક છે કે નહીં તે જાણી શકાય છે. પરંતુ કયું જૂથ અન્ય જૂથોથી શ્રેષ્ઠ/ચઢિયાતું છે તે જાણી શકાતું નથી.

### 3.15.6.4 'F' – કસોટીનાં સૂત્રનું પૃથક્કરણ :–

પ્રસ્તુત સંશોધનમાં ધો. 10, ધો.11 અને ધો.12 માં અભ્યાસ કરતાં તરુણોના રહેઠાણ વિસ્તાર, માતા–પિતાનાં શિક્ષણને સ્વતંત્ર પરિવર્ત્યો તરીકે લેવામાં આવેલ છે. જેમાં શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકને લેવામાં આવ્યા છે.

★ $C = \frac{(\sum x)^2}{N} = \frac{(\sum x_1)^2}{N_1} + \frac{(\sum x_2)^2}{N_2} + \frac{(\sum x_3)^2}{N_3}$

જયાં C = Correction Item

$\sum x$ = શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનમાં મેળવેલ પ્રાપ્તાંકોનો સરવાળો.

N = કુલ સંખ્યા

★ TSS = $\sum x^2$ - C

જયાં TSS = Total sum of squares - કુલ વર્ગોનો સરવાળો

$\sum x^2$ = પ્રત્યેક જૂથ મુજબ શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનનાં મેળવેલ કુલ પ્રાપ્તાંકના વર્ગનો કુલ સરવાળો.

★ BSS = Between sum squares

★ $BSS = \frac{(\sum x_1)^2}{N_1} + \frac{(\sum x_2)^2}{N_2} + \frac{(\sum x_3)^2}{N_3} - C$

પ્રાપ્તાંકોના વર્ગના કુલ સરવાળામાંથી C બાદ કરવાથી BSS મળશે.

★ WSS = TSS - BSS

જયાં WSS = Within sum of squares = જૂથની અંદરનાં તફાવતોના વર્ગોનો સરવાળો

★ BSS, TSS અને WSS ની સ્વાતંત્ર્ય માત્રા (d*f*) શોધી. BSS અને WSS ની કિંમતનો Mean sum of square શોધવામાં આવે છે.

$$F = \frac{\textit{Mean}\text{ Square for Between Groups}}{\textit{mean}\text{ square for 'within' groups}}$$

F ગુણોતરની કિંમત હંમેશા +1.00 કે તેથી વધુ જ આવે છે.

## 3.16 પ્રસ્તુત અભ્યાસની માહિતીનું એકત્રીકરણ :–

પ્રસ્તુત મહાશોધ નિબંધનું આયોજન નીચે મુજબ કરવામાં આવ્યું હતું. સંશોધક સૌ પ્રથમ Ph.D માટે તેમનાં માર્ગદર્શકને માર્ચ – 2003 નાં રોજ મળ્યાં. તેમની સાથેનાં વિચાર–વિમર્શ બાદ Ph.D કયારે શરૂ કરવું, સંશોધન માટે કયો વિષય અને વિસ્તાર પસંદ કરવો, પ્રશ્નાવલી તૈયાર કરવા પ્રાથમિક માહિતી કયાંથી મેળવવી વગેરે બાબતોની

ચર્ચા કર્યા બાદ ડી. એમ. પેસ્તનજી લિખિત Third hand book of Psychological and Social Instruments - Volume - one, 1997. આધારિત "Assessment of some aspect's of Academic stress and symptoms in 10-16 years old students by sumem verma and Joyeeta Gupta, Dept. of Child Development, Government Home Science College, Chandigarh પાસેથી પ્રશ્નાવલી ઉપલબ્ધ ન બનતાં શૈક્ષણિક મનોભાર પ્રશ્નાવલીની રચના માર્ગદર્શક શ્રી અલકાબેન અને સંશોધકે કરી હતી.

''તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સમાયોજનની અસર – એક મનોવૈજ્ઞાનિક અભ્યાસ''. એવી સમસ્યા  શબ્દ બધ્ધ કરી. પ્રશ્નાવલી માટે વ્યકિતગત માહિતીપત્રક સંપૂર્ણ તૈયાર કર્યા બાદ સંશોધકે Ph.D ની તૈયારી ચાલુ કરી. વિષય, સ્થળ, નિદર્શ, પ્રશ્નાવલી વગેરેની પસંદગી કરી તા. 19/1/2004 ના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રજીસ્ટ્રેશન કરાવ્યું અને સંશોધનનાં હેતુઓ અને ઉત્કલ્પનાઓ વિશે વિચાર્યું.

પ્રશ્નાવલીની રચના કર્યા બાદ તેની વિશ્વસનીયતા અને યથાર્થતા ચકાસ્યા બાદ પ્રશ્નાવલી છપાવી અને પ્રશ્નાવલી ભરાવતા પહેલા શાળાના પ્રિન્સિપાલશ્રીનો રૂબરૂ સંપર્ક કરી, રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારની કેટલીક શાળાઓનાં ધો. 10, 11 અને 12 માં અભ્યાસ કરતાં તરુણો વિશે પ્રાથમિક માહિતી મેળવી, તેમની પૂર્વ મંજૂરી લઈ, સંશોધકે જાતે માહિતી પ્રાપ્ત કરવાનું પસંદ કર્યું. ઓગષ્ટ 2005 થી શરૂ કરી એપ્રિલ 2006 માં સંપૂર્ણ માહિતી એકત્રિકરણ પૂર્ણ કરેલ. નિદર્શની કુલ સંખ્યા 960 થી વધુ 1000 પાસેથી માહિતી એકત્ર કરેલ.

પ્રશ્નાવલી ભરાઈને આવતી જાય તેમ તેમ પ્રાપ્તાંકોની ગણતરી કરી, મળેલ પ્રાપ્તાંકોનું પૃથક્કરણ અને અર્થઘટન પણ સાથે સાથે ચાલુ રાખ્યું. બધી જ કાચી માહિતી સંપૂર્ણપણે તૈયાર કરી, આંકડાશાસ્ત્રીય ગણતરી કરી, માર્ગદર્શકને રૂબરૂ મળી, પ્રોગ્રેસ રિપોર્ટ તૈયાર કર્યા બાદ સંશોધકે સંપૂર્ણ અભ્યાસની SYNOPSIS તૈયાર કરી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં રજૂ કર્યા બાદ બાકીના પ્રકરણોની તૈયાર કરી. માર્ગદર્શકની સલાહ મુજબ સુધારા વધારા સાથે કોમ્પ્યુટરમાં છપાવવા આપ્યાં.

## 3.17 સારાંશ :–

પ્રસ્તુત પ્રકરણ – 3 માં સંશોધન યોજના, અભ્યાસ પધ્ધતિ, માહિતી એકત્રીકરણ, સમષ્ટિ અને તેના ઘટકો, નિદર્શ અને તેની પસંદગી, પ્રસ્તુત અભ્યાસના સાધનો, શૈક્ષણિક મનોભાર અને સમાયોજન, તેથી યથાર્થતા અને વિશ્વસનીયતા, અભ્યાસનાં પરિવર્ત્યો અને આંકડાશાસ્ત્રીય પૃથક્કરણની પધ્ધતિ, તેમજ માહિતી અકત્રીકરણની પધ્ધતિને અનુરૂપ વિશેષ માહિતીનો ખ્યાલ સવિસ્તાર આપવામાં આવેલ છે.

❋ ❋ ❋

# પ્રકરણ – 4
# સંશોધન પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા


**ક્રમ** **વિગત**

4.1 પ્રસ્તાવના

4.2 પૃથક્કરણ એટલે શું ?

4.3 સંશોધન અંગેની સામાન્ય માહિતીનું પૃથક્કરણ

4.3.1 તરુણોની જાતિ પ્રમાણે સંખ્યા અને ટકાવારી

4.3.2 તરુણોના રહેઠાણ વિસ્તાર પ્રમાણે સંખ્યા અને ટકાવારી

4.3.3 તરુણોના ધોરણ પ્રમાણે સંખ્યા અને ટકાવારી

4.3.4 તરુણોના માતા–પિતાના શિક્ષણ પ્રમાણે સંખ્યા અને ટકાવારી

4.3.5 તરુણોના શિક્ષણ પ્રવાહ પ્રમાણે સંખ્યા અને ટકાવારી

4.4 't' કસોટી દ્વારા પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા.

4.5 વ્યકિતગત પરિવર્ત્યો અને શૈક્ષણિક મનોભારનાં સંબંધનું "t" કસોટી વડે પરીક્ષણ અને ચર્ચા.

4.6 વ્યકિતગત પરિવર્ત્યો અને સામાજિક સમાયોજનનાં સંબંધનું "t" કસોટી વડે પરીક્ષણ અને ચર્ચા.

4.7 વ્યકિતગત પરિવર્ત્યો અને આવેગિક સમાયોજનનાં સંબંધનું "t" કસોટી વડે પરીક્ષણ અને ચર્ચા.

4.8 તરુણોનાં વ્યકિતગત પરિવર્ત્યો, શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચેના સહસંબંધનું કાર્લ પિર્યસન 'r' કસોટી વડે પૃથ્થકરણ અને અર્થઘટન.

4.9 તરુણોનાં શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનનું એકમાર્ગીય વિચરણ પૃથક્કરણનું પરીક્ષણ.

4.10 't' કસોટી, સહસંબંધ 'r' અને 'F' કસોટીની સાર્થક–અસાર્થક જૂથની માહિતી  દર્શાવતા કોષ્ટકો.

4.11 શૈક્ષણિક મનોભાર ઘટાડવાના સૂચનો

4.12 સમાયોજન સુધારણા અંગે સૂચનો

4.13 સારાંશ

# પ્રકરણ – 4
# સંશોધન પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા

## 4.1 પ્રસ્તાવના :–

પ્રસ્તુત અભ્યાસનો હેતુ ''તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સમાયોજનની અસર – એક મનોવૈજ્ઞાનિક અભ્યાસ'' હતો. ઉપરોકત સંશોધનના પરિણામો આંકડાશાસ્ત્રીય પ્રયુકિત દ્વારા પ્રાપ્ત કરવામાં આવેલ છે.

સંશોધનમાં પ્રાપ્ત થયેલ માહિતીનું વિશ્લેષ્ણ, પૃથક્કરણ વિના વિવિધ પરિવર્ત્યો વચ્ચેનાં સંબંધને સમજી શકાતો નથી. તેમ અર્થઘટન તારવવું પણ મુશ્કેલ બને છે. સંશોધનમાં ઉપયોગી માહિતી મેળવ્યા બાદ તેના પરિણામો આંકડાશાસ્ત્રીય પ્રયુકિતઓ દ્વારા પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવે છે.

સંશોધનમાં આંકડાશાસ્ત્ર માહિતીનું વર્ગીકરણ કરવામાં તેમજ તેને સંક્ષિપ્ત સ્વરૂપ આપવામાં ખૂબ જ ઉપયોગી બને છે. માટે જ આર. એ.ફિશર પોતાના પુસ્તક ''**Statistical Methods for Research Workers (1950)**'' માં જણાવે છે કે ''માહિતીને સંક્ષિપ્ત સ્વરૂપ આપવા માટે વપરાતી આંકડાશાસ્ત્રીય પ્રયુકિતઓનો હેતુ એ છે કે અપ્રસ્તુત માહિતીને દૂર કરવી અને પ્રાપ્ત માહિતીમાં સમાયેલ પૂરેપૂરી પ્રસ્તુત માહિતીને જુદી પાડવી.''

આંકડાશાસ્ત્રીય માહિતી મેળવ્યા પછી કોષ્ટકરૂપે તેની યોગ્ય ગોઠવણ કરવાથી માહિતીનું કદ ઘટી જાય છે અને માહિતીનું અથઘટન કરવું પ્રમાણમાં સરળ બને છે. તેમજ માહિતીનાં વર્ગો વચ્ચે તુલના સરળતાથી થઈ શકે છે અને સંકલ્પના આધારિત અનુમાનોની ચકાસણી થઈ શકે છે. આંકડાશાસ્ત્રની મદદથી વ્યવસ્થિત માહિતીને વિભાજિત કરવા કોષ્ટક બનાવ્યા. સમૂહ પ્રમાણે સરાસરી, પ્રમાણવિચલન તેમજ બન્ને જૂથનું "t" મૂલ્ય અને 'F' પરિક્ષણ કરી વિગતવાર પરિણામ મેળવવા ભૂલ ન થાય તે માટે પૂરતી તકેદારી રાખવામાં આવી હતી. આમ, પ્રાપ્ત માહિતીનાં જેટલાં તાર્કિક અને સુસંગત વિભાગો પડતા હોય તે વિભાગોમાં માહિતીને વિભાજીત કરવામાં આવી. આમ, કરવાથી તારણો તારવી અને કાર્ય–કારણ સંબંધોની જાણકારી પ્રાપ્ત કરી શકાય છે.

પ્રાપ્ત પરિણામનું પૃથક્કરણ અને અર્થઘટન એક અતિ આવશ્યક બાબત છે. પ્રાપ્ત માહિતીમાં પ્રથમ દ્રષ્ટિએ દેખાતા આંકડા અને તથ્યોમાં ઘણા મહત્વનાં સિધ્ધાંતો છુપાયેલા હોય છે. આવા સિધ્ધાંતો કે અર્થઘટનને પકડવા માટે જ માહિતીને ચકાસવી પડે છે. આમ, મળેલ પરિણામોનું પૃથક્કરણ અને અર્થઘટન ન થાય તો જે તે માહિતી નો જથ્થો એ કેવળ નિરર્થક બોજ બની રહે છે. તેથી જ વ્યાપ્તિકરણ, સામાન્યીકરણ કે કોઈપણ પ્રકારનું તારણ તારવવું એ પૃથક્કરણ વિના શકય જ નથી. તેથી જ પૃથક્કરણ એટલે શું તે સમજવું જરૂરી છે.

## 4.2 પૃથક્કરણ એટલે શું ?

પૃથક્કરણ એટલે મેળવેલી માહિતીમાં છુપાયેલી સામાન્ય બાબતો, ભેદવાળી બાબતોને અલગ પાડવી. પૃથક્કરણ એટલે ગુણાત્મક બાબતોનું સંખ્યાત્મક સ્વરૂપમાં રૂપાંતર. પૃથક્કરણ એટલે આંકડાશાસ્ત્રની જુદી – જુદી પધ્ધતિ દ્વારા માહિતીમાં છુપાયેલી વિગતોનું ચોક્કસ રીતે વર્ગીકરણ.

આમ, મેળવેલી માહિતીને તેમની વચ્ચેનાં તાર્કિક સંબંધોનાં આધારે જોડવામાં આવે ત્યારે તે અર્થપૂર્ણ બને છે અને તેને જોડવાનું કાર્ય પૃથક્કરણ કરે છે. પી.વી.યંગના મત મુજબ માહિતીને શકય તેટલા ઓછા વર્ગોમાં વહેંચવી જોઈએ, તેનાથી માહિતીનો અર્ક સહેલાઈથી નજરે પડે છે.

પરિણામો પ્રાપ્ત થયા બાદ આંકાડશાસ્ત્રીય પ્રયુકિતઓના ઉચિત ઉપયોગ દ્વારા તેનું અર્થઘટન વૈજ્ઞાનિક રીતે રજૂ કરવું જોઈએ. પ્રસ્તુત અધ્યયન માટે આવા જ દ્રષ્ટિકોણથી પરિણામનું પૃથક્કરણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

## 4.3 તરુણો વિશેની / પત્યુતર દાતા અંગેની સામાન્ય માહિતીનું પૃથક્કરણ :–

પ્રસ્તુત સંશોધનમાં તમામ પ્રત્યુતર દાતાઓ રાજકોટ જિલ્લામાંથી પસંદ કરવામાં આવ્યા છે. કુલ 960 તરુણો પસંદ કરેલ છે. જેનાં પણ બે ભાગ પાડેલ છે. 480 ગ્રામ્ય વિસ્તારનાં તરુણો અને 480 શહેરી વિસ્તારના તરુણો. તરુણોની સંખ્યા અને ટકાવારીની વિસ્તૃત માહિતી આ પ્રમાણે છે.

### 4.3.1 તરુણોની જાતિ પ્રમાણે ટકાવારી :–

પ્રસ્તુત અભ્યાસમાં તરુણોને જાતિ પ્રમાણે બે વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. જેની માહિતી કોષ્ટક નં. 4.1 માં રજૂ કરવામાં આવી છે.

### કોષ્ટક 4.1

તરુણોની જાતિ પ્રમાણે સંખ્યા અને ટકાવારી (N=960)

| ક્રમ | જાતિ | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | તરુણો | 480 | 50% |
| 2 | તરુણીઓ | 480 | 50% |
| | કુલ | 960 | 100% |

કોષ્ટકમાં જોતાં માલુમ પડે છે કે તરુણોની જાતિ મુજબ બે વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં 480 તરુણો (M) અને 480 તરુણીઓ (F) લેવામાં આવેલ છે કુલ 960 તરુણો પસંદ કરેલ છે. જે નીચે દર્શાવેલ ગ્રાફ દ્વારા વધુ સ્પષ્ટ બને છે.




### 4.3.2 રહેઠાણ વિસ્તાર પ્રમાણે ટકાવારી :–

પ્રસ્તુત અધ્યયનમાં તરુણોનાં રહેઠાણ વિસ્તારને અનુલક્ષીને બે વિભાગમાં વર્ગીકૃત કરેલ છે. (1) ગ્રામ્ય વિસ્તાર (2) શહેરી વિસ્તાર. જેની માહિતી કોષ્ટક નં. 4.2 માં રજૂ કરવામાં આવી છે.

### કોષ્ટક 4.2

રહેઠાણ વિસ્તાર પ્રમાણે ટકાવારી **(N=960)**

| ક્રમ | વિસ્તાર | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | ગ્રામ્ય વિસ્તાર | 480 | 50% |
| 2 | શહેરી વિસ્તાર | 480 | 50% |
| | કુલ | 960 | 100% |

કોષ્ટકમાં જોતાં માલુમ પડે છે કે રહેઠાણ વિસ્તારનાં આધારે બે વિભાગમાં વહેંચવામાં આવ્યા છે. જેમાં 480 ગ્રામ્ય વિસ્તારનાં અને 480 શહેરી વિસ્તારના તરુણો પસંદ કરવામાં આવ્યા છે.

Chart-4.2




### 4.3.2.1 રહેઠાણ વિસ્તાર અને જાતિ પ્રમાણે ટકાવારી (N=960)

અહીં તરુણોના રહેઠાણ વિસ્તાર અને જાતિ મુજબની માહિતી આ મુજબ છે.

કોષ્ટક નં. 4.3

| ક્રમ | રહેઠાણ વિસ્તાર | તરૂણોની સંખ્યા | ટકાવારી | તરૂણીઓની સંખ્યા | ટકાવારી | કુલ ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| 1 | ગ્રામ્ય વિસ્તાર | 240 | 25% | 240 | 25% | |
| 2 | શહેરી વિસ્તાર | 240 | 25% | 240 | 25% | |
| | કુલ | 480 | 50% | 480 | 50% | 100% |

તરુણોનાં રહેઠાણ વિસ્તાર અને જાતિ મુજબ પણ બે વિભાગ પાડવામાં આવ્યા છે. ગ્રામ્યવિસ્તારનાં 480 તરુણોમાંથી 240 તરુણો અને 240 તરુણીઓ, શહેરી વિસ્તારનાં 480 તરુણોમાંથી 240 તરુણો અને 240 તરુણીઓ પસંદ કરવામાં આવ્યા છે.






### 4.3.3 તરુણોનાં ધોરણ (Standard) પ્રમાણે ટકાવારી.

પ્રસ્તુત અધ્યયનમાં તરુણોમાં ધોરણને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવ્યા છે.

(1) ધો. 10 (2) ધો. 11 (3) ધો. 12

**કોષ્ટક નં. 4.4**

તરુણોના ધોરણ પ્રમાણે ટકાવારી (N=960)

| ક્રમ | ધોરણ | કુલ સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | ધોરણ - 10 | 320 | 33.3% |
| 2 | ધોરણ - 11 | 320 | 33.3% |
| 2 | ધોરણ - 12 | 320 | 33.3% |
| | કુલ | 960 | 100.0% |




### 4.3.4 માતા–પિતાના શિક્ષણ અંગેની માહિતી પ્રમાણે ગણતરી. (N=960)

પ્રસ્તુત અધ્યયનમાં તરુણોમાં માતા–પિતાનાં શિક્ષણ અંગેના પ્રમાણનાં સંદર્ભમાં બે વિભાગ પાડવામાં આવ્યા હતા. (1) શિક્ષિત માતા–પિતા (2) અશિક્ષિત માતા–પિતા

આ અંગેની માહિતી કોષ્ટક નં. 4.5માં રજૂ કરવામાં આવી છે.

## કોષ્ટક નં. 4.5

માતા–પિતાના શિક્ષણ પ્રમાણે ટકાવારી (N=480)

| ક્રમ | વિગત | સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | શિક્ષિત માતા–પિતા ના તરુણો | 480 | 50% |
| 2 | અશિક્ષિત માતા–પિતાના તરુણો | 480 | 50% |
| | કુલ | 960 | 100% |




## કોષ્ટક નં. 4.6

માતા–પિતાના શિક્ષણ અને તરુણોની જાતિ મુજબ ટકાવારી (N=480)

| ક્રમ | વિગત | તરૂણોની સંખ્યા | ટકાવારી | તરૂણીઓની સંખ્યા | ટકાવારી | કુલ ટકાવારી |
|---|---|---|---|---|---|---|
| 1 | શિક્ષિત માતા–પિતા | 240 | 25% | 240 | 25% | |
| 2 | અશિક્ષિત માતા–પિતા | 240 | 25% | 240 | 25% | |
| | કુલ | 480 | 50% | 480 | 50% | 100% |

:: શિક્ષિત માતા–પિતાનાં તરુણો અને તરુણીઓ ::



:: અશિક્ષિત માતા–પિતાનાં તરૂણો અને તરૂણીઓ ::




### 4.3.5 તરુણોનાં શિક્ષણ પ્રવાહ પ્રમાણે ટકાવારી

પ્રસ્તુત અધ્યયનમાં ધો. 11 અને ધો. 12 નાં શિક્ષણ પ્રવાહનાં સંદર્ભમાં ત્રણ વિભાગ પાડવામાં આવ્યા હતાં. (1) વિનયન (2) વાણિજય અને (3) વિજ્ઞાન પ્રવાહ.

આ અંગેની માહિતી કોષ્ટક નં. 4.6માં રજૂ કરવામાં આવી છે.

**કોષ્ટક નં. 4.7**

તરુણોનાં શિક્ષણ પ્રવાહ પ્રમાણે ટકાવારી (N=623)

| ક્રમ | શિક્ષણપ્રવાહ | કુલ સંખ્યા | ટકાવારી |
|---|---|---|---|
| 1 | વિનયન | 356 | 57.14% |
| 2 | વાણિજય | 197 | 31.62% |
| 2 | વિજ્ઞાન | 70 | 11.24% |
| | કુલ | 623 | 100% |



પ્રસ્તુત અધ્યયનમાં શિક્ષણ પ્રવાહ મુજબ ધો. 11 અને ધો. 12 નાં તરુણોમાંથી 356 વિનયન પ્રવાહનાં 197 વાણિજય પ્રવાહનાં જયારે 70 વિજ્ઞાન પ્રવાહનાં તરુણો પસંદ કરવામાં આવ્યા છે.

## 4.4 શૈક્ષણિક મનોભાર અને સામાજીક સમાયોજન તેમજ આવેગિક સમાયોજન નું 't' કસોટી દ્વારા પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામની ચર્ચા.

**ચર્ચા :** તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સામાજીક તેમજ આવેગિક સમાયોજન પર અનેક પરિત્વર્યોની અસર થતી હોય છે. પ્રસ્તુત અધ્યયનમાં વ્યકિતગત સમાજીક પરિવર્ત્યો તરીકે તરુણોની જાતિ, ધોરણ, રહેઠાણ વિસ્તાર, શિક્ષણ પ્રવાહ, શાળાનો પ્રકાર તેમજ માતા–પિતાનાં શિક્ષણનું પ્રમાણ વગેરેની તેનાં શૈક્ષણિક મનોભાર તેમજ સામાજિક અને આવેગિક સમાયોજન પર શી અસર થાય છે, તે જાણવાનો નમ્ર પ્રયાસ હાથ ધરવામાં આવ્યો હતો. ઉપરોકત પરિવર્ત્યોને ધ્યાનમાં રાખીને ઉત્કલ્પનાઓ રચવામાં આવી હતી. અહીં આ તમામ પરિવર્ત્યોની અસરની ચકાસણી માટે 't' કસોટીનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. દરેક પરિવર્ત્યોની અસરની વિગતવાર રજૂઆત પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામની ચર્ચા આ મુજબ છે.

## 4.5 વ્યકિગત પરિવર્ત્યો અને શૈક્ષણિક મનોભારનું 't' કસોટી દ્વારા પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા.

વ્યકિતગત પરિવર્ત્યો જેવા કે તરુણોનાં ધોરણ, જાતિ, શિક્ષણ પ્રવાહ, શાળાનો પ્રકાર, રહેઠાણ વિસ્તારની તરુણોના શૈક્ષણિક મનોભાર પર શી અસર થાય છે. તેની ચકાસણી 't' કસોટી દ્વારા કરવામાં આવી હતી જેની વિગતે રજૂઆત અહીં કરવામા આવી છે.

### 4.5.1 તરુણો અને તરુણીઓનાં શૈક્ષણિક મનોભારની 't' કસોટી

પ્રસ્તુત અભ્યાસમાં તરુણો અને તરુણીઓનાં શૈક્ષણિક મનોભારની ગણતરી "t" કસોટી દ્વારા કરવામાં આવી શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી

**Ho.1 તરુણો અને તરુણીઓના શૈક્ષણિક મનોભારના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.**

શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી "t" કસોટી દ્વારા કરતા જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં.**4.8**માં રજૂ કરવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.8**

**તરુણો અને તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી (N=960)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | તરૂણો | 480 | 81.15 | 11.28 | 0.74 | 0.28 | N.S. |
| 2 | તરૂણીઓ | 480 | 80.95 | 11.64 | | | |

કોષ્ટક નં. **4.8** જોતા જણાય છે કે સ્વાતંત્ર્યની કક્ષા ((df)) = 958 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 છે. જે મળેલ 't' ની કિંમત તેના કરતા ઓછી છે. તેથી બને વચ્ચે 0.05 કક્ષાએ તફાવત સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho.1 યથાવત રાખવામાં આવે છે.

પ્રાપ્ત થયેલ 't' ની કિંમત 0.28 નાં આધારે કહી શકાય કે તરુણો અને તરુણીઓનાં શૈક્ષણિક મનોભારમાં કોઈ જ તફાવત જોવા મળતો નથી.

### 4.5.2 ધો.10 અને ધો. 11નાં તરુણોનાં શૈક્ષણિક મનોભારની 't' કસોટી

**HO.2 ધો. 10 અને ધો. 11 માં અભ્યાસ કરતા તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.**

શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતા જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.9** માં રજૂ કરવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.9**

ધો. 10 અને ધો. 11 નાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી (N = 320 )

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો.10 તરૂણો | 160 | 81.28 | 10.2 | 1.27 | 1.3 | N.S. |
| 2 | ધો.11 તરૂણો | 160 | 79.63 | 10.51 | | | |

કોષ્ટક નં. **4.9** જોતા જણાય છે કે સ્વાતંત્ર્યની કક્ષા (df) = 318 હોય ત્યારે કોષ્ટકનાં 't' ની કિંમત 1.96 છે જે મળેલ 't' ની કિંમત તેના કરતા ઓછી છે. પ્રાપ્ત 't' ની કિંમત 1.3 નાં આધારે કહી શકાય કે ધો. 10 અને ધો. 11 માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર વચ્ચે કોઈ સાર્થક

તફાવત નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho. 2 યથાવત રાખવામાં આવે છે. જે સ્વીકાર્ય છે. બંને ધોરણના તરુણોમાં શૈક્ષણિક મનોભારની અસર એક સરખી જોવા મળે છે. એટલે કે શૈક્ષણિક મનોભારનું પ્રમાણ બંનેમાં એક સમાન છે.

### 4.5.3 ધો. 10 અને ધો. 11 ની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારની 't' કસોટી

પ્રસ્તુત અભ્યાસમાં તરુણીઓનાં ધોરણને ધ્યાનમાં રાખી શૈક્ષણિક મનોભારની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં આ મુજબ રચના કરવામાં આવી

**Ho.3 ધો. 10 અને ધો. 11 માં અભ્યાસ કરતી તરુણીઓના શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.**

શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતા જે પરિણામ પ્રાપ્ત થયુ તે કોષ્ટક નં. **4.10** માં રજુ કરવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.10**

ધો. 10 અને ધો. 11 ની તરુણીઓના શૈક્ષણિક મનોભારના પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી (N=320)

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો.10 તરુણીઓ | 160 | 82.9 | 11.26 | 1.22 | 4.66 | 0.05 * સાર્થક છે. |
| 2 | ધો.11 તરુણીઓ | 160 | 77.2 | 10.62 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.10** માં જોતા જણાય છે કે ધો. 10 અને ધો. 11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો અનુક્રમે 82.90 અને 77.20 છે. જેમની વચ્ચે 't' મૂલ્ય 4.66 છે, જે 0.05 કક્ષાએ સાર્થક છે. એટલે કે ધો. 10 અને ધો. 11 માં અભ્યાસ કરતી તરુણીઓમાં શૈક્ષણિક મનોભારની બાબતમાં તફાવત સાર્થક છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 318 હોય ત્યારે મળેલ 't' ની કિંમત 4.66 આવી જે 0.05 કક્ષાએ સાર્થક છે. આથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે.

ધો. 10 અને ધો. 11 ની તરુણીઓમાં કોનામાં શૈક્ષણિક મનોભારનું પ્રમાણ વધારે છે તે જાણવા

બંનેના મધ્યક જોતા ધો. 10 ની તરુણીઓનો મધ્યક વધારે જણાય છે તેથી શૈક્ષણિક મનોભારનું પ્રમાણ ધો. 10 ની તરુણીઓમાં વધુ જોવા મળે છે.

આમ અભ્યાસનું વધુ પડતું ભારણ શૈક્ષણિક મનોભારમાં વધારો કરે છે. ઉપરોકત તરુણીઓનાં વ્યકિતગત શૈક્ષણિક પરિવર્ત્યોના સંબંધની તુલના કરીને પણ તારણો તારવી શકાય.

### 4.5.4 ધો. 10 અને ધો. 12 નાતરુણોનાં ધોરણ અને શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી

પ્રસ્તુત અભ્યાસમાં તરુણોનાં Standard ને ધ્યાનમાં લઈ ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતા તરુણોના શૈક્ષણિક મનોભારની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

Ho.4 ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

ઉપરોકત ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતા પ્રાપ્ત થયેલ માહિતીને કોષ્ટક નં. **4.11** માં રજુ કરવામાં આવી છે. જે આ પ્રમાણે છે.

**કોષ્ટક નં. 4.11**

ધો. 10 અને ધો. 12 તરુણોનાં ધોરણ અને શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી

(N-320)

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **ધો.10 તરૂણો** | **160** | **81.28** | **12.2** | **1.3** | **0.98** | **N.S.** |
| 2 | **ધો.12 તરૂણો** | **160** | **82.54** | **10.94** | | | |

ઉપરોકત કોષ્ટક નં. **4.11** માં જોતા જણાય છે કે ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણોના શૈક્ષણિક મનોભારનાં 't' ની કિંમત 0.98 છે. સ્વાતંત્ર્યની કક્ષા મુજબ મુળ 't' ની કિંમત 1.96 હોઈ, મળેલ 't' ની કિંમત તે કરતા ઓછી છે. તેથી બંને વચ્ચે 0.05 કક્ષાએ તફાવત સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho.4 યથાવત્ રાખવામાં આવે છે.

કોષ્ટકમાં પ્રાપ્ત ‘t’ ની કિંમત 0.98 નાં આધારે તારણ કાઢી શકાય કે ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતા તરુણોનાં શૈક્ષણિક મનોભાર વચ્ચે કોઈ જ તફાવત સાર્થક જોવા મળતો નથી.

પ્રસ્તુત પરિણામનું સંભવિત કારણ એ હોઈ શકે કે ધો. 10 અને ધો. 12 તરુણો માટે અભ્યાસની કારકિર્દીના વર્ષ હોઈ બંને સમાન પ્રમાણમાં શૈક્ષણિક મનોભારનો અનુભવ કરે છે. એકવીસમી સદીનાં યુગની ‘Age of Stress’ ની આ સર્વસામાન્ય અસર હશે તેવું માની શકાય હળવો શૈક્ષણિક મનોભાર ઘણીવાર તરુણોને વધુ અભ્યાસ માટે પ્રેરણા આપે તેવું બની શકે છે.

### 4.5.5 ધો. 10 અને ધો. 12 ની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી

પ્રસ્તુત અભ્યાસમાં તરુણીઓનાં ધોરણને લક્ષ્યમાં લઈને ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારની ગણતરી ‘t’ કસોટી દ્વારા કરવામા આવી શૂન્ય ઉત્કલ્પના આ સંદર્ભમાં નીચે મુજબ રજૂ કરવામાં આવી

Ho.5 ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી ‘t’ કસોટી દ્વારા કરતા પ્રાપ્ત થયેલ માહિતીને કોષ્ટક નં. **4.12** માં રજુ કરવામાં આવી છે. જે આ મુજબ છે.

**કોષ્ટક નં. 4.12**

તરુણીઓનાં ધોરણ અને શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી (N-320)

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો.10 તરૂણીઓ | 160 | 82.90 | 11.26 | 1.31 | 0.12 | N.S. |
| 2 | ધો.12 તરૂણીઓ | 160 | 82.74 | 12.14 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.12** માં જોતા જણાય છે કે ધો. 10 અને ધો. 12 ની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં ‘t’ ની કિંમત 0.12 છે. સ્વાતંત્ર્યની માત્રા ((df)) = 318 હોય ત્યારે મૂળ ‘t’ ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. એટલે કે Ho.5

યથાવત્ રાખવામાં આવે છે. મળેલ ‘t’ ની કિંમત 0.12 નાં આધારે એવું અર્થઘટન કરી શકાય કે ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે બંને ધોરણની તરુણીઓ પર શૈક્ષણિક મનોભારની એક સરખી અસર જોવા મળે છે.

### 4.5.6 ધો. 11 અને ધો. 12 નાં તરુણોના શૈક્ષણિક મનોભાર પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી

પ્રસ્તુત અધ્યયનમાં તરુણોનાં ધોરણને ધ્યાનમાં લઈ શૈક્ષણિક મનોભારની ગણતરી ‘t’ કસોટી દ્વારા કરવામાં આવી હતી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવમાં આવી હતી.

Ho.6 ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી ‘t’ કસોટી દ્વારા કરતા પ્રાપ્ત થયેલ માહિતીને કોષ્ટક નં. **4.13** માં રજૂ કરવામાં આવી છે. જે આ મુજબ છે.

**કોષ્ટક નં. 4.13**

તરુણોનાં ધોરણ અને શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી (N = 320)

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો.11 તરુણો | 160 | 79.63 | 10.51 | 1.2 | 2.43 | 0.05 * સાર્થક છે. |
| 2 | ધો.12 તરુણો | 160 | 82.54 | 10.94 | | | |

કોષ્ટક નં. **4.13** જોતા જણાય છે કે સ્વાતંત્ર્યની માત્રા (df) = 318 હોય ત્યારે મૂળ ‘t’ ની કિંમત 1.96 છે. જે મળેલ 't' ની કિંમત તેના કરતા મોટી છે.

કોષ્ટકમાં દર્શાવ્યા અનુસાર ધો. 11 અને ધો. 12 નાં તરુણોના શૈક્ષણિક મનોભારનાં ‘t’ ની કિંમત 2.43 છે. સ્વાતંત્ર્યની કક્ષા અનુસાર કોષ્ટકનાં ‘t’ ની કિંમત 1.96 છે. ગણેલ 't' ની કિંમત તેના કરતા મોટી છે. તેથી બંને વચ્ચે 0.05 કક્ષાએ તફાવત સાર્થક છે. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho. 6 નો અસ્વીકાર કરવામાં આવે છે.

પ્રાપ્ત થયેલ ‘t’ ની કિંમતનાં આધારે કહી શકાય છે ધો. 11 અને ધો. 12 નાં તરુણોનાં શૈક્ષણિક મનોભારમાં તફાવત જોવા મળે છે.

પ્રસ્તુત પરિણામનું શકય કારણ આપતા કહી શકાય કે અભ્યાસક્રમોની કઠિનતા અભ્યાસકીય સમસ્યાઓ પરીક્ષાઓ માટે સઘન તૈયારીઓ, તીવ્ર કુશાગ્ર અધ્યયન ધો. 12ના તરુણોમાં વધુ શૈક્ષણિક મનોભાર ઉત્પન્ન કરે છે. આ કારણસર ધો. 11 અને ધો. 12માં અભ્યાસ કરતા તરુણોમાં શૈક્ષણિક મનોભાર માં તફાવત જોવા મળે છે.

### 4.5.7 ધો. 11 અને ધો. 12 ની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારના પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી

પ્રસ્તુત અભ્યાસમાં તરુણીઓનાં ધોરણને ધ્યાનમાં લઈ શૈક્ષણિક મનોભારની ગણતરી ‘t’ કસોટી દ્વારા કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

Ho.7 ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી ‘t’ કસોટી દ્વારા કરતા જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.14** માં રજૂ કરવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.14**

તરુણીઓનાં ધોરણ અને શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી (N=320)

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો.11 તરુણીઓ | 160 | 77.20 | 10.62 | 1.28 | 4.34 | 0.05 * સાર્થક છે. |
| 2 | ધો.12 તરુણીઓ | 160 | 82.74 | 12.14 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.14** માં જોતા જણાય છે કે ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો અનુક્રમે 77.20 અને 82.74 છે જેમની વચ્ચેનું ‘t’ મૂલ્ય 4.34 છે, જે 0.05 કક્ષાએ સાર્થક છે. એટલે કે ધો. 11 અને ધો.12 માં અભ્યાસ

કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારની બાબતમાં તફાવત સાર્થક છે. સ્વાર્તંની માત્રા (df) = 318 હોય ત્યારે મળેલ ‘t’ ની કિંમત 4.34 આવી છે. જે 0.05 કક્ષાએ સાર્થકતા બતાવે છે. આથી શૂન્ય ઉત્કલ્પના Ho.7 નો અસ્વીકાર કરવામાં આવે છે.

ધો.11 અને ધો. 12 બંને ધોરણની તરુણીઓમાંથી કોનામાં શૈક્ષણિક મનોભારનું પ્રમાણ વધારે છે તે જોવા બંનેના મધ્યક જોતા ધો. 12 ની તરુણીઓનો મધ્યક વધુ જણાય છે. તેથી ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓમાં શૈક્ષણિક મનોભારનું પ્રમાણ વધુ જોવા મળે છે. એવું તારણ તારવી શકાય.

ઉપર્યુકત પરિણામ આવવાનું સંભવિત કારણ એ હોઈ શકે કે ધો. 12 ની તરુણીઓને બોર્ડની પરિક્ષા ભવિષ્યની કારકિર્દીનું વર્ષ હોઈ શકે વધુ સારા ગુણ લાવવા, વધુ ઉંચો ક્રમ લાવવા અભ્યાસ અંગેનું વધુ દબાણ અનુભવે છે તેથી શૈક્ષણિક મનોભારની અસર ધો. 12ની તરુણીઓમાં વિશેષ જોવા મળે છે.

### 4.5.8 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતા તરુણો અને તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી

પ્રસ્તુત અભ્યાસમાં તરુણો અને તરુણીઓનાં રહેઠાણ વિસ્તારને ધ્યાનમાં લઈને શૈક્ષણિક મનોભારની ગણતરી ‘t’ કસોટી દ્વારા કરવામાં આવી શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho.8 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતા તરુણો અને તરુણીઓમાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી ‘t’ કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.15** માં દર્શાવવામાં આવ્યુ છે.

**કોષ્ટક નં. 4.15**

**તરુણો અને તરુણીઓનાં રહેઠાણ વિસ્તાર અને શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી**

**(N-960)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | શહેરી વિસ્તાર | 480 | 82.96 | 11.3 | 0.73 | 5.25 | 0.05 * સાર્થક છે. |
| 2 | ગ્રામ્ય વિસ્તાર | 480 | 79.13 | | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.15** માં જોતા જણાય છે કે શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતા તરુણો અને તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો 82.96 અને 79.13 છે. જેમનું 't' મૂલ્ય 5.25 છે. સ્વાતંત્ર્યની સંખ્યા (df) = 958 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 છે મળેલ 't' ની કિંમત તેના કરતા વધુ છે. તેથી બને વચ્ચે તફાવત સાર્થક છે. આથી શૂન્ય ઉત્કલ્પના Ho.8 નો અસ્વીકાર કરવામાં આવે છે.

અહીં પ્રાપ્ત 't' ની કિંમત 5.25 નાં આધારે તારણ તારવી શકાય કે શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણ– તરુણીઓનાં શૈક્ષણિક મનોભારના પ્રાપ્તાંકો વચ્ચે તફાવત જોવા મળે છે. શહેરી વિસ્તારનાં તરુણો–તરુણીઓનો મધ્યક વધુ જણાય છે.

આવેલ માહિતી માટેનું સંભવિત કારણએ હોઈ શકે કે શહેરી વિસ્તારમાં અભ્યાસમાં સ્પર્ધાનું પ્રમાણ વધુ જોવા મળે છે. સ્કુલનું હોમવર્ક, ટયુશન કલાસ, વારંવાર લેવાતી ટેસ્ટ અને સાથી અભ્યાસીઓ સાથે પ્રવર્તતી સ્પર્ધા તેમજ શહેરી જીવનની વધુ પડતી દોડધામ નાં કારણે શૈક્ષણિક મનોભારની અસર શહેરી વિસ્તારમાં તરુણ–તરુણીઓમાં વધુ જોવા મળે છે.

### 4.5.9 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10 માં અભ્યાસ કરતા તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી

પ્રસ્તુત અભ્યાસમાં તરુણોનાં ધોરણ અને રહેઠાણ વિસ્તારોને ધ્યાનમાં લઈને શૈક્ષણિક મનોભારની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho.9 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10 માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.16** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.16**

ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં ધો. 10 નાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી **(N-160)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **ધો. 10 ગ્રામ્ય વિસ્તાર (તરૂણો)** | **80** | **80.83** | **13.54** | **1.93** | **0.47** | **N.S.** |
| 2 | **ધો. 10 શહેરી વિસ્તાર (તરૂણો)** | **80** | **81.74** | **10.75** | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.16** માં જોતા જણાય છે કે ધો. 10 શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો અનુક્રમે 80.83 અને 81.74 છે. જેમની વચ્ચેનું 't' મૂલ્ય 0.47 છે જે 0.05 કક્ષાએ સાર્થક નથી.

સ્વાતંત્ર્યની માત્રા (df) = 158 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.94 છે. જયારે મળેલ 't' ની કિંમત તેના કરતા ઓછી છે. તેથી ધો. 10 ગ્રામ્ય વિસ્તારનાં તરુણો અને ધો. 10 શહેરી વિસ્તારનાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે તફાવત સાર્થક નથી આમ, રહેઠાણ, વિસ્તારની તરુણોનાં શૈક્ષણિક મનોભાર સાર્થક અસર નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho.9 નો સ્વીકાર કરવામાં આવે છે.

### 4.5.10 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી

પ્રસ્તુત અભ્યાસમાં તરુણીઓનાં ધોરણ અને રહેઠાણ વિસ્તાર ને ધ્યાનમાં લઈને શૈક્ષણિક

મનોભારની ગણતરી ‘t’ કસોટી દ્વારા કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho.10 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી ‘t’ કસોટી દ્વારા કરતા જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.17** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.17**

ધો. 10 ની તરુણીઓનાં રહેઠાણ વિસ્તાર અને શૈક્ષણિક મનોભારના પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી (N=160)

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **ધો. 10 ગ્રામ્ય વિસ્તાર (તરૂણીઓ)** | **80** | **81.26** | **10.85** | **1.77** | **1.85** | **N.S.** |
| 2 | **ધો. 10 શહેરી વિસ્તાર (તરૂણીઓ)** | **80** | **84.54** | **11.48** | | | |

ઉપરોકત કોષ્ટક નં. **4.17** જોતા જણાય છે કે ધો. 10 ગ્રામ્ય વિસ્તાર તેમજ શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં ‘t’ ની કિંમત 1.85 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 158 હોય ત્યારે કોષ્ટકના ‘t’ ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી Ho.10 ઉત્કલ્પનાં યથાવત રાખવામાં આવે છે. આ પરિણામ પરથી તારણ તારવી શકાય કે ધો. 10 માં ગ્રામ્યક્ષેત્રમાં અભ્યાસ કરતી તેમજ ધો. 10 માં શહેરી ક્ષેત્રમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારમાં કોઈ જ તફાવત નથી.

### 4.5.11 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 11 માં અભ્યાસ કરતાં તરુણોની શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી

પ્રસ્તુત અભ્યાસમાં તરુણોનાં ધોરણ અને રહેઠાણ વિસ્તારને ધ્યાનમાં લઈને શૈક્ષણિક મનોભારની ગણતરી ‘t’ કસોટી દ્વારા કરવામાં આવી હતી. શૂન્ય ઉત્કલ્પના આ સંદર્ભમાં

નીચે મુજબ રજુ કરવામાં આવી હતી.

Ho. 11 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 11 માં અભ્યાસ કરતા તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી ‘t’ કસોટી દ્વારા કરતા જપરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.18** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.18**

ધો. 11 નાં તરુણોનાં રહેઠાણ વિસ્તાર અને શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની ‘t’ કસોટી
(N=160)

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **ધો. 11 ગ્રામ્ય વિસ્તાર (તરૂણો)** | **80** | **79.11** | **9.42** | **1.66** | **0.62** | **N.S.** |
| 2 | **ધો. 11 શહેરી વિસ્તાર (તરૂણો)** | **80** | **80.15** | **11.53** | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.18** માં જોતા જણાય છે કે ધો. 11 માં અભ્યાસ કરતાં ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં રહેતા તરુણોના શૈક્ષણિક મનોભારનાં ‘t’ ની કિંમત 0.62 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 158 હોય ત્યારે મૂળ ‘t’ ની કિંમત 1.96 છે. તેથી તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી માટે Ho.11 યથાવત રાખવામાં આવે છે. આમ, તરુણોનાં રહેઠાણ વિસ્તારની તેનાં શૈક્ષણિક મનોભારનાં પ્રમાણ પર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.

## 4.5.12 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો 11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી

પ્રસ્તુત અભ્યાસમાં તરુણીઓનાં ધોરણ અને રહેઠાણ વિસ્તારને ધ્યાનમાં લઈને શૈક્ષણિક મનોભારની ગણતરી ‘t’ કસોટી દ્વારા કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho. 12 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.19** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.19**

ધો. 11 ની તરુણીઓનાં રહેઠાણ વિસ્તાર અને શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી

**(N-160)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો. 11 ગ્રામ્ય તરુણીઓ | 80 | 74.99 | 9.88 | 1.65 | 2.69 | 0.05 * સાર્થક છે. |
| 2 | ધો. 11 શહેરી તરુણીઓ | 80 | 79.41 | 10.93 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.19** માં જોતા જણાય છે કે ધો. 11 માં અભ્યાસ કરતી ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો અનુક્રમે 74.99 અને 79.41 છે જેમની વચ્ચેનું 't' મૂલ્ય 2.69 છે. જે 0.05 કક્ષાએ સાર્થક છે. એટલે કે ધો. 11 માં અભ્યાસ કરતી ગ્રામ્ય અને શહેરી વિસ્તારની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારની બાબતમાં સાર્થક તફાવત છે. જે તફાવત આકસ્મિક છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 158 હોય ત્યારે મળેલ 't' ની કિંમત 2.69 આવી છે. જે 0.05 કક્ષાએ સાર્થકતા બતાવે છે. આથી શૂન્ય ઉત્કલ્પના Ho. 12 નો અસ્વીકાર કરવામાં આવે છે.

અહીં ધો. 11 ની ગ્રામ્ય અને શહેરી વિસ્તારની તરુણીઓમાંથી કયા વિસ્તારની તરુણીઓનો શૈક્ષણિક મનોભાર વધારે છે તે જોવા બંનેના ઉપરોકત મધ્યક જોતા ધો. 11 શહેરી વિસ્તારની તરુણીઓનો મધ્યક વધુ જણાય છે. તેથી ધો. 11 શહેરી વિસ્તારની તરુણીઓમાં શૈક્ષણિક મનોભાર વધુ જોવા મળે છે. તેવું તારણ તારવી શકાય

### 4.5.13 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 12માં અભ્યાસ કરતાં તરુણો નાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી

પ્રસ્તુત અભ્યાસમાં તરુણોનાં રહેઠાણ વિસ્તાર અને ધોરણ નાં સંદર્ભમાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ તફાવત છે કે કેમ તે જાણવા ‘t’ કસોટી દ્વારા નીચે જણાવેલ શૂન્ય ઉત્કલ્પનાની રચના કરવામાં આવેલ હતી.

Ho.13 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

ઉપરોકત શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી ‘t’ કસોટી દ્વારા કરતા જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.20** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.20**

ધો. 12 નાં તરુણોનાં રહેઠાણ વિસ્તાર અને શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી

**(N-160)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો. 12 ગ્રામ્ય તરુણો | 80 | 79.84 | 10.04 | 1.88 | 3.22 | 0.05 * સાર્થક છે. |
| 2 | ધો. 12 શહેરી તરુણો | 80 | 85.25 | 10.21 | | | |

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી ‘t’ કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.53** માં દર્શાવવામાં આવેલ છે.

**કોષ્ટક નં. 4.53**

**વિનયન અને વાણિજય પ્રવાહના તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની ‘t’ કસોટી.**

**(N-250)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | S E D | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | વિનયન (તરુણો) | 120 | 39.03 | 7.03 | 0.9 | 0.27 | N.S. |
| 2 | વાણિજય (તરુણો) | 130 | 39.3 | 7.21 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.53** માં જોતા જણાય છે કે વિનયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોના સામાજિક સમાયોજનાં ‘t’ ની કિંમત 0.27 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 248 હોય ત્યારે મૂળ ‘t’ ની કિંમત 1.96 તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના HO.46 નો સ્વીકાર કરવામાં આવે છે.

## 4.6.22 વિનયન અને વાણિજય પ્રવાહની તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં તરુણીઓના શિક્ષણપ્રવાહનાં સંદર્ભમાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો ‘t’ કસોટી દ્વારા ગણતરી કરવામાં આવી હતી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

HO. 47 વિનયન અને વાણિજય પ્રવાહ અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી ‘t’ કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.54** માં દર્શાવવામાં આવેલ છે.

**કોષ્ટક નં. 4.54**

**વિનયન અને વાણિજય પ્રવાહની તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી. (N-303)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | વિનયન (તરુણીઓ) | 236 | 35.73 | 8.13 | 1.12 | 0.73 | N.S. |
| 2 | વાણિજય (તરુણીઓ) | 67 | 36.55 | 8.07 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.54** માં જોતા જણાય છે કે વિનયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં 't' ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. માટે ઉત્કલ્પના HO. 47 યથાવત રાખવામાં આવે છે.

### 4.6.23 વિનયન અને વિજ્ઞાન પ્રવાહની તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં તરુણોના શિક્ષણપ્રવાહનાં સંદર્ભમાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી દ્વારા ગણતરી કરવામાં આવી હતી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

HO. 48 વિનયન અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.55** માં દર્શાવવામાં આવેલ છે.

**કોષ્ટક નં. 4.55**

**વિનયન અને વિજ્ઞાન પ્રવાહની તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't'કસોટી. (N-190)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | વિનયન (તરુણો) | 120 | 39.03 | 7.03 | 1.03 | 4.12 | 0.05 * સાર્થક છે. |
| 2 | વિજ્ઞાન (તરુણો) | 70 | 34.79 | 6.77 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.55** માં જોતા જણાય છે કે વિનયન અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં ‘t’ ની કિંમત 4.12 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 188 હોય ત્યારે મૂળ ‘t’ ની કિંમત 0.05 કક્ષાએ 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક છે. માટે શૂન્ય ઉત્કલ્પના HO. 48 નો અસ્વીકાર કરવામાં આવે છે.

### 4.6.24 સરકારી અને બિનસરકારી સ્કૂલનાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે ‘t’ કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં તરુણોનાં શાળાનાં પ્રકારનાં સંદર્ભમાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની ‘t’ કસોટી દ્વારા ગણતરી કરવામાં આવી હતી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

HO. 49 સરકારી સ્કૂલ અને બિનસરકારી સ્કૂલમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી ‘t’ કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.56** માં દર્શાવવામાં આવેલ છે.

**કોષ્ટક નં. 4.56**

**સરકારી અને બિનસરકારી સ્કૂલનાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની ‘t’ કસોટી.**

**(N-480)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | સરકારી સ્કૂલ–તરુણો | 97 | 38.52 | 7.2 | 0.82 | 0.99 | N.S. |
| 2 | બિનસરકારી સ્કૂલ–તરુણો | 383 | 37.7 | 7.28 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.56** માં જોતાં જણાય છે કે સરકારી અને બિનસરકારી સ્કૂલમાં અભ્યાસ કરતાં તરુણોના સામાજિક સમાયોજનનાં ‘t’ ની કિમંત 0.99 છે. સ્વાતંત્ર્યની માત્રા ((df)) = 478 હોય ત્યારે કોષ્ટકનાં ‘t’ ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના યથાવત્ રાખવામાં આવે છે.

## 4.6.25 સરકારી અને બિનસરકારી સ્કૂલનાં તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં તરુણીઓનાં શાળાનાં પ્રકારનાં સંદર્ભમાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી દ્વારા ગણતરી કરવામાં આવી હતી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

HO. 50 સરકારી સ્કૂલ અને બિનસરકારી સ્કૂલમાં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.57** માં દર્શાવવામાં આવેલ છે.

**કોષ્ટક નં. 4.57**

સરકારી અને બિનસરકારી સ્કૂલનાં તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી

**(N-480)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | સરકારી સ્કૂલ–તરુણીઓ | 66 | 36.27 | 7.67 | 1.02 | 0.22 | N.S. |
| 2 | બિનસરકારી સ્કૂલ–તરુણીઓ | 414 | 36.5 | 7.81 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.57** માં જોતાં જણાય છે કે સરકારી અને બિનસરકારી સ્કૂલમાં અભ્યાસ કરતી તરુણીઓના સામાજિક સમાયોજનનાં 't' ની કિમંત 0.22 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 478 હોય ત્યારે કોષ્ટકનાં 't' ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના HO. 50 નો સ્વીકાર કરવામાં આવે છે.

## 4.7 વ્યકિતગત પરિવર્ત્યો અને આવેગિક સમાયોજનનું 't' કસોટી વડે પરીક્ષણ અને ચર્ચા

### 4.7.1 તરુણો અને તરુણીઓના આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી

પ્રસ્તુત અભ્યાસમાં ધો. 10, ધો 11 અને ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણો અને તરુણીઓનાં આવેગિક સમાયોજનની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho.51 તરુણો અને તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

ઉપરોકત ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં પ્રાપ્ત થયેલ માહિતીને કોષ્ટક નં. **4.58** માં રજુ કરવામાં આવી છે. જે આ પ્રમાણે છે.

**કોષ્ટક નં. 4.58**

તરુણો અને તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી **(N=960)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | તરુણો | 480 | 34.71 | 7.86 | 0.54 | 1.56 | N.S |
| 2 | તરુણીઓ | 480 | 35.56 | 8.97 | | | |

ઉપરોકત કોષ્ટક નં. **4.58** માં જોતા જણાય છે કે તરુણો અને તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં t ની કિંમત 1.56 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 958 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho.51 યથાવત્ રાખવામાં આવે છે.

પ્રાપ્ત થયેલ 't' ની કિંમતના આધારે કહી શકાય કે તરુણો અને તરુણીઓનાં આવેગિક સમાયોજનમાં કોઈ તફાવત જોવા મળતો નથી.

### 4.7.2 ધો. 10 અને ધો. 11 નાં તરુણોનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી

પ્રસ્તુત અધ્યનમાં તરુણોનાં ધોરણને ધ્યાનમાં લઈને સામાજિક સમાયોજનની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી હતી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

Ho.52 ધો. 10 અને ધો. 11 માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતા પ્રાપ્ત થયેલ માહિતીને કોષ્ટક નં. **4.59** માં રજુ કરવામાં આવી છે. જે આ મુજબ છે.

**કોષ્ટક નં. 4.59**

ધો. 10 અને ધો. 11 નાં તરુણોનાં સામાજિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી **(N=320)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો.10 (તરુણો) | 160 | 34.17 | 7.97 | 0.89 | 1.6 | N.S |
| 2 | ધો.11 (તરુણો) | 160 | 35.61 | 8.00 | | | |

ઉપરોકત કોષ્ટક નં. **4.59** માં જોતા જણાય છે કે ધો. 10 અને ધો. 11 નાં તરુણોનાં આવેગિક સમાયોજનની 't' ની કિંમત 1.6 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 318 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho.52 યથાવત્ રાખવામાં આવે છે.

પ્રાપ્ત થયેલ પરિણામનાં આધારે એવું તારવી શકાય કે ધો. 10 અને ધો. 11 માં અભ્યાસ કરતાં તરુણોના આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

### 4.7.3 ધો. 10 અને ધો. 11 ની તરુણીઓનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી

પ્રસ્તુત અધ્યયનમાં તરુણીઓનાં ધોરણને ધ્યાનમાં લઈને આવેગિક સમાયોજન ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી હતી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

Ho.53 ધો. 10 અને ધો. 11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતા જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં.

**4.60** માં જોતા દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.60**

ધો. 10 અને ધો. 11 ની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી **(N=320)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો.10 (તરુણીઓ) | 160 | 36.33 | 9.08 | 0.99 | 3.05 | 0.05 સાર્થક છે. |
| 2 | ધો.11 (તરુણીઓ) | 160 | 33.33 | 8.53 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.60** માં જોતા જણાય છે કે ધો. 10 અને ધો. 11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો અનુક્રમે 36.33 અને 33.33 છે. જેમની વચ્ચેનું 't' મૂલ્ય 3.05 છે. જે 0.05 કક્ષાએ સાર્થક છે. એટલે કે ધો. 10 અને ધો. 11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનની બાબતમાં તફાવત સાર્થક છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 318 હોય ત્યારે મળેલ 't' ની કિંમત 3.05 આવી છે જે 0.05 કક્ષાએ સાર્થક છે. તેથી શૂન્ય ઉત્કલ્પના નો અસ્વીકાર કરવામાં આવે છે.

### 4.7.4 ધો. 10 અને ધો. 12 નાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી

પ્રસ્તુત અધ્યયનમાં તરુણોનાં ધોરણને લક્ષ્યમાં લઈને આવેગિક સમાયોજનની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી હતી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

Ho.54 ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતા તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.61** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.61**

ધો. 10 અને 12નાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી. **(N=320)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો.10 (તરુણો) | 160 | 34.17 | 7.97 | 0.87 | 0.19 | N.S |
| 2 | ધો.12 (તરુણો) | 160 | 34.34 | 7.58 | | | |

ઉપરોકત કોષ્ટક નં. **10.1** માં જોતા જણાય છે કે ધો. 10 અને ધો. 12માં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનના 't' ની કિંમત 0.19 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 318 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho. 54 યથાવત્ રાખવામાં આવે છે.

### 4.7.5 ધો. 10 અને ધો. 12 ની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી

પ્રસ્તુત અધ્યયનમાં તરુણીઓનાં ધોરણને લક્ષ્યમાં લઈને આવેગિક સમાયોજનની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી હતી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

Ho.55 ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.62** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.62**

ધો. 10 અને 12ની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી.**(N=320)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો.10 તરુણીઓ | 160 | 36.33 | 9.08 | 1.01 | 0.68 | N.S |
| 2 | ધો.12 તરુણીઓ | 160 | 37.01 | 8.92 | | | |

ઉપરોકત કોષ્ટક નં. **4.62** માં જોતા જણાય છે કે ધો. 10 અને ધો. 12માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના 't' ની કિંમત 0.68 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 318 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho. 55 યથાવત્ રાખવામાં આવે છે. મળેલ 't' ની કિંમત 0.68 નાં આધારે એવું અર્થઘટન કરી શકાય કે ધો. 10 અને ધો. 12માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનની એક સરખી અસર જોવા મળે છે.

**4.7.6 ધો. 11 અને ધો. 12 નાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે 't' કસોટી.**

પ્રસ્તુત અભ્યાસમાં તરુણોનાં ધોરણને ધ્યાનમાં લઈને આવેગિક સમાયોજનની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho. 56 ધો. 11 અને 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.63** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.63**

ધો. 11 અને ધો. 12 નાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી. **(N=320)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો.11 તરુણો | 160 | 35.61 | 8.00 | 0.87 | 1.46 | N.S |
| 2 | ધો.12 તરુણો | 160 | 34.34 | 7.58 | | | |

ઉપરોકત કોષ્ટક નં. **4.63** માં જોતા જણાય છે કે ધો. 11 અને ધો. 12માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના 't' ની કિંમત 1.46 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 318 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 હોઈ, બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho. 56 યથાવત્ રાખવામાં આવે છે. પ્રાપ્ત થયેલ 't' ની કિંમત

1.46 નાં આધારે એવું અર્થઘટન કરી શકાય કે ધો. 11 અને ધો. 12માં અભ્યાસ કરતા તરુણોનાં આવેગિક સમાયોજનની બાબતમાં સાર્થક તફાવત નથી.

### 4.7.7 ધો. 11 અને ધો. 12 ની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી.

પ્રસ્તુત અધ્યયનમાં તરુણીઓનાં ધોરણને ધ્યાનમાં લઈને આવેગિક સમાયોજનની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho. 57 ધો. 11 અને 12માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.64** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.64**

ધો. 11 અને ધો. 12 ની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી. **(N=320)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો.11 તરુણીઓ | 160 | 33.33 | 8.53 | 0.98 | 3.78 | 0.05 * સાર્થક છે. |
| 2 | ધો.12 તરુણીઓ | 160 | 37.01 | 8.92 | | | |

ઉપરોકત કોષ્ટક નં. **4.64** માં જોતા જણાય છે કે ધો. 11 અને ધો. 12માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો અનુક્રમે 33.33 અને 37.01 છે. જેમની વચ્ચે 't' મૂલ્ય 3.78 છે. જે 0.05 કક્ષાએ સાર્થક છે. એટલે કે ધો. 11 અને ધો. 12માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજન સમાયોજનની બાબતમાં સાર્થક તફાવત છે. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho. 57 નો અસ્વીકાર કરવામાં આવે છે.

**4.7.8 ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં તરુણો અને તરુણીઓના આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી.**

પ્રસ્તુત અભ્યાસમાં તરુણો અને તરુણીઓનાં રહેઠાણ વિસ્તારનેધ્યાનમાં લઈને આવેગિક સમાયોજનની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho.58 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણો અને તરુણીઓના આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.65** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.65**

તરુણો અને તરુણીઓનાં રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચેની

't' કસોટી **(N=960)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | શહેરી વિસ્તાર | 480 | 35.81 | 8.42 | 0.54 | 2.49 | 0.05 સાર્થક છે. |
| 2 | ગ્રામ્ય વિસ્તાર | 480 | 34.45 | | | | |

ઉપયુકત કોષ્ટક નં. **4.65** માં જોતા જણાય છે કે ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણો અને તરુણીઓના આવેગિક સમાયોજનના 't' ની કિંમત 2.49 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 958 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક છે. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho. 58 નો અસ્વીકાર કરવામાં આવે છે.

**4.7.9 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10 માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી.**

પ્રસ્તુત અભ્યાસમાં ધોરણ 10નાં તરુણોના રહેઠાણ વિસ્તારને ધ્યાનમાં લઈને આવેગિક સમાયોજનની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં

નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho.59 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10 માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.66** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.66**

ધો. 10 ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી.

**(N=160)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો. 10 ગ્રામ્ય (તરુણો) | 80 | 37.92 | 7.52 | 1.26 | 1.19 | N.S |
| 2 | ધો. 10 શહેરી (તરુણો) | 80 | 33.42 | 8.38 | | | |

ઉપરોકત કોષ્ટક નં. **4.66** માં જોતા જણાય છે કે ધો. 10 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો અનુક્રમે 37.92 અને 33.42 છે. જેમની વચ્ચેનું 't' મૂલ્ય 1.96 છે. જે 0.05 કક્ષાએ સાર્થક નથી. સ્વાતંત્ર્યની માત્રા (df) = 158 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 છે. જયારે મળેલ 't' ની કિંમત તેના કરતાં ઓછી છે. તેથી તફાવત સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.59 યથાવત્ રાખવામાં આવે છે.

## 4.7.10 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10 માં અભ્યાસ કરતાં તરુણીઓનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં તરુણીઓનાં ધોરણ અને રહેઠાણ વિસ્તારને ધ્યાનમાં લઈને આવેગિક સમાયોજનની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho.60 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.67** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.67**

તરુણીઓના રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી. **(N=160)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો. 10 ગ્રામ્ય (તરુણીઓ) | 80 | 34.59 | 8.13 | 1.41 | 2.47 | 0.05 સાર્થક છે. |
| 2 | ધો. 10 શહેરી (તરુણીઓ) | 80 | 38.08 | 9.67 | | | |

ઉપરોકત કોષ્ટક નં. **10.7** માં જોતા જણાય છે કે ધો. 10 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો અનુક્રમે 34.59 અને 38.08 છે. જેમની વચ્ચેનું 't' મૂલ્ય 2.47 છે. જે 0.05 કક્ષાએ સાર્થક છે. એટલે કે ધો. 10 માં અભ્યાસ કરતી ગ્રામ્ય અને શહેરી વિસ્તારની તરુણીઓનાં આવેગિક સમાયોજનની બાબતમાં તફાવત સાર્થક છે. માટે શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. તેમ છતાં જે તફાવત જોવા મળે છે તે આકસ્મિક છે તેમ કહી શકાય.

## 4.7.11 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 11 માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં તરુણોનાં ધોરણ અને રહેઠાણ વિસ્તારને ધ્યાનમાં લઈને આવેગિક સમાયોજનની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho.61 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 11 માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.68** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.68**

ધો. 11 તરુણોનાં રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી. **(N=160)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો. 11 ગ્રામ્ય (તરુણો) | 80 | 35.65 | 8.26 | 1.27 | 0.07 | N.S |
| 2 | ધો. 11 શહેરી (તરુણો) | 80 | 35.56 | 7.78 | | | |

ઉપરોકત કોષ્ટક નં. 4.68 માં જોતા જણાય છે કે ધો. 11 માં અભ્યાસ કરતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં તરુણોનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકોનાં 't' કિંમત 0.07 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 158 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho. 61 નો સ્વીકાર કરવામાં આવે છે. આવેલ પરિણામ પરથી તારવી શકાય કે તરુણોનાં આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકો પર રહેઠાણ વિસ્તારની કોઈ જ સાર્થક અસર જોવા મળતી નથી.

### 4.7.12 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં તરુણીઓનાં ધોરણ અને રહેઠાણ વિસ્તારને ધ્યાનમાં લઈને આવેગિક સમાયોજનની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho.62 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.69** માં દર્શાવવામાં આવ્યું છે.

## કોષ્ટક નં. 4.69

ધો. 11 તરુણીઓનાં રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો. **(N=160)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો. 11 ગ્રામ્ય (તરુણીઓ) | 80 | 31.13 | 7.88 | 1.31 | 3.36 | 0.05 સાર્થક છે. |
| 2 | ધો. 11 શહેરી (તરુણીઓ) | 80 | 35.53 | 8.65 | | | |

ઉપરોકત કોષ્ટક નં. **4.69** માં જોતા જણાય છે કે ધો. 11 ગ્રામ્ય અને શહેરી વિસ્તારની તરુણીઓનાં આવેગિક સમાયોજન મધ્યકોનાં અનુક્રમે 31.73 અને 35.53 છે. જેમની વચ્ચેનું 't' મૂલ્ય 3.36 છે. સાર્થકતાની કક્ષા (df) = 158 હોય ત્યારે મૂળ 't' કિંમત 1.96 છે. તેથી 0.05 કક્ષાએ તફાવત સાર્થક છે. માટે શૂન્ય ઉત્કલ્પના Ho. 62 નો અસ્વીકાર કરવામાં આવે છે.

પ્રસ્તુત પરિણામ દ્વારા કયા વિસ્તારની તરુણીઓમાં આવેગિક કુસમાયોજનનું પ્રમાણ વધારે છે. તે જાણવા બંનેના મધ્યકો જોતાં શહેરી વિસ્તારની તરુણીઓનાં મધ્યકની કિંમત વધુ છે. તેથી કહી શકાય કે શહેરી વિસ્તારની ધો. 11 ની તરુણીઓ ગ્રામ્ય વિસ્તાર ધો. 11 તરુણીઓ કરતાં આવેગિક સમાયોજનની સમસ્યા વધુ અનુભવે છે.

### 4.7.13 ધો. 12 ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં તરુણોનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં તરુણોનાં ધોરણ અને રહેઠાણ વિસ્તારને ધ્યાનમાં લઈને આવેગિક સમાયોજનની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho.63 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.70** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.70**

ધો. 12 તરુણોનાં રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો **(N=160)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો. 12 ગ્રામ્ય (તરુણો) | 80 | 34.44 | 7.23 | 1.20 | 0.17 | N.S |
| 2 | ધો. 12શહેરી (તરુણો) | 80 | 34.24 | 7.97 | | | |

ઉપરોકત કોષ્ટક નં. **11.0** માં જોતા જણાય છે કે ધો. 12 ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં તરુણોનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકોનાં 't' કિંમત 0.17 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 158 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના યથાવત્ રાખવામાં આવે છે. મળેલ 't' ની કિંમત 0.17 નાં આધારે એવું તારણ મળે છે કે ધો. 12 માં અભ્યાસ કરતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારનાં તરુણોનાં આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

**4.7.14 ધો. 12 ગ્રામ્ય અને શહેરી વિસ્તારની તરુણીઓનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી.**

પ્રસ્તુત અભ્યાસમાં તરુણીઓનાં ધોરણ અને રહેઠાણ વિસ્તારને ધ્યાનમાં લઈને આવેગિક સમાયોજનની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho.64 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં.**4.71** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.71**

ધો. 12 ની તરુણીઓનાં રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો. **(N=160)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો. 12 ગ્રામ્ય (તરુણીઓ) | 80 | 36.00 | 7.47 | 1.41 | 1.44 | N.S |
| 2 | ધો. 12 શહેરી (તરુણીઓ) | 80 | 38.03 | 10.11 | | | |

ઉપરોકત કોષ્ટક નં. **4.71** માં જોતા જણાય છે કે ધો. 12 ગ્રામ્ય અને શહેરી વિસ્તારની તરુણીઓનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકોનું 't' મૂલ્ય 1.44 છે. સ્વાતંત્ર્યની (df) = 158 હોય ત્યારે મૂળ 't' કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho. 64 યથાવત્ રાખવામાં આવે છે. મળેલ 't' ની કિંમત 1.44 પરથી એવું તારણ તારવી શકાય કે ધો. 12 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે તફાવત નથી.

### 4.7.15 ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારનાં તરુણોનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં ધો. 10 અને 12નાં તરુણોનાં રહેઠાણ વિસ્તારને ધ્યાનમાં લઈને આવેગિક સમાયોજનની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho.65 ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.72** માં દર્શાવવામાં આવ્યું છે.

## કોષ્ટક નં. 4.72

ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારનાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો **(N=160)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો. 10 ગ્રામ્ય (તરુણો) | 80 | 34.92 | 7.52 | 1.17 | 0.42 | N.S |
| 2 | ધો. 10 શહેરી (તરુણો | 80 | 34.44 | 7.23 | | | |

ઉપરોકત કોષ્ટક નં. **11.2** માં જોતા જણાય છે કે ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારનાં તરુણોનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકોનાં 't' કિંમત 0.42 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 158 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના યથાવત્ રાખવામાં આવે છે. મળેલ 't' ની કિંમત 0.42નાં આધારે એવું તારણ મળે છે કે ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત નથી.

### 4.7.16 ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારની તરુણીઓનાં આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં ધો. 10 અને ધો. 12ની તરુણીઓનાં રહેઠાણ વિસ્તારને ધ્યાનમાં લઈને આવેગિક સમાયોજનની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho.66 ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.73** માં દર્શાવવામાં આવ્યું છે.

## કોષ્ટક નં. 4.73

ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો. **(N=160)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો.10 ગ્રામ્ય–તરુણીઓ | 80 | 34.59 | 8.13 | 1.23 | 1.14 | N.S |
| 2 | ધો. 12 ગ્રામ્ય–તરુણીઓ | 80 | 36.00 | 7.47 | | | |

ઉપરોક્ત કોષ્ટક નં. **4.73** માં જોતા જણાય છે કે ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકોનું 't' મૂલ્ય 1.14 છે. સ્વાતંત્ર્ય (df) = 158 હોય ત્યારે મૂળ 't' કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho. 66 યથાવત્ રાખવામાં આવે છે.

### 4.7.17 ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં ધો. 10 અને 12નાં તરુણોનાં રહેઠાણ વિસ્તારને ધ્યાનમાં લઈને આવેગિક સમાયોજનની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho.67 ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.74** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.74**

ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારનાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો **(N=160)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો.10 શહેરી–તરુણો | 80 | 33.42 | 8.38 | 1.29 | 0.63 | N.S |
| 2 | ધો.12 શહેરી–તરુણો | 80 | 34.24 | 7.97 | | | |

ઉપરોકત કોષ્ટક નં. **11.4** માં જોતા જણાય છે કે ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારનાં તરુણોનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકોનું 't' મૂલ્ય 0.63 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 158 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના યથાવત્ રાખવામાં આવે છે. મળેલ 't' ની કિંમતનાં આધારે એવું તારણ મળે છે કે ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત જોવા મળતો નથી.

**4.7.18 ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી.**

પ્રસ્તુત અભ્યાસમાં ધો. 10 અને ધો. 12ની તરુણીઓનાં રહેઠાણ વિસ્તારને ધ્યાનમાં લઈને આવેગિક સમાયોજનની ગણતરી 't' કસોટી દ્વારા કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho.68 ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.75** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.75**

ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તાર તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો. **(N=160)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ધો.10 શહેરી–તરુણીઓ | 80 | 38.08 | 9.67 | 1.56 | 0.03 | N.S |
| 2 | ધો.12 શહેરી–તરુણીઓ | 80 | 38.03 | 10.11 | | | |

ઉપરોકત કોષ્ટક નં. **4.75** માં જોતા જણાય છે કે ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં 't' કિંમત 0.03 છે. સ્વાતંત્ર્ય (df) = 158 હોય ત્યારે મૂળ 't' કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho. 68 યથાવત્ રાખવામાં આવે છે. આ પરિણામનાં આધારે એવું તારણ તારવી શકાય કે ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઇ સાર્થક તફાવત નથી.

**4.7.19 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી.**

પ્રસ્તુત અભ્યાસમાં તરુણોનાં માતા–પિતાનાં શિક્ષણનાં સંદર્ભમાં આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકો 't' કસોટી દ્વારા ગણતરી કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી.

Ho.69 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતા હોય તેવા તરુણોનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.76** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.76**

**શિક્ષિત તેમજ અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી.**

**(N=480)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | શિક્ષિત માતા–પિતાના તરુણો | 240 | 35.09 | 8.13 | 0.72 | 1.06 | N.S. |
| 2 | અશિક્ષિત માતા–પિતાના તરુણો | 240 | 34.33 | 7.58 | | | |

ઉપરોકત કોષ્ટક નં. **4.76** માં જોતા જણાય છે કે શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં 't' ની કિંમત 1.06 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 478 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho.69 નો સ્વીકાર કરવામાં આવે છે.

### 4.7.20 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેની 't' કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં તરુણીઓનાં માતા–પિતાનાં શિક્ષણનાં સંદર્ભમાં તરુણીઓનાં આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકો 't' કસોટી દ્વારા ગણતરી કરવામાં આવી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

Ho.70 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં આવેગિક સમાયોજનના મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.77** માં દર્શાવવામાં આવ્યું છે.

**કોષ્ટક નં. 4.77**

**શિક્ષિત તેમજ અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી. (N=480)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | શિક્ષિત માતા–પિતાની તરુણીઓ | 240 | 34.77 | 9.11 | 0.82 | 1.93 | N.S. |
| 2 | અશિક્ષિત માતા–પિતાની તરુણીઓ | 240 | 36.35 | 8.78 | | | |

ઉપરોકત કોષ્ટક નં. **4.77** માં જોતા જણાય છે કે શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં 't' ની કિંમત 1.93 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 478 હોય ત્યારે કોષ્ટકનાં 't' ની કિંમત 1.96 છે. ગણેલ 't' ની કિંમત તેના કરતાં ઓછી છે. તેથી 0.05 કક્ષાએ તફાવત સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના Ho. 70 નો સ્વીકાર કરવામાં આવે છે.

### 4.7.21 વિનયન અને વાણિજય પ્રવાહનાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં તરુણોનાં શિક્ષણ પ્રવાહના સંદર્ભમા આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી દ્વારા ગણતરી કરવામાં આવી હતી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

HO. 71 વિનયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણો આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં.**4.78**માં દર્શાવવામાં આવેલ છે.

**કોષ્ટક નં. 4.78**

**વિનયન અને વાણિજય પ્રવાહનાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી.**

**(N=240)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | S E D | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | વિનયન (તરુણો) | 120 | 35.77 | 8.81 | 1.04 | 0.69 | N.S. |
| 2 | વાણિજય (તરુણો) | 120 | 35.06 | 7.32 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.78** માં જોતા જણાય છે કે વિનયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોના આવેગિક સમાયોજનાં 't' ની કિંમત 0.69 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 248 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.71 નો સ્વીકાર કરવમાં આવે છે.

### 4.7.22 વિનયન અને વાણિજય પ્રવાહની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં તરુણીઓના શિક્ષણપ્રવાહનાં સંદર્ભમાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી દ્વારા ગણતરી કરવામાં આવી હતી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

HO. 72 વિનયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં.**4.79** માં દર્શાવવામાં આવેલ છે.

**કોષ્ટક નં. 4.79**

**વિનયન અને વાણિજય પ્રવાહની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી.**

**(N=303)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | S D | S E D | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | વિનયન (તરુણીઓ) | 236 | 34.78 | 9.19 | 1.41 | 1.12 | N.S. |
| 2 | વાણિજય (તરુણીઓ) | 67 | 36.36 | 8.33 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.79** માં જોતા જણાય છે કે વિનયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં 't' ની કિંમત 1.72 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 301 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના Ho. 72 યથાવત્ રાખવામાં આવે છે.

### 4.7.23 વિનયન અને વિજ્ઞાન પ્રવાહનાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં તરુણોના શિક્ષણપ્રવાહનાં સંદર્ભમાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી દ્વારા ગણતરી કરવામાં આવી હતી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

HO. 73 વિનયન અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.80** માં દર્શાવવામાં આવેલ છે.

### કોષ્ટક નં. 4.80

વિનયન અને વિજ્ઞાન પ્રવાહના તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી. **(N=190)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | વિનયન (તરુણો) | 120 | 35.77 | 8.81 | 1.01 | 2.31 | 0.05 સાર્થક છે. |
| 2 | વિજ્ઞાન (તરુણો) | 70 | 33.44 | 6.67 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.80** માં જોતા જણાય છે કે વિનયન અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં 't' ની કિંમત 1.91 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 188 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક છે. માટે શૂન્ય ઉત્કલ્પાના HO. 73 નો અસ્વીકાર કરવામાં આવે છે.

### 4.7.24 સરકારી અને બિનસરકારી સ્કૂલનાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં તરુણોનાં શાળાનાં પ્રકારનાં સંદર્ભમાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો 't' કસોટી દ્વારા ગણતરી કરવામાં આવી હતી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

HO. 74 સરકારી સ્કૂલ અને બિનસરકારી સ્કૂલમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચેસાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.81** માં દર્શાવવામાં આવેલ છે.

## કોષ્ટક નં. 4.81

**સરકારી અને બિનસરકારી સ્કૂલનાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી.**

**(N=480)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | સરકારી સ્કૂલ–તરુણો | 97 | 35.95 | 9.2 | 0.89 | 1.75 | N.S. |
| 2 | બિનસરકારી સ્કૂલ તરુણો | 383 | 34.39 | 7.47 | | | |

ઉપર્યુક્ત કોષ્ટક નં. **4.81** માં જોતાં જણાય છે કે સરકારી અને બિનસરકારી સ્કૂલમાં અભ્યાસ કરતાં તરુણોના આવેગિક સમાયોજનનાં 't' ની કિમંત 1.75 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 478 હોય ત્યારે મૂળ 't' ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના યથાવત્ રાખવામાં આવે છે.

### 4.7.25 સરકારી અને બિનસરકારી સ્કૂલની તરુણીઓનાં આવેગિક સમાયોજનમાં પ્રાપ્તાંકો વચ્ચે 't' કસોટી.

પ્રસ્તુત અભ્યાસમાં તરુણીઓનાં શાળાનાં પ્રકારનાં સંદર્ભમાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી દ્વારા ગણતરી કરવામાં આવી હતી. શૂન્ય ઉત્કલ્પનાની આ સંદર્ભમાં નીચે મુજબ રચના કરવામાં આવી હતી.

HO. 75 સરકારી સ્કૂલ અને બિનસરકારી સ્કૂલમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

આ શૂન્ય ઉત્કલ્પનાની ચકાસણી 't' કસોટી દ્વારા કરતાં જે પરિણામ પ્રાપ્ત થયું તે કોષ્ટક નં. **4.82** માં દર્શાવવામાં આવેલ છે.

**કોષ્ટક નં. 4.82**

**સરકારી અને બિનસરકારી સ્કૂલની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકોની 't' કસોટી.**

**(N=480)**

| ક્રમ | વિગત | સંખ્યા N | મધ્યક M | SD | SED | 't' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|---|---|
| 1 | સરકારી સ્કૂલો–તરુણીઓ | 66 | 37.24 | 9.32 | 1.19 | 1.65 | N.S. |
| 2 | બિનસરકારી સ્કૂલો તરુણીઓ | 414 | 35.29 | 8.9 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.82** માં જોતાં જણાય છે કે સરકારી અને બિનસરકારી સ્કૂલમાં અભ્યાસ કરતી તરુણીઓના આવેગિક સમાયોજનનાં 't' ની કિમંત 1.65 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 478 હોય ત્યારે કોષ્ટકનાં 't' ની કિંમત 1.96 છે. તેથી બંને વચ્ચેનો તફાવત 0.05 કક્ષાએ સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના HO. 75 નો સ્વીકાર કરવામાં આવે છે.

## 4.8 તરુણોનાં વ્યકિતગત પરિવર્ત્યો શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચેના સહસંબંધનું કાર્લ પિયર્સન 'r' કસોટી વડે પૃથક્કરણ અને અર્થઘટન

પ્રસ્તુત અધ્યયનમાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સમાયોજન વચ્ચેનો સંબંધ તપાસવાનાં હેતુથી કાર્લપિયર્સન સહસંબંધક 'r' પ્રયુકિતનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત સંશોધનમાં શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો પરથી સહસંબંધ શોધવામાં આવ્યો હતો.

### 4.8.1 તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચેનાં સંબંધનું કાર્લપિયર્સનની સહસંબંધાંક 'r' પ્રયુકત વડે પૃથકકરણ, અર્થઘટન અને પરિણામની ચર્ચા

પ્રસ્તુત સંશોધનમાં ધો. 10, 11 અને 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચેનો સહસંબંધ શોધવા કાર્લપિયર્સનની સહસંબંધાંક 'r' પ્રયુકિત યોજવામાં આવી જે સહસંબંધ જાણવા શૂન્ય ઉત્કલ્પના આ મુજબ રચવામાં આવી હતી.

Ho.76 વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી

ઉપર્યુકત ઉત્કલ્પનાની ચકાસણી 'r' પ્રયુકિત વડે કરવામાં આવેલ. પ્રાપ્ત થયેલ માહિતી કોષ્ટક નં. **4.83** રજુ કરવામાં આવેલ છે.

**કોષ્ટક નં. 4.83**

**તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચે કાર્લપિયર્સન 'r' સહસંબંધાંક**

**(N=480)**

| ક્રમ | વિગત | સંખ્યા N | df | 'r' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| 1 | **શૈક્ષણિક મનોભાર** | 480 | 478 | 0.28 | 0.05 |
| 2 | **સામાજિક સમાયોજન** | 480 | 478 | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.83** માં જોતા જણાય છે કે શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન કસોટીમાં તરુણોએ મેળવેલા પ્રાપ્તાંક પરથી એ કસોટીઓનાં પ્રમાણઆંક વચ્ચેનો સહસંબંધ દર્શાવે છે. અહીં સહસંબંધ મૂલ્ય 0.28 છે એ 0.05 કક્ષાએ સાર્થક છે. તેથી Ho. 76 નો અસ્વીકાર કરવામાં આવે છે. એટલે કે શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચે બહુ જ થોડો છતાં વિધાયક સહસંબંધ છે એટલે કે સાર્થક સહસંબધ છે.

## 4.8.2 તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચેનાં સંબંધનું કાર્લપિયર્સનની સહસંબંધાંક 'r' પ્રયુકિત વડે પૃથક્કરણ, અર્થઘટન અને પરિણામની ચર્ચા :

પ્રસ્તુત સંશોધનમાં ધો. 10, 11 અને 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચેનો સહસંબંધ શોધવા કાર્લપિયર્સનની સહસંબંધાંક **'r'** પ્રયુકિત યોજવામાં આવી. જે સહસંબંધ જાણવા શૂન્ય ઉત્કલ્પનાની આ મુજબ રચના કરવામાં આવી.

Ho.77 વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતાં તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.

ઉપર્યુકત ઉત્કલ્પનાની ચકાસણી 'r' પ્રયુકિત વડે કરવામાં આવેલ પ્રાપ્ત થયેલ માહિતી કોષ્ટક નં. **4.84** માં રજુ કરવામાં આવેલ છે.

**કોષ્ટક નં. 4.84**

**તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચે કાર્લપિયર્સન 'r' સહસંબંધાક**

**(N=480)**

| ક્રમ | વિગત | સંખ્યા N | df | 'r' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| 1 | શૈક્ષણિક મનોભાર | 480 | 478 | 0.28 | 0.05 |
| 2 | સામાજિક સમાયોજન | 480 | 478 | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.84** માં જોતા જણાય છે, કે પ્રાપ્ત થયેલ 'r' ની કિંમત 0.28 છે. એટલે કે તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચે બહુ જ થોડો ઘન સહસંબંધ જોવા છે.

પ્રાપ્ય 'r' ની કિંમત 0.28 છે. સ્વાતંત્ર્યની માત્રા df = 478 હોય ત્યારે 0.05 કક્ષાએ તફાવત સાર્થક છે. તેથી Ho.77 નો અસ્વીકાર કરવામાં આવે છે. એટલે કે તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચેનો સહસંબંધ સાર્થક છે. અને વિદ્યાયક સહસંબધ એટલે કે શૈક્ષણિક મનોભારમાં વધારો થતાં સામાજિક કુસમાયોજનમાં પણ વધારો થાય છે તેવું અર્થઘટન કરી શકાય.

### 4.8.3 તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજન વચ્ચેનાં સંબંધનું કાર્લપિયર્સનની સહસંબંધાંક 'r' પ્રયુકિત વડે પૃથકકરણ, અર્થઘટન અને પરિણામની ચર્ચા :

પ્રસ્તુત સંશોધનમાં ધો. 10, 11 અને 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજન વચ્ચેનો સહસંબંધ શોધવા કાર્લપિયર્સનની સહસંબંધાંક 'r'

પ્રયુકિત યોજવામાં આવી. જે સહસંબંધ જાણવા શૂન્ય ઉત્કલ્પનાની આ મુજબ રચના કરવામાં આવી.

Ho.78 શાળાઓમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજન વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.

ઉપર્યુકત ઉત્કલ્પનાની ચકાસણી 'r' પ્રયુકિત વડે કરવામાં આવેલ પ્રાપ્ત થયેલ માહિતી કોષ્ટક નં. **4.85**માં રજુ કરવામાં આવેલ છે.

**કોષ્ટક નં. 4.85**

**તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજન વચ્ચે કાર્લપિયર્સન 'r' સહસંબંધાક**

**(N=480)**

| ક્રમ | વિગત | સંખ્યા N | df | 'r' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| 1 | **શૈક્ષણિક મનોભાર** | **480** | **478** | **0.35** | **0.05** |
| 2 | **આવેગિક સમાયોજન** | **480** | **478** | | |

ઉપર્યુકત કોષ્ટક નં.**4.85** માં જોતા જણાય છે, કે પ્રાપ્ત થયેલ 'r' ની કિંમત 0.35 છે. એટલે કે તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજન વચ્ચે વિધાયક સહસંબંધ જોવા મળે છે.

દર્શાવેલ માહિતી મુજબ પ્રાપ્ય 'r' ની કિંમત 0.35 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 448 હોય ત્યારે 0.05 કક્ષાએ તફાવત સાર્થક છે. માટે Ho.78 નો અસ્વીકાર કરવામાં આવે છે. એટલે કે શૈક્ષણિક મનોભાર અને આવેગિક કુસમાયોજન વચ્ચે સાર્થક સહસંબંધ છે.

### 4.8.4 તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજન વચ્ચેનાં સંબંધનું કાર્લપિયર્સનની સહસંબંધાંક 'r' પ્રયુકિત વડે પૃથકકરણ, અર્થઘટન અને પરિણામની ચર્ચા :

પ્રસ્તુત સંશોધનમાં ધો. 10, 11 અને 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજન વચ્ચેનો સહસંબંધ શોધવા કાર્લપિયર્સનની સહસંબંધાંક 'r'

પ્રયુક્તિ યોજવામાં આવી. જે સહસંબંધ જાણવા શૂન્ય ઉત્કલ્પનાની આ મુજબ રચના કરવામાં આવી હતી.

Ho.79 શાળાઓમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજન વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.

ઉપર્યુકત ઉત્કલ્પનાની ચકાસણી 'r' પ્રયુક્તિ વડે કરવામાં આવેલ. પ્રાપ્ત થયેલ માહિતી કોષ્ટક નં. **4.86** માં રજુ કરવામાં આવેલ છે.

**કોષ્ટક નં. 4.86**

**તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજન વચ્ચે કાર્લ પિયર્સન 'r' સહસંબંધાક**

**(N=480)**

| ક્રમ | વિગત | સંખ્યા N | df | 'r' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| 1 | શૈક્ષણિક મનોભાર | 480 | 478 | 0.40 | 0.05 |
| 2 | આવેગિક સમાયોજન | 480 | 478 | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.86** માં જોતા જણાય છે, કે પ્રાપ્ત થયેલ 'r' ની કિંમત 0.40 છે. એટલે કે શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચે સાધારણ સહસંબંધ જોવા મળે છે.

પ્રાપ્ય 'r' ની કિંમત 0.40 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 478 હોય ત્યારે 0.05 કક્ષાએ તફાવત સાર્થક છે. તેથી Ho.79 નો અસ્વીકાર કરવામાં આવે છે. એટલે કે શૈક્ષણિક મનોભાર અને આવેગિક કુસમાયોજનમાં વચ્ચે સાર્થક સહસંબંધ છે. પ્રસ્તુત પરિણામ સુચવે છે કે શૈક્ષણિક મનોભારમાં વધારો થતાં આવેગિક કુસમાયોજનનું પ્રમાણ વધે છે.

### 4.8.5 તરુણોના સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચેનાં સંબંધનું કાર્લપિયર્સનની સંબંધાંક 'r' પ્રયુકિત વડે પૃથ્થકરણ, અર્થઘટન અને પરિણામની ચર્ચા.

પ્રસ્તુત સંશોધનમાં ધો. 10, 11 અને 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજન

અને આવેગિક સમાયોજન વચ્ચેનો સહસંબંધ શોધવા કાર્લપિયર્સનની સહસંબંધાક 'r' પ્રયુકિત યોજવામાં આવી. જે સહસંબંધ જાણવા શૂન્ય ઉત્કલ્પનાની આ મુજબ રચના કરવામાં આવી.

Ho. 80 તરુણોનાં સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.

ઉપર્યુકત ઉત્કલ્પનાની 'r' પ્રયુકિત વડે આવેલ. પ્રાપ્ત થયેલ માહિતી કોષ્ટક નં. **4.87** રજુ કરવામાં આવેલ છે.

**કોષ્ટક નં. 4.87**

તરુણોનાં સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચે કાર્લપિર્યન 'r' સહસંબંધાક.

**(N=480)**

| ક્રમ | વિગત | સંખ્યા N | df | 'r' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| 1 | સામાજિક સમાયોજન | 480 | 478 | 0.58 | 0.05 |
| 2 | આવેગિક સમાયોજન | 480 | 478 | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.87** જોતા જણાય છે કે પ્રાપ્ત થયેલ 'r' ની કિંમત 0.58 એટલે કે તરુણોનાં સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચે સાધારણ સહસંબંધ જોવા મળે છે.

પ્રાપ્ય 'r' ની કિંમત 0.58 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 478 હોય ત્યારે 00.5 કક્ષાએ તફાવત સાર્થક છે. તેથી Ho. 80 નો અસ્વીકાર કરવામાં આવે છે. એટલે કે તરુણોનાં સમાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચે સાર્થક સહસંબંધ છે. પ્રસ્તુત પરિણામ સૂચવે છે કે સામાજિક કુસમાયોજનના વધારા સાથે આવેગિક કુસમાયોજનનું પ્રમાણ વધે છે.

### 4.8.6 તરુણીઓનાં સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચેનાં સંબંધનું કાર્લપિયર્સનની સંબંધાંક 'r' પ્રયુકિત વડે પૃથ્થકરણ, અર્થઘટન અને પરિણામની ચર્ચા.

પ્રસ્તુત સંશોધનમાં ધો. 10,11 અને 12માં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજન

અને આવેગિક સમાયોજન વચ્ચેનો સહસંબંધ શોધવા કાર્લપિયર્સનની સહસંબંધાક 'r' પ્રયુકિત યોજવામાં આવી જે સહસંબંધ જાણવા શૂન્ય ઉકલ્પનાની આ મુજબ રચના કરાવીમાં આવી.

Ho. 81 તરુણીઓનાં સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક સહસંબંધ નથી.

ઉપર્યુકત ઉત્કલ્પનાની ચકાસણી 'r' પ્રયુકિત વડે આવેલ. પ્રાપ્ત થયેલ માહિતી કોષ્ટક નં. **4.88** રજુ કરવામાં આવેલ છે.

**કોષ્ટક નં. 4.88**

**તરુણીઓનાં સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચે કાર્લપિર્યન 'r' સહસંબંધાક.**

**(N=480)**

| ક્રમ | વિગત | સંખ્યા N | df | 'r' ની કિંમત | સાર્થકતાની કક્ષા |
|---|---|---|---|---|---|
| 1 | સામાજિક સમાયોજન | 480 | 478 | 0.63 | 0.05 |
| 2 | આવેગિક સમાયોજન | 480 | 478 | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.88** જોતા જણાય છે, કે પ્રાપ્ત થયેલ 'r' ની કિંમત 0.63 એટલે કે તરુણીઓનાં સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચે સાધારણ સહસંબંધ જોવા મળે છે.

અત્રે પ્રાપ્ય 'r' ની કિંમત 0.63 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 478 હોય ત્યારે 0.05 કક્ષાએ તફાવત સાર્થક છે. તેથી Ho. 81 નો અસ્વીકાર કરવામાં આવે છે. એટલે કે તરુણીઓનાં સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચે સાર્થક સહસંબંધ છે. પ્રસ્તુત પરિણામ સૂચવે છે કે સામાજિક કુસમાયોજનના વધારા સાથે આવેગિક કુસમાયોજનનું પ્રમાણ વધે છે.

પ્રસ્તુત અધ્યનનમાં શૂન્ય અટકળોની રચના કરી દરેક જૂથનાં તરુણોનાં પ્રાપ્તાંકોનું 'F' કસોટી દ્વારા પૃથકરણ કરવામાં આવ્યું છે. અને તેની સાર્થકતાની કક્ષા 0.05 નકકી કરી તેની ચકાસણી

કરવામાં આવી છે. મળેલ પ્રાપ્તાંકોને જૂથમાં વહેંચણી કરી તેમની પારસ્પરિક અસરની સાર્થકતા તપાસવામાં આવી છે. અને તે માટે એક માર્ગીય વિચરણ પૃથકકરણનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

## 4.9 તરુણોનાં વ્યકિતગત પરિવર્ત્યા અને શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન વચ્ચેનાં સંબંધનું વિચરણ પૃથકકરણ F દ્વારા પૃથકકરણ, અર્થઘટન અને પરિણામ ચર્ચા

### 4.9.1 તરુણોનાં ધોરણ અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ (ANOVA)

Ho. 82 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.89**

તરુણોનાં ધોરણ અને શૈક્ષણિક મનોભારનાં કુલ પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ

**(N=480)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 682.62 | 2 | 341.31 | 2.70 | N.S. |
| WSS | 60241.28 | 477 | 126.29 | | |
| Total(Tss) | 60923.9 | 479 | - | | |

તરુણોનાં ધોરણ પ્રમાણે ત્રણ વિભાગ પાડવામાં આવ્યાં હતાં. (1) ધો. 10 (2) ધો. 11 અને (3) ધો. 12

કોષ્ટક **4.89** પરથી જોઈ શકાય છે કે તરુણોનાં ધોરણનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 2.70 છે સ્વાતંત્ર્યની માત્રા 2 અને 477 હોય ત્યારે 0.05 કક્ષાએ F ની કિંમત 3.01 છે.(17) તેથી 0.05 કક્ષાએ તફાવત સાર્થક નથી. 'F' ની સાર્થકતાની ચકાસણી માટે નીચેના પુસ્તકનો ઉપયોગ કરેલ છે.

(17) Garrett H.E. Statistics in Psychology and Education 6th Indian Edition (1971) Page No. 466

### 4.9.2 તરુણીઓનાં ધોરણ અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.83 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.90**

**તરુણીઓનાં ધોરણ અને શૈક્ષણિક મનોભારનાં કુલ પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ**

**(N=480)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 3364.62 | 2 | 1684.81 | 13.07 | 0.05 સાર્થક છે |
| WSS | 61524.98 | 477 | 128.98 | | |
| Total (Tss) | 64894.59 | 479 | | | |

તરુણીઓનાં ધોરણ પ્રમાણે ત્રણ વિભાગ પાડવામાં આવ્યા હતાં. (1) ધો. 10 (2) ધો. 11 (3) ધો. 12

કોષ્ટક **4.90** પરથી જોઈ શકાય છે કે ધોરણનાં સંદર્ભમાં કરેલ શૈક્ષણિક મનોભારની ગણતરીના પરિણામે પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 13.07 છે. સ્વાતંત્ર્યની માત્રા (df) = 2 અને 477 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.01 છે. અહીં પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત વધુ છે તેથી 0.05 કક્ષાએ તફાવત સાર્થક છે. તેથી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે અને તારણ તારવવામાં આવે છે કે ધો. 10 અને ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં ધોરણની અસર તેનાં શૈક્ષણિક મનોભાર પર પડે છે. પ્રસ્તુત પરિણામમાં ધો.11ની તરુણીઓકરતાં ધો. 10 અને ધો. 12ની તરુણીઓમાં શૈક્ષણિક મનોભારનું પ્રમાણ વધુ જોવા મળે છે.

### 4.9.3 તરુણોનાં ધોરણ રહેઠાણ વિસ્તાર અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.84 ધો. 10, 11 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમાં માં અભ્યાસ કરતા તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.91**

તરુણોનાં ધોરણ રહેઠાણ વિસ્તાર અને શૈક્ષણિક મનોભારનાં કુલ પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ **(N=240)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 118.23 | 2 | 59.11 | 0.45 | N.S. |
| WSS | 31134.43 | 237 | 131.39 | | |
| Total (Tss) | 31252.66 | 239 | | | |

તરુણોનાં રહેઠાણ વિસ્તાર અને ધોરણ પ્રમાણે ત્રણ વિભાગ પાડવામાં આવ્યા હતાં. ગ્રામ્ય વિસ્તારનાં (1) ધો. 10 (2) ધો. 11 (3) ધો. 12 નાં તરુણોની 'F' કસોટી કરવામાં આવી હતી.

કોષ્ટક **4.91** પરથી જોઈ શકાય છે કે ગ્રામ્ય વિસ્તાર અને ધોરણનાં સંદર્ભમાં કરેલ 'F' ગણતરી મુજબ પ્રાપ્ય થયેલ 'F' કિંમત 0.45 છે. સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ કોષ્ટક 'F' ની કિંમત 3.03 ગણેલ 'F' ની કિંમત તેથી ઓછી છે. તેથી 0.05 કક્ષાએ તફાવત સાર્થક નથી માટે શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. આવેલ પરિણામનાં આધારે એવું તારવી શકાય કે ગ્રામ્ય વિસ્તારમાં રહેતા ધો. 10, ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારની એક સરખી અસર જોવા મળે છે.

## 4.9.4 તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણઃ–

Ho.85 ધો. 10, 11 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમાં માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

## કોષ્ટક નં. 4.92

**તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને શૈક્ષણિક મનોભાર પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ (N=240)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 1597.56 | 2 | 798.78 | 7.2 | 0.05 સાર્થક છે |
| WSS | 26288.43 | 237 | 110.92 | | |
| Total (Tss) | 27885.98 | 239 | | | |

તરુણીઓનાં રહેઠાણ વિસ્તાર અને ધોરણ પ્રમાણે ત્રણ વિભાગ પાડવામાં આવ્યા હતાં.
(1) ધો. 10 ગ્રામ્ય (2) ધો. 11 ગ્રામ્ય (3) ધો. 12 ગ્રામ્ય વિસ્તાર

કોષ્ટક **4.92** પરથી જોઈ શકાય છે કે રહેઠાણ વિસ્તાર અને ધોરણનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' કિંમત 7.20 છે. સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 અહીં પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત તેનાથી વધુ છે. તેથી 0.05 કક્ષાએ 'F' ની કિંમત સાર્થક છે. માટે શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે. પરિણામ જોતા જણાય છે, કે ધો. 10 ધો. 11 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે.

### 4.9.5 તરુણોનાં ધોરણ રહેઠાણ વિસ્તાર અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.86 ધો. 10, 11 અને ધો. 12 શહેરી વિસ્તારમાં માં અભ્યાસ કરતા તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.93**

તરુણોનાં ધોરણ રહેઠાણ વિસ્તાર અને શૈક્ષણિક મનોભાર પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ (N=240)

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 1089.81 | 2 | 544.9 | 4.64 | 0.05 સાર્થક છે |
| WSS | 27858.69 | 237 | 117.55 | | |
| Total (Tss) | 28948.50 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.93** માં જોતા જણાય છે કે તરુણોનાં રહેઠાણ વિસ્તાર અને ધોરણ નાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 4.64 છે. સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. અહીં પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત તેનાથી વધુ છે. તેથી તફાવત સાર્થક છે. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.86 નો અસ્વીકાર કરવામાં આવે છે.

ઉપરોકત પરિણામ જોતા જણાય છે, કે ધો. 10 ધો. 11 અને ધો. 12 શહેરી વિસ્તારના તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે.

### 4.9.6 તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.87 ધો. 10, 11 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.94**

તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને શૈક્ષણિક મનોભાર પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ (N=240)

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 2241.33 | 2 | 1120.66 | 8.43 | 0.05 સાર્થક છે |
| WSS | 31512.08 | 237 | 132.96 | | |
| Total (Tss) | 33753.41 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.94** માં જોતા જણાય છે કે તરુણીઓનાં રહેઠાણ વિસ્તાર અને ધોરણનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 8.43 છે. સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ મૂળ 'F' ની કિંમત 3.03 છે. અહીં પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત તેનાથી વધુ છે. તેથી 0.05 કક્ષાએ તફાવત સાર્થક છે. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.87 નો અસ્વીકાર કરવામાં આવે છે.

આવેલ પરિણામ જોતા જણાય છે, કે ધો. 10 ધો. 11 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે તફાવત સાર્થક છે.

### 4.9.7 તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.88 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતા શિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.95**

**તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને શૈક્ષણિક મનોભાર પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ (N=240)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 255.43 | 2 | 127.72 | 0.98 | N.S. |
| WSS | 30957.56 | 237 | 130.62 | | |
| Total (Tss) | 31212.99 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.95** માં જોતા જણાય છે કે તરુણોનાં ધોરણ અને માતા–પિતાનાં શિક્ષણનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 0.98 છે. સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ મૂળ 'F' ની કિંમત 3.03 છે. તેથી તફાવત સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.88 નો સ્વીકાર કરવામાં આવે છે.

આવેલ પરિણામ પરથી તારવી શકાય કે શિક્ષિત માતા–પિતા હોય તેવા ધો. 10 ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતા તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી.

### 4.9.8 તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.89 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતા શિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.96**

તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને શૈક્ષણિક મનોભાર પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ **(N=240)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 1870.36 | 2 | 935.18 | 7.10 | 0.05 સાર્થક છે |
| WSS | 31205.63 | 237 | 131.67 | | |
| Total (Tss) | 33075.99 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.96** માં જોતા જણાય છે કે તરુણીઓનાં ધોરણ અને માતા–પિતાનાં શિક્ષણનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 7.10 છે. સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. તેથી તફાવત સાર્થક છે. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.89 નો અસ્વીકાર કરવામાં આવે છે.

આવેલ પરિણામનાં આધારે તારવી શકાય કે શિક્ષિત માતા–પિતા હોય તેવા ધો. 10 ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે.

### 4.9.9 તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.90 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતા અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.97**

તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને શૈક્ષણિક મનોભાર પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ **(N=240)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 447.63 | 2 | 223.82 | 1.82 | N.S. |
| WSS | 29134.10 | 237 | 122.93 | | |
| Total (Tss) | 29581.73 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.97** માં જોતા જણાય છે કે તરુણોનાં ધોરણ અને માતા–પિતાનાં શિક્ષણનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 1.82 છે. સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. તેથી તફાવત સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.90 યથાવત્ રાખવામાં આવે છે.

### 4.9.10 તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને શૈક્ષણિક મનોભાર વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.91 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતી અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.98**

તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને શૈક્ષણિક મનોભાર પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ **(N=240)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 2146.41 | 2 | 1073.20 | 8.6 | 0.05 સાર્થક છે |
| WSS | 29670.33 | 237 | 125.19 | | |
| Total (Tss) | 31816.74 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.98** માં જોતા જણાય છે કે તરુણીઓનાં ધોરણ અને માતા–પિતાનાં શિક્ષણનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 8.6 છે. સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.91 નો અસ્વીકાર કરવામાં આવે છે.

આવેલ પરિણામનાં આધારે એવું તારવી શકાય કે ધો. 10 ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતી અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે તફાવત સાર્થક છે.

## 4.9.11 તરુણોનાં ધોરણ અને સામાજિક સમાયોજન વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ

Ho.92 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતા તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.99**

તરુણોનાં ધોરણ અને સામાજિક સમાયોજન નાં પ્રાપ્તાંકોનું કસોટી 'F' દ્વારા પૃથકકરણનું પરિણામ **(N=480)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 155.43 | 2 | 77.72 | 1.48 | N.S. |
| WSS | 25120.04 | 477 | 52.66 | | |
| Total (Tss) | 25275.47 | 479 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.99** માં જોતા જણાય છે કે તરુણોનાં ધોરણ અને સામાજિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 1.48 છે. સ્વાતંત્ર્યની માત્રા 2 અને 477 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.01 છે. તેથી 0.05 કક્ષાએ સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.92 નો સ્વીકાર કરવામાં આવે છે.

## 4.9.12 તરુણીઓનાં ધોરણ અને સામાજિક સમાયોજન વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ

Ho.93 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતા તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.100**

તરુણીઓનાં ધોરણ અને સામાજિક સમાયોજનનાં કુલ પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ **(N=480)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 584.58 | 2 | 292.29 | 4.90 | 0.05 સાર્થક છે |
| WSS | 28428.89 | 477 | 59.60 | | |
| Total (Tss) | 29013.47 | 479 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.100** માં જોતા જણાય છે કે તરુણીઓનાં ધોરણ અને સામાજિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 4.90 છે. સ્વાતંત્ર્યની માત્રા 2 અને 477 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.01 છે. જે દર્શાવેલ કિંમત કરતાં આવેલ કિંમત ઊંચી છે. તેથી 0.05 કક્ષાએ તફાવત સાર્થક છે. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.93 નો અસ્વીકાર કરવામાં આવે છે.

## 4.9.13 તરુણોનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને સામાજિક સમાયોજન વચ્ચેનું સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.94 ધો. 10, 11 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતા તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

## કોષ્ટક નં. 4.101

તરુણોનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને સામાજિક સમાયોજન નાં કુલ પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ (N=240)

| વિચરણનુ ઉદ્‌ભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 284.40 | 2 | 142.20 | 2.91 | N.S. |
| WSS | 11584.00 | 237 | 48.88 | | |
| Total (Tss) | 11868.40 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.101** માં જોતા જણાય છે કે તરુણોનાં  રહેઠાણ વિસ્તાર, ધોરણ અને સામાજિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 2.91 છે. સ્વાતંત્ર્યની માત્રા  2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. તેથી તફાવત સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.94 નો સ્વીકાર કરવામાં આવે છે.

### 4.9.14 તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને સામાજિક સમાયોજન વચ્ચેનું સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.95 ધો. 10, 11 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

## કોષ્ટક નં. 4.102

તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને સામાજિક સમાયોજનનાં કુલ પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ (N=240)

| વિચરણનુ ઉદ્‌ભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 1071.76 | 2 | 535.88 | 10.23 | 0.05 સાર્થક છે |
| WSS | 12418.04 | 237 | 52.40 | | |
| Total (Tss) | 13489.80 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.102** માં જોતા જણાય છે કે તરુણીઓનાં રહેઠાણ વિસ્તાર, ધોરણ અને સામાજિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 10.23 છે. સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. જે પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત તેથી વધુ છે. તેથી તફાવત સાર્થક છે. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.95 નો અસ્વીકાર કરવામાં આવે છે.

### 4.9.15 તરુણોનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને સામાજિક સમાયોજન વચ્ચેનું સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.96 ધો. 10, 11 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતા તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.103**

તરુણોનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને સામાજિક સમાયોજનનાં કુલ પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ **(N=240)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 155.16 | 2 | 77.58 | 1.4 | N.S. |
| WSS | 12918.58 | 237 | 54.51 | | |
| Total (Tss) | 13073.74 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.103** માં જોતા જણાય છે કે તરુણોનાં રહેઠાણ વિસ્તાર, ધોરણ અને સામાજિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 1.4 છે. સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. તેથી તફાવત સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.96 યથાવત્ રાખવામાં આવે છે.

### 4.9.16 તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને સામાજિક સમાયોજન વચ્ચેનું સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.97 ધો. 10, 11 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.104**

તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને સામાજિક સમાયોજન નાં કુલ પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ **(N=240)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 135.53 | 2 | 67.76 | 1.1 | N.S. |
| WSS | 15024.14 | 237 | 63.39 | | |
| Total (Tss) | 15159.67 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.104** માં જોતા જણાય છે કે તરુણીઓનાં રહેઠાણ વિસ્તાર, ધોરણ અને સામાજિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 1.07 છે. સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. માટે તફાવત સાર્થક નથી.માટે શૂન્ય ઉત્કલ્પના Ho.97 યથાવત્ રાખવામાં આવે છે.

### 4.9.17 તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.98 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતાં શિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.105**

તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ **(N=240)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 129.23 | 2 | 64.61 | 1.3 | N.S. |
| WSS | 16630.44 | 237 | 44.07 | | |
| Total (Tss) | 16759.67 | 239 | | | |

ઉપર્યુક્ત કોષ્ટક નં. **4.105** માં જોતા જણાય છે કે તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને સામાજિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 1.3 છે. સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. માટે તફાવત સાર્થક નથી.તેથી શૂન્ય ઉત્કલ્પના Ho.98 નો સ્વીકાર કરવામાં આવે છે.

### 4.9.18 તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.99 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતી શિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.106**

તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ **(N=240)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 375.66 | 2 | 187.83 | 3.0 | N.S. |
| WSS | 14793.53 | 237 | 62.42 | | |
| Total (Tss) | 15169.19 | 239 | | | |

ઉપર્યુક્ત કોષ્ટક નં. **4.106** માં જોતા જણાય છે કે તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને સામાજિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 3.01 છે. સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. માટે તફાવત સાર્થક નથી.તેથી શૂન્ય ઉત્કલ્પના Ho.99 યથાવત્ રાખવામાં આવે છે.

### 4.9.19 તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.100 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતા અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.107**

તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ (N=240)

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 86.36 | 2 | 43.18 | 0.76 | N.S. |
| WSS | 13409.44 | 237 | 56.58 | | |
| Total (Tss) | 13495.80 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.107** માં જોતા જણાય છે કે તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને સામાજિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 0.76 છે. સ્વાતં0ય0ર્યેની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. તેથી તફાવત સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.100 નો સ્વીકાર કરવામાં આવે છે.

**4.9.20 તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–**

Ho.101 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતી અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.108**

તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ (N=240)

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 451.51 | 2 | 225.75 | 4.08 | 0.05 સાર્થક છે |
| WSS | 13104.48 | 237 | 55.29 | | |
| Total (Tss) | 13555.99 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.108** માં જોતા જણાય છે કે તરુણીઓનાં ધોરણ, માતાપિતાનું શિક્ષણ અને સામાજિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 4.08 છે. સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. તેથી તફાવત સાર્થક નથી માટે શૂન્ય ઉત્કલ્પના Ho.101નો અસ્વીકાર કરવામાં આવેછે.

**4.9.21 તરુણોનાં ધોરણ અને આવેગિક સમાયોજનના પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–**

Ho.102 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતા તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.109**

તરુણોનાં ધોરણ અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ **(N=480)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 196.51 | 2 | 96.26 | 1.59 | N.S. |
| WSS | 29417.07 | 477 | 61.67 | | |
| Total (Tss) | 29613.58 | 479 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.109** માં જોતા જણાય છે કે તરુણોનાં ધોરણ અને આવેગિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 1.59 છે. સ્વાતંત્ર્યની માત્રા 2 અને 477 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.01 છે. તેથી તફાવત સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.102 યથાવત્ રાખવામાં આવે છે.

**4.9.22 તરુણીઓનાં ધોરણ અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–**

Ho.103 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.110**

**તરુણીઓનાં ધોરણ અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ**

**(N=240)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 1231.96 | 2 | 615.98 | 7.9 | 0.05 સાર્થક છે |
| WSS | 37330.52 | 477 | 78.26 | | |
| Total (Tss) | 38562.48 | 479 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.110** માં જોતા જણાય છે કે તરુણીઓનાં ધોરણ અને આવેગિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 7.9 છે સ્વાતંત્ર્યની માત્રા 2 અને 477 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.01 છે. અહી ગણેલ 'F ની કિંમત કોષ્ટકના 'F' ની કિંમત કરતા વધુ છે. તેથી તફાવત સાર્થક છે. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.103 નો અસ્વીકાર કરવામાં આવે છે.

### 4.9.23 તરુણોનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.104 ધો. 10, 11 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતા તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.111**

**તરુણોનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ (N=240)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 59.56 | 2 | 29.78 | 0.51 | N.S. |
| WSS | 13983.44 | 237 | 59.00 | | |
| Total (Tss) | 14043.00 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.111** માં જોતા જણાય છે કે તરુણોનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 0.51 છે સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. તેથી તફાવત સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.104 યથાવત્ રાખવામાં આવે છે.

### 4.9.24 તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.105 ધો. 10, 11 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.112**

તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ **(N=240)**

| વિચરણનુ ઉદ્‌ભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 1006.66 | 2 | 503.33 | 8.2 | N.S. |
| WSS | 14526.14 | 237 | 61.29 | | |
| Total (Tss) | 15532.80 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.112** માં જોતા જણાય છે કે તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 8.2 છે સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. તેથી તફાવત સાર્થક છે. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.105 નો અસ્વીકાર કરવામાં આવે છે.

### 4.9.25 તરુણોનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.106 ધો. 10, 11 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

## કોષ્ટક નં. 4.113

તરુણોનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર  અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ (N=240)

| વિચરણનુ ઉદ્‌ભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 186.26 | 2 | 93.13 | 1.44 | N.S. |
| WSS | 15341.73 | 237 | 64.73 | | |
| Total (Tss) | 15527.99 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.113** માં જોતા જણાય છે કે તરુણોનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર  અને આવેગિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 1.44 છે સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે.  તેથી તફાવત સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.106 નો સ્વીકાર કરવામાં આવે છે.

### 4.9.26 તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.107 ધો. 10, 11 અને ધો. 12 શહેરી વિસ્તારમાં  અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

## કોષ્ટક નં. 4.114

તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર  અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ (N=240)

| વિચરણનુ ઉદ્‌ભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 340.13 | 2 | 170.07 | 1.89 | N.S. |
| WSS | 21379.45 | 237 | 90.21 | | |
| Total (Tss) | 21719.58 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.114** માં જોતા જણાય છે કે તરુણીઓનાં ધોરણ, રહેઠાણ વિસ્તાર અને આવેગિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 1.89 છે સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. તેથી 0.05 કક્ષાએ તફાવત સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.107 નો સ્વીકાર કરવામાં આવે છે.

**4.9.27 તરુણોનાં ધોરણ માતા–પિતાનું શિક્ષણ અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–**

Ho.108 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતાં શિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.115**

તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ **(N=240)**

| વિચરણનુ ઉદ્ભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 170.73 | 2 | 85.36 | 1.29 | N.S. |
| WSS | 15638.44 | 237 | 65.99 | | |
| Total (Tss) | 15809.17 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.115** માં જોતા જણાય છે કે તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને આવેગિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 1.29 છે સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. તેથી તફાવત સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.108 યથાવત્ રાખવામાં આવે છે.

**4.9.28 તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–**

Ho.109 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતી શિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

### કોષ્ટક નં. 4.116

તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ **(N=240)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 473.41 | 2 | 236.70 | 2.90 | N.S. |
| WSS | 19377.53 | 237 | 81.76 | | |
| Total (Tss) | 19850.94 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.116** માં જોતા જણાય છે કે તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને આવેગિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F'ની કિંમત 2.90 છે સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. તેથી તફાવત સાર્થક નથી. માટે શૂન્ય ઉત્કલ્પના Ho.109 નો સ્વીકાર કરવામાં આવે છે.

### 4.9.29 તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.110 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતાં અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

### કોષ્ટક નં. 4.117

તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ **(N=240)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 252.08 | 2 | 126.04 | 2.22 | N.S. |
| WSS | 13482.58 | 237 | 56.89 | | |
| Total (Tss) | 13734.66 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.117** માં જોતા જણાય છે કે તરુણોનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને આવેગિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 2.22 છે સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. માટે તફાવત સાર્થક નથી. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho.110 યથાવત્ રાખવામાં આવે છે.

### 4.9.30 તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચેનાં સંબંધનું 'F' કસોટી દ્વારા પૃથકકરણ :–

Ho.111 ધો. 10, 11 અને ધો. 12 માં અભ્યાસ કરતાં અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સંલગ્નતા જોવા મળતી નથી.

**કોષ્ટક નં. 4.118**

તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને આવેગિક સમાયોજન પ્રાપ્તાંકો માટે વિચરણ પૃથકકરણનું પરિણામ **(N=240)**

| વિચરણનુ ઉદ્દભવ સ્થાન | વિચરણ વર્ગોના સરવાળા (SS) | સ્વાતંત્ર્યની કક્ષાઓ (df) | વિચરણ ms | 'F' મૂલ્ય (F) value | સાર્થકતાની કક્ષા (level of signi.) |
|---|---|---|---|---|---|
| BSS | 938.66 | 2 | 469.33 | 6.37 | 0.05 સાર્થક છે |
| WSS | 17473.64 | 237 | 73.73 | | |
| Total (Tss) | 18412.30 | 239 | | | |

ઉપર્યુકત કોષ્ટક નં. **4.118** માં જોતા જણાય છે કે તરુણીઓનાં ધોરણ, માતા–પિતાનું શિક્ષણ અને આવેગિક સમાયોજનનાં સંદર્ભમાં કરેલ ગણતરી મુજબ પ્રાપ્ત થયેલ 'F' ની કિંમત 6.37 છે સ્વાતંત્ર્યની માત્રા 2 અને 237 હોય ત્યારે 0.05 કક્ષાએ 'F' ની કિંમત 3.03 છે. માટે તફાવત સાર્થક છે. તેથી શૂન્ય ઉત્કલ્પના Ho.111 નો અસ્વીકાર કરવામાં આવે છે.

ઉપર્યુકત પરિણામ પરથી એવું તારણ તારવી શકાય કે ધો. 10, 10, અને 12 માં અભ્યાસ કરતી અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં આવેગિક સમાયોજનમાં સાર્થક તફાવત છે.

## 4.10 't' કસોટી, સહસંબંધ (r) અને 'F' કસોટીની સાર્થક / અસાર્થક જૂથની માહિતી દર્શાવતા કોષ્ટકો :

(1) મુખ્ય પરિવર્ત્ય શૈક્ષણિક મનોભારની 't' કસોટી

કોષ્ટક નં. 4.119 મુખ્ય પરિવર્ત્ય શૈક્ષણિક મનોભાર

| શૈક્ષણિક મનોભારની 't' કસોટી | |
|---|---|
| કુલ | 25 |
| સાર્થક | 9 |
| અસાર્થક | 16 |

ઉપરોકત કોષ્ટક દ્વારા જોવા મળે છે કે શૈક્ષણિક મનોભારની 't'કસોટીની કુલ 25 ઉત્કલ્પના છે. જેમાં 9 સાર્થક જોવા મળે છે જયારે 16 અસાર્થક જોવા મળે છે.

(2) મુખ્ય પરિવર્ત્ય સામાજિક સમાયોજનની 't' ક સોટી

કોષ્ટક નં. 4.120 મુખ્ય પરિવર્ત્ય સામાજિક સમાયોજન

| સામાજિક સમાયોજનની 't' કસોટી | |
|---|---|
| કુલ | 25 |
| સાર્થક | 6 |
| અસાર્થક | 19 |

ઉપરોકત કોષ્ટક દ્વારા જોવા મળે છે, કે સામાજિક સમાયોજનની 't' કસોટીની કુલ 25 ઉત્કલ્પના છે. જેમાં 06 સાર્થક જોવા મળે છે. જયારે 19 અસાર્થક જોવા મળે છે.

(3) મુખ્ય પરિવર્ત્ય આવેગિક સમાયોજનની 't'કસોટી

કોષ્ટક નં. 4.121 મુખ્ય પરિવર્ત્ય આવેગિક સમાયોજન

| આવેગિક સમાયોજનની 't' કસોટી | |
|---|---|
| કુલ | 25 |
| સાર્થક | 6 |
| અસાર્થક | 19 |

ઉપરોકત કોષ્કટ દ્વારા જોવા મળે છે, કે આવેગિક સમાયોજન 't'કસોટીની કુલ 25 ઉત્કલ્પના છે. જેમાં 06 સાર્થક જોવા મળે છે. જયારે 19 અસાર્થક જોવા મળે છે.

(4) મુખ્ય પરિવર્ત્યો શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનનો સહસંબંધ (r)

**કોષ્ટક નં. 4.122**

**મુખ્ય પરિવર્ત્યો શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન**

| શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનનો સહસંબંધ (r) | |
|---|---|
| કુલ | 6 |
| સાર્થક | 6 |
| અસાર્થક | 0 |

ઉપરોકત કોષ્ટક દ્વારા જોવા મળે છે, કે શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનની કુલ 06 ઉત્કલ્પનાઓ છે, જેમાં 0 અસાર્થક જોવા મળે છે. 06 સાર્થક જોવા મળે છે. જે બધી વિદ્યાયક છે.

(5) મુખ્ય પરિવર્ત્યો શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનની 'F' કસોટી

**કોષ્ટક નં. 4.123**

**મુખ્ય પરિવર્ત્ય શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજન**

| શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનની 'F' કસોટી | |
|---|---|
| કુલ | 30 |
| સાર્થક | 12 |
| અસાર્થક | 18 |

ઉપરોકત કોષ્ટક દ્વારા જોવા મળે છે કે શૈક્ષણિક મનોભાર, સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનની કુલ 30 ઉત્કલ્પના છે. જેમાં 12 સાર્થક જોવા મળે છે. જયારે 18 અસાર્થક જોવા મળે છે.

## 4.11 શૈક્ષણિક મનોભાર ઘટાડવાના સૂચનો :

આજના ઝડપી યુગમાત્ર પ્રત્યેક વ્યકિત સતત ચિંતા અને મનોભાર અનુભવતો હોય છે જેના કારણે તેનું શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય કથળે છે. તેથી તે સમાજ સાથે સુમેળ સાધી શકતો નથી. તરુણો પણ અભ્યાસનાં ભારણના કારણે ચિંતા, હતાશા અને મનોભાર અનુભવે છે. પરિણામે તેનાં અભ્યાસ પર અસર પડે છે. આવું ન બને તે માટે શૈક્ષણિક મનોભાર દૂર કરવા નીચે મુજબના ઉપાયોનો અમલ કરવો જોઈએ.

(1) તરૂણોએ પોતાની શકિતઓ અને મર્યાદાઓને ઓળખી તેનો નમ્રભાવે સ્વીકાર કરવો.

(2) આત્મવિશ્વાસ દ્રઢ બનાવવો, હિંમત અને ધીરજથી દરેક પ્રવૃત્તિ કરવી.

(3) વ્યકિગત ચિંતાથી દૂર રહી ભવિષ્યની બીક છોડીને વર્તમાનમાં જીવતા શીખવું જોઈએ.

(4) કઠિન સમસ્યાઓનો ઉકેલ ઝડપી નહિં પરંતુ બુદ્ધિગમ્ય રીતે લાવી શકાય. તેનું જ્ઞાન તરુણોને પુરું પાડવું જોઈએ.

(5) જગત પ્રત્યે વાસ્તવિકતાનું વલણ વિકસાવવુ, હેંમેશા ઉન્નત વિચારો અને ઉમદા આશા રાખો. સર્જનાત્મક વલણ વિકસાવો.

(6) દરેક માતા–પિતા અને શિક્ષકની એક મહત્વની ફરજ છે કે તરુણોને ખેલદીલીપૂર્વક જીવતાં શીખવવું.

(7) શૈક્ષણિક મનોભારથી મુકિત મેળવવા અભ્યાસલક્ષી પ્રવૃતિઓ હળવાશથી કરવી. ટેન્શન રાખવાને બદલે અભ્યાસનું સમયપત્રક બનાવી તેનો અમલ કરવો અને તે મુજબ નિયમિત રીતે અને હળવાશપૂર્વક અભ્યાસ કરવો.

(8) અભ્યાસની સાથોસાથ મનને આનંદ મળે તેવી પણ એક–બે પ્રવૃતિ કરવી જોઈએ. જીવનમાં હાસ્યવૃતિ રાખવાથી ટેન્શન દૂર ભાગી જશે. મનોભાર દૂર કરવા 'હાસ્ય' એક જબરદસ્ત

ઉપચાર છે.

(9) શૈક્ષણિક મનોભાર દૂર કરવા માટે યોગ અને ધ્યાન પણ ખૂબ મહત્વનાં છે. ટોચનાં ન્યુરો સાયન્ટીસ્ટોએ પણ પ્રયોગ દ્વારા પૂરવાર કર્યું છે કે, યોગ કરવાથી મનોભાર અને નકારાત્મક વિચારોમાંથી મુકિત મળે છે. તેથી મનોભારના નિયંત્રણો માટે તરૂણોએ અમુક પ્રાણાયામ કે યોગ કરવો જોઈએ.

(10) નિયમિત રીતે ઓછામાં ઓછી 20 મિનિટ કસરત કરવી. નિયમિત આહાર અને પૂરતી ઊંઘ લેવી જોઈએ.

(11) સર્વશકિતમાન ઈશ્વર પ્રત્યેની અખૂટ શ્રધ્ધા પણ વિધાયક અને રચનાત્મક કાર્યો કરવા પ્રેરે છે.

## 4.12 સમાયોજન સુધારણા અંગે સૂચનો ::

સમાયોજન એ વ્યકિત અને વાતાવરણ વચ્ચે ચાલતી સતત અને દ્વિમુખી પ્રક્રિયા છે. આજના યુગમાં વ્યકિત–વ્યકિત વચ્ચેના સંબંધો સિમિત બન્યા છે. તેમ છતાં મુશ્કેલીના સમયે સામાજિક સંબંધો ખૂબ જરૂરી બને છે. સામાજિક સંબંધોમાં કયારેક સફળતા મળે તો કયારેક નિષ્ફળતા. આમ સમાયોજન નબળું હોય તો તેને સુધારવા માટે એવા પ્રયત્નો હોવા જોઈએ જે વ્યકિતને સુસમાયોજન માટે પ્રેરે છે.

તરુણોનાં સમાયોજન સુધારણા માટે આ મુજબનાં ઉપાયો યોજવા જોઈએ.

(1) વર્તનમાં પરિવર્તન લાવવાથી સમાયોજન સુધારણા શકય બને છે. જેમ કે કૌટુંબિક પરિસ્થિતિમાં, શૈક્ષણિક સિધ્ધિમાં, સ્વખ્યાલમાં પરિવર્તન લાવવાથી તરુણ તનાવમુકત, ચિંતામુકત બને છે. તેનું વર્તન સુસમાયોજિત બને છે.

(2) પરિસ્થિતિ અંગે સાચી જાણકારી અને સમજણ આપવાથી તેમજ વાસ્તવિકતાથી પરિચિત કરવાથી અને તરુણોના સમાયોજનમાં અવરોધરૂપ બનતાં પરિબળોને દૂર કરવાથી સમાયોજનમાં સુધારણા કરી શકાય.

(3) તરુણો પોતાની મર્યાદાનાં સંદર્ભમાં પોતાના વ્યકિતત્વ અને જીવનને સમૃધ્ધ બનાવે તેવા લક્ષ્યો પસંદ કરે તો સમાયોજન સાધી શકે.

(4) શિક્ષક અને વિદ્યાર્થી વચ્ચેનું વૈમનસ્ય દૂર કરવાથી સમાયોજન સુધારણા શકય બને છે. માતા–પિતા અને શિક્ષકો દ્વારા તરૂણોને સમાયોજન અંગે માર્ગદર્શન આપવામાં આવે તો તરુણો ઝડપથી સમાયોજન સાધી શકે છે.

(5) આદર્શ માતા–પિતા કે આદર્શ શિક્ષક બનવા પ્રયત્ન કરવો. તરુણો તો જ સમાયોજન સાધી શકે જો માતા–પિતા કે ખુદ શિક્ષક માનસિક રીતે સ્વસ્થ હોય.

(6) પોતાની શકિતઓ અને મર્યાદાઓ ઓળખી, સમજી પોતાના સ્વાતંત્ર્યનો રચનાત્મક ઉપયોગ કરવાથી સુસમાયોજન સાધી શકાય છે.

(7) વ્યવહારમાં સમાયોજનનું મૂલ્ય ઘણું ઊંચુ છે. લક્ષ્યની પ્રાપ્તિ માટે પ્રયત્નો કરવાથી જ સફળતા મળે છે. લક્ષ્ય પ્રાપ્તિ બાદ સંતોષ મળે તો તે સારા સમાયોજનનું મહત્વનું ઘટક બને છે.

(8) વ્યકિત સમાયોજન સાધવામાં નિષ્ફળ જાય, તો પ્રયાસો છોડી દેવાને બદલે નિષ્ફળતાનાં કારણો શોધી તેને દૂર કરી લક્ષ્ય પ્રાપ્તિ માટે પ્રયત્ન કરવો. પોતાનાં દોષો ભૂલી પુનઃસમાયોજિત થવું. એજ સમાયોજનની સાચી સફળતા છે.

(9) લઘુતાગ્રંથીનો ભોગ ન બનતાં આત્મવિશ્વાસમાં વધારો કરવાથી સમાયોજન સુધારણા શકય બને છે.

(10) સમૃધ્ધ વર્તમાનકાળ ભાવિ જીવનને આશાસ્પદ બનાવે છે.

(11) સમસ્યા અને મૂંઝવણોને ઉકેલવામાં અન્ય પર પરાવલંબી ન બનતાં પોતાની મૌલિક દ્રષ્ટિ કામે લગાડવી જોઈએ.

## 4.13 સારાંશ

વાર્તનિક વિજ્ઞાનોમાં સંશોધન સમસ્યાનું સર્વેક્ષણ કરવા પ્રાપ્ત માહિતીને સંખ્યાત્મક અને પરિમાણાત્મક રીતે રજુ કરવી કઠીન છે. છતાં મર્યાદાને લક્ષમાં રાખીને શૈક્ષણિક મનોભાર અને સમાયોજન ને કસોટી દ્વારા માપવા પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે.

સંશોધક શૈક્ષણિક મનોભાર અને સમાયોજન પ્રમાણ આંક તપાસવા ઈચ્છતા હોવાથી પ્રત્યેક

નિદર્શનાં મળેલા પ્રતિભાવોના આધારે માપવા પ્રયાસ કરવામાં આવ્યો છે. આંકડાકીય માહિતી એક નજરે ઉપલબ્ધ થઈ શકે તે માટે કોષ્ટક તૈયાર કરી નિદર્શન વિભાજિત કરી એંકદરે માહિતી રજુ કરવામાં આવી છે.

નિદર્શનો શૈક્ષણિક મનોભાર અને કુસમાયોજનની અસર લગભગ સમાન છે. નિદર્શની સંખ્યા મર્યાદિત કરવાથી કે યદચ્છ ફેરફાર કરવાથી સરાસરી અને પ્રમાણ વિચલનમાં ફેરફાર થાય છે અને કેટલાક કિસ્સામાં બંને સરાસરી પ્રમાણ વિચલનનું 't' અને 'F' મૂલ્ય સાર્થક–અસાર્થક જોવા મળે છે.

વ્યાપ વિશ્વમાંથી પ્રાપ્ત થયેલ નમૂનાનો અભ્યાસ કરતાં નીચેની બાબતોનો ખ્યાલ આવે છે.

સંશોધન અભ્યાસમાં સમસ્યા પ્રમાણે, જાતિ (તરુણો – તરુણીઓ) પ્રમાણે, વિસ્તાર પ્રમાણે (ગ્રામ્ય અને શહેરી) અભ્યાસ પ્રવાહ મુજબ વિનયન, વાણિજય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં કુલ 960 નાં નિદર્શ પાસેથી માહિતી એકત્રિત કરી પરિણામોનું અર્થઘટન કરવામાં આવ્યુ છે. જે આ મુજબ છે.

અર્થઘટનની સરળતા માટે નમૂના જુદા જુદા સમૂહોમાં વિભાજિત કરવામાં આવ્યા અને દરેક સમૂહ પ્રમાણે કોષ્ટક તૈયાર કરવામાં આવ્યા પ્રાપ્ત પરિણામને વિભાજિત કરતાં જાણવા મળે છે કે શૈક્ષણિક મનોભાર કસોટીમાં 't' પરીક્ષણમાં 9 સમૂહો અને 'F' પરીક્ષણમાં 6 સમૂહો સાર્થક જોવા મળે છે. સામાજિક સમાયોજનમાં 6 સમૂહો 't' પરીક્ષણમાં અને 3 સમૂહો 'F' પરીક્ષણમાં સાર્થક જોવા મળે છે. અને આવેગિક સમાયોજનમાં 6 સમૂહો 't' પરીક્ષણમાં અને 3 સમૂહો 'F' પરીક્ષણમાં સાર્થક જોવા મળે છે.

જયારે શૈક્ષણિક મનોભાર કસોટીમાં 't' પરીક્ષણમાં 16 અને 'F' પરીક્ષણમાં 4 અસાર્થક સામાજિક સમાયોજનમાં 19 સમૂહો 't' અને 07 'F' પરીક્ષણમાં અસાર્થક જોવા મળે છે. જયારે આવેગિક સમાયોજનમાં 19 સમૂહો 't' અને 07 સમૂહો 'F' પરીક્ષણમાં અસાર્થક જોવા મળે છે.

હવે પછીનાં પ્રકરણમાં સંશોધન સારાંશ, મર્યાદાઓ અને ભાવિસંશોધન માટેનાં સૂચનો રજૂ કરવામાં આવશે.

❀❀❀

# પ્રકરણ – 5

# સંશોધન સારાંશ, તારણો અને ભાવિ સંશોધન માટેનાં સૂચનો

5.1 પ્રાસ્તાવિક

5.2 સંશોધન પદ્ધતિનો સાર

5.3 અભ્યાસનું મહત્વ

5.4 અભ્યાસમાં નમૂનાની પસંદગી અને મર્યાદા

5.5 સંશોધનનાં તારણો

5.6 સંશોધનની મર્યાદાઓ

5.7 સંશોધનનાં આધારે સૂચનો અને ભલામણો

5.8 ભાવિ સંશોધન માટેનાં સૂચનો

5.9 ઉપસંહાર

# પ્રકરણ – 5
# સંશોધન સારાંશ, તારણો અને ભાવિ સંશોધન માટેનાં સૂચનો

## 5.1 પ્રાસ્તાવિક :

સંશોધન એહવાલ લેખન એ સંશોધનનું અત્યંત મહત્વનું સોપાન છે. સંશોધન અહેવાલ પરથી વાચકોને સંશોધનની ઉપયોગિતાનો ખ્યાલ આવે છે અને તેથી જ સમગ્ર સંશોધનમાં સમાવિષ્ટ તમામ પાસાઓનો સંક્ષેપમાં સાર આપવો જરૂરી બને છે. સમસ્યાની પસંદગી, સંશોધનના સાધનો, સંશોધનનો નિદર્શ, નિદર્શની પસંદગી, આંકડાશાસ્ત્રીય પ્રયુકિત વગેરે વિગતો પ્રસ્તુત પ્રકરણમાં રજુ કરવાથી સંશોધક વાચકવર્ગ સમક્ષ પોતાનાં કાર્ય વિશેનો વધુ સ્પષ્ટપણે ખ્યાલ આપી શકે છે. આમ, અહેવાલ લેખન દ્વારા સંશોધક વાચકને અભ્યાસ વિશેની પૂરતી માહિતી આપે છે. વ્યવહારિક દ્રષ્ટિકોણથી કરેલ સંશોધનનાં તારણો ઘણી જ અગત્યતા ધરાવે છે.

મનોવિજ્ઞાનમાં સંશોધન કરવું ઘણું જ કઠીન કાર્ય છે. સંશોધન માટે ઘણી વ્યકિતઓનો સહકાર અને સલાહ જરૂરી છે. સંશોધક તરીકે એક વ્યકિતનું નામ મુકાય છે અને લેવાય છે, પરંતુ સંશોધન એ ખરેખર સામૂહિક ઉપાસના છે તેની પ્રતીતિ સંશોધકને થઈ છે. પ્રસ્તુત સંશોધન મારફત સંશોધકને સંશોધનની જટિલ અને સૂક્ષ્મ બાબતોનો પ્રત્યક્ષ અનુભવ થયો છે.

આધુનિક વિશ્વને જેમ સિધ્ધિઓનું વિશ્વ ગણવામાં આવે છે તેમ મનોભારનું વિશ્વ પણ ગણવામાં આવે છે. વિશ્વના તમામ દેશોમાં વૈજ્ઞાનિક શોધ, ભૌતિક પ્રગતિ, શહેરીકરણ તેમજ બદલાયેલી જીવનશૈલીનાં કારણે અનેક પ્રકારની સમસ્યાઓ અસ્તિત્વમાં આવી છે. જેના કારણે પ્રત્યેક વ્યકિત કોઈને કોઈ પ્રકારનું માનસિક દબાણ અનુભવે છે. સતત દબાણ યુકત પરિસ્થિતિ વ્યકિતમાં મનોભાર ઉત્પન્ન કરે છે. તરુણાવસ્થામાં વિદ્યાર્થીની પોતાની અભ્યાસલક્ષી સમસ્યાઓ, કૌટુંબિક તનાવ, ભાવિ વિશેની ચિંતા, શાળાકીય પ્રતિકૂળ વાતાવરણ અભ્યાસ કરતાં તરુણોમાં શૈક્ષણિક મનોભાર ઉત્પન્ન કરે છે.

હાન્સ સેલી (1976) નાં મત મુજબ " મનોભાર એ શરીર પર થતી કોઈ પણ પ્રકારની

માંગણીઓની અચોકકસ પ્રતિક્રિયા છે."

વિવિધ વ્યકિતત્વ ધરાવતાં તરુણો વિવિધ શાળાઓમાં શિક્ષણ મેળવી રહયા છે, ત્યારે તરુણોમાં મનોભાર, માનસિક તંગદિલી જેવી બાબતો વધારે જોવા મળે છે આપણા દેશમાં અભ્યાસ કરતાં તરુણો કેટલીક વાર ચરસ, ગાંજો, અફિણ, બ્રાઉન સ્યુગર જેવા કેફી પદાર્થો લઈને પોતાની હતાશા કે મનોભારને દૂર કરવાનાં પ્રયાસો કરે છે. આધુનિક સમયમાં તરુણો પરીક્ષા જેમ જેમ નજીક આવતી જાય તેમ તેમ વિકૃત ચિંતા, વિકૃત ભય, શૈક્ષણિક મનોભાર વગેરે બાબતોથી પિડાવા લાગે છે અને સમાયોજન માટેનાં પ્રયાસોમાં તરુણો મુશ્કેલી અનુભવે છે. તરુણોનાં સર્વાંગી વિકાસ માટે આવા લક્ષણોનું નિવારણ અનિવાર્ય છે. કારણ કે તરુણોની આસપાસની પરિસ્થિતિ વાતાવરણ સાથે સુસમાયોજિત હશે તો તેના વ્યકિતત્વનો સુયોગ્ય વિકાસ થઈ શકશે. પ્રસ્તુત સમસ્યાઓને ધ્યાનમાં લઈને પ્રસ્તુત  સંશોધન કાર્ય કરવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે.

## 5.2 સંશોધન પધ્ધતિનો સાર :

પ્રસ્તુત અભ્યાસ એ સંશોધકની ઘણી બધી મહેનત અને અથાગ પરિશ્રમથી મળેલું પરિણામ છે. પોતાના સંશોધન દરમ્યાન રોજબરોજ બનતા બનાવોનું નિરીક્ષણ તેમજ સતત વાંચન ચાલુ રાખ્યું અને તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સમાયોજન વિશેની માહિતી મેળ વવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. વિવિધ વ્યકિગત પરિવર્ત્યો જેવા કે તરુણની જાતિ, ધોરણ, શિક્ષણ પ્રવાહ, શાળાનો પ્રકાર, રહેઠાણ વિસ્તાર અને માતા–પિતાનું શિક્ષણ વગેરેની તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સમાયોજન પર શી અસર પડે છે? તે જાણવા પ્રસ્તુત સંશોધન કરવાનું સંશોધકને યોગ્ય લાગ્યું જેમાં પસંદ કરેલો વિષય આ પ્રમાણે છે.

**''તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સમાયોજનની અસર એક મનોવૈજ્ઞાનિક અભ્યાસ''**

ઉપરોકત અભ્યાસ માટે રાજકોટ ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારની શાળાઓમાં ધો. 10, 11 અને 12 માં અભ્યાસ કરતાં કુલ 960 તરુણ–તરુણીઓને નિદર્શ તરીકે યદચ્છ રીતે પસંદ કરેલ હતાં. તેમાં નીચે પ્રમાણેનાં સાધનોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

1) વ્યકિતગત માહિતી પત્રક

2) શૈક્ષણિક મનોભાર પ્રશ્નાવલિ

3) સામાજિક સમાયોજન પ્રશ્નાવલિ

4) આવેગિક સમાયોજન પ્રશ્નાવલિ

હેતુને ધ્યાનમાં રાખીને પ્રસ્તુત અધ્યનની ઉત્કલ્પનાઓ રચવામાં આવી. પ્રાપ્ત થયેલ માહિતીનું ગુણાંકન કર્યા બાદ 't' પ્રયુકિત 'F' કસોટી અને કાર્લપિયર્સન સહસંબધાક (r) નો ઉપયોગ કરવામાં આવ્યો અને પરિણામની ચર્ચા અને અર્થઘટન કરવામાં આવ્યું હતું.

## 5.3 અભ્યાસનું મહત્વ :

કોઈપણ ઘટના કે સમસ્યાનો વૈજ્ઞાનિક અભ્યાસ કરવામાં આવે ત્યારે તેની પાછળ સંશોધનનું મહત્વ હોય છે, સંશોધન પધ્ધતિની દ્રષ્ટિએ જોતા તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક તેમજ આવેગિક સમાયોજનને સાંકળી ને પ્રસ્તુત અભ્યાસ કરવામાં આવ્યો છે. આજના યુગમાં તરુણો અનેક પ્રકારની સમસ્યાઓ અનુભવે છે. આજે સમગ્ર વિશ્વએ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે હરણફાળ પ્રગતિભરી છે. આમ, આ યુગ સ્પર્ધા અને તાણનો યુગ પણ છે. તરુણોની આજ અને આવતીકાલ ઉજજવળ બને તેની શારીરિક, માનસિક, શૈક્ષણિક, સામાજિક અને આવેગિક સમસ્યાઓને જાણી અને તેને નિવારવાનાં ઉકેલો શોધી શકાય તેમજ સુસમાયોજન સાધવામાં મદદરૂપ થઈ શકાય

તરુણોમાં જે અજંપો અને અસંતોષની લાગણી પ્રવર્તે છે, ગુનાખોરી, આત્મહત્યા, પરીક્ષામાં ચોરી, તોફાન, નશીલી દવાનું સેવન વગેરેનો ભોગ બનેલા તરુણોની કઈ સમસ્યાઓ છે, તે જાણી શકાય અને તેને ઉકેલવામાં મદદરૂપ થઈ શકાય. ગ્રામ્ય અને શહેરી તરુણ–તરુણીઓની સમસ્યા જાણી, શાળા તેમજ ઘરનાં વાતાવરણને સુધારવામાં તેને સુસમાયોજન સાધવામાં મદદરૂપ થઈ શકાય

પ્રસ્તુત સંશોધનનું મહત્વ નીચે મુજબ દર્શાવી શકાય

1) પ્રસ્તુત અભ્યાસ શાળાઓમાં અભ્યાસ કરતાં તરુણ–તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર તેમજ સામાજિક અને આવેગિક સમાયોજનની જાણકારી માટે ઉપયોગી પુરવાર થશે.

2) પ્રસ્તુત અભ્યાસ દ્વારા શૈક્ષણિક મનોભારનું પ્રમાણ જાણી, શૈક્ષણિક મનોભાર ઘટાડવા

દિશાસૂચન કરી શકાય

3) અભ્યાસક્રમ ઘડતર, શૈક્ષણિક પ્રોગ્રામો અને તરુણોની શૈક્ષણિક સિધ્ધિનાં સંદર્ભમાં પ્રસ્તુત અધ્યયનનાં સોપાનો અગત્યનાં છે.

4) માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણબોર્ડનાં અધિકારીશ્રીઓને પ્રસ્તુત સંશોધનનાં તારણો ઉપયોગી થશે

5) સમાજનાં વિકાસ સાથે સંકળાયેલી વ્યકિતઓને  પ્રત્યક્ષ કે પરોક્ષ રૂપે આ પ્રકારનું સંશોધન માર્ગદર્શક સાબિત થઈ શકે.

6) અભ્યાસ કરતાં પ્રત્યેક વિદ્યાર્થી, તેનાં માતા–પિતા તેમજ શિક્ષકોને પ્રસ્તુત અધ્યનન ખૂબ જ ઉપયોગી બની શકે છે.

7) શિક્ષણ શાસ્ત્રીઓ, માર્ગદર્શકો, મનોચિકિત્સકો, સરકારશ્રી, વિદ્યાર્થી અંગે નીતિ ઘડવૈયાઓ તેમજ પ્રત્યેક વ્યકિતને સલાહ–સૂચનો પ્રસ્તુત અધ્યનન દ્વારા મળી રહેશે.

8) પ્રસ્તુત સંશોધન દ્વારા તરુણો અને યુવાનોમાં થતાં ડિપ્રેશન, પરીક્ષાની ચિંતા વગેરે મનોરોગ ઘટાડી, આત્મહત્યાનું પ્રમાણ ઘટાડી શકાશે.

9) સંશોધક અને માર્ગદર્શક રચિત શૈક્ષણિક મનોભાર કસોટી અન્ય સંશોધકોને ઉપયોગી થશે.

10) સમય સાથે બદલાતી શિક્ષણની પધ્ધતિઓ નીતિ રીતિને સમજવાથી વિદ્યાર્થીઓમાં સર્જાતી શૈક્ષણિક મનોભાર જેવી માનસિક પરિસ્થિતિને દૂર કરી શકાશે

## 5.4 અભ્યાસમાં નમૂનાની પસંદગી અને મર્યાદા :

કોઈ પણ ક્ષેત્રમાં સંશોધન કાર્ય કરવાનું હોય ત્યારે તમામ પાત્રોનો સંપર્ક સાધી, માહિતી મેળવી નિષ્કર્ષ તારવવાનું શકય નથી તેથી અહીં સંશોધકે તમામ પાત્રોમાંથી પ્રતિનિધિત્વ ધરાવતા એકોમોનો નિદર્શ લઈ, તેના પર સંશોધન કરી અને આ પરિણામો સમષ્ટિને લાગુ પાડી શકાય તેવી ધારણા બાંધી છે.

પ્રસ્તુત અભ્યાસમાં નમૂનાની પસંદગી રાજકોટ જિલ્લાનાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં કુલ 480 તરુણો અને 480 તરુણીઓ એમ કુલ 960 નો નિદર્શ લેવામાં આવ્યો

છે. કઈ રીતે નિદર્શ પસંદ કર્યો તે પ્રકરણ – 3 માં જોવા મળશે.

પ્રસ્તુત અભ્યાસ રાજકોટ જિલ્લાની ગ્રામ્ય અને શહેરી વિસ્તારની શાળાઓમાં અભ્યાસ કરતાં ધો. 10, 11 અને 12 નાં તરુણો અને તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર અને સમાયોજન વિશે માહિતી એકત્ર કરવામાં આવેલ. આ અભ્યાસનું કાર્યક્ષેત્ર રાજકોટ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતાં ધો. 10, 11 અને 12નાં તરુણો અને તરુણીઓ પૂરતુ મર્યાદિત છે.

## 5.5 સંશોધનનાં તારણો :

શાળાઓમાં શિક્ષણ લેતાં તરુણો પરનો પ્રસ્તુત અભ્યાસ ઘણી અગત્યતા ધરાવે છે. તરુણોનાં શૈક્ષણિક મનોભારને જાણી, તેમાં ઘટાડો કરવા તેમજ સમાયોજન સુધારણા કરવા પ્રસ્તુત અભ્યાસ એક નકકર આધારશીલા છે. પ્રસ્તુત અભ્યાસ દર્શાવે છે કે શૈક્ષણિક મનોભારનું પ્રમાણ દરેક તરુણ–તરુણીઓમાં જોવા મળે છે. તેનું પ્રમાણ દરેકમાં અલગ અલગ છે. તેમ શહેરી વિસ્તારનાં તરુણ–તરુણીઓમાં શૈક્ષણિક મનોભાર અને આવેગિક કુસમાયોજનનું પ્રમાણ વધુ જોવા મળે છે.

પ્રસ્તુત સંશોધનમાં ઘણી શૂન્ય ઉત્કલ્પનાનો અસ્વીકાર પણ થયો છે. તેના કારણે સંશોધનની અગત્યતામાં કોઈ ઘટાડો થયેલો જોવા મળતો નથી. જેમ ઘણી ઉત્કલ્પનાનો અસ્વીકાર કરવામાં આવે છે, તેમ ઘણી શૂન્ય ઉત્કલ્પનાનો સ્વીકાર કરવામાં પણ આવે છે. વોલમેનનાં મત મુજબ વિજ્ઞાનનો ઈતિહાસ ઘણી ભૂલોથી ભરેલો ઈતિહાસ છે. ટૂંકમાં સંશોધકે પોતાની પૂરી શારીરિક અને માનસિક શકિત એકત્રિત કરી, વિજ્ઞાનના નિયમોને ધ્યાનમાં રાખી તેમજ જુદી જુદી વૈજ્ઞાનિકપધ્ધતિનો ઉપયોગ કરી શકય એટલા વ્યવસ્થિત તારણો મેળવવા માટેનો પ્રયાસ કર્યો છે. અને તેમાં ઘણી બધી સફળતાઓ પણ મળેલી જોવા મળે છે.

પ્રસ્તુત અધ્યયનમાં પ્રાપ્ત થયેલ પરિણામોનાં આધારે નીચે મુજબ તારણો તારવામાં આવ્યા છે.

### 5.5.1 't' ગુણોતરને આધારે પ્રાપ્ત થયેલ તારણો :

5.5.1.1 તરુણો અને તરુણીઓનાં શૈક્ષણિક મનોભારના મધ્યકો વચ્ચે તફાવત સાર્થક નથી. એટલે કે જાતિની શૈક્ષણિક મનોભાર પર સાર્થક અસર નથી.

5.5.1.2 ધો. 10 અને ધો. 11 માં અભ્યાસ કરતા તરુણોના શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે અભ્યાસનાં ધોરણની તરુણોના શૈક્ષણિક મનોભાર પર સાર્થક અસર નથી.

5.5.1.3 ધો. 10 અને ધો. 11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે. એટલે કે ધો. 10 ની તરુણીઓમાં ધો. 11 ની તરુણીઓ કરતાં શૈક્ષણિક મનોભારનું પ્રમાણ વધુ જોવા મળે છે.

5.5.1.4 ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતા તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે તરુણોનાં અભ્યાસનાં ધોરણની તરુણોના શૈક્ષણિક મનોભાર પર સાર્થક અસર નથી.

5.5.1.5 ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે ધો. 10 અને ધો. 12 ની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારની એક સરખી અસર જોવા મળે છે.

5.5.1.6 ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે. એટલે કે ધો. 11 કરતા ધો. 12 નાં તરુણોનાં શૈક્ષણિક મનોભારની અસર વધુ જોવા મળે છે.

5.5.1.7 ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે. ધો. 11 ની તરુણીઓ કરતા ધો. 12 ની તરુણીઓમાં શૈક્ષણિક મનોભાર વધુ જોવા મળે છે.

5.5.1.8 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણો અને તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે. ગ્રામ્ય વિસ્તાર કરતાં શહેરી વિસ્તારનાં તરુણ–તરુણીઓમાં શૈક્ષણિક મનોભારનું પ્રમાણ વધુ જોવા મળે છે.

5.5.1.9 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10 માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે ધો. 10માં અભ્યાસ કરતાં તરુણોનાં રહેઠાણ, વિસ્તારની શૈક્ષણિક મનોભાર પર સાર્થક અસર નથી.

5.5.1.10 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે રહેઠાણ, વિસ્તારની તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર પર સાર્થક અસર નથી.

5.5.1.11 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 11 માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે રહેઠાણ વિસ્તારનાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર પર સાર્થક અસર નથી.

5.5.1.12 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે. ગ્રામ્ય કરતાં શહેરી વિસ્તારની ધો. 11ની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનું પ્રમાણ વધુ જોવા મળે છે.

5.5.1.13 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે. ગ્રામ્ય વિસ્તાર કરતાં શહેરી વિસ્તારનાં ધો. 12નાં તરુણોમાં શૈક્ષણિક મનોભારનું પ્રમાણ વધુ જોવા મળે છે.

5.5.1.14 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે. ગ્રામ્ય વિસ્તાર કરતાં શહેરી વિસ્તારની ધો. 12ની તરુણીઓમાં શૈક્ષણિક મનોભારનું પ્રમાણ વધુ જોવા મળે છે.

5.5.1.15 ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે અભ્યાસનાં ધોરણની તરુણોમાં શૈક્ષણિક મનોભાર પર સાર્થક અસર નથી.

5.5.1.16 ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે અભ્યાસનાં ધોરણની તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર પર સાર્થક અસર નથી.

5.5.1.17 ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે. એટલે કે ધો. 10 અને ધો. 12નાં

તરુણોમાં શૈક્ષણિક મનોભારમાં સાર્થક અસર જોવા મળે છે.

5.5.1.18 ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. અભ્યાસનાં ધોરણની તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર પર સાર્થક અસર નથી.

5.5.1.19 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે શિક્ષિત માતા–પિતા અને અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં શૈક્ષણિક મનોભારમાં કોઈ તફાવત જોવા મળતો નથી.

5.5.1.20 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે શિક્ષિત માતા–પિતા અને અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારમાં કોઈ સાર્થક તફાવત નથી.

5.5.1.21 વિનયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતા તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે તરુણોનાં શિક્ષણ પ્રવાહની શૈક્ષણિક મનોભાર પર કોઈ સાર્થક અસર નથી.

5.5.1.22 વિનયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે તરુણીઓનાં શિક્ષણ પ્રવાહની શૈક્ષણિક મનોભાર પર કોઈ સાર્થક અસર નથી.

5.5.1.23 વિનયન અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે તરુણોનાં શિક્ષણ પ્રવાહની શૈક્ષણિક મનોભાર પર સાર્થક અસર નથી.

5.5.1.24 સરકારી અને બિનસરકારી સ્કુલમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે સ્કુલનાં પ્રકારની તરુણોનાં શૈક્ષણિક મનોભાર પર સાર્થક અસર નથી.

5.5.1.25 સરકારી અને બિનસરકારી સ્કુલમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે. એટલે કે સરકારી સ્કુલની

તરુણીઓમાં બિન સરકારી સ્કુલની તરુણીઓ કરતા શૈક્ષણિક મનોભારનું પ્રમાણ વધુ જોવા મળે છે.

5.5.1.26 તરુણો અને તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી. એટલે કે જાતિની સામાજિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.27 ધો. 10 અને ધો. 11 માં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી. એટલે કે અભ્યાસનાં ધોરણની તરુણોનાં સામાજિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.28 ધો. 10 અને ધો. 11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત છે. એટલે કે ધો. 10ની તરુણીઓમાં ધો. 11 ની તરુણીઓ કરતાં સામાજિક કુસમાયોજનનું પ્રમાણ  વધુ જોવા છે.

5.5.1.29 ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી. એટલે કે તરુણોનાં અભ્યાસનાં ધોરણની તેના સામાજિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.30 ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી. એટલે કે ધો.10 અને ધો. 12 ની તરુણીઓનાં સામાજિક સમાયોજનની એક સરખી અસર જોવા મળે છે.

5.5.1.31 ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતા તરુણોનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી. એટલે કે  તરુણોનાં ધોરણની તેનાં સામાજિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.32 ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત છે. એટલે કે ધો. 11ની તરુણીઓ કરતાં ધો. 12ની તરુણીઓમાં સામાજિક કુસમાયોજનનું પ્રમાણ વધુ જોવા મળે છે.

5.5.1.33 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણો અને તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે રહેઠાણ વિસ્તારની

તરુણ – તરુણીઓમાં સામાજિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.34 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10માં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે રહેઠાણ વિસ્તારની ધો. 10 તરુણોનાં સામાજિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.35 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10માં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે રહેઠાણ વિસ્તારની ધો. 10ની તરુણીઓનાં સામાજિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.36 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 11 માં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે. ધો. 11 ગ્રામ્ય વિસ્તારનાં તરુણોમાં શહેરી વિસ્તારનાં તરુણો કરતાં સામાજિક કુસમાયોજન પ્રમાણ વધુ જોવા મળે છે.

5.5.1.37 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે. શહેરી વિસ્તારની તરુણીઓમાં ગ્રામ્ય વિસ્તારની તરુણીઓ કરતાં સામાજિક કુસમાયોજનનું પ્રમાણ વધુ જોવા મળે છે.

5.5.1.38 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે રહેઠાણ વિસ્તારની ધો. 12નાં તરુણોનાં સામાજિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.39 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે રહેઠાણ વિસ્તારની ધો. 12ની તરુણીઓનાં સામાજિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.40 ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે ગ્રામ્ય વિસ્તારનાં ધો. 10 અને ધો. 12 નાં તરુણોનાં સામાજિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.41 ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક

સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે અભ્યાસનાં ધોરણની તરુણીઓનાં સામાજિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.42 ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે અભ્યાસનાં ધોરણની તરુણોનાં સામાજિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.43 ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે અભ્યાસનાં ધોરણની તરુણીઓનાં સામાજિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.44 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં સામાજિક સમાયોજનમાં કોઈ તફાવત જોવા મળતો નથી.

5.5.1.45 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે. એટલે કે શિક્ષિત માતા–પિતાની તરુણીઓ કરતા અશિક્ષિત માતા–પિતાની તરુણીઓમાં સામાજિક કુસમાયોજનનું પ્રમાણ વધુ જોવા મળે છે.

5.5.1.46 વિનિયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે શિક્ષણ પ્રવાહની તરુણોનાં સામાજિક સમાયોજન પર કોઈ સાર્થક અસર નથી.

5.5.1.47 વિનિયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે શિક્ષણ પ્રવાહની તરુણીઓનાં સામાજિક સમાયોજન પર કોઈ સાર્થક અસર નથી.

5.5.1.48 વિનિયન અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે. એટલે કે વિનયન પ્રવાહનાં તરુણોમાં વિજ્ઞાન પ્રવાહનાં તરુણો કરતાં સામાજિક કુસમાયોજનનું પ્રમાણ વધુ જોવા મળે છે.

5.5.1.49 સરકારી સ્કુલ અને બિન સરકારી સ્કુલમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે સરકારી અને બિનસરકારી સ્કુલમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનની એક સરખી અસર જોવા મળે છે.

5.5.1.50 સરકારી સ્કુલ અને બિન સરકારી સ્કુલમાં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે સરકારી અને બિનસરકારી સ્કુલમાં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજનમાં કોઈ સાર્થક અસર નથી.

5.5.1.51 તરુણો અને તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી. એટલે કે જાતિની આવેગિક સમાયોજન પર કોઈ સાર્થક અસર નથી.

5.5.1.52 ધો. 10 અને ધો. 11 માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી. એટલે કે અભ્યાસનાં ધોરણની તરુણોનાં આવેગિક સમાયોજન પર કોઈ સાર્થક અસર નથી.

5.5.1.53 ધો. 10 અને ધો. 11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે તફાવત સાર્થક છે. એટલે કે ધો. 10ની તરુણીઓમાં ધો. 11 ની તરુણીઓ કરતાં સામાજિક કુસમાયોજનનું પ્રમાણ વધુ જોવા મળે છે.

5.5.1.54 ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે તફાવત સાર્થક નથી. એટલે કે તરુણોનાં ધોરણની તેનાઆવેગિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.55 ધો. 10 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે તફાવત સાર્થક નથી. એટલે કે ધો. 10 અને ધો. 12 ની તરુણીઓનાં આવેગિક સમાયોજનની એક સરખી અસર જોવા મળે છે.

5.5.1.56 ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતા તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે કોઈ સાર્થક તફાવત નથી. એટલે કે તરુણોનાં ધોરણની તેનાં આવેગિક

સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.57 ધો. 11 અને ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે તફાવત સાર્થક છે. એટલે કે ધો. 11 ની તરુણીઓ કરતાં ધો. 12માં અભ્યાસ કરતી તરુણીઓમાં આવેગિક કુસમાયોજન નું પ્રમાણ વધુ જોવા મળે છે.

5.5.1.58 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણો અને તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે. એટલે કે રહેઠાણ વિસ્તારની તરુણોનાં આવેગિક સમાયોજન પર સાર્થક અસર જોવા મળે છે.

5.5.1.59 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે ધો. 10નાં તરુણોનાં રહેઠાણ વિસ્તારની તેના આવેગિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.60 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 10માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે. ધો. 10 શહેરી વિસ્તારની તરુણીઓનાં આવેગિક કુસમાયોજનનું પ્રમાણ ધો. 10 ગ્રામ્ય વિસ્તારની તરુણીઓ કરતાં વધુ જોવા મળે છે.

5.5.1.61 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 11 માં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે ધો. 11 ગ્રામ્ય વિસ્તારનાં અને શહેરી વિસ્તારનાં તરુણોનાં આવેગિક સમાયોજનની એક સરખી અસર જોવા મળે છે.

5.5.1.62 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 11 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે. ગ્રામ્ય વિસ્તારની ધો. 11ની તરુણીઓ કરતાં શહેરી વિસ્તારની ધો. 11 ની તરુણીઓનાં આવેગિક કુસમાયોજનનું પ્રમાણ વધુ જોવા મળે છે.

5.5.1.63 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 12 માં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે રહેઠાણ વિસ્તારની ધો.

12નાં તરુણોનાં આવેગિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.64 ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં ધો. 12 માં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે રહેઠાણ વિસ્તારની ધો. 12ની તરુણીઓનાં આવેગિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.65 ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમા અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે તરુણોનાં ધોરણની તેના આવેગિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.66 ધો. 10 અને ધો. 12 ગ્રામ્ય વિસ્તારમા અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે તરુણીઓનાં ધોરણની તેનાં આવેગિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.67 ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે અભ્યાસનાં ધોરણની શહેરી વિસ્તારનાં ધો. 10 અને 12નાં તરુણોનાં આવેગિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.68 ધો. 10 અને ધો. 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે અભ્યાસનાં ધોરણની શહેરી વિસ્તારની ધો. 10 અને 12ની તરુણીઓનાં આવેગિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.1.69 શિક્ષિત માતા–પિતા અને અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતા નાં તરુણોનાં આવેગિક સમાયોજનમાં કોઈ તફાવત જોવા મળતો નથી.

5.5.1.70 શિક્ષિત અને અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે શિક્ષિત માતા–પિતા અને અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં આવેગિક સમાયોજનમાં કોઇ સાર્થક તફાવત નથી.

5.5.1.71 વિનિયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે વિનિયન અને વાણિજય પ્રવાહનાં તરુણોનાં આવેગિક સમાયોજનમાં સાર્થક તફાવત નથી.

5.5.1.72 વિનિયન અને વાણિજય પ્રવાહમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે શિક્ષણ પ્રવાહની તરુણીઓનાં આવેગિક સમાયોજન પર કોઈ સાર્થક અસર નથી.

5.5.1.73 વિનિયન અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત છે. એટલે કે શિક્ષણ પ્રવાહની તરુણોનાં આવેગિક સમાયોજન પર કોઈ સાર્થક અસર છે.

5.5.1.74 સરકારી સ્કુલ અને બિન સરકારી સ્કુલમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે સરકારી સ્કુલ અને બિનસરકારી સ્કુલમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનમાં કોઈ સાર્થક અસર નથી.

5.5.1.75 સરકારી અને બિન સરકારી સ્કુલમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં મધ્યકો વચ્ચે સાર્થક તફાવત નથી. એટલે કે સરકારી અને બિનસરકારી સ્કુલમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનની એક સરખી અસર જોવા મળે છે.

### 5.5.2 સહસંબંધનાં આધારે પ્રાપ્ત થયેલાં તારણો :–

5.5.2.1 વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચે બહુ જ થોડો ધન સહસંબંધ જોવા મળે છે.

5.5.2.2 વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર અને સામાજિક સમાયોજન વચ્ચે બહુ જ થોડો ધન સહસંબંધ જોવા મળે છે.

5.5.2.3 શાળાઓમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજન વચ્ચે બહુ ઓછો ધન સહસંબંધ જોવા મળે છે.

5.5.2.4 શાળાઓમાં અભ્યાસ કરતી તરુણીઓનાં શૈક્ષણિક મનોભાર અને આવેગિક સમાયોજન વચ્ચે સાધારણ વિદ્યાયક સહસંબંધ જોવા મળે છે.

5.5.2.5 તરુણોનાં સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે સાધારણ ધન સહસંબંધ જોવા મળે છે.

5.5.2.6 તરુણીઓનાં સામાજિક સમાયોજન અને આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે સાધારણ ધન સહસંબંધ જોવા મળે છે.

## 5.5.3. વિચરણ પૃથક્કરણને આધારે પ્રાપ્ત થયેલ તારણો :–

5.5.3.1 ધો. 10, 11 અને 12 ની તરુણોનાં ધોરણની તેના શૈક્ષણિક મનોભાર પર કોઇ સાર્થક અસર નથી.

5.5.3.2 ધો. 10, 11 અને 12 ની તરુણીઓનાં અને શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે.

5.5.3.3 ધો. 10, 11 અને 12 ગ્રામ્ય વિસ્તારનાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર પર કોઇ સાર્થક અસર નથી.

5.5.3.4 ધો. 10, 11 અને 12 ગ્રામ્ય વિસ્તારની  તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પર સાર્થક અસર જોવા મળે છે. એટલે કે ધો. 10 અને 12ની તરુણીઓ ધો. 11ની તરુણીઓ કરતાં વધુ શૈક્ષણિક મનોભાર અનુભવે છે.

5.5.3.5 ધો. 10, 11 અને 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં શૈક્ષણિક મનોભારમાં સાર્થક અસર જોવા મળે છે.

5.5.3.6 ધો. 10, 11 અને 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી  તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પર સાર્થક અસર જોવા મળે છે.

5.5.3.7 ધો. 10, 11 અને 12માં અભ્યાસ કરતાં શિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર પર સાર્થક અસર જોવા મળતી નથી.

5.5.3.8 ધો. 10, 11 અને 12માં અભ્યાસ કરતી શિક્ષિત માતા–પિતાનાં તરુણીઓનાં

શૈક્ષણિક મનોભારની સાર્થક અસર જોવા મળે છે.

5.5.3.9 ધો. 10, 11 અને 12માં અભ્યાસ કરતાં અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર પર કોઈ સાર્થક અસર નથી.

5.5.3.10 ધો. 10, 11 અને 12માં અભ્યાસ કરતી અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનાં પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે.

5.5.3.11 ધો. 10, 11 અને 12નાં તરુણોનાં ધોરણની તેનાં સામાજિક સમાયોજન પર કોઈ સાર્થક અસર નથી.

5.5.3.12 ધો. 10, 11 અને 12ની તરુણીઓનાં સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે.

5.5.3.13 ધો. 10, 11 અને 12 ગ્રામ્ય વિસ્તારનાં તરુણોનાં સામાજિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.3.14 ધો. 10, 11 અને 12 ગ્રામ્ય વિસ્તારની તરુણીઓનાં સામાજિક સમાયોજન પર સાર્થક અસર જોવા મળે છે. એટલે કે ધો. 10 અને 12 ની તરુણીઓમાં ધો. 11 ની તરુણીઓ કરતાં સમાજિક કુસમાયોજનનું પ્રમાણ વધુ જોવા મળે છે.

5.5.3.15 ધો. 10, 11 અને 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં સામાજિક સમાયોજન પર રહેઠાણ વિસ્તારની કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.

5.5.3.16 ધો. 10, 11 અને 12 શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં સામાજિક સમાયોજન પર સાર્થક અસર નથી.

5.5.3.17 ધો. 10, 11 અને 12માં અભ્યાસ કરતાં શિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં સામાજિક સમાયોજનની કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.

5.5.3.18 ધો. 10, 11 અને 12માં અભ્યાસ કરતી શિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં સામાજિક સમાયોજન પર કોઈ સાર્થક જોવા મળતી અસર નથી.

5.5.3.19 ધો. 10, 11 અને 12માં અભ્યાસ કરતાં અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં

સામાજિક સમાયોજન પર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.

5.5.3.20 ધો. 10, 11 અને 12માં અભ્યાસ કરતી અશિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં સામાજિક સમાયોજન પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે.

5.5.3.21 ધો. 10, 11 અને 12નાં તરુણોનાં આવેગિક સમાયોજન પર સાર્થક અસર જોવા મળતી નથી.

5.5.3.22 ધો. 10, 11 અને 12નાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે સાર્થક તફાવત છે.

5.5.3.23 ધો. 10, 11 અને 12નાં ગ્રામ્ય વિસ્તારનાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે તફાવત સાર્થક નથી.

5.5.3.24 ધો. 10, 11 અને 12ની ગ્રામ્ય વિસ્તારની તરુણીઓનાં આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો પર સાર્થક અસર જોવા મળે છે. ધો. 10 અને ધો. 12ની તરુણીઓ ધો. 11 ની તરુણીઓ કરતાં વધુ આવેગિક કુસમાયોજન ધરાવે છે.

5.5.3.25 ધો. 10, 11 અને 12નાં શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતાં તરુણોનાં આવેગિક સમાયોજનનાં પર કોઈ સાર્થક અસર નથી.

5.5.3.26 ધો. 10, 11 અને 12ની શહેરી વિસ્તારમાં અભ્યાસ કરતી તરુણીઓનાં આવેગિક સમાયોજન પર સાર્થક અસર જોવા મળતી નથી.

5.5.3.27 ધો. 10, 11 અને 12માં અભ્યાસ કરતાં શિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં આવેગિક સમાયોજન પર સાર્થક અસર જોવા મળતી નથી.

5.5.3.28 ધો. 10, 11 અને 12માં અભ્યાસ કરતી શિક્ષિત માતા–પિતાની તરુણીઓનાં આવેગિક સમાયોજન પર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.

5.5.3.29 ધો. 10, 11 અને 12માં અભ્યાસ કરતાં અશિક્ષિત માતા–પિતાનાં તરુણોનાં આવેગિક સમાયોજન પર કોઈ સાર્થક અસર જોવા મળતી નથી.

5.5.3.30 ધો. 10, 11 અને 12માં અભ્યાસ કરતી અશિક્ષિત માતા–પિતાની તરુણીઓના

આવેગિક સમાયોજનનાં પ્રાપ્તાંકો વચ્ચે તફાવત સાર્થક છે. ધો. 10 અને 12ની તરુણીઓ ધો. 11ની તરુણીઓ કરતાં વધુ આવેગિક કુસમાયોજન ધરાવે છે.

## 5.6 સંશોધનની મર્યાદાઓ :–

5.6.1 પ્રસ્તુત સંશોધન સમસ્યાનું કાર્યક્ષેત્ર રાજકોટ જિલ્લા પૂરતું મર્યાદિત છે. જેનાં રાજકોટ શહેરની શાળાઓ તેમજ રાજકોટ જિલ્લામાં આવેલ ગ્રામ્ય વિસ્તારની જસદણ, આટકોટ, વીરનગર, જસાપર, વિંછીયા, ટંકારા, મોરબીની શાળાઓનાં તરુણોનો અભ્યાસ કરી શકેલ છે. રાજકોટ જિલ્લાનાં તમામ જિલ્લાનાં તમામ તાલુકાનો સમાવેશ કરી શકાયો નથી. તે સંશોધનની મર્યાદા કહી શકાય.

5.6.2 પ્રસ્તુત સંશોધન નિયત સમયગાળા દરમ્યાન હાથ ધરવામાં આવેલ હોઈ પ્રવર્તમાન શૈક્ષણિક બનાવોની અસર હોઇ શકે, જેની તપાસ કરી શકાઈ નથી.

5.6.3 વ્યવસાયલક્ષી પ્રવાહ અને ઉતરબુનિયાદી શાળાઓમાં અભ્યાસ કરતાં તરુણોનો સમાવેશ કરી શકાયો નથી. માત્ર વિનયન, વાણિજય અને વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરતાં તરુણો નિદર્શ તરીકે લેવામાં આવેલ.

5.6.4 પ્રસ્તુત સંશોધનનાં રચિત સાધનનો સંશોધનનાં સાધન તરીકે ઉપયોગ કરવામાં આવેલ છે. જેની વિશ્વસનીયતા અને યથાર્થતા સ્થાપિત કરવા 120 નો નિદર્શ લેવામાં આવ્યો છે. મોટા નિદર્શ પર વિશ્વસનિયતા પ્રસ્થાપિત કરેલ નથી.

5.6.5 પ્રસ્તુત સંશોધન યોજનામાં માત્ર મુખ્ય અસરોની જ ઉત્કલ્પનાઓ રચવામાં આવી છે.

5.6.6 પ્રસ્તુત સંશોધનનાં નિદર્શનાં વ્યકિતગત પરિવર્ત્યો, અભિપ્રાયો અને માન્યતાઓની પરિણામ પર અસર થઈ શકે છે.

5.6.7 શૈક્ષણિક મનોભાર પશ્નાવલિ પર મળતા સમગ્ર અંકને ધ્યાનમાં લઈને અભ્યાસ કરવામાં આવ્યો છે. ઘટકનાં પ્રાપ્તાંકોને લક્ષમાં રાખીને આંકડાશાસ્ત્રીય પૃથક્કરણ કરેલ નથી.

5.6.8 પ્રસ્તુત સંશોધનમાં 15 વર્ષથી ઉપરની ઉંમરનાં તરુણોને જ નિર્દેશ તરીકે પસંદ કરવામાં આવ્યાં છે.

## 5.7 સંશોધનનાં આધારે સૂચનો અને ભલામણો :–

સંશોધનમાં પ્રાપ્ત થયેલ પરિણામ અને તારણોને આધારે નીચે મુજબનાં સૂચનો અને ભલામણો રજુ કરવામાં આવ્યાં છે.

5.7.1 તરુણાવસ્થામાં તરુણો અનેક પ્રકારનાં મનોશારીરિક પરિવર્તનો અનુભવે છે. તરુણના વ્યકિતત્વનુ યોગ્ય ઘડતર થાય તે માટે આદર્શો આ સમયે પૂરા પાડવા જોઈએ તરુણો વાંચન, મનન અને ચિંતન કરી, પોતાનો યોગ્ય વિકાસ કરી શકે તે માટે ઘર અને શાળાએ સુયોગ્ય વાતાવરણ પુરું પાડવું જોઈએ

5.7.2 શિક્ષક અને માતા–પિતાએ તરુણોમાં પ્રેમ, હુંફ અને વિશ્વાસ રૂપી સંસ્કારોનું સિંચન કરવું જોઈએ. શિક્ષક વિદ્યાર્થીનાં સંબંધો પિતા–પુત્ર સમાન હોવા જોઈએ. તેમજ માતા–પિતાએ પણ શિક્ષકોને આદર અને સન્માન આપવું જોઈએ.

5.7.3 સંતાનો પોતાની મૂંઝવણો વ્યકત કરી શકે, પોતાની મુશ્કેલીઓનો માર્ગ તરુણો જાતે જ કાઢી શકે તેવું વાતાવરણ માતા–પિતા અને શિક્ષકોએ સર્જવું જોઈએ.

5.7.4 વિદ્યાર્થીઓને શિક્ષણ દ્રશ્યશ્રાવ્ય માધ્યમ દ્વારા આપવું જોઈએ. તેમજ તેમને સામૂહિક પ્રવૃતિઓ અને શૈક્ષણિક પ્રવૃતિઓમાં સક્રિય રાખવા જોઈએ જેથી તેમનામાં વિવિધ કૌશલ્યો વિકસે.

5.7.5 સમાજનાં એક સારા નાગરિક તરીકે સુસમાયોજિત વ્યકિતત્વનાં ઘડતર માટે તરુણોને વિવિધ ભૂમિકા વર્તનોની સમજૂતી આપવી જોઈએ.

5.7.6 આજના યુગમાં મનોભારનાં કારણે માનસિક રોગોનું પ્રમાણ વધી રહયું છે, ત્યારે મનોવિકૃતિ શું છે ? કયા કારણસર ઉદ્‌ભવે છે ? તેની સારવાર કેવી હોય ? તેનું મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન તજજ્ઞો દ્વારા પુરું પાડવું જોઈએ.

5.7.7 અભ્યાસ અંગે તરુણો પર વધુ પડતું દબાણ કરવાને બદલે તરુણો જાતે જ અભ્યાસ કરવા તરફ વળે તેવું વાતાવરણ માતા–પિતા અને શિક્ષકો સર્જવું જોઈએ.

5.7.8 પ્રસ્તુત સંશોધનમાં શહેરી વિસ્તારનાં ધો. 12 નાં તરુણો–તરુણીઓનાં શૈક્ષણિક મનોભારનું પ્રમાણ ઊંચુ જોવા મળે છે. જે મનોભાર ઘટાડવા શાળામાં યોગ્ય વાતાવરણ ઉભુ કરવું જોઈએ તરુણ–તરુણીઓનાં મનમાંથી બોર્ડની પરીક્ષાનો ભય દૂર થાય તેવા પ્રયત્નો કરવા જોઈએ.

5.7.9 તરુણ–તરુણીઓને સમાયોજન સાધતા શીખવવું તે શિક્ષકો અને માતા–પિતાની ફરજ છે. માટે યોગ્ય રીતે સમાયોજન સાધવા તરુણ–તરુણીઓને માર્ગદર્શન આપવું જોઈએ.

5.7.10 પ્રત્યેક શાળામાં શિક્ષણ કાર્ય શરૂ થાય તે પહેલા 10 થી 15 મીનિટની મનોવૈજ્ઞાનિક રિલેક્ષેસન એકસરસાઈઝ કરાવવી જોઈએ. જેથી તરુણો માનસિક હળવાશ અનુભવે.

## 5.8 ભાવિ સંશોધન માટેનાં સૂચનો :–

પ્રસ્તુત અધ્યયનમાં તરુણોનાં શૈક્ષણિક મનોભાર અને સમાયોજનની અસર તપાસવા મનોવૈજ્ઞાનિક અભ્યાસ હાથ ધરવામાં આવેલ. આજ દિશામાં આગળનાં સંશોધન માટે નીચે મુજબનાં સૂચનો કરી શકાય.

5.8.1 પ્રસ્તુત સંશોધન ગુજરાતનાં અન્ય જિલ્લાઓને લઈ, તેમાંથી નિદર્શ પસંદ કરી વધુ સચોટ પરિણામો પ્રાપ્ત કરી શકાય.

5.8.2 જુદી જુદી પ્રાયોગિક યોજના પસંદ કરીને પણ પ્રસ્તુત સંશોધન હાથ ધરી શકાય.

5.8.3 તરુણોનાં સમાયોજનનાં અન્ય પાસાઓને આવરી કુટુંબ, શાળા, વગેરે પાસાઓને લઈને પણ પ્રસ્તુત અભ્યાસ હાથ ધરી શકાય.

5.8.4 શૈક્ષણિક મનોવિજ્ઞાન, આવેગનું મનોવિજ્ઞાન, સલાહ મનોવિજ્ઞાન, વગેરે શાખાઓમાં વ્યાવહારિક તેમજ સૈધ્ધાંતિક સંશોધનો હાથ ધરી શકાય.

5.8.5 પ્રસ્તુત સંશોધનનાં અવલંબિ પરિવર્ત્યો ઉપરાંત અન્ય પરિવર્ત્યોને લઈને પણ અભ્યાસ કરી શકાય.

5.8.6 વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉતર બુનિયાદી પ્રવાહ વગેરે જુદી જુદી વિદ્યાશાખાઓમાંથી

નિદર્શ પસંદ કરી, વધુ સારો અભ્યાસ થઈ શકે.

5.8.7 શિક્ષણમાં સુધારણા લાવવા અને 'ભાર વગરનું ભણતર' બાળકો અને તરુણો મેળવી શકે એ માટે તજજ્ઞો, શિક્ષણ મંત્રાલય, બાળકલ્યાણ મંત્રાલય અને યુ.જી.સી. સાથે પરામર્શ કરી તે વિષયો પર મનોવૈજ્ઞાનિક અભિગમથી સંશોધનો હાથ ધરી શકાય.

5.8.8 બાળકો માટેનાં યોગાસનો દ્વારા બાળકો અને તરુણોનો અભ્યાસલક્ષી મનોભાર ઘટાડવા અંગે આવું જ સંશોધન હાથ ધરી શકાય.

5.8.9 બાળમાનસની ગેરપ્રવૃતિઓ અને આતંકવાદી પ્રવૃતિઓ અટકાવવા માટે સંશોધનનો હાથ ધરી શકાય. (દા.ત. 2008 માં મુંબઈ–દિલ્હીમાં ધો. 10 નાં વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થીને ગોળી મારી હત્યા કરી.)

## 5.9 ઉપસંહાર :–

પ્રસ્તુત પ્રકરણમાં સંશોધનની ટૂંકી રૂપરેખા સંશોધન સારાંશ, તારણો, સંશોધનનું મહત્વ, તેની મર્યાદાઓ અને ભાવિ સંશોધન માટેનાં સૂચનોની વિગતવાર ચર્ચા કરી છે.

પ્રસ્તુત અભ્યાસ માત્ર રાજકોટ જિલ્લાનાં ગ્રામ્ય વિસ્તારોની તથા શહેરી વિસ્તારની કેટલીક શાળા ઓમાંથી નિદર્શ લઈને કરવામાં આવેલ હતો. તેથી પ્રસ્તુત સંશોધનનાં તારણો સમગ્ર સૌરાષ્ટ્ર અને સમગ્ર ગુજરાતનાં તરુણોને લાગુ પાડી ન શકાય. તેને ધ્યાનમાં રાખી, પ્રસ્તુત સંશોધનનાં તારણોનો ઉપયોગ કરવો જોઈએ.

# સંદર્ભગ્રંથો

(1) શોધ સાહિત્ય

(2) શોધ સાહિત્ય (હિન્દી)

(3) મહાનિબંધ

(4) Literature Serach

(5) Websites

## (1) શોધ સાહિત્ય


(1) અંબાસણા અનિલ : (1998) 'શિક્ષણ ગમન', (પ્રથમ આવૃતિ) શિક્ષણ શાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

(2) ઉચાટ ડી. એ. અને અન્યો : (1998) 'સંશોધન અહેવાલનું લેખન શી રીતે કરશો ?', (પ્રથમ આવૃતિ) શિક્ષણ શાસ્ત્ર ભવન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ.

(3) ઉચાટ ડી. એ. : (1998) 'સંશોધન સમસ્યા પસંદગીના સૈધ્ધાંતિક અને વ્યવહારૂ આધારો', (પ્રથમ આવૃતિ) પારસ પ્રકાશન, રાજકોટ.

(4) ઉચાટ ડી. એ. : (1992) 'વિચરણ પૃથ્થકરણ', (પ્રથમ આવૃતિ) પ્રકાશક : એચ. જે. દેસાઈ મેમોરિયલ એજ્યુકેશન ટ્રસ્ટ, રાજકોટ.

(5) કાનાવાલા એસ. સી. (2002) : 'મનોવિજ્ઞાનની પરિભાષા', (પ્રથમ આવૃતિ) ગુર્જર પ્રકાશન, અમદાવાદ,.

(6) ગાંધી ભરત બી. અને અન્યો : (1996) 'મનોવિજ્ઞાન અને અસરકારક વર્તન', સી. જમનાદાસની કું., અમદાવાદ, (ગુજરાત).

(7) ચોકસી મુકુલ (ડૉ.) (1991) : 'મન વિશે માણસ વિશે', પ્રકાશન : સાહિત્ય સંકુલ, સુરત.

(8) ત્રિવેદી અભય : (1986) 'બિનપ્રાચલિય આંકડાશાસ્ત્રીય પરીક્ષણ પધ્ધતિઓ', (પ્રથમ આવૃતિ) ભાવનગર યુનિવર્સિટી, ભાવનગર.

(9) ત્રિવેદી એમ.ડી. અને પારેખ બી.યુ. : (1994) 'શિક્ષણમાં આંકડાશાસ્ત્ર', (ચતુર્થ આવૃતિ) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, (ગુજરાત) પૃ. 111.

(10) ત્રિવેદી ચંદ્રકાન્ત : (1989) 'માનસિક ખેંચ એક આધુનિક યમદૂત', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, (ગુજરાત).

(11) દવે એમ. એન. : (1974) 'મનોવિજ્ઞાનની સંશોધન પધ્ધતિઓ અને આંકડાશાસ્ત્ર', (પ્રથમ આવૃતિ) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, (ગુજરાત).

(12) દવે સી.બી. અને અન્યો : (1983) 'આધુનિક આંકડાશાસ્ત્ર', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, (ગુજરાત).

(13) દસ્તુર બી. એન. : 'સ્ટ્રેસ મેનેજમેન્ટ', નવભારત સાહિત્ય મંદિર, અમદાવાદ, (ગુજરાત).

(14) દેસાઈ કે. જી., દેસાઈ એચ. જી. : (2000) 'મનોવિજ્ઞાનિક માપન', (ચર્તુથ આવૃતિ) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, (ગુજરાત).

(15) દેસાઈ કે. જી. : (1973) 'શૈક્ષણિક મનોવિજ્ઞાન', જય ભારત પ્રકાશન, અમદાવાદ,, (ગુજરાત).

(16) દેસાઈ કે. જી.(ડો) અને અન્ય : (1981) 'મનોવૈજ્ઞાનિક પરિભાષા અને વિભાવના', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, (ગુજરાત).

(17) દેસાઈ એચ. જી., દેસાઈ કે. જી. : (1985) 'સંશોધન પધ્ધતિઓ અને પ્રવિધિઓ', (દ્વિતિય આવૃતિ) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, (ગુજરાત).

(18) દેસાઈ ડી. બી. : 'સ્ટ્રેસ ઘટાડીએ હળવાશ વધારીએ', ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, અમદાવાદ, (ગુજરાત).

(19) દેસાઈ વાય. કે. : (1994) 'વિકાસલક્ષી મનોવિજ્ઞાન', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, (ગુજરાત) પૃ. 28, 255

(20) પટેલ મફતલાલ : (1978) 'અસાધારણ મનોવિજ્ઞાન' યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, (ગુજરાત).

(21) પટેલ મોતીભાઈ એમ. અને અન્યો : (1990) 'પ્રાયોગિક સંશોધન અને શૈક્ષણિક આંકડાશાસ્ત્ર', (દ્વિતિય આવૃતિ) બી. એસ. શાહ પ્રકાશન, અમદાવાદ, (ગુજરાત).

(22) પાઠક એસ. ડી. : 'સમાયોજન', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, (ગુજરાત).

(23) પારેખ એસ. સી. અને દિક્ષિત : (1995) 'મનોવિજ્ઞાન સંશોધનોમાં આંકડાશાસ્ત્રીય પરીક્ષણ', ચંપા પ્રકાશન, જૂનાગઢ.

(24) પેસ્તનજી ડી. એમ. (1986) : 'તારુણ્યનું મનોવિજ્ઞાન', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, (ગુજરાત રાજય) – પૃ. નં. 1.

(25) પેસ્તનજી ડી. એમ. (1986) : 'તારુણ્યનું મનોવિજ્ઞાન', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, (ગુજરાત રાજય) – પૃ. નં. 1.

(26) પંડયા જી. ટી. : (1981) 'મનોમાપન', (પ્રથમ આવૃતિ) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, (ગુજરાત).

(27) ભટ્ટ કુસુમ કે. : 'ચિકિત્સા મનોવિજ્ઞાન ભાગ : 1-2', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, (ગુજરાત).

(28) ભોપટકર, કાપડિયા અને સાકરવાલા (1976) : 'વ્યકિત સમાયોજન મનોવિજ્ઞાન', (ચતુર્થ આવૃતિ) અનડા પ્રકાશન, અમદાવાદ, – પૃ. નં. 29.

(29) મનસુરી જી. આર. (પ્રો.) : (2003-04) 'મનોવિજ્ઞાનનો શબ્દકોશ', (પ્રથમ આવૃતિ) યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, (ગુજરાત).

(30) મહેતા અરવિંદ જે. : (1994) 'રાજકોટ શહેરમાં બારમા ધોરણમાં અભ્યાસ કરતી તરુણીઓની અનુકૂલન સમસ્યાઓનો અભ્યાસ', બેચલર ઓફ એજયુકેશન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, મહિલા કોલેજ ઓફ એજયુકેશન, માનવ મંદિર, સુરેન્દ્રનગર. પૃ. 39-44.

(31) માંકડ એ. એમ. : (2005) 'આપણે અને વ્યકિતત્વ', (પ્રથમ આવૃતિ) સ્વપ્રકાશિત, રાજકોટ.

(32) યાજ્ઞિક એલ. આર., ઢીલા વિગેરે : (2005) 'સંશોધન પધ્ધતિ' (વાર્તનિક વિજ્ઞાનોમાં), (પ્રથમ આવૃતિ) અક્ષર પબ્લિકેશન, 66 દિવાળી ભુવન, જૂના લાટી બજાર, રાયપુર દરવાજા બહાર, અમદાવાદ,, (ગુજરાત).

(33) લક્ષ્મણકુમાર : (1995) 'રાણાવાવ તાલુકાની માધ્યમિક શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓનાં વિકેન્દ્રિત ચિંતન, સ્વ–સંકલ્પના અને ચિંતાતુરતા વચ્ચેનાં સંબંધોનો અભ્યાસ.', માસ્ટર ઓફ એજયુકેશન શોધ નિબંધ, શિક્ષણ અનુસ્નાતક કેન્દ્ર, દરબાર ગોપાલદાસ વિદ્યાલય, અલિયાબાડા.

(34) શાહ અને અન્ય : (1992-93) 'મનોવિજ્ઞાનની સંશોધન પધ્ધતિઓ', સી. જમનાદાસ એન્ડ કું., અમદાવાદ, (ગુજરાત).

(35) શાહ અને પંડયા કુલિન : (1983) ' શૈક્ષણિક મનોવિજ્ઞાન', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, (ગુજરાત).

(36) શાહ વિમલ પી. : 'સંશોધન અહેવાલ લેખન', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, (ગુજરાત).

(37) શિંગ્લોત, કિરણ : (1999) 'તનાવ એક આધુનિક યમદૂત', શ્રી નિવાસન પ્રકાશન, પ્રેમાનંદ સાહિત્ય સભા હોલ, દાંડીયા બજાર વડોદરા.

(38) સારડા કે. સી. અને અન્યો : (1993) 'વૈયકિતક સમાયોજનનું મનોવિજ્ઞાન', સી. જમનાદાસ એન્ડ કું., અમદાવાદ, (ગુજરાત) પૃ. 197

## (2) शोध साहित्य (हिन्दी)

(1) जायसवाल सीताराम (1975) : 'समायोजन मनोविज्ञान', प्रकाशक : उत्तरप्रदेश हिंदी ग्रंथ अकादमी, लखनऊ ।

(2) भार्गव महेश (2007) : 'आधुनिक मनोवैज्ञानिक परिक्षण + मापन । सत्रहवाँ संस्करणः', एच. पी. भार्गव बुक हाउस, 4/230 कचहरी घाट, आगरा – 282004 ।

(3) सिन्हा, एच. एस. और शर्मा रचना (2004) : 'शिक्षा मनोविज्ञान', एटलांटिक पब्लिशर्स एण्ड डिस्ट्रीब्यूटर्स। बी-2 विशाल इन्कलेव, राजौरी गार्डन के सामने नई दिल्ली - 110027।

(4) कपिल एच. के. (2007) : 'अपसामान्य मनोविज्ञान ', प्रकाशक : एच. पी. भार्गव बुक हाउस, 4/230 कचहरी घाट आगरा - 282004 ।

(5) हार्लोक एलिजाबेथ बी. (1967) : 'विकास-मनोविज्ञान भाग 1-2, अनुवादक भट्ट गोवर्धन, प्रकाशक : वैज्ञानिक तथा तकनीकी शब्दावली, आयोग शिक्षा मंत्रालय, भारत सरकार ।

## (3) મહાનિબંધ

(1) "A study of the relationship of Stress, Health and sex-role orientation in working women," Ph.D. thesis, Jadeja Yogini M., Saurashtra University, Rajkot. 2005

## (4) Literature Search

(1) Atwator E. (Eds) 1995 : "Psychology for living Adjustment growth and behaviour Today" New delhi, Practice Hall Inc.

(2) Berkley (1993), "Worrying Well, Wellness Letter, Mind/Body Health" Hafen B.A. Karron, K. J. Etal.

(3) Bhatt D. J. (1998) : "Bell Adjustment Inventory (BAI) Gujarati Adaptation & Standardization" unpublished manual, Dept. of Psychology, Saurashtra University, Rajkot-5. (Gujarat)

(4) Bootzin R. R. and Acocella J. R. (1988) : "Abnormal Psychology" (5th Ed.) New york.

(5) Chauhan D. (1991) : "Adjustment Problem of Juvenile Home" MSW; M. S. University, Baroda.

(6) Chopra Dipak : "Age less body time less mind " (1993) Rider Comp. Landon Page : 77, 140, 150.

(7) Coleman J. S. (1961): "The Adolescent Society. The Social life of the Teenager and its impact on Education." New York, the free press of Glancoe.

(8) Culbertson F. M. Spielberger C. D. (1996) "Relations of anger expression to depression and Blood Pressure in high school students : Stress and Emotion - Anxiety anger and curiosity."

(9) English, H. B. and English, A. C. (1958) : "Dictionary of Psychology", New York : Langmans.

(10) Forhans G. A., Horner A. T. Sorenson H. Malm L "Psychology for living" (1977), Mc. Grawhill Co., P. 66

(11) Garrett H. E. (1971) : “Statistics in Psychology and Education.” (6th ed. : David Mckay Company. Inc. New York) Printed in India : VAKILS, FEFFER AND SIMONS PRIVATE LTD. Hague Building, 9 sprott road, Bombay.

(12) Garrett H. G., Woodworth R. S. (1981) : “Statistics in Psychology and Education (Tenth Indian reprint) Columbia University.

(13) Garrion, K. C. (1965): “Psychology of Adolescence”, Vol. Ed. New Jersy, Prentice Hall Inc.

(14) Gmelch W. H., Tang R. Koch J. L. and Swent B. (1982) : “What Stresses School administrations and How they Cope.” New York : American Educational Research Association (Eric Document Reproduction Service Ed. 218760)

(15) Gujarat Journal of Psychology 2005, Vol. no. 13-14.

(16) Hockenbury D. H., Hockenbury S.E. : "Psychology", Ch.-13, P. 371.

(17) Indian Journal of behaviour Vol. 17, No. 1 1993.

(18) Indian Journal of Psychology and Education. 1992, 2005, 36(2)

(19) Journal of Behavioural disordered, 1992.

(20) Journal of Community Guidance and research, 2003, Vol.-20, No. - 1 P.P. 41-47.

(21) Journal of Intervention is School and Clinic, 1993.

(22) Journal of Personality and Clinical Studies, 1990.

(23) Journal of Science Education, 1992.

(24) Kochgaway Vinitha (1993) : "A study of the relationship between academic Anxiety and adjustment among high school student's" (Patna Women's College - Patna) Indian Journal of Behaviour, Vol. 17 No. 1, 1993. P - 16-21.

(25) Kothari C. R. : (2004) "Research Methodology" (Methods and Techniques) Second Ed. New Age International Limited, 4835/ 24 Ansari Road, Daryaganj, New Delhi.

(26) Landberg U/F Parr - Dierdre (2000) : " Neurohormonal factors, Stress, Health and gender." Hand book of gender, culture and health, Mahwan, N. J. US.

(27) Lazarus, Richard S. (1993) : "From Psychology Stress to the Emotion, A history of changing out looks, Annuual Reviews of

Psychology", 44.

(28) Mcgroth J. E. (1970) : “Social Psychology Factors in Stress” New York, Holt Rinchart and Voinston.

(29) Mediterranean Journal of Educational Studies, 1998.

(30) Mussen P. and Rutherford E. (1963) : “Parent Child Relations and Parental Personality in relation to young children’s sex role perfeeerences child development.

(31) Norman, L. Munn. (1961) : “Fundamental of Human Adjustment.” George, G. Harper Ltd. Fourth Ed. USA.

(32) Patel, A. S. (1979): “Exprimental designs” : application and statistal analysis in behavioural science, vallabh vidhyanagar, M. B. Patel College of Education.

(33) Selye Hans (1956) “The Stress of Life” New York, M. C. Graw Hill.

(34) Seth, S. (1970) : "The Adjustment Problem of Female Adolescents", Ph. D. (Soc.) 4. Lucknow University.

(35) South Africal Journal, Vol. 10(1), 1998, Page - 23-31.

(36) Sujata, Gaonkar, Pushpa Kandi and Katarki (1930): "Factor influencing adjustment among Adolescents", (Dharwad), Indian Psychological Review, Vol. 410, No. 1-2 , 35-50.

(37) Wayne, Weiten : "Psychology : Themes and variations", (3/e) Santa Clara University.

(38) Wolmen B. B. : "Distionary of behaviour Science, Newyork, Inholt Co. 1973, P. 5.

**(5) Websites :**

(1) http://www.google.co.in/search?hi:en&q:academicstress & btng.

(2) http://www.yorku.co/cde/ISP/presentations/academic-stress-management-fall-2001.html.